# નૂતન ગરબાવલી



# નૂતન ગરબાવલી



કિંમત રૂા. ૪૫-૦૦

## અમે આભારી છીએ.....

- ગરબાવલીની કૃતિઓનો સંગ્રહ કરનાર સંગ્રાહકોના...
- સુવાચ્ય અક્ષરોમાં આ કૃતિને કંડારી આપનારના...
- આ ભગીરથ કાર્યમાં સહયોગી થનાર નામી અનામી સૌના
- ગરબાવલી માટે બે બોલ લખી ઉત્સાહ વધારનાર ભક્ત સમાજના પ્રમુખશ્રીના...
- સુવાચ્ય મુદ્રણકાર્ય કરનાર મુદ્રકના...



મુદ્રક :
એલાઈડ ઓફસેટ પ્રિન્ટર્સ (ગુ.) પ્રા. લી.
૧૪/૨, કાલીદાસ મીલ કમ્પાઉન્ડ,
ગોમતીપુર, અમદાવાદ - ૨૧
ફોન : ૩૬૫૯૫૦-૨૧૪૧૨૩૮-૨૧૪૧૨૮૧



ગુરુ ગોવિંદ દોનોં ખડે,
કિસકો લાગુ પાય,
બલિહારી ગુરુ આપની
ગોવિંદ દિયો બતાય.

# આમુખ

ગુજરાત એની પ્રાચીન અસ્મિતાને ટકાવવા ખૂબ પ્રયત્નશીલ રહ્યું છે. આપણી ઉજ્જવળ અને આગવી પરંપરાને જાળવી રાખવા એક સ્તુતીય પ્રયત્નરૂપે ઓરણા મહિલા વૃંદ દ્વારા **'નૂતન ગરબાવલી'**નું સર્જન એક પ્રશંસનીય કદમ સાબિત થશે. ગરબો ગુજરાતમાંથી ન ભુલાય. અગાઉના સમયમાં ગવાતી ગરબાની કૃતિઓ તેમજ અર્વાચીન સમયમાં ગરબાના માહોલમાં પણ ગરબો આજે ગુજરાતની પ્રજા માટે એટલો જ પ્રેરણામય રહ્યો છે. ગરબે ઘૂમતી ગુજરાતણ મા જગદંબાના નવરાત્રી ઉત્સવમાં બધું ભૂલી એક લયે ગરબે ઘૂમે છે.

કેટલાક સમાજોમાં બહેનોની આ કળાને વિકસાવવા પ્રતિવર્ષ ગરબા હરીફાઈનું હર્ષ, ઉલ્લાસથી આયોજન થાય છે. આપણી ભારતીય સંસ્કૃતિને ટકાવવા સંઘબળની જે જરૂરિયાત છે એ સંઘબળ અને સંગઠન ગરબાની કૃતિઓમાં જોવા મળે છે. અલબત્ત સમય વિતતો જાય છે તેમ તેમ એકવીસમી સદી તરફ કદમ માંડવાના પગરવ, નવા રીત-રિવાજો, નવી ઢબો, અનોખી આધુનિક ગરબાની કૃતિઓ અને રજૂઆત, આધુનિક તરજો આજે આ ઉત્સવમાં પોતાનું આગવું સ્થાન મજબૂત કરતી જાય છે.

ભકત સમાજ આવા ઉત્સવોને પોતાની પરંપરા અનુસાર ઊજવતો રહ્યો છે. જૂના સમયમાં ગવાતા ગરબાઓ, રાસ મહદ્અંશે કૃષ્ણ અને રાધાની જુગલજોડીમાં પ્રગટ થતી કૃષ્ણભકત માટે રચાયા હતા. આપણો કબીર સંપ્રદાય રામનવમી અને જન્માષ્ટમીના તહેવારોમાં આજે પણ ઉત્સાહ અને ઉમંગથી ગરબાઓ ગાઈને અનેરો આનંદ મેળવે છે અને ધન્યતા અનુભવે છે. આપણા વારસો દ્વારા ગવાતા પ્રાચીન સમયના ગરબા કેવા હતા, તેમાંથી નીકળતો ભાવાર્થ શો હતો અને એ કૃતિઓ અગાઉના સમયમાં કેવી રીતે રચાઈ હતી તે જાણવા અને એ કૃતિઓને માણવા જૂના ગરબાઓનો આ સંગ્રહ ખૂબ ઉપયોગી પુરવાર થનાર છે. સાથે આધુનિક સમયમાં ગવાતી નવી કૃતિઓ પણ આ સંગ્રહમાં આમેજ કરીને ઓરણા મહિલા વૃંદે એક અત્યંત પ્રશંસનીય કામગીરી કરી છે.

આશા છે કે આ સંગ્રહ દરેક સમાજમાં ખૂબ પ્રસિદ્ધિ મેળવે આને લોકપ્રિય બને તેવી શુભેચ્છા પાઠવું છું. અવારનવાર દરેક સમાજમાં પ્રસંગોચિત ઉત્સવનો આનંદ વધારવા બહેનો દ્વારા આ ગરબાવલીના ગરબાઓ ગવાતા રહે તો ગુજરાતની અસ્મિતાની જાળવણીમાં આપણા સમાજનું પણ યોગદાન રહેશે.

ફરીથી જૂના સમયની આ કૃતિઓનો સંગ્રહ કરનાર ઓરણાના મહિલા વૃંદનો અમો હૃદયપૂર્વક આભાર માનીએ છીએ. નામી અનામી જે વ્યકિતઓએ ગરબાવલીના સર્જનમાં પોતાનું યોગદાન આપ્યું છે તે સૌના પ્રયત્નને પ્રશંસીને વિરમુ છુ. અંતે આ ગરબાવલીને ખૂબ ખૂબ પ્રસિદ્ધિ મળો તેવી અભ્યર્થના સહ રામકબીર.

દેવ દિવાળી — કરશનભાઈ લલ્લુભાઈ ભકત
આસો સુદ પૂનમ — પ્રમુખ
સંવત ૨૦૫૩ — ભકત સમાજ સુરત.
૨૪/૧૧/૧૯૯૬

# અનુક્રમણિકા


| અનું. નં. | નામ | પાન નંબર |
|---|---|---|
| ૧ | ઈશ્વર સ્તુતિ | ૧૧ |
| ૧ | આંગણિયા સોહાવો રે | ૧૩ |
| ૨ | સખી અમે દેરાણી જેઠાણી | ૧૩ |
| ૩ | ધન ધન ગોકુળ આઠમની રાત | ૧૪ |
| ૪ | આવું રૂડું રમવાને ઘરબાર | ૧૫ |
| ૫ | સરસ્વતી શ્યામને લાગું પાય | ૧૬ |
| ૬ | છોરી તારું ગોકુળ લૈરે જાય | ૧૭ |
| ૭ | પારણે પોઢ્યા શ્રી જાદવરાય | ૧૯ |
| ૮ | આવો રૂડો વૃંદાવનનો ચોક | ૧૯ |
| ૯ | સરસ્વતી તું છે મોરી માત | ૨૦ |
| ૧૦ | પંચવટીમાં શ્રી રઘુરાય | ૨૦ |
| ૧૧ | કામરેજ કસબા મોટું શહેર | ૨૧ |
| ૧૨ | તાપી માતાનો મહિમાય | ૨૧ |
| ૧૩ | સગાળશા વણિક મોટા શેઠ | ૨૩ |
| ૧૪ | હોડી હોનારત આખ્યાન | ૨૫ |
| ૧૫ | નાનકડો લાલ માતાને ખોળે રે | ૨૮ |
| ૧૬ | હરિ ભજન વિના | ૨૮ |
| ૧૭ | ઓ લક્ષ્મણજી ગઢ લંકા પર | ૨૯ |
| ૧૮ | શબરી વનવગડામાં રહેતી | ૨૯ |
| ૧૯ | આજે મારે અષ્ટમી નો દિન | ૩૦ |
| ૨૦ | નળ રાજાનું આખ્યાન | ૩૧ |
| ૨૧ | અજ્ઞાની જીવ સંગ કર્યો સાચો | ૩૨ |
| ૨૨ | માતા જશોદાના બાળ | ૩૩ |
| ૨૩ | મારું અપંગ રે લોચન | ૩૪ |
| ૨૪ | હરિ દ્વારિકા થી આવ્યા | ૩૫ |
| ૨૫ | મુજને સ્વપ્નું થયું માત | ૩૭ |
| ૨૬ | સરસ્વતી શ્યામ ને લાગું પાય | ૪૩ |

| | | |
|---|---|---|
| ૨૭ | બાવા નંદજીને દ્વાર | ૪૪ |
| ૨૮ | સુણો ચતુર સુજાણ | ૪૫ |
| ૨૯ | સુણો ઓધવજી | ૪૬ |
| ૩૦ | સુણો સાહેલી વશીકરણની | ૪૭ |
| ૩૧ | ઓ મૂરખ જીવ | ૪૮ |
| ૩૨ | ઓ ભુદરજી | ૪૯ |
| ૩૩ | રૂડી રામકથા | ૪૯ |
| ૩૪ | ઓ ચા દેવી | ૫૦ |
| ૩૫ | પ્રપંચ કરી સીતાને | ૫૧ |
| ૩૬ | ધન એકાદશી | ૫૨ |
| ૩૭ | ઓ મહાત્માજી સતયુગ ફેલાયો | ૫૨ |
| ૩૮ | ઓ રાણાજી રામની સંગાતે | ૫૩ |
| ૩૯ | ઓ મંદોદરી નારાયણને | ૫૪ |
| ૪૦ | ઓ જશોદાજી આવડો | ૫૪ |
| ૪૧ | હું નહી જાઉં રે ગાવલડી ચરાવાને | ૫૫ |
| ૪૨ | ઓ વાંસલડી વેરણ થઈ | ૫૫ |
| ૪૩ | તન રેંટુડો સદ્‌ગુરુ શબ્દે | ૫૬ |
| ૪૪ | દેશી હંસો વાતલડી | ૫૬ |
| ૪૫ | મથુરામાં તે હરિ અવતર્યા | ૫૭ |
| ૪૬ | ઓ વ્રજવાસી શા માટે | ૫૭ |
| ૪૭ | સુણો સુણો ફજેતી ફુવડની | ૫૮ |
| ૪૮ | હરિભજન કરે, ભય ભાગે | ૫૯ |
| ૪૯ | માગશર માસે મેલી ગયા | ૫૯ |
| ૫૦ | મહાબળિયા વાયુસુત | ૬૦ |
| ૫૧ | ઝીલો ઝીલો જગતના રાસ | ૬૧ |
| ૫૨ | હમોચળી રળિયાળી રે | ૬૨ |
| ૫૩ | તમે સાંભળો સૌ સત જાણ (કળિયુગનો) | ૬૩ |
| ૫૪ | કહો સખી કારતક કેમ જાશે | ૬૪ |
| ૫૫ | કારતકે કંથ ગયા મેલી | ૬૫ |
| ૫૬ | પ્રભુજીના પંથ રે જોતી | ૬૬ |

| | | |
|---|---|---|
| ૫૭ | સખી પડવાની પહેલી પ્રીત | ૬૭ |
| ૫૮ | આ પડવાની પડ પ્રીત | ૬૮ |
| ૫૯ | સોમવારે શામળિયા સધાર્યા રે | ૬૯ |
| ૬૦ | આ શરદ પૂનમની રાત | ૬૯ |
| ૬૧ | સખી મહાપદ કેરી વાત | ૭૦ |
| ૬૨ | સખી ફુલ્યો તે ફાગણ માસ | ૭૧ |
| ૬૩ | હાં રે મૈયર કેરી વાટ | ૭૨ |
| ૬૪ | ધન ધન રે ગોકુળિયું ગામ | ૭૨ |
| ૬૫ | ઊઠો ને કાયર કંથ રણતુર વાગ્યા રે | ૭૩ |
| ૬૬ | સંસાર વિષે બહુ સુખઈશ્વર આપો ને | ૭૩ |
| ૬૭ | દ્વારિકાના વાસી રે અવસરે આવજો | ૭૫ |
| ૬૮ | મનસા દેહ પામીને સાધન શું કર્યુ | ૭૬ |
| ૬૯ | આસો માસો શરદ પૂનમની રાત જો | ૭૭ |
| ૭૦ | સોના બેડું રૂપલા ઈંઢોણી જો | ૭૮ |
| ૭૧ | પાલવડો મારો મેલો મોહનજી | ૭૯ |
| ૭૨ | ચેતી લો ચેતાનો અવસર | ૮૦ |
| ૭૩ | કા'ન ગોપીની વડચડ | ૮૧ |
| ૭૪ | તમો અજાણ્યા અમે જાણીતાં રે | ૮૨ |
| ૭૫ | માળવ દેશનો રાજા ભરથરી રે | ૮૩ |
| ૭૬ | પ્રભુ રે મારા પડવે તે પંથમ ચાલીઆ રે | ૮૪ |
| ૭૭ | મથુરામાં કંસની આણ છે રે | ૮૬ |
| ૭૮ | તમે રે નંદજી ગોકુળ સંચર્યા | ૮૮ |
| ૭૯ | વલ્લભભાઈ જઈ ક'જો બાપુ ને રે.. | ૮૯ |
| ૮૦ | શ્રવણ સરખા છે દીકરા રે | ૯૦ |
| ૮૧ | કારતક મહિને કૈકેય કામની રે | ૯૧ |
| ૮૨ | સુખ દુઃખ મનમાં ન આણીએ રે... | ૯૧ |
| ૮૩ | ઓધવ એટલું કે'જો મારા નાથને | ૯૨ |
| ૮૪ | પરથમ પહેલો શામળિયો ગુરુ | ૯૩ |
| ૮૫ | એક ચિત્તે તમે સર્વે સાંભળજો | ૯૫ |
| ૮૬ | ગોપીકા પિને ગયા'તાં પાણી ને | ૯૫ |

| | | |
|---|---|---|
| ૮૭ | પ્રભુજી વનમાં ચારે ધેન | ૯૬ |
| ૮૮ | વિદુરને ઘેર કૃષ્ણ પધાર્યા | ૯૭ |
| ૮૯ | નારાયણ તું મોકલ ને વરસા રે | ૯૭ |
| ૯૦ | આવું રૂડું રમવાને ઘરબાર કે | ૯૮ |
| ૯૧ | વ્હાલા તારી વાંસળી રે | ૯૯ |
| ૯૨ | વનમાં ભૂલી પડે રે | ૯૯ |
| ૯૩ | હું તો એકલી રે મુજને અધોર | ૧૦૦ |
| ૯૪ | વનમાં લઈ જઈ રે મુજને | ૧૦૧ |
| ૯૫ | મુજને દગો કર્યો રે પેલા નંદજી | ૧૦૧ |
| ૯૬ | કા'નો ક્યાં ગયો રે અહિંયા | ૧૦૨ |
| ૯૭ | હું તો ઘેલી થઈ રે | ૧૦૩ |
| ૯૮ | મુજને દગો કરીને | ૧૦૩ |
| ૯૯ | મદીનસા ઘેલી રે ભરતી | ૧૦૪ |
| ૧૦૦ | કારતકે અબળા રે | ૧૦૫ |
| ૧૦૧ | સહુ ગોકુળની વ્રજનારી A.B.C.D. | ૧૦૭ |
| ૧૦૨ | આ પોરબંદરથી નીકળ્યા | ૧૦૯ |
| ૧૦૩ | આ કાયાકરણનો રેંટિયો | ૧૧૦ |
| ૧૦૪ | અમે જઈશું અમારે ઘેર | ૧૧૧ |
| ૧૦૫ | કૌરવ પાંડવ જુગટું રમવાને બેઠા રે | ૧૧૨ |
| ૧૦૬ | ધન ધન રે તું પાટણ ગામ | ૧૧૪ |
| ૧૦૭ | જશોદા તારા કાનુડાને | ૧૧૪ |
| ૧૦૮ | સખી ઉમા તે પંથે ચાલ્યાં રે | ૧૧૫ |
| ૧૦૯ | સખી પડવે તે પંથે ચાલ્યાં રે | ૧૧૭ |
| ૧૧૦ | ગરૂડે ચઢી આવજો ગિરધારી રે | ૧૧૮ |
| ૧૧૧ | પ્રથમ મચ્છા રૂપ ધર્યું | ૧૨૦ |
| ૧૧૨ | કારતક મહિનાના કા'નજી રે | ૧૨૦ |
| ૧૧૩ | સરસ્વતી સમરું શારદા | ૧૨૨ |
| ૧૧૪ | જોગીન્દ્રપણું રે શિવજી | ૧૨૩ |
| ૧૧૫ | અણીઆણા હરિ સેજડી રે | ૧૨૪ |
| ૧૧૬ | તમે ના આવો તો મારા સમ | ૧૨૫ |

| | | |
|---|---|---|
| ૧૧૭ | રૂડા અશ્વપતિ રાજાની | ૧૨૫ |
| ૧૧૮ | રૂડા કચ્છ દેશમાં | ૧૩૩ |
| ૧૧૯ | ગાજે પાટણપુરમાં | ૧૩૮ |
| ૧૨૦ | બેનો પતિવ્રતા નિજ ધર્મ | ૧૪૧ |
| ૧૨૧ | ભાઈ-બહેનનો ગરબો | ૧૪૨ |
| ૧૨૨ | સોનાની લાકડી રણઝરે રે | ૧૪૬ |
| ૧૨૩ | સરસ્વતી શ્યામને વિનવું | ૧૪૬ |
| ૧૨૪ | ભક્તિ એવી રે રામ એવી રે | ૧૪૮ |
| ૧૨૫ | ઝાલર વાગે ને વાહલો હરિરસ ગાય | ૧૪૯ |
| ૧૨૬ | સાત સમુંદર ભરિયા પેટ | ૧૪૯ |
| ૧૨૭ | માછલી વિયાણી દરિયા બેટ | ૧૫૦ |
| ૧૨૮ | સૌ કોઈ પિયરમાં જાય મહાદેવજી | ૧૫૧ |
| ૧૨૯ | ટહુકે વસંત કુંજ કોકિલા રે લોલ | ૧૫૨ |
| ૧૩૦ | ઓરી જુવાર ઉગ્યો બાજરો રે સુંદરા | ૧૫૩ |
| ૧૩૧ | મેંદી તે વાવી માળવે ને એનો રંગ ગયો | ૧૫૪ |
| ૧૩૨ | ગામમાં પિયર ને ગામમાં સાસરું રે લોલ | ૧૫૫ |
| ૧૩૩ | નાગર નંદજીના લાલ | ૧૫૬ |
| ૧૩૪ | મથુરામાં ખેલ ખેલી આવ્યા હો કા'ન | ૧૫૭ |
| ૧૩૫ | સુના મંદિર સુના માળિયા રે | ૧૫૭ |
| ૧૩૬ | બેની બોલે ને મારું હૈયું હરખાય | ૧૫૮ |
| ૧૩૭ | મીઠા મધુ ને મીઠા મેહુલા રે લોલ | ૧૫૮ |
| ૧૩૮ | કા'ના મારગડો ના રોક | ૧૫૯ |
| ૧૩૯ | સાંયબા હું તો તાંબાની હેલે પાણીડાં નહિ ભરું | ૧૬૦ |
| ૧૪૦ | હાં રે વ્હાલા સરસ્વતી શ્યામને વિનવું | ૧૬૦ |
| ૧૪૧ | સોના ઈંઢોણી રૂપા બેડલું રે | ૧૬૧ |
| ૧૪૨ | મને કા'નજી જોયાના કોડ રે | ૧૬૧ |
| ૧૪૩ | મારા પિયુજી પરઘેર જાય | ૧૬૨ |
| ૧૪૪ | મને વ્હાલા ઘણાં રણછોડ | ૧૬૨ |
| ૧૪૫ | વ્હાલા મોરા રે વનમાં વાગે | ૧૬૩ |
| ૧૪૬ | મારા તે બારણે આમલો ને | ૧૬૩ |

| | | |
|---|---|---|
| ૧૪૭ | લીલુડા વાંસની વાસંળી વાય | ૧૬૫ |
| ૧૪૮ | ખમ્મા વીરા ને જાઉં વારણે | ૧૬૬ |
| ૧૪૯ | સવા બશેરની પાપડી મંગાવી (કૂદણિયું) | ૧૬૬ |
| ૧૫૦ | સરોવર પાણીલાં અમો ગ્યા'તા રે | ૧૬૭ |
| ૧૫૧ | સોળ સોળ ગોપીઓ ટોળે વળીને | ૧૬૮ |
| ૧૫૨ | કાચબો ને કાચબી જળમાં રહેતાં | ૧૬૮ |
| | ભાગ - ૨ | |
| ૧૫૩ | આજે રામ ઉત્સવ ઉજવાય છે | ૧૬૯ |
| ૧૫૪ | મને નવરાત્રિ નવરંગી લાગે | ૧૭૦ |
| ૧૫૫ | હો અલ્યા ગામને પાદરીએ | ૧૭૦ |
| ૧૫૬ | ગાય રે ગાય ગૌરી ગીત ગાય | ૧૭૧ |
| ૧૫૭ | સૂનો અંબા જગદંબા | ૧૭૧ |
| ૧૫૮ | હો.... રઢિયાળી પૂનમની રાત | ૧૭૨ |
| ૧૫૯ | નવલા તે નવ દિન નોરતાં રે | ૧૭૩ |
| ૧૬૦ | નાચ રે નાચ રે, નાચ રે | ૧૭૪ |
| ૧૬૧ | રંગતાળી લેજો રંગતાળી | ૧૭૪ |
| ૧૬૨ | આવી નોરતાંની રાતલડી | ૧૭૫ |
| ૧૬૩ | ચપટી ભરી ચોખાને ઘી નો છે દીવડો | ૧૭૫ |
| ૧૬૪ | બેઠી ચુંવાળના ચોકમાં રે | ૧૭૬ |
| ૧૬૫ | સોહાગી સોણલે વધાવું | ૧૭૬ |
| ૧૬૬ | નવરાત્રિના નવા દિવસમાં | ૧૭૭ |
| ૧૬૭ | આજે પાતાલમાં નોરતાં ઉજવાય | ૧૭૭ |
| ૧૬૮ | બહુચરના દરબારમાં | ૧૭૮ |
| ૧૬૯ | મારી મા ગરબે રમતી હતી | ૧૭૮ |
| ૧૭૦ | હું તો ગઈ'તી મેળે મન | ૧૭૯ |
| ૧૭૧ | બહુચર માના દેરા પાછળ | ૧૭૯ |
| ૧૭૨ | ઊંચી તલાવડીની કોર પાણી ગ્યાં'તા | ૧૮૦ |
| ૧૭૩ | પંખીડાં ઓ પંખીડાં | ૧૮૦ |
| ૧૭૪ | મારી મહીસાગરને આરે ઢોલ વાગે છે | ૧૮૧ |
| ૧૭૫ | વ્હેલાં આવો માત | ૧૮૨ |

| | | |
|---|---|---|
| ૧૭૬ | માડી રે.. અળગાં રાખીને | ૧૮૨ |
| ૧૭૭ | આજ મારા ગરબામાં ઘૂમે છે ભવાની | ૧૮૨ |
| ૧૭૮ | મારી અંબા ગરબે ઘૂમતી રે | ૧૮૩ |
| ૧૭૯ | ઢોલીડા.. ઢોલીડા.. ઢોલીડા | ૧૮૪ |
| ૧૮૦ | શ્રાદ્ધ પૂરા થયા નવરાત આવી જાય | ૧૮૫ |
| ૧૮૧ | તારા કંકુડાનાં પગલે મારે રમવું છે | ૧૮૬ |
| ૧૮૨ | મૈયા હો અંબે મૈયા | ૧૮૬ |
| ૧૮૩ | આકાશમાંથી ઊતર્યા રે અંબા | ૧૮૭ |
| ૧૮૪ | મારી અંબાના દરબારે ઘૂઘરી ઘમકે સે | ૧૮૮ |
| ૧૮૫ | જગદંબા જગ જનની રે મા | ૧૮૮ |
| ૧૮૬ | જય જય અંબા માતાની બોલાય | ૧૮૯ |
| ૧૮૭ | સોનાનો ઢોલ તો હિંચમાં વાગે | ૧૯૦ |
| ૧૮૮ | રમવા આવો રંગ રસિયા | ૧૯૦ |
| ૧૮૯ | રઢિયાળી રાતડીમાં રંગતાળી રમવા | ૧૯૧ |
| ૧૯૦ | અંબા આવો આજ રે | ૧૯૨ |
| ૧૯૧ | આજ અમે પાણી જાતાં સૈયર | ૧૯૨ |
| ૧૯૨ | પીપડાની નીચે તળાવ | ૧૯૩ |
| ૧૯૩ | સોના ઈંઢોણી રૂપા બેડલું | ૧૯૩ |
| ૧૯૪ | સાથિયા પુરાવો દ્વારે | ૧૯૪ |
| ૧૯૫ | હાલો ને જોવા જઈએ | ૧૯૪ |
| ૧૯૬ | આકાશમાંથી ઊતર્યા રે | ૧૯૫ |
| ૧૯૭ | મે તો શેરી શણગારી | ૧૯૫ |
| ૧૯૮ | જગજનની જગદંબા | ૧૯૬ |
| ૧૯૯ | આસમાની રંગની | ૧૯૭ |
| ૨૦૦ | હાલો ને કુંવર | ૧૯૮ |
| ૨૦૧ | ખાંડણિયા | ૧૯૯ |
| ૨૦૨ | જીવન જીવવાની ચીજ | ૨૦૦ |



નટખટ છે તું નટનો નાગર,
વાતો કરતી વ્રજનારી
તું કાળો ને રાધા ગોરી,
તોયે જોડ મળે તારી

# ઈશ્વર સ્તુતિ

(૧)

એવી બુધ્ધિ દો અમને, ભલું અન્યનું એથી થાય
ભૂલેચૂકે પણ બીજાના બૂરા માટે ના વપરાય
એવી શક્તિ દો અમને કે, હિત બીજાનું એથી થાય
ભૂલેચૂકે પણ બીજાના વિનાશ માટે ના વપરાય
એવી લક્ષ્મી આપો અમને જેથી દળદર સૌનું જાય
બીજાની પણ સેવા થાય, સૌના શુભ માટે વપરાય
એવું જ્ઞાન અને બળ આપો, મદદ કરે જે સૌને નાથ
અમને તારે શાંતિ વળી દે, બીજાને પણ આપે સાથ
જોમ જિંદગીમાં આપો કે, લભિયે દિવ્ય તમારો પ્રેમ
વરસાવીએ જગમાં સઘળે, સૌના મંગલ માટે તેમ
એવી બુધ્ધિ દો અમને કે, ભલું અન્યનું એથી થાય
ભૂલેચૂકે પણ બીજાના બૂરા માટે ના વપરાય

(૨)

તુમ્હી હો માતા, પિતા તુમ્હી હો
તુમ્હી હો બંધુ, સખા તુમ્હી હો.... (૧)
તુમ્હી હો સાથી, તુમ્હી સહારે
કોઈ ન અપના સિવા તુમ્હારે.... (૨)
તુમ્હી હો નૈયા, તુમ્હી ખેવૈયા
તુમ્હી હો બંધુ, સખા તુમ્હી હો.... (૩)
જો ખિલ સકે ના વો ફૂલ હમ હૈં
તુમ્હારે ચરણોં કી ધૂલ હમ હૈં.... (૪)
દયા કી દ્રષ્ટિ સદા હી રખના
તુમ્હી હો બંધુ સખા તુમ્હી હો.... (૫)

(૩)

ગૌરી પુત્ર ગણેશજી, લાગું તમોને પાય
અંતર ઈચ્છા એટલી ગુણ તમારા ગવાય
જગદંબા છે જાગતી, જગમાં જ્યોતિ વિખ્યાત
એક વાર સહુ બોલજો, જય જય અંબે માત

દર્શન દેવા ભક્તને આવો દેવી દ્વાર રે
મુખડું જોતાં માનવી સુખ પામે સંસાર
જેણે આપ્યો જન્મ તે કદી ન આપે દુઃખ
દાંત દીધા તેં ચાવણું દઈને ભાંગે ભૂખ
સદા ભવાની સહાય કરો, સન્મુખ રહો ગણેશ
પંચ દેવ મારી રક્ષા કરો, બ્રહ્મા વિષ્ણુ મહેશ
આદ્ય ભવાની ઈશ્વરી અંબામા અવિનાશ
કેવળ ભક્તિભાવથી સમરું શ્વાસોશ્વાસ
ગુણ ગાવું મા તારા રાખીને વિશ્વાસ
સહાય કરજો માતા મને, કહું કર જોડી આજ
ધરતી મા તુજને નમું, ઝાલી લે સહુનો ભાર
પાપી પુણ્ય આત્મા, મા એ પણ તમારા બાળ
કરું અંતરનો નાદ માડી સાંભળજો સાદ
મારી આશાના તાર ના તૂટે રે તૂટે
મારી અલબેલી માત મને તારો આધાર
તારા હૈયામાં હેત ના ખૂટે રે ખૂટે
લાગી તારી લગન નહી છોડું જતન
માડી પાલવ તારો ના છૂટે રે છૂટે
મારું એક જ રટણ કરું પ્રેમે જતન
માડી રાંકનું રતન ના લૂટે રે લૂટે

(૪)

હે પરમગુરુ પરમાત્મા, અસત્યને માર્ગેથી હટાડી, સત્યને માર્ગે દોરે, હમારામાં જે અજ્ઞાનરૂપી અંધકાર છે, તે દૂર કરી, જ્ઞાનરૂપી જ્યોતિનો પ્રકાશ કરો, જેથી હમો સર્વે ભાઈઓ તથા ભગિનીઓ, તમારા શરણે રહીએ. હે પરમકૃપાળુ પરમાત્મા, હે સર્વ ન્યાયતાના પરમેશ્વરપ હે દયાળુ દીનાનાથ, હે સુખદાતા, હે પરિબ્રહ્મ આપના પવિત્ર બોધથી હમારાં હૃદય પવિત્ર કરો, જેથી અમે જન્મમરણનાં મહાદુઃખથી મુક્તિ પામીએ.

હે સચ્ચિદાનંદ, હે પરમેશ્વર, હે દામોદર, હે ગોવિંદ,
હે નારાયણ, હે વિશ્વંભર, હે કૃષ્ણ,
સર્વનું કલ્યાણ કરો,
હે ગોવિંદ મારા નમસ્કાર સ્વીકારશો.

## (૧) આંગણિયાં સોહાવો રે

આંગણિયાં સોહાવો રે, ગજાનંદ ગણપતિ
લૂંટી લઈએ લ્હાવો રે, ગજાનંદ ગણપતિ
ગજાનંદ ગણપતિ, દેવોના અધિપતિ,
નવ દહાડા રોકાવો રે......ગજાનંદ ગણપતિ
હેત રાખજો ઘણું, પાવન કરજો આંગણું
વ્હેલા વ્હેલા આવો રે....ગજાનંદ ગણપતિ
તમારી એ મ્હેરમાં, ગરબા ગાઈએ લહેરમાં
વિઘનને ભગાવો રે....ગજાનંદ ગણપતિ
પૂજન કરીએ પ્રેમથી, રહીએ કુશળ ક્ષેમથી
હૈયાં હરખાવો રે.....ગજાનંદ ગણપતિ
સુખકર્તા સૂંઢાળા, દુઃખહર્તા દુંદાળા
જગમાં જશ અપાવો રે....ગજાનંદ ગણપતિ
ઓરણા મંડળ સાથમાં, યાદ કરે આત્મા
સહાય કરવા આવો રે....ગજાનંદ ગણપતિ

## (૨) સખી અમે દેરાણી જેઠાણી

**(રાગ : ધન ધન ગોકુળ આઠમની રાત)**

સખી અમે દેરાણી જેઠાણી કે, બન્ને બેનડી રે લોલ
સખી મારા સોનૈયા રૂપૈયા કે, રૂપલા ઓઢણી રે લોલ
અમે સરોવર પાણી ગ્યા 'તા કે કાંઠે ઊભા કા'નજી રે લોલ
કાનુડા કાંકલડી નવ માર કે, સોના બેડું નાંદશે રે લોલ
ગોરી તમે ક્યાંનાં છો વહુવારુ કે, કયા ગામનાં રે લોલ
કાનુડા એટલી શી પડપૂછ કે, ગોકુળ મારું સાસરું રે લોલ
કાનુડે મારી રે હલકા ભેર કે, ગોકુળ લૂટવા રે લોલ
લૂટ્યા લૂટ્યા કણબી ને દેસાઈ કે, બ્રાહ્મણ રહી ગયા રે લોલ
જે ખંડ માતાજીનો વાસ કે, તે ખંડ રહી ગયા રે લોલ
નાના ભાઈએ દેશ બંધાવ્યા પેર કે, તે રહી ગયા રે લોલ
દેશમાં કંઈ કંઈ પુત્ર બેન કે, નાનાભાઈ સેવા કરે રે લોલ
દેશમાં ઊડે અબીલ ગુલાલ કે, સર્વે હોળી રમે રે લોલ

# (૩) ધન ધન ગોકુળ આઠમની રાત

**(રાગ : સરસ્વતી તું છે મોરી માત)**

ધન ધન ગોકુળ આઠમની રાત,
નક્ષત્ર રોહિણી રે લોલ
ધન ધન માતા દેવકી કહેવાય કે
વૈકુંઠ જનમિયા રે લોલ
ભીડેલા લોઢેલા કંબાડ કે તે ઊઘડી ગયા રે લોલ
લઈને ચાલ્યા કારાગૃહ કે વાસુદેવના કુંવરને લોલ
ઝીણા ઝરમર વરસે મેઘ કે શેષનાગ છાંયા ધરે રે લોલ
આછી વેણ અંધારી રાત કે ચાંદે અજવાળાં કર્યા રે લોલ
આવી જમુના જાય ભરપૂર કે જમુનાજીએ માર્ગ દીધો રે લોલ
એટલે કંસને થઈ છે જાણ કે ઊઠી બેબાકળા રે લોલ
પાવલે સાહીને પછાડ્યા બાળ કે હાથમાંથી ઊડી ગયા રે લોલ
હું રે વીજળલી આકાશ કે વેરી તારો ગોકુળમાં રે લોલ
નંદજીને આંગણે ઓચ્છવ થાય, વધામણી હરિ તણી રે લોલ
અગાસુર બગાસુર મારવા મોકલ્યા ચરણ સાહી ચીરિયા રે લોલ
માસી પૂતનાના શોષ્યા પ્રાણ કે તેને પાવન કર્યા રે લોલ
ધન ધન માતા જશોદા માડી કે હરિ ખોળે રમે રે લોલ
સાત પાંચ માસના થયા કા'ન ઘૂંટણિયે ચાલતા રે લોલ
હરિ તો રમતા આવ્યા ઘેર માતા ધવડાવતી રે લોલ
માતા આકુળ વ્યાકુળ થાય કે દૂધ ઊભરાઈ ગયાં રે લોલ
માતા જશોદા મહિંડા વલોવે કે હરિને રીસ ચડી રે લોલ
હરિ તો રમતા ગેડી દડુલો કે તે સોના તણો રે લોલ
ગેડી મારી ગોરી માંહે કે ગોરીના કકડા કર્યા રે લોલ
આંગણ મહી રેલાયા જાય કે હરિ માખણ જમે રે લોલ
નવસે નવ્વાણુ દમણા દોર હરિ બંધાય નહિ રે લોલ
હરિ તમે એક દમણે બંધાવો માતાની રીસ ઊતરે રે લોલ
મુખમાં ચૌદ ભુવનના નાંથ કે મૂર્છા ખાઈ પડ્યાં રે લોલ
માતાને ઊના ટાઢા વાયરા નાંખો, માતાને બેઠાં કરો રે લોલ

વ્હાલે મારે હાથ લાકલડી ઝાલી કે ગૌધેન ચારવા રે લોલ
દડુલો નાંખ્યો જમના માંહી કે જઈ મધ્યે પડ્યો રે લોલ
વ્હાલો મારો ચડ્યો કદમની ડાળ કે જળ ઝંપલાવ્યું રે લોલ
હરિ તો પહોંચ્યા પાતાળ માંહી કે નાગને નાથવા રે લોલ
આ ક્યાંથી આવ્યું નાનું બાળ કે નાગ મારો મારશે રે લોલ
આટલો ના કર અહંકાર, જગાડ તારા નાગને રે લોલ
ગેડી મારી નાગને જગાડ્યો કે લઈને ચાલિયા રે લોલ
નવસે નાગણો ફરી વળી કે મૂકો મારા નાગને રે લોલ
અહી નહી મેલું તારા નાગ કે મેલું ગોકુળ મથુરામાં રે લોલ
હરિએ કાળો નાગ જ નાથ્યો કે લઈને ચાલ્યા રે લોલ
એટલે થઈ છે કંસને જાણ ઊઠી બેબાકળા રે લોલ
ચાલો મામા રાઢ વઢવાડે જઈએ અંગોઅંગ મળીએ રે લોલ
મામા ભાણેજ મળિયા અંગોઅંગ ભચડી પ્રાણ કાઢિયા રે લોલ
માતા થાળ ભરી મોતી લાવ્યાં મોતીડે વધાવ્યા રે લોલ
માતા થાળ ભરી જળ લાવ્યાં હરિનાં ચરણ ધોયાં રે લોલ
જે કોઈ ગાઈ ને ગવડાવે કે શીખે સાંભળે રે લોલ
નરસૈંયો ગાઈ રહ્યો છે ગુણ કે વૈકુંઠ પામવા રે લોલ

## (૪) આવું રૂડું રમવાને ઘરબાર

**(રાગ : ધન ધન ગોકુળ આઠમની રાત)**

આવું રૂડું રમવાને ઘરબાર કે હરિ તમે ક્યાં જશો રે લોલ
મારે જાવું રે દ્વારિકાની વાટ કે કાશીખંડ જાત્રા રે લોલ
દેશમાં એક જ તુલસીનો છોડ કે દર્શન કરવા રે લોલ
વૈરાગી આવ્યા ત્રણસે ને સાંઠ કે દર્શન કરવા રે લોલ
દેરું બંધાવ્યું ઝરૂખા દ્વાર કે કઠેરા શોભતા રે લોલ
વાગે તાલ મૃદંગ ને પખાત કે આનંદ અહી ઘણો રે લોલ
લીમડી વાવી આરાદોર કે જાંબુડી શોભી રહી રે લોલ
વ્હાલે મારે સાહી રે દ્વારિકાની વાટ કે કાશીખંડ જાત્રા રે લોલ

# (૫) સરસ્વતી શ્યામને લાગું પાય

**(રાગ : ધન ધન ગોકુળ આઠમની રાત)**

સરસ્વતી શ્યામને લાગું પાય કે, ગૌરી ગણેશને રે લોલ
બે કર જોડી લાગું પાય કે, વાણી ઓચરું રે લોલ
રાજા દશરથ કેરે ઘેર કે, ઋષિ આવિયા રે લોલ
બે શણગાર ઘૂઘરી પાસ પાટકે, ચંદન ચળક્યા રે લોલ
બોલો અમ સરીખું કંઇ કામ કે, તમો કેમ આવિયા રે લોલ
અમે આવ્યા છે ઘણું કામ કે, દુઃખડા ટાળવા રે લોલ
આપણા કુળમાં ધર્મ છે એક કે, આપો તો લીજીએ રે લોલ
માગ્યા રામ લક્ષ્મણ બેઉ વીર કે, દશરથ દુઃખિયા રે લોલ
માથે પુષ્પનો નહિ ભાર કે, લક્ષ્મણ રામના રે લોલ
વસંત ફૂલ્યા છે અપાર કે, ફરફર્યા કરે રે લોલ
ઋષિ સાથે ચાલ્યા રામ કે, દંપતિને માર્યા રે લોલ
મારગ જાતા રાક્ષણી એક કે, બહુ જાદવે ભરી રે લોલ
તે તો લાંબી ને વળી ઊંચી કે, બહુ બિહામણી રે લોલ
રામે તાકીને માર્યું બાણ કે, વાગ્યું હૈયા વિષે રે લોલ
તેનો જીવ ગયો તત્કાળ કે, હરિ ચરણે ગઇ રે લોલ
પાપી દહીત થયા મહાબળિયા કે, ધ્યાનમાં ભંગ થયો રે લોલ
વનમાં યજ્ઞ કીધા ભરપૂર કે, જૈ-જૈ કાર હુવા રે લોલ
રામ જનક તણી કંકોત્રી કે, ઋષિને હાથ ચઢી રે લોલ
વાંચીને હરખ્યા છે ઘણું મન કે, આનંદ અતિ ઘણો રે લોલ
પત્ર ચાલ્યો વિપ્રની સાથ કે, અયોધ્યા માંહે ગયો રે લોલ
રાજાએ પરદો ફેરવ્યો કે, જાને સૌ આવજો રે લોલ
ઘેરઘેરથી નીકળી નરનાર કે, ઘેલી ઘેલી થઈ રે લોલ
કોઈએ સાડી વિસારી મેલી કે, ચાદર ઓઢિયા રે લોલ
કોઈએ મોજડી વિસારી મેલી કે એમ તન્મય થઈ રે લોલ
કોઈએ કાજળ કીધી ટીલી કે, કંકુ આંજિયા રે લોલ

કોઈએ રાંધ્યાં મેલ્યાં અન્ન કે, જમવા નવ રહી રે લોલ
કોઈએ રડતા મેલ્યા બાળ કે, ધવડાવવા નવ રહી રે લોલ
રાજાએ વગડાવ્યાં નિશાન કે, જાને સૌ આવજો રે લોલ
ઊતર્યા ગોમતીજીને દ્વાર કે, સિલ્લા વધાવ્યા રે લોલ
ઘેરજો હીરા બંને વેવાઈ કે, માન દીધાં અતિ ઘણાં રે લોલ
રાજા જનક તણો ભટ બોલે કે, તમે સૌ સાંભળો રે લોલ
જે કોઈ ભાંગે ધનુષ ને બાણ કે, સીતા તેને વરે રે લોલ
રાવણે ભાંગવાને મન કીધું કે, ધનુષ પાસે ગયો રે લોલ
એના કટકા કરીશું સાત કે, સીતાને હું વરુ રે લોલ
રામે મેલ્યો છે ઘણો ભાર કે, હાથ કચડાઈ ગયો રે લોલ
ચીસ પાડીને નાઠો રાય કે, લંકા માંહી ગયો રે લોલ
રામ લક્ષ્મણને મન આનંદ કે, રામ તો ઊઠિયા રે લોલ
રામે કકડા કર્યા છે સાત કે, સીતાને તે વર્યા રે લોલ

## (૬) છોરી તારું ગોકુળ લૈરે જાય

**(રાગ : ધન ધન ગોકુળ આઠમની રાત)**

છોરી તારું ગોકુળ લૈરે જાય કે, મહોલે આવજો રે લોલ
કા'નજી આલો રે દડુલો હાથ કે, રમવા અમો ગીયે રે લોલ
કા'નજીએ આપ્યો રે ઉતારીને હાથ કે, રાધાજીના એળમાં રે લોલ
રાધાજીનો તૂટ્યો નવલેશો હાર કે, નવલાં મોતી ગયાં રે લોલ
કા'નજી આપો રે નવલાં મોતી કે, કાને સોહાવીયે રે લોલ
હરિએ સંતાડ્યાં ચીર માંહે કે, ફૂલના ગોખમાં રે લોલ
જાવ જાવ જૂઠી ને બ્રિજનાર કે, મોતી મેં નથી લીધાં રે લોલ
રાધા ગોરીને ચઢી રે ચટકે રીસ કે, ઝટ પાછાં વળ્યાં રે લોલ
કા'નજીએ હાથ લાકલડી ઝાલી કે, ગૌધન ચારવા રે લોલ
વ્હાલો મારો જાય રે દ્વારિકાની વાટ કે, હાથમેં ઝાલી તુબંડી રે લોલ
ડાબા ડુંગર વચલી નાર કે, ત્યાં ચરે ગાવડી રે લોલ
રાધા ગોરી ભાથડિયા લઈ આવો કે, ખોળે ઘાલું સુખડી રે લોલ

કા'નજી ક્યાં રે ઉતારું ભાથ કે, ક્યાં બેસી જમશો રે લોલ
આવું રૂડું પ્રેમ કદમનું ઝાડ કે, શીતળ છાંયા ધરે રે લોલ
રાધા ગોરી ત્યાં રે ઉતારો ભાથ કે, ત્યાં બેસી જમશું રે લોલ
રાધા ગોરી જાવ રે સરોવર પાળ કે, જળ ભરી લાવજો રે લોલ
રાધા ગોરી ગયાં સરોવર પાળ કે, જળ ભરી લાવ્યાં રે લોલ
આવ્યો રે વનવગડાનો કાગ કે, ભાથડાં વટાવી ગયો રે લોલ
રાધા ગોરી જાવ રે પાછાં ઘેર કે, ભાથડાં નહિં જમું રે લોલ
રાધા ગોરીને ચઢી રે ચટકે રીસ કે, ઝટ પાછાં વળ્યાં રે લોલ
લાવશે ગોકુળની બ્રિજનાર કે, ત્યારે હમે જમશું રે લોલ
લાવી લાવી ગરગરિયો કંસાર કે, કોળિયા કલે વલે રે લોલ
કા'નજી એક કુંવરણી હાથ કે, કંબાડ ઠોકિયાં રે લોલ
રાધાગોરી ઉઘાડો કંબાડ કે, પિયુ ઝૂલે આંગણે રે લોલ
જાવ જાવ માનિતીને મહોલે કે, મંદિરમાં તેડશે રે લોલ
કા'નજીને ચઢી રે ચટકે રીસ કે, ઝટ પાછા ફર્યા રે લોલ
કા'નજીએ સાઈ રે દ્વારિકાની વાટ કે, કાશીખંડ જાત્રા રે લોલ
બ્રાહ્મણ સૂતા રે વડલા હેઠ કે, નિદ્રામાંથી જગાડિયા રે લોલ
બ્રાહ્મણ જુઓ રે રૂડા જોષ કે, લગન ક્યારે આવશે રે લોલ
લગન આવ્યાં બારસ ને બુધવાર કે, લગન ગયાં વેગળાં રે લોલ
બ્રાહ્મણ જુએ રે રૂડા જોષ કે, લગન ક્યારે આવશે રે લોલ
લગન આવિયાં સાતેમ ને સોમવાર કે, લગન આવ્યાં ઢુંકડાં રે લોલ
આલાલીલા વાંસળિયા વઢાવો કે, માંડવા રોપાવિયે રે લોલ
આલીલીલી નાગરવેલ કપાવો કે, માંડવા છવડાવીએ રે લોલ
રાતીપીળી ગોરમટી મંગાવો કે, ચોરી થપાવીએ રે લોલ
સાત પાંચ બ્રાહ્મણોને તેડાવીને, વેદ ભણાવીએ રે લોલ
સાતપાંચ સાહેલીને બોલાવીને, ધોળ ગવડાવીએ રે લોલ
પરણ્યાં સીતા ને શ્રીરામ કે, રાધા રહ્યાં ઝૂલતાં રે લોલ
ભાંગ્યાં મોતી ને તૂટ્યાં મન કે, ફરી સંધાયાં નહિ રે લોલ
વાળી હીરલા કેરી ગાંઠ તૂટે પણ છૂટે નહિ રે લોલ

## (૭) પારણે પોઢ્યા શ્રી જાદવરાય

(રાગ : ધન ધન ગોકુળ આઠમની રાત)

પારણે પોઢ્યા શ્રી જાદવરાય કે, આપણે હીચવા રે લોલ
વ્હાલો મારો વનમાં ચારે ઘેન કે, વગાડે રૂડી વાંસળી રે લોલ
રાધા ગોરી ભાથડિયા લઈ જાય કે, ગળતા સૂરમાં રે લોલ
કાનજી ક્યારે ઉતારું ભાથ કે, ઝટ પાછી વળું રે લોલ
આવા રૂડાં આસોપાલવનાં ઝાડ કે,
રાધાજીને ચટકે ચઢી રીસ કે, ઝટ પાછાં વળ્યાં રે લોલ
કા'નજીએ ભાંગી કદમ કેરી સોટી કે, રાધાજીને મારવા રે લોલ
કા'નજીએ લીધો દડુલો હાથ કે, મંડપમાં ઉછાળવા રે લોલ,
ઉછાળીને નાંખ્યો છે આકાશ કે, રાધાજીના ઉરમાં રે લોલ
રાધાજીએ સંતાડયો કંચવટ માંહે કે, કમળના ઉરમાં રે લોલ
ફરતી ધ્યાન ધરે બ્રિજનાર કે, વચમાં વ્હાલો મારો રે લોલ
ત્યાં તો થઈ છે વળગાં જુમ કે, નરસૈયાના નાથ શું રે લોલ

## (૮) આવો રૂડો વૃંદાવનનો ચોક

(રાગ : ધન ધન ગોકુળ આઠમની રાત)

આવો રૂડો વૃંદાવનનો ચોક, અતિ રળિયામણો રે લોલ
મહીઆરણ મહી વેચવાને જાય કે, કા'નજી આડા ફરે રે લોલ
ગોપીઓ રોષ ભરી ઘેર જાય કે, માતાજીને પૂછવા રે લોલ
માતાજી તમારા તે કા'ન કે, આવડા શું લાડકા રે લોલ
માતાજીએ લીધી કરેણની સોટી કે, કા'નને મારવા રે લોલ
કા'નજી ચઢ્યા રે કદમને ઝાડ કે, ઝાડે અલોપ થયા રે લોલ
ઊતરો ઊતરો મારા કા'ન, કહું એક વાતડી રે લોલ
સાંભળો સાંભળો મારી માત, કહું એક વાતડી રે લોલ
માડી મારો એકે ઝાલ્યો હાથ કે, બીજીએ રોકી રાખ્યો રે લોલ
માડી મારા ત્રીજીએ ઝાલ્યા વાળ કે, ચોથીએ ચૂંટી કાઢ્યો રે લોલ
સાંભળો સાંભળો વ્રજની નાર કે, તમને નવ ઘટે રે લોલ
મારો કા'નજી નાનું બાળ કે, તમને નવ ઘટે રે લોલ

## (૯) સરસ્વતી તું છે મોરી માત

(રાગ : ધન ધન ગોકુળ આઠમની રાત)

સરસ્વતી તું છે મોરી માત કે, વિદ્યા ને જશ આપજો રે લોલ
ગરબો બબરીકનો ગવાય કે, ધ્યાન દઈ સાંભળો રે લોલ
માતા કુંતાજીને કુખ કે, પાંડવ પેદા થયા રે લોલ
યુધિષ્ઠિર ભીમ અર્જુન સહદેવ, નિકુળ વરણાગિયા રે લોલ
આવ્યા એકાદશીના દિન કે, ભીમે વ્રત કર્યા રે લોલ
પારણા કર્યા કાકાને ઘેર કે, લાડુમાં ઝેર ભર્યા રે લોલ
ત્યાં થઈ છે દુર્યોધનને જાણ કે, જમુનાજીમાં ફેંકી દીધા રે લોલ
જમુનાજીને કાંઠે શિવજીનું દેરૂ કે, નાગણીઓ વ્રત કરે રે લોલ
વ્રત કર્યા છએ માસ કે, શિવજી પ્રસન્ન થયા રે લોલ
માગ માગ નાગની કન્યાય કે, જે માગે તે આપશું રે લોલ
માગ્યું માગ્યું એટલું વરદાન કે, સ્વામી સારા આપજો રે લોલ
દેરાની પાછળ જઈએ જુવો કે, સ્વામી તારા ત્યાં સૂતા રે લોલ
નાગણીએ ત્યાં જઈએ જોયું તો, ભીમને ઝેર ચડ્યા રે લોલ
ડંખ મારી નાગણીએ ચૂસ્યાં ઝેર કે, રામ કરી બેઠા થયા રે લોલ
તેત્રીસ કરોડ દેવ બોલાવ્યા કે, નાગણીનાં લગ્ન કર્યા રે લોલ
તેના થકી પુત્ર થયો છે એક કે, તેનું નામ બબરીક પડ્યું રે લોલ
ગરબો બબરીકનો ગવાય કે, હવે સંપૂર્ણ થયો રે લોલ

## (૧૦) પંચવટીમાં શ્રી રઘુરાય

(રાગ : નળરાજાનું આખ્યાન)

પંચવટીમાં શ્રી રઘુરાય, સાથે સીતા લક્ષ્મણ ભાઈ
બેઠા જુએ છે ચતુરાઈ, ચરતા મૃગની
સતીએ સુવર્ણ મૃગને જોયો, મોહ તેના ઉપર થયો
મનનો વિચાર હરિને કહ્યો, મૃગ મારવાનો
મારી માગણી ઉરમાં લાવો, પેલા મૃગને મારવા જાવો
એની કંચૂકી સીવડાવો, મારી આશા પૂરો
સીતા હઠ કરે છે આમ, સમજાવે છે બહુ શ્રી રામ
અંતે હાર્યો ભીડી હામ મૃગ મારવાને
પૂજા ભૂલેશ્વરમાં થાય ભક્તો દર્શન કરવા જાય
કરે સહાય રણછોડરાય, નિજ મંડળને.

## (૧૧) કામરેજ કસબા મોટું શહેર

**(રાગ : ધન ધન ગોકુળ આઠમની રાત)**

કામરેજ કસ્બા મોટું શહેર, વરાછા ગામ નાનેરું રે લોલ
વરાછામાં નાનાભાઈ દેસાઈ કે, નામે.નાનડા રે લોલ
નાનાભાઈએ દેવળ બંધાવ્યાં જોડ, સવા બે લાખના રે લોલ
દેવળમાં ત્રણસે ને સાઠ મૂર્તિ કે, નાનાભાઈ સેવા કરે લોલ
સેવા કરતાં લાગી વાર કે, દિવસ દિન, ચઢી ગયા રે લોલ
એટલે આવ્યા બે ગોંસાઈ કે, સેવા કરી ગયા રે લોલ
નાનાભાઈની નાનકડી છે બેન, રમે દુલા દામણી રે લોલ
ઠાકોરને માનું સવાશેર ખાણ, જડે દુલા દામણી રે લોલ
તાવીને આપું સવાશેર દૂધ, જડે દુલા દામણી રે લોલ
ઊગ્યો પૂનમ કેરો ચંદ્ર, ઝળક્યા દુલા દામણી રે લોલ
હરિગુણ ગાયે નરસૈયો દાસ કે, ગોપીઓ ભેગી મળી રે લોલ

## (૧૨) તાપી માતાનો મહિમાય

**(રાગ : નળ રાજાનું આખ્યાન)**

તાપી માતાનો મહિમાય, તે તો કેવી રીતે ગવાય
તમે ચિત્ત ધરીને સહુ સાંભળજો
વૃષ્ટિ કરે છે બહુ જોર, થયું અંધારું ઘનઘોર
તાપી માતામાં પાણી આવ્યાં અઘોર
લોકો માલ ચઢાવે ઊંચે એ તો માંહો માંહે ઊંચે લાવે
અલ્યા પાણી ચઢે કે નીચે ઊતરશે
સાખી : ઓગણીસો પચાસની સાલમાં, પાણી આવ્યાં ભરપૂર
વિકરાળ એ પાણીની વિગત કહેતાં અંગે ઊઠે ઝાળ
ચાલ : પાણી આવ્યાં એની પૂઠે,
શાહુકારો માથા કૂટે, પત્થર લઈ લઈને
જેઠ વદ તેરસને દહાડે, પાણી ઘણાં ચઢ્યા સોમવારે
સહાય કીધી દુકાનદારે, ફાનસ લઈ લઈને
તાપી માતાને કિનારે, શહેર બરાનપુર કહેવાય
લોકો પગાર મૂકીને નાસી જાય

તૂટી ગયું છે બરાનપુર, દરવાજો છે કમળાપુર
એની ન કશી ભાળ આગળ જઈને જુઓ
ત્યાંથી એકદમ પાણી નીકળ્યાં શહેર માંડવી લીધું તાણી
થઈ મજૂરની કમાણી, માલ પલળી ગયો
તપાસ કરી મામલતદારે
ફેકી દેવડાવ્યો ઓવારે, તાપી માતાની માંહી
શાહુકારોનાં ઘર છે હેઠાં, તેના ઘરમાં પાણી પેઠાં
તે તો માથે હાથ દઈ બેઠા, પારકા ઘરમાં
મોચીવાળાની બજાર, પાસે રહે છે સુથાર
આવી બજારોની હાર, બહુ સારી છે.
વટ વાણિયાની દુકાન, પાસે લોટિયાનું મકાન
સાત લાખનું મકાન, ચૌટામાં થયું
જીવાશેઠની કમાણી, એના ઘરમાં પેઠાં પાણી
એ તો પાડી ઊઠ્યા બૂમ, મારી કેળાની લૂમ, કોણ લઈ ગયું
દીવેલમાં પેઠાં પાણી, તે તો થયા ધૂળધાણી
શહેર માંડવીમાં
કાપડ કરિયાણા ને ધાણા કિલ્લા ગાંધીના વખાણ્યા
નુકશાન લાખનું થયું
સાખી :- તાપીમાતા બહુ કહેવાય ચારે બાજુ ઘનઘોર
બંબા ઘસડી કરીને પાણી આવ્યાં અતિ પાસે
ચલતી : બળ્યું પીપરિયા વરોલી, લીધું પાટણને ઠેલી
વાડા ચીતવાડા મેલી આવ્યા લોઢાણમાં
વેપારીનો માલ તણાય, લુચ્ચાઓનાં મન લલચાય
ચાલ્યા લૂટવાને
લુચ્ચાઓને આવ્યું તાન, તે થઈ ગયા નિયાલ
લોકો દેશે એને ગાળ, પેટ ભરીને
લુચ્ચા ડોંગાઈની દિવાળી, ભજિયાં ખાઈને પાડે તાળી
લુચ્ચા આનંદ આણે પારકા ઘર માંહી
નારણ ખુશાલને ઘેર, પાણી ફરી વળ્યાં ચોમેર
લુચ્ચાઓને આવે લ્હેર, ગોળ ખાવાની

## (૧૩) સગાળશા વણિક મોટા શેઠ

**(રાગ નળ રાજાનું આખ્યાન)**

સગાળશા વણિક મોટા શેઠ, તેને હરિના ઉપર હેત
નિત્ય સાધુ જમાડે એક, પછી ભોજન કરે,
તેની ચંગાવતી નારી, સ્વામીને જાણે દેવ મોરારિ,
એ તો ભક્તિ કરે છે સારી, ખરા મન થકી
એ તો બેઠા આકીન લઈ, ત્યારે પ્રભુને ચિંતા થઈ
જઈ એનું સત્ય ચૂકાવું જોઉ શું કરે
સાખી :- શ્રી હરિએ કૌતુક કર્યું ને સાધુ ન જડ્યો એક
સઘળું નગર ખોળી વળ્યાં, શેઠાણી ને શેઠ
ચલતી : મનમાં બહુ કરે ઉત્પાત, એને ઉપવાસ થયા સાત
લજ્જા રાખો દીનાનાથ, એમ સ્તુતિ કરે,
રૂપ અતિથિનું લાવ્યા, એનું પારખું જોવા આવ્યા
એને ભુવનમાં પધરાવ્યા, કહે ભાગ્ય ફર્યું
સાધુને શરીરે રક્ત વહે છે, એને શીતળ વાળુ કરે છે.
એનું ચરણામૃત લે છે. કહે કારજ સર્યું
રસોઈ બનાવી શુધ્ધ પાક, પીરસ્યાં પૂરી ને દૂધપાક
રખે કરતાં આડો હાથ, મારા સંત જમો
સાખી :- અતિથિ કહે એ જમતા નથી, અમે અઘોરી સાધુ જન
માંસ મટોડી ખાઈએ, ન ખપે તારું અન્ન,
ચલતી : તારા આંકીને તું તરસે, સાથે વ્રત નિયામો ફળશે,
તને ભાવે ભગવંત મળશે, ભક્ત જશ વધશે,
માટે કરી લે કંઈ ઉપકાર, તું તો રીઝવ દેવમોરાર
નાથ રાખે નહિ એ ભાર, તારી ટેક ફળે,
શેઠે સઘળા ભેદ છૂપાવ્યા, તરત છાનાં માંસ મંગાવ્યાં
તેના સારા પાક બનાવ્યા, હવે સંત જમો
ત્યારે બોલ્યા જગકિરતાર, બન્ને સુણો નર ને નાર,
આ તો પરમાટી આહાર, ખપે નહીં અમને,

કરજો વ્રતનો વિચાર, ખાંડો ચેલૈયો આ વાર,
સજી સોળ શણગાર સંતાન છૂંદો,
સાખી :- બીજું રૂપ શ્રી હરિએ ધર્યું નિશાળે ભણતો બાળ,
તેને જઈને ચેતવ્યો થયાં માતપિતા તુજ કાળ,
ચલતી : તરત ચેલૈયો તો ઊઠ્યો, હાથે ખડિયો પાટી લીધો,
મૃત્યુભયને દીધો છોડી, સીધો ઘેર ગયો
એ તો હરખાયો બહુ મન, કહે પિતાને પાળો વચન,
મારી કાયાને ધનધન, એને સંત જમે.
મનમાં માતપિતા મુંઝાયાં, પણ જાણ્યું છે જૂઠી કાયા
તરત મૂકી દીધી માયા, એના આકીને
બાપે હાથમાં લીધી પાટી, નાંખ્યો ચેલૈયાને મારી
તેની રસોઈ બનાવી સારી, હવે સંત જમો
સાંખી : અતિથિ કહે આ થયું અનેરૂ પણ તું વાંઝિયો થયો
જો તારું અન્ન ખાઈએ તો જપ તપ નિષ્ફળ જાય
ચલતી : શેઠ થઈ બેઠા લાચાર, મનમાં બહુ કરે વિચાર
કીધી કસોટી હદપાર, હવે શું કરવું
સતીએ ત્યાં જ કર્યો પડકાર, હું તો ગર્ભવતી છું નાર
આપું ખાત્રીઓ કિરતાર, પછી આપ જમો
તરત પાટી લીધી હાથ, જોઈ રહ્યા દીનાનાથ
પેટ ચીરવા ઉપાડ્યો હાથ, ઝડપી હાથ ગ્રહ્યો
ધન ધન શેઠાણી ને શેઠ, ધન્ય ધન્ય તમારી ટેક
ભક્તિ સહુની તમથી હેઠ, એમ સંત કહે
રૂપ રૂપના નિધાન, પ્રગટ્યા ત્યાં તો શ્રી ભગવાન
કહે માંગો વરદાન, તમે નરનારી
માંગુ જન્મો જનમ હું ભક્તિ, વ્હાલા નથી ઓળખવા શક્તિ
બંને ઢળતે આંસુડેથી હરિની સ્તુતિ કરે
જોયો પુત્ર સજીવન બહાર, થયો આનંદ અપાર
દર્શન દેજો વારંવાર, કહી ચરણે નમે
આ તો સગાળશાની ટેક, કથની કહી છે તમને એક
મનમાં લેજો એવી ભેખ, એમ દાસ કહે

# (૧૪) હોડી હોનારત આખ્યાન

**(રાગ : નળ રાજાનું આખ્યાન)**

સાખી : ભારતમાતાને વિનવું લળી લળી લાગું પાય
અસ્તકાળે મૃત્યુ થાય નહિ સૌ ડૂબી ગયા તાપીમાંય....
ચલતી : હોડી હોનારત આખ્યાન, તેનું વર્ણન કરું આજ
તમે ધરી લેજો ધ્યાન, હોડી ડૂબી ગઈ
શ્રાવણ માસ ને શુક્રવાર, આવ્યો બળેવનો તહેવાર
જોવા ચાલ્યા બાળ ગોવાળ ડક્કા ઓવારે
તા.૧૨ ને શુક્રવાર આવ્યો હોડી ઉપર કાળ
સાંજે ૬ ને સુમારે વ્હાણ ડોલે ચઢ્યું
હોડીમાં બેઠેલા જે લોક, તે તો કરે પોકાપોક
તેનું આયુષ્ય થયું ફોક, જળમાં ડૂબી ગયા
કાંઠે ઊભેલા નરનાર, દેખી ગભરાયા તે વાર
કહે ધન આપીશું અપાર, કોઈ જીવતા કાઢો
સર્વે થઈ ગયા ઉદાસ, જીવ ગયા પાણીમાંય
કોઈનાં છોકરા છોકરી સાથ એવો ખેલ થયો
વાત શહેરમાં ફેલાય, લોકો કરે હાય હાય
નદીએ શોધવા જાય પ્યારા પુત્રને
સાખી : બળેવના બલિદાનમાં હોમાયા સહુ વીર
મા-બાપ તેનાં ઊભાં રહ્યાં, નયણે ભરી નીર....
ચલતી : કોઈ કહે મુજ બાળ, કોઈ કહે ભરથાર
કે હિંદુ મુસ્લિમ એકાચાર કે એવો અન્યાય થયો
લોકો કરે અશ્રુપાત, સુરત શહેરમાં ઉત્પાત
સૌ કોઈ જાગ્યું આખી રાત એવો બનાવ બન્યો
નાટક સિનેમા બંધ થાય, સૌ કોઈ પોતાને ઘેર જાય શેઠ ને શાહુકારો
સાખી : ધન્ય ધન્ય કોંગ્રેસ છે, તુજને ધન્ય છે તારું કામ
બધા વખાણે તુજને, રહો જગમાં તુજ નામ....

ચલતી : કોંગ્રેસે કામ લીધું હાથ, તેઓ કરે છે તપાસ, વહાણ ક્યારે ડૂબ્યું
ડોકટર ઘીયા દોડી આવ્યા, તેણે માછીને બોલાવ્યા
તૂંબડાં તાપીમાં મૂકાવ્યાં લાશો શોધવાને
કોઈના વ્હાલા શોધવા જાય, લાશો આવી ને દોડી જાય
તેને હોસ્પિટલે લઈ જાય, ત્યાં ઓળખાણ થાયે
સાખી : ધન્ય છે માછીવીરાને, તેમણે કર્યું રૂડું કામ
મળી આવી લાશ જે લાવી આપી તમામ....
ચલતી : ભરૂચ મુંબઈ કીધા ફોન ત્યાંથી આવ્યા તરનાર
ડૂબકી મારી પાણીમાંય, લાશો શોધવાને
લાશ હોસ્પિટલ લઈ જાય, લાઉડસ્પિકરથી વાતો થાય
માનવ મેદની ઊભરાય, જાણે જુલમ થયો
સાખી : તાપી તારી સોડમાં સૂતા મૂકી આશ
એવી હાલતમાં મળ્યા, કોઈ ઊભા કુમાર
ચલતી : હરિજન ભક્ત ઝવેરી હોય, ઊભા હોસ્પિટલ લઈ જાય
લાશ આવે કે દોડી જાય, ઓળખાણ કરવાને
સગા વ્હાલા બેઠા ત્યાંય, લાશો આવે કે દોડી જાય
દેખી મૂર્છામાં આવી જાય, વ્હાલાના મુખ દેખીને
સાખી : ધન્ય છે વ્હોરા મિત્રને જેમણે કર્યું રૂડું કામ
જાતિભેદને છોડીને સેવા કરી અપાર......
ચલતી : વ્હોરા વોલ્ટિન કહેવાય, લાશ મૂકે મોટરમાંય
તેને સ્મશાને લઈ, સેવા સારી કીધી
શેરીએ શેરીએ રૂદન થાય, કોઈથી દેખી ન શકાય
પત્થર હૃદય પીગળી જાય એવું બૂરું બન્યું
માતા-પિતાનો આશરો છૂટ્યો, કોઈ એક બેનનો ચૂડો ફૂટ્યો
ઈશ્વર ખરેખર રૂઠ્યો સુરત શહેર ઉપર
સાખી : ધન્ય ઝવેરી તુજને, ધન્ય માતાની કુખ
હિંમત લાશ ઓળખાવવા, થઈ ગયા તૈયાર
ચલતી : ડૂબ્યા માણસો મહિમાંય, તરફડિયા પાણીમાં ખાય

જાહેર સભા ત્યાં ભરાય, કિલ્લાના મેદાનમાં
ડોક્ટરનું ભાષણ ત્યાં થાય, કોઇ આપે પાંચ-પચ્ચીસ
એથી માછીકાજ વપરાય, ઈશ્વર સાખે જેને માંય
સાખી : બે માછીવીરો ઊઠ્યા હિંમત કરી એકવાર
ડૂબેલી નૌકાને શોધવા થઈ ગયા તૈયાર
ચલતી : તારીખ ૧૭ ને બુધવાર, વ્હાણ કાઢ્યું જળની બહાર
તેમાં નથી પડી ફાટ, વ્હાણ કેમ ડૂબ્યું
ડૂબ્યું વ્હાણ થયા સુલતાન, તાપી માતા થયા પ્રસન્ન
ગુપ્ત રાખે જેની લાજ, પ્રાણ પ્રગટ કીધા
હોડીવાળા જળમાં ફરતા જેણે લાશ દીઠી તરતા
લાવી હોસ્પિટલમાં ધરતા, ત્યાં ઓળખાણ કરે
સાખી : બાકી રહી જે લાશ, પંદર શોધી લાવ્યા
તે દેખી સૌનાં હૃદય કકળી ઊઠ્યા
ચલતી : મા-બાપ થયાં નિરાધાર, તેથી કરે અશ્રુપાત
કે ઊઠ્યો સુખનો ભંગાર, હવે ક્યાં જઈશું
કોઈના હશે લાડકવાયા, તે તો તાપીમાં તણાયા
હૈયાં બાપનાં હણાયાં, તે તો ધીરજ ધરે
સાખી : હોડી હોનારતને કારણે કપરા હાલ સૌના થાય
હિંદુ મુસ્લિમ પારસી, જાપ જપવાને જાય
ચલતી : કોઈના હશે લાડકવાયા, છતે દીકરે વાંઝિયા થયા
આશા મૂકી બેસી રહ્યા, પ્રભુ ભજન કરે
તે તો પ્રભુ પ્રભુ પોકારે, કદી આવું નહિ થાય
માટે કરજો રક્ષાય, હવે તારાજ થવું
સાખી : સર્વે રક્ષકને વિનવું, કર જોડી લાગું પાય
ભૂલ મારી ક્ષમા કરજો, પ્રભુ કરજો સહાય
ચલતી : હોડી હોનારત આ કેર, તેનું પૂરું થયું આખ્યાન
તમે ધરી લેજો ધ્યાન, ગરબો પૂરણ થયો

## (૧૫) નાનકડો લાલ માતાના ખોળે રે

**(રાગ : રઘુપતિ રામ હૃદયમાં રહેજો રે)**

નાનકડો લાલ, માતાના ખોળે રે,
અદ્દ્ભુત કામણ કીધું છે છેલે .....નાનકડો
મંદ મંદ મુખે મુસ્કાન રે, જોતાં ભૂલાઈ જાતું ભાન રે
પૂરા થાતા બધા અરમાન રે .......નાનકડો
નીલકમલ જેવો છે વાન રે, બધા જાણે પૂર્વમાં ઊગ્યો ભાણ રે
રસેશ્વર છે રસની ખાણ રે .......નાનકડો
જાણે નવી નવી જલધારા રે, વરસો વ્રજ ઉપર પ્રાણાધાર રે....
ગોપ ગોપી કરે છે પોકાર .....નાનકડો
નિર્મળ સ્નેહનાં આંખે નીર રે, તૃષિત જનો બન્યા છે અધીર રે
કૃપાજળ છાંટો ને લગીર ........નાનકડો

## (૧૬) હરિભજન વિના

**(રાગ : ઓ મંદોદરી)**

હરિભજન વિના દુઃખ દરિયા સંસારનો પાર નહી આવે
જડ બુદ્ધિ જીવ સંત વિના શુદ્ધ મારગ કોણ બતાવે
ફર્યા ચાર ખંડ લખ ચોર્યાસી, થયો જલચલનો ગર્ભવાસી
માયા-બંધ થકી છૂટ્યો નાસી... હરિભજન વિના.
તેં અનેકવાર અવતાર ધર્યા, તેં કર્મ તણા કોઠાર ભર્યા
અતિ યોગ્ય તણા અંબાર ભર્યા... હરિભજન વિના..
તું ઝાડ પાન જડ રૂપ થયો, તું તો જન્મ મરણ નવ તાર સાંધ્યો
તારું ખંડિત કોઈ નવ લહ્યો.. હરિભજન વિના...
પામ્યો મનસા દેહમાં નહીમણાં, ધન, ધાન, પુત્ર પરિવાર ઘણાં
તું ગાઈ લે ગુણ ગોવિંદ તણા... હરિભજન વિના...
કહે પ્રીતમ ચેતી લો પ્રાણી, તારા જન્મજન્મોનું દુઃખ જાણી
શું બેઠો છે આળસ આણી.. હરિભજન વિના....

## (૧૭) ઓ લક્ષ્મણજી ગઢ લંકા

**(રાગ : રૂડી રામકથા)**

ઓ લક્ષ્મણજી ગઢ લંકા પર જરૂર મારે જાવું છે.
એમ કહે હનુમાન રામ પ્રતાપે સીતાની શોધ લાવું
ત્યારે રામે મુદ્રિકા આપી, દેહ વ્રજ કરીને પીઠ સ્થાપી
એમણે દૂર પંથ કાપ્યા નાંખી.. ઓ લક્ષ્મણ..
એ વનચર વાડીમાં પેઠો, જઈ આસોપાલવના ઝાડે બેઠો
માતા સીતાએ નજરે દીઠો.. ઓ લક્ષ્મણ..
માતા રામ લક્ષ્મણ કુશળ જોડી હવે રાવણની જિંદગી થોડી
એણે રામ સંગાથે પ્રીત જોડી... ઓ લક્ષ્મણ..
અલ્યા વનચર તું ક્યાંથી આવ્યો, મારા રામે સંદેશો શો કહ્યો.
આ મુદ્રિકા ક્યાંથી લાવ્યો.. ઓ લક્ષ્મણ..
એવે હનુમાનને ક્ષુધા વ્યાપી, માતા સીતા પાસે આજ્ઞા માંગી.
એણે ઝાડ બીડ કાપ્યાં નાંખી... ઓ લક્ષ્મણ...
એટલે રખેવાળને જાણ થઈ, માળીએ ત્યાં પોકાર કર્યો
ત્યાં હાહાકાર થઈ રહ્યો.. ઓ લક્ષ્મણ
એવે મેઘનાદ રહ્યો છે થંભી, ત્યાં બાણ તણી વરસે હેલી
એવે હનુમાનને લીધા બાંધી.. ઓ લક્ષ્મણ...

## (૧૮) શબરી વનવગડામાં રહેતી

**(રાગ : નળ રાજાનું આખ્યાન)**

શબરી વનવગડામાં રહેતી, માતંગ ઋષિની સેવા કરતી
એની સાચી સેવાથી ગુરુ પ્રસન્ન થયા
શબરીને આપ્યું વરદાન, દર્શન દેવાને નિધાન
આવશે રામચન્દ્ર, તારા આશ્રમમાં
આનંદ શબરીએ ઊભરાય, હૈયે હરખ ના માય
ક્યારે મળશે રઘુરાય, એ જ રટણ કરે

રામ-લક્ષ્મણ સાથે આવ્યા, એને આસન પર પધરાવ્યા
નેત્રો ભરી-ભરીને નિહાળ્યા, બહુ રાજી થયાં
શબરીએ આપ્યાં એઠાં બોર, ભાવે જમ્યા નવલ કિશોર
સાચા દિલનો એ ચોર, દોડી આવે છે.
પંચવટીમાં શ્રી રઘુરાય, સાથે સીતા લક્ષ્મણભાઈ
બેઠાં જુએ છે ચતુરાઈ.. ચરતા મૃગની
સતીએ સુવર્ણ-મૃગને જોયો, મોહ તેના ઉપર થયો
મનનો વિચાર કરીને, કહ્યું મૃગ મારવાને
મારી માગણી ઉરમાં લાવો, પેલા મૃગને મારવા જાવો
એની કંચુકી સીવડાવો મારી આશા પૂરો
સીતા હઠ કરે છે આમ, સમજાવે એને શ્રી રામ
ચાલ્યા ભીડીને હામ, મૃગ મારવાને
પૂજા ભૂલેશ્વરમાં થાય, ભક્તો દર્શન કરવા જાય
સહાય કરે રણછોડ રાય, નિજ મંડળની

## (૧૯) આજે મારે અષ્ટમીનો દિન

**(રાગ : ધન ધન ગોકુળ આઠમની રાત)**

આજ મારે અષ્ટમીનો દિન કે, દીપ પ્રગટાવ્યો રે લોલ
એને અજવાળે અજવાળે કે, વ્હાલો મારો આવ્યો રે લોલ
રસની થઈ છે રેલમ છેલ કે, આજ મારે આંગણે રે લોલ
તરીયા તરીયા તોરણ આજ કે, બાંધ્યાં બારણે રે લોલ
ઊંબર વિધ વિધ જાતની ભાત કે, અવનવા રંગની રે લોલ
મંડળી હળીમળી હરિ ગુણ ગાય કે, શોભા સંતની રે લોલ
ભલે ભલે આવ્યા ભગવાન કે ભાગ્યશાળી અમે થયાં રે લોલ
ઉઘાડ્યાં ઉઘાડ્યાં પુન્ય અપાર કે, દુઃખડાં હરી ગયા રે લોલ
શામળે સ્નેહ સ્મૃતિ સિંચ્યા કે, મરવું મટી ગયું રે લોલ
ગોવિંદ ગદ્‌ગદ કંઠે ગાય કે, દિલડું ડોલી રહ્યું રે લોલ

## (૨૦) નળરાજાનું આખ્યાન

**(રાગ : શબરી વનવગડામાં રહેતી)**

નળરાજાનું આખ્યાન, તમે ધરી લોને ધ્યાન,
દમયંતિ સ્વયંવર કહું તૂજને....
નૈષધ દેશનો નળરાય, તે તો મૃગલાં રમવા જાય
ત્યાંથી લાવ્યો જનાવર હંસ પકડી
હંસ કરવા લાગ્યો વાત, રાજા નળની સંગાત
મને મૂકી દો મહારાજ, મારી નારી સ્વે શું કહું તુજને
સો પુત્રની છે માત, તેને મળી આવું આજ
આપ્યું વચન છોડી દીધો હંસને
હંસ ઊડ્યો ઊડ્યો જાય ગયો નારીની પાસ
ત્રણ દિવસમાં આવ્યો રાજા કને
સાખી : રાજા હંસ ઘેર આવિયો એને હૈયે હરખ ન માય
હંસ વાહન બ્રહ્મા તણા તેને ખોટું કેમ કહેવાય
ચલતી : તેં વચન આપ્યું મુજને, રાજા કહે છે હંસને
તું કન્યા લાવની શોધીને
હંસ ઊડ્યો ઊડ્યો જાય.. શોધ્યા સ્વર્ગ ને પાતાળ
ત્યાંથી ઊડ્યો કુંદનપુર નગરીમાંય
કુંદનપુરનો જે રાય, રાજા ભીમક કહેવાય
તેની પુત્રી કુંવારી નામે દમયંતી
તે તો કુંવારી કહેવાય સુખે રહે છે વાડીમાંય
હંસ જઈ બેઠો ત્યાં એક ઝાડ ઉપર
કરે નળનાં વખાણ તે તો થયું કન્યાને જાણ
જુઓ કોણ બોલે નર વાડી માંય
સાખી : દમયંતીએ દાસીને કહ્યું, જુઓ કોણ બોલે છે નર વાડીમાં
એવા નળ તે કોણ હશે વળી કેમ કરી ઓળખાય
ચલતી : નારી હરતી ફરતી આવી, હંસ બેઠો નીચી ડાળી
વ્હાલો હાથે કરી પકડાઈ ગયો
નારીએ ચાંપ્યો હૃદય સાથ, પછી પૂછી નળની વાત
એવા નળ કુંવારા કેમ રહ્યા
હંસ કરવા લાગ્યો વાત, રાણી દમયંતીની સાથ
વચન નારીનું લઈ હંસ ઊડી ગયો
સાખી : રાજા ભીમકની પુત્રી એની કદળી સરખી કાય
ત્રણ ભુવન શોધી વળ્યા, પણ ન મળે એવી કન્યાય

ચલતી : તેના તેજ તણો નહિ પાર, તમે શું કરો વિચાર
જઈ પરણી લાવો કન્યા દમયંતી
એમ રાજા નળને કહ્યું, નારદ મુનિ જે કહેવાય
તે તો દેવસભામાં જાય
જઈ કહ્યા સમાચાર ઈન્દ્રને
વાયુ વરુણ અગ્નિ આવ્યા, જોડે યમરાજાને લાવ્યો
ઘણાં ચરિત્ર કીધાં નળ છળવાને
સાખી : પાંચે મંડપમાં ગયા, ધરી નળનું રૂપ
આવી વરમાળા આરોપવા બની ગઈ તદ્દરૂપ
ચલતી : પુત્રી પૂછે પિતાને વાત, વરમાળા કોને આરોપું
અહીં આવ્યા છે પાંચે નળ બની
નારી હરતી ફરતી આવી
વરમાળા આરોપી નળરાજાને
એક એકને દીધા શ્રાપ
રીંછ રોઝ વાંદર બન્યા
તે તો ઓશિયાળા થયા
ઘરની નારીઓ મેણાં દેશે ઘણાં
એમ કહે છે ખુશાલદાસ
શાબાશ ... જગજીવનદાસ
પછી કળિયુગ વ્યાપ્યો નળ રાજાને

## (૨૧) અજ્ઞાની જીવ

**(રાગ : ઓ મંદોદરી)**

અજ્ઞાની જીવ સંગ કર્યો સાચો પણ રંગ ચઢ્યો નહિ.
જડ બુદ્ધિ જીવ સંત વિના, શુદ્ધ મારગ કોણ બતાવે.
એક પત્થર પડશે પાણીમાં, તોડંતા તો અગ્નિ ખરશે.
એવા દુરીજનને હરિ કેમ ગમશે.. અજ્ઞાની જીવ સંગ..
એક મીન કમળની પાસે વસે, એ કમળની વાસના કોણ લેશે.
એ કમળની વાસના ભમરો લેશે... અજ્ઞાની જીવ સંગ..
ગુરુ ચંદનથી ચંદન જેવા એરંડા વાંસળિયા જેવા
એને નહિ મળે લેવા દેવા.. અજ્ઞાની જીવ સંગ...
કહો પ્રીતમ ચેતી લો પ્રાણી. તારા મનની કલ્પના મેં જાણી
શું સૂતા છો અભિમાન આણી.. અજ્ઞાની જીવ સંગ..

## (૨૨) માતા જશોદાના બાળ

**(રાગ : નળ રાજાનું આખ્યાન)**

માતા જશોદાના બાળ, જન્મ્યા શ્રી હરિ નંદલાલ
ત્રણ લોક તણા પ્રતિપાળ થયા ભગવાન
બળિભદ્ર સંગે ભાઈ, નિત્ય ચરાવે છે ગાય
ઈચ્છા થઈ મનમાંય જઈએ રમવાને
ગેડી દડો લીધો હાથ, ચાલ્યા જમુનાજીને ઘાટ
બાળ ગોવાળા સંગાત લીધા વહેંચીને
સાખી : કૃષ્ણજીએ દડો ફેંક્યો, લઈ આવ્યા બળરામ
બળરામે દડો ફેંક્યો, જઈ પડ્યો જમનામાંય
ચલતી : કૃષ્ણ શિર પર પડ્યો દાવ, હવે દડો લઈ આવ
જળ જમુનામાં ઝંપલાવ દડો લેવાને
મન મગ્ન થયા ગોપાળ, ચઢ્યા કદમની ડાળ
પેસી ગયા પાતાળ કાપ્યું જમુનાનું નીર
કાળી નાગને જે દ્વાર, ઊભા પોતે દેવ મોરાર
નાગણીએ જાણ્યું તત્કાળ આવી બાળકને
સાખી : નાગણી મુખથી ઓચરી ક્યાંથી આવ્યો તું બાળ
નાસવું હોય તો નાસજે આવ્યો તારો કાળ
ચલતી : કાળી કાળ છે નાગ ડંખથી, લેશે તારા પ્રાણ
તું તો મારું કહ્યું માન જાને અહિંયાથી,
કૃષ્ણે મન કર્યો વિચાર, હું તો જાઉં એકવાર
તારા નાગને જગાડ યુધ્ધ કરું હમણાં
સાખી : નાગ આવ્યો હાંફતો દેખીતો વિકરાળ
બાળકને હવે મારશે પડી નાગણીને ફાળ
ચલતી : સહસ્ત્ર મુખનો છે નાગ, શોધે નાસવાનો લાગ
કૃષ્ણે ઉપર ધર્યો પગ કરી અસવારી
એટલે નાગણી આવી દોડી, સ્તુતિ કરે હાથ જોડી
મારા નાગને છોડી દો દડો લીધો છે.
સાખી : પગમાં પવન પાવડી મોર મુગટ કુંડળ કાન
પહેર્યા પીતાંબર ધોતિયા શામળ રૂપે શ્યામ
ચલતી : નાથભાઈ કહે જાઉં વારી, તારા ગરબાની બલિહારી
નિત્ય આવે નર ને નારી દર્શન કરવાને

## (૨૩) મારું અપંગ રે લોચન

**(રાગ : નળ રાજાનું આખ્યાન)**

મારું અપંગ રે લોચન જેનું નામ છે કરણ
તેનો પુત્ર છે શ્રવણ બહુ સારો છે
પાંચ વરસનો થયો, પાટી લઈ ભણવા ગયો
માતા-પિતાની આજ્ઞા પાળે છે.
પિતા કહે છે મારા તન, પાળો મારું રે વચન
તીર્થ જાત્રા જવાનું મન થાય છે
તીર્થ નર્મદામાં થાય, પાપ પલમાં જાય
એવું શાસ્ત્રમાં કહેવાય છે.
સાખી :- એવું સુણી શ્રવણ ગયો જ્યાં છે મિત્ર સુથાર
સર્વ ચંદન કાષ્ટ લઈ ઊભા તેની દ્વાર :
ચલતી : ઘરમાં ઘડે રે સુથાર ઘરમાં કાપે રે જુહાર
એક કાવડ ઘડી આપ તું તો મિત્ર છે
સુથાર કહે છે શ્રવણ મિત્ર કેમ ઘડાવે છે કાવડ
સાચું કહે મુજને મિત્ર જાવું છે મારે આજ
આંધળાં મા-બાપોને કાજ તીર્થ જાત્રા લઈ જાઉં
સાચું કહું તુજને કાવડ લીધી તેણી વાર
ઘરમાં જઈ કર્યા તૈયાર નીકળ્યો બારણે
ખાંધ ઉપર કાવડ ધરી લઈ ચાલ્યો તે જાય
ફરતાં ફરતાં ગામો ગામ જ્યાં આવે રે મુકામ
ત્યાં કરે છે વિશ્રામ દુઃખ બહુ છે
આવી રીતે ચાલ્યો જાય પડ્યો જંગલોની માંય
મારાં માતા પિતા રે મુખથી બોલે છે
માતા કહે છે, મારા બેટા હજુ ઘણાં રહ્યાં છેટા
પાણી વિના તો જીવડો જાય છે.
તરસે ગળુ તો સુકાય, મુખથી કાંઈ નવ બોલાય
એટલામાં ત્યાં એક વડ આવ્યો
સાખી : વડ નીચે આવી ફરી, વળી પ્રભુ કરજો સહાય
વિનંતી સર્વે કરું, કાવડ ભેરવી વડની ડાળ
ચલતી : અહીં રહેજો મારી માત કહીને ઝારી લીધી હાથ

ગયો તળાવ ઉપર એટલે થઈ છે મધરાત
ઝારી નાંખી જલની માંય અવાજ થયો જલની અંદર
દશરથ રાજાને થઈ જાણ શિકાર આવ્યો છે નિર્વાણ
એક લીધું ધનુષ બાણ, બાણ માર્યું તેણી વાર
લાગ્યું શ્રવણને તે વાર, રામ કરીને પોકાર પાડે દરમાંથી
સાખી - રામ શબ્દ સુણી ત્યાં ગયો રાજન
ત્યાં જઈને જુએ પડી શ્રવણની કાય
ચલતી - જઈને મનમાં પસ્તાય હવે શું રે કરું
એ તો શ્રવણ કહેવાય જલની ઝારી ભરી જાઉં
એનાં માબાપોને પાઉં જઈને ઓશિયાળો થાઉં
ઝારી ભરી લીધી, દશરથ રાજા કહે છે ભણી
કહે છે, પીઓ તમે પાણી એનો શબ્દ સુણી બહુ અંતરથી
બેટા સવાર કેમ થઈ, ત્યારે બોલે છે ત્યાંય
હું તો શ્રવણ નહિ એમ કહે છે
સખી - દશરથ મુખથી બોલિયા, સાંભળો મારી માત
શ્રવણ મારાથી મરાઈ ગયો, એવી કહી વાત
ચલતી - ત્યારે પાણી નહિ પીધું, ત્યાંથી મુનિવ્રત લીધું
શ્રવણનાં મા ને બાપ, દશરથ રાજાને દેશે શ્રાપ
તને પુત્ર થજો ચાર, મૃત્યુ થાશે તે તેણી વાર
પાણીના પાનાર વિજોગી પડશે.

## (૨૪) હરિ દ્વારિકાથી આવ્યા

**(રાગ : નળ રાજાનું આખ્યાન)**

હરિ દ્વારિકાથી આવ્યા - તે તો બોઢાણાજી લાવ્યા
તે તો ભકતોના મન ભાવ્યા - થઈ સફળ બુધ્ધિ
બોઢાણે તુલસી વાવી - ઊભા દ્વારિકામાં આવી
તેણે પ્રભુને ચઢાવી - બોત્તેર વર્ષ સુધી
ત્યારે પ્રભુ થયા પ્રસન્ન - આવી ઊભા દીધાં દર્શન
તેણે ઘણી કીધી હામ - પૂછે નંદનો લાલ
બોઢાણે જોડ્યા હાથ - હરિ સમજ્યા અંતરસાથ
ઓ વૈકુંઠનાથ - મારા ઘેર ચાલો

| | | |
|---|---|---|
| ત્યારે હરિ થયા તૈયાર | - | મંદિરથી નીકળ્યા બહાર |
| જવા કીધો વિચાર | - | ઘણી ચિંતામાં પડ્યા |
| એક ભક્ત ગયો દોડી | - | કોઈના બળદ લાવ્યો છોડી |
| ભાંગી વેલ જોડી | - | તેમાં બેઠા હરિ |
| એક છે દ્વારિકાનો રાણો | - | અતિ ગુણવંતો ને શાણો |
| હાંકવા બેઠો બોઢાણો | - | ત્યાંથી ચાલ્યા હરિ |
| એટલે કાચબાએ જાણી વાત | - | સહુ ચાલ્યા રાતોરાત |
| કરવા બોઢાણાનો ઘાટ | - | ઘણી રીસ ચઢી |
| આગળ ચાલે મધુસૂદન | - | આવ્યું ખાખરીનું વન |
| ઊતર્યા ખાવા પવન | - | હરિએ કૌતુક કીધું |
| ઊભા પથ્થર પર ગોપાળ | - | ઝાલી લીમડાની ડાળ |
| તે તો પ્રભુની કૃપાથી | - | મીઠી થઈ |
| ત્યારે બે ઘડી થઈ વાર | - | ત્યાંથી ચાલ્યા જુગદાધાર |
| ગામમાં પેઠા ને | - | કાબા કેડે પડ્યા |
| ત્યાં તો થઈ રહ્યો શોરબકોર | - | દેશ ઉપર બોલે મોર |
| એટલામાં મળ્યો છે ચોર | - | ભગવાનને |
| આવ્યું ગોમતીજીનું જળ | - | તેમાં શોભે છે કમળ |
| સૂંદર સરોવરની લ્હેરે | - | સંતાઈ ગયું |
| એક વડલાની ડાળ | - | તેણે બાંધી છે રાસ |
| ભારોભાર સોનુ | - | તોલી આપવાને |
| ધન ધન ગંગાબાઈની વાળી | - | સવા વાલ થયા વનમાળી |
| સોનુ નીચું નમ્યું ને | - | હરિ ઊંચા ગયા |
| કાળો ધૂતારો નંદજાયો | - | ગોકુળ મેલી મથુરા ગયો |
| એવી દીન દયા | - | પૂછે નંદનો લાલ |
| બોઢાણે સેવા ઘણી કીધી | - | ત્યારે વશ થયા વનમાળી |
| ત્યારે પ્રભુએ | - | ડાકોર વાસો કીધો |
| હું તો છું તમારો દાસ | - | મારી સંભાળ લેજો હાથ |
| એવી દાસ વિનંતિ | - | ઉર ધરજો |
| માટે સાંભળજો નર રે નાર | - | સૌ ભાવે ભજો ભગવાન |
| વ્હાલો દુઃખ જન્મનાં | - | નાંખે કાપી |
| ગરબો ગાય જે નર ને નાર | - | તેનાં ભવનાં પાપ જાય |
| માટે સહુ શીખો | - | હેત કરીને |

# (૨૫) મુજને સ્વપ્નું થયું માત

**(રાગ : નળ રાજાનું આખ્યાન)**

(૧)

મુજને સ્વપ્નું થયું માત, તેની શું કરું હું વાત
યુધ્ધે ચઢે છે મારા નાથ, મને મૂકીને
જાણે કકળે કાળા કાગ, મુજને આડે ઊતરે સાપ,
બેટા મરે ને જીવે બાપ, એવું અવળું સૂઝે
કાગ મતિ થઈ છે ન્યારી, મુજને શુકન થયાં છે માઠાં
પ્રીતમ તરછોડે છે ત્યારે, મારું શું રે થશે
છ અવતારનાં વિયોગી, નથી ભામિનીના ભોગી
જાણે સ્વામી થયા વિયોગી, એવું ભાસે મને
એવું સ્વપ્નું થયું માત, દુઃખમાં કાઢી આખી રાત
યુધ્ધે ચઢે છે મારા નાથ, મુજને મૂકીને
જાણે રાયકો તેડવા આવે, સ્વામીના સમાચાર લાવે
ભૂખે ભોજનો ના ભાવે, હું તો દુઃખમાં ડૂબી
મારી ગઈ છે શુધ્ધ ને સાન, હું તો બની ગઈ બેભાન
મુજને રાનમાં મૂકીને, સ્વામી ચાલ્યા ગયા
ભૂખે ભોજનો નહિ ભાવે, સૂતાં નિદ્રાઓ નહિ આવે
મુજને દેહ ઘણો અકળાવે, માતા મારી
એની માતા બોલી સાર, બેટા ધીરજ ધરો લગાર
વ્હારે ચઢશે જુગદાધાર, મારા દીન દયાળ
હવે હસ્તિનાપુર માંય, સૌને ચિંતા પ્રગટી ત્યાંય
અભિમન્યુ થયો તૈયાર, યુધ્ધ કરવાને
સાખી : સુભદ્રા વાણી ઓચરી, શું જુવો સ્વામી નિરધાર
રાયકાને તેડાવો સાર, ઓત્રાને તેડવા જાય
ચલતી : ઓત્રાને તેડાવો સાર, પડશે માયાની મોજાર
યુધ્ધે નહિ ચઢે કુમાર, હું તો સાચું કહું
ધર્મ મુખથી બોલ્યા વાણી, તમે શું જુવો મારા ભ્રાત
રાયકો તેડાવો સાક્ષાત, ઓત્રાને તેડવા જાય
રાયકો બોલ્યો તેણી વાર, ત્યાં તો ક્ષણ ન લાગી વાર

ધર્મ મુખથી બોલ્યા વાત, ભાઈ એક કામ પડ્યું
ઓત્રાને તેડવા તમે જાવ, તમે જલ્દી તૈયાર થાવ
પહોર દિવસ ચઢતાં, આવો તેડીને
સાંભળી રાયકો થયો તૈયાર, ત્યાં તો ક્ષણ ન લાગી વાર, ચાલ્યો તેડવાને
એટલે સણસણ ચાલી રાત, રાયકે વિચાર્યું મન સાથ
એને ઝાલી જમણે હાથ ઘાલી બગલમાં
રાત મુખથી બોલી એમ, ભાઈ મુજને ઝાલી કેમ
બેસી રહે ને બહેન, એમ રાયકો કહે
એટલે આવ્યું વૈરાટગ્રામ, દ્વાર દીધેલાં તે ઠામ
ભાઈ તમે મારા દરવાન, દ્વાર ઉઘાડો
દરવાન મુખથી બોલ્યો વચન, ભલે હોય મોટો રાજન
ભલે પડશે મારું તન, દ્વાર નહિ ખોલું
સાંભળી રાયકો થયો નિરાશ, મારી પહોંચી નહિ આશ
એ તો નાંખે છે નિશ્વાસ, હવે શું રે કરું
સાખી : ધીક ધીક મારી સાંઢણી, ધીક ધીક તુજ અવતાર
તારા ભરોસે આવિયો, પહોંચી નહિ મન આશ
ચલતી : તારા ભરોસે નિરાશ, આવ્યો ઓત્રાને તેડવા સાર
તેં તો નહિ કર્યો વિચાર, કેમ નુગરી થઈ
સાંભળી રાયકાનાં વચન, કંપી ઊઠ્યું સાંઢણી તન
એનાં લાલ થયાં લોચન, પછી વાચા થઈ
સાંઢણી બોલી તેણી વાર, કહો તો જાઉં સમુદ્ર મોજાર
ફરી સ્વર્ગ મોજાર, વીરા શું રે કરું
મારા તાણી બાંધો તંગ, મારી આશા ના થાયે ભંગ
હું તો મારું છું છલંગ, બેસો વિચારી
છલંગ મારી તેણી વાર, પડી સભાની મોજાર
ચમકી ઊઠી ઓત્રા નાર, હવે શું રે કરું
વૈરાટ મુખથી બોલ્યો એમ, કોણ દેશના રહેનાર
કેમ આવ્યા આ ઠામ, સાચું કહો મુજને
રાયકો બોલ્યો તેણી વાર, રહું હસ્તિનાપુર માંય
ઓત્રાબાઈને તેડવા સારું, આવ્યો અહીં,
માટે જલ્દી તૈયાર કરો, તમે જરા ધીરજ ના ધરો
સમજી વિચાર કરો મન, વખત બૂરો છે

કૌરવે કોઠા રચ્યા સાત, અર્જુનજી ગયા પાતાળ
અભિમન્યુ થયો તૈયાર, યુધ્ધ કરવાને
ઓત્રા રુદન કરે અપાર, મારા દુઃખનો ના રહ્યો પાર
હું તો શું કરું શણગાર, સ્વામી યુધ્ધે ચઢે
મારા કર્મના છે ભોગ, પડશે સ્વામીના વિજોગ
મુજને કોણ દેશે થોભ, એકલડી અબળાને
સ્વામી વિનાની જે નાર, તેનો ધીક પડ્યો અવતાર
તેણે દુનિયાની મોજાર, કાંઈ દીઠું નથી
માટે જલ્દી તૈયાર થાઉં, હું તો સાસરિયામાં જાઉં
મુજને પડ્યું આવું કામ, દૈવત રુઠ્યો છે
તેની માતા બોલી સાર, શું જુઓ સ્વામી નિરધાર
ચુડગર તેડાવોની સાર, ઓત્રા લાડકડી
ચુડગરે દાબડી કાઢી સાર, તે ઉઘાડી તેણી વાર
કાજળ નીકળ્યું તેણી વાર, શુકન માઠાં થયાં
માતા મારા છે પ્રણામ, જો મેળવશે વિશ્વાધાર
તો હું આવીશ રે આ ઠામ, હું તો સાચું કહું
એની માતા બોલી સાર, બેટા ધીરજ ધરો લગાર
અમર કૂપો છે સાર, સાતમે માળે
તમે જુવાની છો બાળ, સ્વામીનો નહિ વાંકો વાળ
તારા સસરા ગયા પાતાળ, અર્જુનજી
મૂક્યો અમર કૂપો જેહ, સ્વામીએ લઈ લીધો તેહ
એને સ્વામી સાથે સ્નેહ, કેમ ભૂલ પડે
પાતાળે પહોંચ્યા જાદવરાય, તેને ચિત્તમાં ચિંતા થાય
અમર કૂપો લઈ જાય, શત્રુ નહીં મરે,
પ્રભુએ મૂકી છે તરસાય, ઓત્રા પરિયાણાંમાં જાય
એ તો પાણી પીવા જાય, કૂપો ભૂલી ગઈ
કૃષ્ણ કામણગારા સારા, ઉંદર થયા ત્યાં નિરધાર
ગયા પરિયાણાં મોજાર, કૂપો ફોડી નાખ્યો

સાખી : સાસરે જાય મારી દીકરી, વિપરીત વેળા અપાર
વિપરીત વેળા બેનડી, ધીરજ ધરીએ મન સાથ

ચાલુ : ધીરજ ધરીએ મન સાથ, વ્હારે ચઢશે જુગદાધાર

સુખી રહેજો મારાં બાળ, એમ માતા કહે
ઓત્રા સાસરિયામાં ચાલી, ઘણી રુવે વૈરાટ કુમારી
એ તો બેઠી છે મન વારી, સાંઢણીની પીઠ ઉપર
સાંઢણી રુમઝુમ કરતી ચાલી, ઓત્રાના મનમાં ચિંતા થાય
કૂપો ભૂલી મારા ભાઈ, હવે શું રે કરું
ઓત્રા કહેવા લાગી વાત, રત્ના રાયકાની સાથ
કૂપો ભૂલી મારા ભાઈ, હું તો દુઃખમાં ડૂબી
સાંઢણીને પાછી વાળો, તને આપું એકાવન હાર
તારા પૂરણ કરું વિચાર, હું તો દુઃખમાં ડૂબી
રાયકે સાંઢણી પાછી વાળી, પ્રભુએ વિચાર કર્યો મન સાથ
એ તો ભાલા થઈને, પડ્યા મારગમાં
સાંઢણી આવી તેણી વાર, ભાલો વાગ્યો તેણી વાર
રાયકો કહે રામ રામ, સાંઢણી ખોડી થઈ
ધીમે ધીમે ચલાવી સાર, આવી વૈરાટ મોજાર
અમર કૂપો છે સાર, તે તો નહિ મળે
ઓત્રા છેક થઈ નિરાશ, મારી પહોંચી નહિ આશ
એ તો નાખે છે નિશ્વાસ, પાછા વળી ગયા
હવે હસ્તિનાપુરમાંય, સૌને દિલગીરી તો થાય
અભિમન્યુ થયો તૈયાર, યુધ્ધ કરવાને
સુભદ્રા એરા ફેરા ખાય, મહેલમાં આવે ને બહાર જાય
એને ચિત્તમાં ચિંતા થાય, પુત્ર ચાલ્યો જશે
મારા લાડકડા કુમાર, તારા પિતા ગયા પાતાળ
પુત્ર આણો મારો કાળ, પછી યુધ્ધે ચઢો
મારા લાડકડા કુમાર, મને ઘણી દેશે ગાળ
મારું દુઃખી થાય શરીર, પુત્ર પાછા વળો
તારા પિતા ગયા પાતાળ, કહેશે લાવ મારો બાળ
મુજને ઘણી દેશે ગાળ, હું રે શું રે કરું
તેં તો તોડી મારી આશ, બેટા જન્મની દુઃખિયારી
ઘણી રુવે માતા તારી, પુત્ર પાછા વળો
પુત્ર વિનાની જે માત, તેનો ધીક પડ્યો અવતાર
પુત્ર આણો મારો કાળ, પછી યુધ્ધે ચઢો

બેટા ગરગરીઓ કંસાર, તમે જમોની મારા બાળ
સુભદ્રા રુવે અપાર ઓત્રા આવી નહિ
મારો ચાલ્યો ચતુર સુજાણ મુજને લાગ્યા રુદીયે બાણ
મારો જીવ પાપી, કેમ જતો નથી
અભિમન્યુ બોલ્યો તે વાર, તમે સાંભળો મારી માત
તમે આપોની આશા, માતા ખુશી થઈને
માતા ખોટો છે સંસાર, કોનો પુત્ર પરિવાર
નહિ આવે મા ને બાપ, સૌ દૂર રહે
જૂઠી જગની છે માયા, જૂઠા મોહ અને માયા
કૂપો કાચનો, પલમાં ફૂટી જશે
અંતે કોઈ ના આવે સાથ, પાપ પુણ્યને સંગાત
નહિ આવે મા ને બાપ, સૌ દૂર રહે
માતા જપો ને જુગદાધાર, તેથી સુખ મળે અપાર
માતા શું કહું વારંવાર, મારા મુખ થકી
અભિમન્યુ થયો તૈયાર, સાથે સૈન્યનો નહિ પાર
એણે પહેર્યા છે શણગાર, વાજાં વાગે બહુ
સૈન્ય ચાલ્યું તેણી વાર, ગયું વગડાની મોજાર
સામી આવી ઓત્રા નાર, જોઈ વિસ્મય થયા
અભિમન્યુ થયો તૈયાર, કોઈ આવે મારગ માંહે
મારો જીવ તો આનંદ થાય કોઈ નારી હશે
ચંદ્ર હસે છે બલિહારિ, એ તો કોની હશે નારી
એનાં મુખડાની બલિહારિ, કાયા કોમળ છે.
ઓત્રાએ જોયું ત્યાં સાર, જોયા રાજ તણા કુમાર
રૂપ રૂપ તણો અંબાર, કોણ રાજા હશે
જે નારી હશે ભરથાર, એનો સફળ થયો અવતાર
તેના ભાગ્ય તણો નહિ પાર, એવા પતિ મળે
કેવી ચમકે છે તલવાર, ભાલા મેઘમને બરસાર
ભૂમિઓ ના ઝીલે ભાર, કોઈ રણવીર હશે
ધન્ય ધન્ય એનું મુખ, હું તો જોઈને પામી સુખ
મારું મટી ગયું છે દુઃખ, કોણ રાજા હશે
પાસે આવી સૈન્ય ત્યાંય, ઓત્રાએ પૂછ્યું ત્યાં સાર

તમે કોણ તણા કુમાર, કેમ યુધ્ધે ચઢો
અભિમન્યુ બોલ્યો ત્યાં ઠામ, રહું હસ્તિનાપુર માંય
અર્જુન તાત મારો થાય, હું તો સાચું કહું
ચમકી ઊઠી ઓત્રા નાર, પડી પૃથ્વીની મોજાર
પાયે પડું વારંવાર, સ્વામી પાછા વળો
એણે ઝાલી છે લગામ, ઘોડો રોક્યો તેણી વાર
મને મૂકીને હૈયાહાર, તમે ક્યાં રે જાશો
રળતી મૂકી છે તમે નાર, તમને વિનવું વારંવાર
મુજને મૂકી મારા સ્વામી, તમે ક્યાં રે જાશો
પ્રીતમજી મુજને તરછોડો, તમે દિલમાં દયા લાવો
રંક દાસીને બચાવો, મારા પ્રાણ પતિ
મારી ગઈ છે શુધ્ધ ને સાન, તમે ક્યાં જાશો બળવાન
હું તો બની ગઈ બેભાન, પિયુ પાછા વળો
સ્વામી વિનાની જે નાર, તેનો ધીક પડ્યો અવતાર
તેણે દુનિયાની મોજાર કાંઈ દીઠું નથી
મારી હતી આશા મોટી, પિયુ તમે મને તરછોડી
મારી ઉમર છે થોડી, તેનું શું રે થાશે
સ્વામી હશે બાળા વેષ, મુજને મારો પગની ઠેસ
મારા નાગ સરખા કેશ, તેનું શું રે થશે
સોળ વર્ષની હું નારી, યુધ્ધે ચઢો મારા સ્વામી
મુજને મારો મારા સ્વામી, પછી યુધ્ધે ચઢો
ઓત્રાનું જોઈને રુદન, કંપી ઊઠ્યું પંખીજન
ત્યાં તો બંધ થયો પવન, જળ થંભી રહ્યાં
હું તો ઉમંગભેર આવી, નથી સ્વામીને બોલાવી
તમે કેમ મને વિસારી, રણ્યા રણે ચઢો
મુજને મારીને રથડાં ખેલો, મુજને યુધ્ધ જોવાને તેડો
મારો પાર બેડો ઉતારો, મારી પૂર્ણ કરો આશા, મારા પ્રાણપતિ
કૃષ્ણ કામણગારા ડાહ્યા, પાટા બાંધીને પરણાવ્યાં
ત્યારે આવા દિવસ આવ્યા, મારા પ્રાણપ્યારા
ગોરી ફરીને આવું ઘેર, મારું કૃષ્ણમામાને ઠેર
પછી થાશે લીલા લ્હેર, હું તો સાચું કહું

## (૨૬) સરસ્વતી શ્યામને લાગું પાય

**(રાગ : નળ રાજાનું આખ્યાન)**

સરસ્વતી શ્યામને લાગું પાય, કરુણા કરોની સદાય
તમારી કૃપા થકી ગરબો આરંભ થયો.
ઉદા ભગત પાટીદાર, એના ગામ તણો વિસ્તાર
સ્મરણ કરવા વારંવાર, મન મારું છે.
પ્રથમ સુરત મોટું શહેર, વચ્ચે સડકની એક મેર
ખાંગડ શેરીમાં મંદિર જોવા લાયક છે.
કામરેજ તાલુકાની માંય, ગામ ઓરણા કહેવાય
ત્યાંનું લાયબ્રેરીનું સ્થાન જોવા લાયક છે.
ગામ ધામણ ને સ્યાદલા, પડદા ઉવા ને દેગામા
પથરાડિયાના લોકો સેવા સારી કરે.
દીગસ, દેરોદ ને શામપુરા, સરઈ મઢી ને કપુરા
નનસાડ નાનું સરખું ગામ જોવા લાયક છે.
તરસાડી ને મલેકપોર, એની શોભા છે ઓર
સિસોદ્રાના લોકો મનથી ન્યારા છે.
વાવ, નેત્રંગ ને રૂપવાડા આસ્તા એના ને ઘલુડા
લોટરવાની શોભા જોવા લાયક છે.
ધાતવા ડુંગરા ને ધમઢોલા, તેના ઘરમાં બે ગોલા
તે તો ભાત ભરડે, છેટું રહ્યું પાછ્યાપોરા, અંભેટી ને બાજીપુરા
ઘાટા નાનું સરખું ગામ જોવા લાયક છે.
બાકી રહ્યું નવસારી ત્યાંની બોર્ડિંગ ભણવા લાયક સારી છે.
ભક્તિ દુર્લભ જે કહેવાય, રહે બાજીપુરાની માંય
બોર્ડિંગ સ્થાપીને લાભ સારો લીધો છે.
નેત્રંગવાસી કેવળભાઈ એની ઈશ્વરની કરુણાય
એની ક્રિયા થકી રે ગરબો પૂરણ થયો.

## (૨૭) બાવા નંદજીને દ્વાર

### (રાગ : નળ રાજાનું આખ્યાન)

બાવા નંદજીને દ્વાર, રૂદન કરે પ્રતિપાળ
એને પારણીએ પોઢાડો મારા શ્રીગોપાળ
નીર જમનાનાં મંગાવો, ઊનાં કરીને નવડાવો
લઈ સોડમાં રમાડો તમારા બાળકને
પ્રભુ માયા તો બનાવે લાડ જશોદા લડાવે
સોના પારણીએ ઝુલાવે મણિ કંચને જડ્યું
સોના પારણીએ છે મોર, બાંધી રેશમની દોર
ઝૂલે નંદનો કિશોર કા'ન છોગાળા

સાખી : ઝૂલે પારણીએ કા'નજી, લીધો ભક્ત માટે અવતાર
મામા કંસને મારવા થયા દેવકીજીના કુંવર

ચલતી : ગોકળ આઠમની એંધાણી, પ્રગટ થયા સારંગ પ્રાણી
એણે માયાઓ ના જાણી અવતર્યા તત્કાળ
અખંડ જોગી જટાધારી, થયા નંદી પર અસવારી
સાથે ઉમિયા શોભે નારી અર્ધા અંગમાં
ત્રણ નેત્રો સોહે લાલ, ચળકે ચન્દ્રમા કપાળ
કંઠે સોહે મોતીનો હાર ચાલ્યા ગોકુળમાં

સાખી : શિવજી ગોકુળમાં આવિયા, મેઘ જગાડ્યો તત્કાળ
બેઠી જશોદા મહેલમાં, એને કાને પડ્યો સાદ

ચલતી : થાળ કંચનની ભરાવી, શિવની આગળ ધરાવી
મારું કુંવર ડરે છે ઘણું નાનેરું બાળ
ગોપી નિત્ય આવે દોડી, લઈ કા'નને રમાડે
મારું બાળક બગાડ્યું આજ તમે રે
આલે રમકડાં બે ચાર, તોયે ના સમજે મોરાર
ત્યારે ઘણી કરે છે રડ, મારા સુંદીર શ્યામ
માતા જશોદા સમજાવે, દૂધ સાકર ઘોળી પાવે
ચૌદ લોકમાં દર્શાવે રાખે નંદજીનું નામ

સાખીઃ ત્રિભુવન રુદન કરે માતા જશોદા ગભરાય
લઈ સોટી હાથમાં પોતે પ્રભુને મારવા જાય.
ચલતીઃ પ્રભુએ વિચાર્યું છે મન, એના રુદિયામાં દર્શન
જોયા ત્રણ ભુવન મુખ ઉઘાડા કરી
એની માયા છે અપારી, એની માસીને નાંખી મારી
ત્રણ પલકમાં ધરતી ધ્રુજાવી
લીલા કરે છે મોરાર, બાવા નંદજીને દ્વાર
હરિએ લીધો રે અવતાર, કારાગૃહમાં

## (૨૮) સુણો ચતુર સુજાણ

**(રાગઃ રૂડી રામકથા)**

સુણ ચતુર સુજાણ, પરનારીની પ્રીત કદી નવ કીજીયે
જેણે પ્રીત કરી પરનાર તણી
એને હૈયે રૂદીર થાય ઘણી
એણે કુળની લજ્જા કંઈ ના ગણી રે.. સુણો ચતુર..
તમે પહેલાં મળશો દૂતોને
તમારું સર્વસ્વ લેશે ઘૂટીને
પછી રહેશે અંગ ભભૂતિ ને રે.. સુણો ચતુર..
તમે બેઠા મૂછો મરડીને
કાળજી ખાશે એ કરડીને
નહી મૂકે એ નસ આંતરડીને રે.... સુણો ચતુર..
તમને પ્રેમના પ્યાલા પાઈને
તમારું સર્વ લેશે ત્યાગીને
તમને કરશે ખોખું ખાઈને રે.. સુણો ચતુર..
પ્રીતમના સ્વામી છો પ્યારા
તમને ગોપીઓ કરે કાલાવાલા
તમે દર્શન દો ને મોરલીવાળા .. સુણો ચતુર..

## (૨૯) સુણો ઓધવજી

**(રાગ : રૂડી રામ કથા)**

સુણો ઓધવજી હરિ વિના કેમ વસીએ ગોકુળ ગામમાં
મધરાતે મથુરા ત્યાગ કર્યા
ગોકુળ જવાને ઈચ્છા ધર્યા
એનું રૂપ દેખી જમના વળ્યાં રે... સુણો ઓધવજી..
તમે આવંતા ને અમે જાવંતા
સહુ ગોપીઓનાં મન ભાવંતા
વ્હાલા પ્રેમ કરી બોલાવંતા.. સુણો ઓધવજી..
હરિ આડે રહેતા ને અમે ગૌ દોહતાં
સુખ દુઃખની વાતો ત્યાં કરતાં
વ્હાલા પ્રેમ કરી તાળી લેતાં રે.. સુણો ઓધવજી..
મારા હરિને જમવા તેળંતા
દહીં દૂધમાં સાકર ભેળંતા
વ્હાલા જમતાં ને વાવ ઢોળંતા.. સુણો ઓધવજી..
તમે ચતુર ગયા છો ચૂકીને
રાધાનો સંગત મૂકીને
તમે શાને ગયા છો સુકાયને રે .. સુણો ઓધવજી..
વૃંદાવન ધેનુ ચરાવે છે
સૌ ગોપીઓના કારજ સારે છે
ત્યાં કનૈયા દિલ સાંધે છે રે .. સુણો ઓધવજી..
વૃંદાવન મોરલી વાગે છે
એના શબ્દ ગગનમાં ગાજે છે
ગોપી ઊભી રહી વેણ વાદે છે રે.... સુણો ઓધવજી..
મારા હરિ વિના પલ જાય છે
મને ઘણી વિમાસણ થાય છે.
ગોપી ગોવિંદાના ગુણ ગાય છે રે .. સુણો ઓધવજી..
ગોકુળમાં ગોપી છે પ્યારી
કર ગ્રહો ગોવર્ધન ગિરધારી
ત્યાં નરસૈયો છે બલિહારી.. સુણો ઓધવજી..

## (૩૦) સુણો સાહેલી વશીકરણની

**(રાગ : રૂડી રામકથા)**

સુણો સાહેલી વશીકરણની વિદ્યા કહું છું પ્રીતથી
મન શીખ ધરો વશ થશે ભરથાર ખરી આરાધનાથી
જે દિનથી જાવું સાસરિયે- દીઠો ઘર ધંધો ઓચરીએ
કહ્યા સાસુ નણંદનાં નીત કરીએ.. સુણો સાહેલી..
નવ ઉમર મેલી નીસરવું, નવ કામ વિના પરઘેર જાવું
ઘરમાંહી મોહ લાજે રહેવું... સુણો સાહેલી....
નવ ફરવું ઉઘાડે માથે, નીત રહેવું સાસુ નણંદ સાથે
નવ ફરવું ભૂંડા સંગાતે... સુણો સાહેલી...
નવ નબળાની સોબત કરીએ, નવ અવરવાણી સવર્ણ કરીએ
પરધન પરનિંદા પરહરીએ... સુણો સાહેલી....
બહુ નારીઓને કલેશ ગમે, ઘર ભંગ પડ્યામાં મન રમે
બહુ બાળાની બુદ્ધિ એમ ભમે... સુણો સાહેલી...
બહુ અદેખી નારી હોય ઘણી, ઘરની વાત પૂછે વારી વારી
પણ નવ કહેવી તેને નીજ ધારી.. સુણો સાહેલી..
કોઈ વાત કરે આપણાં ઘરની, નવ પડવું તેમાં થઈ શૂરી
નવ વધવું તેમાં ટાપસીઓ પૂરી.. સુણો સાહેલી..
નવ વાત અવર કોઈને કહેવી, સહુ વાત સમાવી દેવી
પરની વાત પૂછી પેરે લેવી.. સુણો સાહેલી..
હોય પાપ પિયરિયાનું ધોતા, ભલે મુખ ચઢાવી સૌ જોતાં
તેથી પાર ન આવે નીત રોતા.. સુણો સાહેલી..
એવી વાતો ઉરે નવ ધરીએ, નવ પ્રીત પતિ શું પરહરીએ
નવ રાવ પતિને નવ કરીએ.. સુણો સાહેલી..
નવ ચિત્ત રાખીને ચડભડવું, નવ બીજા આગળ બડબડવું
નીત કામ તણું કામ કરવું.. સુણો સાહેલી...
બહુ બેનપણી બાળા ભોળી, કંઈ વાત કરે ચાળા ચોળી
તે માટે ત્યજવી તે ટોળી.. સુણો સાહેલી..
નવ સખીઓ આપણું દુઃખ હરે, નવ કહેવાથી કાંઈ કામ સરે
વળી વિષ તેમાંથી નીકળે છે.. સુણો સાહેલી..

ત્યાં દુઃખ સર્વે સાંખી રહીએ, નવ પિયરમાં કોઈને કહીએ
નવ નબળું કોઈને કહેવા દઈએ.. સુણો સાહેલી...
બહુ બોલ્યાથી કિંમત જાશે, વળી કુળ જનેતાની લજવાશે
સહુ સુખ સબૂરીથી થાશે.. સુણો સાહેલી...
દુનિયાની રીતો છે એવી, બહુ કાયા જન ડંડે તેવી,
પણ આપણે તે નહિ લેવી... સુણો સાહેલી..
સાસુનાં કહ્યા નીત કરવાં, નહિ હોય નણંદ આપણી સાથે
તો સે'જ કામ પણ નવ કહીએ.. સુણો સાહેલી...
સ્વામીને નીજ ઈશ્વર ગણવા, હોય ભૂંડા તોય ભલા ગણવા
કંઈ પેરે કરીને દુઃખ હણવાં... સુણો સાહેલી..

## (૩૧) ઓ મૂરખ જીવ

**(રાગ : રૂડી રામકથા)**

ઓ મૂરખ જીવ સમજી જા સવેળા સમય જાય છે.
જગમાયામાં મોહી પડ્યો, તું પાપોના ડુંગર ચઢ્યો
પછી ઉપરથી નીચે પડ્યો.. ઓ મૂરખ જીવ...
તેં પરનારી શું પ્રીત કરી, પરધનની તેં ખૂબ ચોરી કરી
તું ઈશ્વર નામ ગયો વિસરી..... ઓ મૂરખ....
પરનારી એ તો નાગણ છે દોલત એ જગની વાઘણ છે
બસ ભક્તિ એક સોહાગણ છે..... ઓ મૂરખ....
તું વિચાર કર ક્યાંથી આવ્યો
તું સાથે શું શું લઈ આવ્યો
હવે માથે લઈને શું ચાલ્યો... ઓ મૂરખ...
તારી મહેલાતો ઊભી રહેશે.
ભંડાર ભર્યા સહુ રહી જાશે.
તારા કર્તવ્યો પૂંઠે થાશે... ઓ મૂરખ..
તું ખોટી બાજી ખેલી રહ્યો
સોગઠડાં અવળાં ઠેલી રહ્યો.
તું માનવ જાતને ઠેલી રહ્યો.... ઓ મૂરખ....
જંજાળો જગની છોડી દે
માયાના તારો તોડી દે
તું પુનિત પ્રભુમાં જોડી દે..... ઓ મૂરખ....

## (૩૨) ઓ ભુદરજી

(રાગ : રૂડી રામ કથા)

ઓ ભુદરજી વચન આપીને વિલંબ કરો છો શાના
દોડો દોડો હરજી સેવક આવીને ઊભો છે બારણે
તમે કૃપા વડે કૃત્યા સમજી પગ ઠેલી રહ્યો પાછા હરજી
મારી લેશ માત્ર નથી મરજી... ઓ ભુદરજી..
મીઠા બોલ ભર્યા છે તમ મુખમાં મને નાંખ્યો દાવાનળ દુઃખમાં
શાને સૂતા છે સ્વામી સુખોમાં... ઓ ભુદરજી...
જાગો ને જાદવંતા સ્વામી, તમ પીઠ તણી રહી છે ખામી
હું વિનવું તમને શીશ નામી.. ઓ ભુદરજી..
તમ ચરણે રહ્યું મારું ચિત્ત ચોંટી, પણ તમને મુજ જેવા કોટી
માટે કરી મને અધવચ ખોટી.. ઓ ભુદરજી..
નથી ત્રિભુવનમાં તમ જોડી, હું સેવકમાં અગણિત કોટી
ઉપર રહીને કરાવી મારી વરઘોડી.. ઓ ભુદરજી..
મને અન્ન ઉદક ભાવે નહિ, મને ભવિષ્યકાળ સાંભળે છે.
તમને નિદ્રા કંઈ પેરે આવે છે... ઓ ભુદરજી...
હરિ આવો નહિ તો થાય હાંસી, વળી ક્યારે થયા અબળા માની
વળી તમને ચિંતા હોય શાની... ઓ ભુદરજી...

## (૩૩) રૂડી રામકથા

(રાગ : ઓ મંદોદરી)

રૂડી રામકથા શુકદેવજી પૂછે રે પરીક્ષિતરાયને
ત્રણ ભુવનમાં સુણતા સૌના, પ્રાશ્રીત પક્ષે જાય છે.
શુકદેવજી વાણી ઓચર્યા, ત્યાં પરીક્ષિત રાજા શ્રવણ કરે
સૌ દેવતા પુષ્પની વૃષ્ટિ કરે... રૂડી રામકથા...
દશરથે તેડાવ્યા રાયજોશી, રામને રાજ્ય બેસાડવાની વાત પૂછી
સૌ અયોધ્યામાં થયા ખુશી... રૂડી રામકથા..
ત્યારે કૈકેયી આવી લાગી પાયે, વચન માગ્યું જે રામજી વન જાયે.
મારા ભરતનું રાજ્ય થાયે.. રૂડી રામકથા..
સુણતા દશરથના પ્રાણ ગયા, તે રામજીને સમાચાર થયા

રામ રાજ્ય મૂકીને વન ગયા. રૂડી રામકથા....
રામ પંચવટીમાં પરહર્યા, શિર જટા અંગે વનકુળ ધર્યા
સૌ દેવતાના કારજ સાર્યા..... રૂડી રામકથા.
રામે અનેક રાક્ષસો માર્યા ભૂમિનો ભાર જ ઉતાર્યો
પછી આગળ વન સિધાવ્યા... રૂડી રામકથા.
ત્યારે નારદજી લંકામાં ગયા, જઈ સીતાના સમાચાર કહ્યા.
ચેત રાવણ શું બેસી રહ્યો... રૂડી રામકથા...
તારો શત્રુ તો વનમાં આવ્યો, સાથે જાનકીને તેડી લાવ્યો.
તેનું હરણ કરીને હરી લાવો.. રૂડી. રામકથા...
વાત સાંભળીને રાવણ વન ગયો, નારદનું કપટ નવ લહ્યો
કહે ભુવન ઘરમાં અંધ કર્યો... રૂડી રામકથા.

## (૩૪) ઓ ચા દેવી

**(રાગ : રૂડી રામકથા)**

ઓ ચા દેવી ચતુરાઈથી આવી તું ચાલી જા ને.
વાર નહિ આવેલા મારગડે વિદાય થાઓ.
તું દેશ છોડીને અહીં આવી છે. તું હિન્દમાં બહુ ફાવી છે.
તને નહિ પીએ તો માથું દુખે ... ઓ ચા દેવી..
તું કાળુ મુખ લઈ આવી છે તું સાથે કોને લાવી છે.
તું કોફી ઉકાળાને લાવી છે.. ઓ ચા દેવી..
તું ગળપણથી બહુ ફાવી છે તને ઢેડ દુબળે સ્થાપી છે.
તને નહિ પીએ તો માથું દુખે... ઓ ચા દેવી..
તું ટકાની ત્રણશેર આવી છે તારા ગુણને સાંભળી છે.
તને નહિ પીએ તો ઊંઘ આવે.... ઓ ચા દેવી..
તેં ભૂખને કીધી બહુ મંદી તારાથી દુનિયા થઈ ગંદી
તેં ઊજળી કીધી બહુ મંદી... ઓ ચા દેવી...
તેં નવાનવા રોગો ઉત્પન્ન કર્યા, તારાથી સર્વે પેટ ભર્યા
તે ખઈ ખંબોળીને ઉત્પન્ન કર્યા... ઓ ચા દેવી...
તેં કુમળાં કાળજાં બાળી મૂક્યાં, તેં સૌના ઘરમાં ટંટા કીધા.
વહુઓનાં મોઢાં ચઢાવી દીધાં.. ઓ ચા દેવી..
તું તો ઘર ઘરમાં પેઠી છે, તું મહારાણી થઈને બેઠી છે.
તને નહિ પીએ તો ફજેત કરે.. ઓ ચા દેવી...

## (૩૫) પ્રપંચ કરી સીતાને

**(રાગ : રૂડી રામકથા)**

પ્રપંચ કરી સીતાને હરવાને રાવણ આવ્યો.
કાયા કનક તણી માયા ધરીને, મૃગતણું રૂપ લાવ્યો.
મૃગ જોઈને સીતા મોહ પામી રામજીને જઈને શિશનામી
મારે કંચુકી જોઈએ સ્વામી... પ્રપંચ કરી..
રામ ધનુષ લઈને વન જાયે, બાણ માર્યુ મૃગના અંગમાંહે
પાપી બાણ લઈ નાસી જાયે... પ્રપંચ કરી..
બીજા બાણે તે મૃગના પ્રાણ હર્યા, પડતાં લક્ષ્મણ પોકાર કર્યા
રામ જાણીને લક્ષ્મણ યુદ્ધે ચઢ્યા.. પ્રપંચ કરી..
બીજા રૂપે તે રાવણ આવી ઊભો મઢૂલીમાં અહાલેક જગાવી.
ત્યારે સીતાજી ભિક્ષા લાવ્યા.. પ્રપંચ કરી..
પાપી હરણ કરીને લઈ જાયે, રામ વિના તે વ્હારે કોણ ધાયે
એ તો લઈ ગયો લંકા માંહે... પ્રપંચ કરી..
ત્યાં આસોપાલવની લતા ફૂલી... વાડીમાં સીતા એકલડી.
ફરતી રાક્ષસની ચોકી મેલી... પ્રપંચ કરી..
મૃગ મારીને રામલક્ષ્મણ આવ્યા, મઢૂલીમાં પેઠા હરખભર્યા
સીતા નહિ દીઠાં ત્યારે ધરણ ધર્યા... પ્રપંચ કરી..
રામ રૂદન કરે ને વનમાં ફરે, મુખે સીતા સીતા ઓચરે
પશુ પંખીને પૂછી શોધ કરે.... પ્રપંચ કરી...
ફરતાં ફરતાં ખટ માસ થયા, રામ સીતા વિના નિરાશ થયા.
એક પંપા સરોવર જઈ રહ્યા.... પ્રપંચ કરી..
બેઠા વાલી વાનર ને જાંબુવાન, બેઠા અંગદ સુગ્રીવ ને હનુમાન
સૌ કોઈએ દીઠા ભગવાન... પ્રપંચ કરી..
હનુમાન કહે મને દાસ કરો, રંક જાણીને મસ્તક હાથ ધરો
તમે દુઃખ દરિયામાં શીદ ફરો.. પ્રપંચ કરી...
ત્યારે હનુમાને બીડું લીધું, મહાકાળ જ સરખું રૂપ લીધું
કહે ભટનાગર સૌ સિદ્ધ થયે.... પ્રપંચ કરી...

## (૩૬) ધન એકાદશી

**(રાગ : ઓ મહાત્માજી)**

ધન એકાદશી એકાદશી કરીએ તો વૈકુંઠ પામીએ
મારે એકાદશીના વ્રત કરવા છે.
મારે ધ્યાન હરિનું ધરવું છે
મારે વૈકુંઠમાં જઈ રહેવું છે..... ધન એકાદશી
મારે એકાદશીનું વ્રત સારું છે.
એ તો પ્રાણજીવનને પ્યારું છે.
એ તો વૈકુંઠ લઈ જનારું છે..... ધન એકાદશી
જે કોઈ બારે માસ કરે એકાદશી
તેના અંતરમાં વસે અવિનાશી
નહી કરશે તો જાશે હાથ ઘસી.... ધન એકાદશી
મારે ગંગા ઘાટે જાવું છે
મારે જમનાજીમાં નાહવું છે
મારે ભવસાગર તરી જાવું છે...... ધન એકાદશી
જેણે એકાદશીના વ્રત કીધા છે.
તેના પાંચ પદારથ સીધા છે
તેને હરિએ પોતાના કરી લીધા છે.... ધન એકાદશી
જેણે એકાદશી વ્રત કીધા છે.
દંડ દુર્વાસાએ દીધા છે.
રસ કલ્યાણ રાયે પીધા છે..... ધન એકાદશી

## (૩૭) ઓ મહાત્માજી સતયુગ ફેલાયો

**(રાગ : ધન એકાદશી એકાદશી)**

ઓ મહાત્માજી સતયુગ ફેલાયો ફરી ભારત દેશમાં
ઓ ગાંધીજી હિંસક વૃત્તિ ટાળી આર્ય પ્રદેશમાં
તમે આફ્રિકાથી આવીને સત્યાગ્રહ જંગ મચાવીને
સત્યાગ્રહ ઉદય બતલાવીને....ઓ મહાત્માજી સતયુગ

આળસ મોહનિદ્રા ત્યાગી સ્વાગતમ્ નાથે લાગી
ઊઠી ભારત ભૂમિ ઊંઘમાંથી...ઓ મહાત્માજી સતયુગ
તિલક ભંજન વિરાજ્યો આહ ભલો થકી અર્પણ રહ્યો
શુભ સંદેશો હિંદને કહ્યો...ઓ મહાત્માજી સતયુગ
તિલકે ક્રોડ કોટી કર્યો વીસ રેંટિયા ચાલુ કર્યાં
ભારતનાં દુઃખડાં સર્વે હર્યાં...ઓ મહાત્માજી સતયુગ
ભારતને નિજ ધર્મે વાળી, વિદેશી મોહને દીધો ટાળી
ખાદીમાં આબાદી ભાળી.. ઓ મહાત્માજી સતયુગ
વીર કેસરીની પૂજા કીધી ખરી શ્રદ્ધાથી ઊજળી લીધી.
ભારત માની આશિષ લીધી...ઓ મહાત્માજી સતયુગ
શાંતિમાં યુદ્ધ મચાવ્યું છે ભારત ભાવિ પ્રગટાવ્યું છે
યા હોમ કરી ઝૂકાવ્યું છે....ઓ મહાત્માજી સતયુગ
ગુરુ ભીષ્મે પ્રતિજ્ઞા પાળી વાયુ વસ્ત્રો મૂક્યા ઉતારી
દુઃખી હિંદનાં દુઃખો ભાળી...ઓ મહાત્માજી સતયુગ
ઓ હિંદી સરકારી જાગો, મહાત્માજીનાં દુઃખડાં કાપો
ગોપાળ વીરા સુખને ત્યાગો...ઓ મહાત્માજી સતયુગ

## (૩૮) ઓ રાણાજી રામની સંગાતે

**(રાગ : ઓ મંદોદરી નારાયણને)**

ઓ રાણાજી રામની સંગાતે લડાઈ નવ કીજીએ
કહે મંદોદરી રઘુવીર કેરાં ચરણ ધોઈ ધોઈ પીજીએ
જેનાં ચરણે અહલ્યાને તારી તે વૈકુંઠ નારી સુધારી
તેવા રામનામ પર જાઉં વારી......... ઓ રાણાજી
એવા બ્રહ્માદિક ત્યાં વસે છે, મુખે ચાર વેદ ગાય છે
મોટા મુનિવર ચરણે ધાય છે......... ઓ રાણાજી
મને પાછલી રાતનું સ્વપ્ન થયું જાણે રાવણનું રાજ ગયું
એક વિભીષણ કેરું નામ રહ્યું.... ઓ રાણાજી
મારું કહ્યું તે નવ કીધું પાપી, સીતાને પાછાં નવ આપી
તારા દશે મસ્તક લેશે કાપી..... ઓ રાણાજી
કહું છેલ્લી વિનંતી નાર તણી, શું કહું થોડામાં છે ઘણું
એમ ભગવાન સૌના રામધણી ....... ઓ રાણાજી

## (૩૯) ઓ મંદોદરી નારાયણને

**(રાગ : ઓ રાણાજી રામની સંગાતે)**

ઓ મંદોદરી નારાયણને નહિ નમવાનું મારે નીમ છે
શું શોર કરો આ દિને અંતે એને મારે વેર છે
મારે રસોડે અગ્નિ રસોઈ કરે મારા ઘરે આવીને મેઘ જળ ભરે
મને ચાંદા સૂરજ બેઉ દીપક ધરે.......ઓ મંદોદરી
મેં નવે ગ્રહો બાંધ્યા તાણી મેં વિધાત્રાનાં ગત જાણી
હું લાવ્યો રાઘવનાં રાણી....... ઓ મંદોદરી
મારે અહીરાવણ આકાશ વસે, મારે મહીરાવણ પાતાળ વસે
મને રાક્ષસ સૈન્ય સૌ ખબર કહેશે....... ઓ મંદોદરી
મારે સમુદ્ર સરખી ખાઈ છે અમે કુંભકરણ બેઉ ભાઈ છે
મારે સવાલાખ જમાઈ છે.. ઓ મંદોદરી
મારે કોટ ને કાંગરે બારી છે દરવાજે ચોકી સારી છે
મારે રાક્ષસ સૈન્ય બહુ ભારે છે........ઓ મંદોદરી
પ્રીતમના સ્વામી રંગ રાખો, મારું દૈવસપણુ અળગું રાખો
કંઈ મુખથી મીઠી વાણી ભણો રે.......ઓ મંદોદરી

## (૪૦) ઓ જશોદાજી આવડો

**(રાગ : ઓ મંદોદરી નારાયણને)**

ઓ જશોદાજી આવડો લાડકવાયો લાલ ન કીજીએ.
ચાલો ત્યાં સુધી, સુતનાં પ્રેમ ચરિત્ર દેખાડી દીજીએ
વ્હાલે કૌતુક કીધું મંદિરમાં, એણે માખણ પેડો લીધો કરમાં
એણે માંકલડા ઘાલ્યાં ઘરમાં.. ઓ જશોદાજી
વ્હાલો સંતાડ્યાં શોધી કાઢે હોય ઊંચે પણ હેઠાં પાડે
એ તો ખાય ખવરાવીને વણસાડે... ઓ જશોદાજી
વ્હાલો સૂતા બાળકનો અંગ માંડે મારા બાંધ્યા વાછરું છોડી મેલે
દહીં ગોરસ દૂર થકી ફોડે .. ઓ જશોદાજી
દયા પ્રીતમના સ્વામી રસિયા દહીં ગોરસ પર આવી ધળિયાં
ધન્ય ભાગ્ય અમારું બ્રિજમાં વસીઆ ... ઓ જશોદાજી

## (૪૧) હું નહિં જાઉં રે ગાવલડી ચારવાને

**(રાગ : ઓ મંદોદરી નારાયણને)**

હું નહીં જાઉં રે, ગાવલડી ચારવાને જશોદા માતા
તમે શું કહો છો ગોવાળીઆ તો, છેડ કરે છે ઝાઝા
મને સવારના પહોરમાં ઉઠાડે, મને ઠંડી રોટી ખવડાવે.
મને ગાવલડી પાછળ દોડાવે.. હું નહી જાઉં રે......(૧)
મા જમુનાજી ભરપૂર વહે છે, મને ગોવાળિયા મેણાં દે છે
મને કાળિયો કાળિયો સહુ કહે છે... હું નહી જાઉં રે......(૧)
મા વનમાં વાઘ વરૂ રહે છે તે દેખી તન મારું ધ્રૂજે છે
મા મોકલીને કેમ ઊંઘે છે... હું નહી જાઉં રે......(૧)
દાસ પ્રીતમનો સુણજો દાવો, રસ પીવો ને પ્રેમે પાવો.
તમો હરિ ભજીને લ્યો લ્હાવો... હું નહી જાઉં રે....... (૧)

## (૪૨) ઓ વાંસલડી વેરણ થઈ

**(રાગ : આ મંદોદરી નારાયણને)**

ઓ વાંસલડી વેરણ થઈ લાગી રે, વ્રજની નારીને
શું શોર કરે જાતલડી તારી તું જોને વિશારીને
તું જંગલ કાષ્ટ તણો કટકો રંગરસીએ કીધો રંગચટકો
અલી તે પર આવડો શો લટકો... ઓ વાંસલડી ...
તુને કા'નવર કરમાં રાખે તું અધર તણો રસ નિત ચાખે
તું અમને દુઃખડાં બહુ દાખે, ઓ વાંસલડી ....
તું મોહનના મુખ પર મ્હાલે તુજ વિના નાથને નવ ચાલે
તું શોકલડી થઈ અમને બહુ સાલે.. ઓ વાંસલડી
તુને હરિએ હાથ ગ્રહી લીધી સૌ ઢાઈમાં શિરોમણી કીધી.
ક્ષણ મુખથી નવ મૂકે અળગી .. ઓ વાંસલડી
હું તુજને એવી નવ જાણતી નહિં તો તુજ પર મહેર ન આવતી
તારા ડાળી મૂળ સહિત તાણતી... ઓ વાંસલડી
દયા પ્રીતમને પૂરણ પ્યારી, તુને અળગી ન મૂકે મોરારી
તારો ભેદ ગુણ દીસે ભારી.. ઓ વાંસલડી

## (૪૩) તન રેંટુડો સદ્‌ગુરુ શબ્દે

**(રાગ : ઓ મંદોદરી નારાયણને)**

તન રેંટુડો સદ્‌ગુરુ શબ્દે સૂતર ફરવા લાગ્યો
થઈ મહેર ઘણી ગુરુ દયાળે દિલનો ધોખો ભાગ્યો..
શુભ કર્મ કાષ્ટ રેંટીઓ દીધો ! તે તો સુઘડ સુથારે ઘડી દીધો
બુધ માહુનિયે માંગી લીધો ! તન રેંટુડો ... (૧)
પચરંગી પાંખડીયું આરા, થાંભલિયો તેજલિયા સારા·
ચિત્ત ચંચળ ચમરખે રંગ ન્યારા .. તન રેંટુડો ... (૨)
અંતસ્કરણ ઉઢા પ્રોધે એને અન ઉદક ઉજણ જોઈએ.
દશ દામળીઓ સુંદર સોહીએ .. તન રેંટુડો ... (૧)
તે મધ્યે ચૈતન માળ ફરે પર પરા પૂણી પ્રાણ ધરે
ત્રિવેણી ત્રાકે તાર ભરે .. તન રેંટુડો ... (૧)
મન માંકડી ચોક્કસ કરીએ ઘર મૂકી પરઘરે નવ ફરીએ
એક ધ્યાન ધણી કેરૂ ધરીએ ...તન રેંટુડો ...
ગુણવંતી નાર કમાય ઘણું જેને બળ હોય હરિ ગુરુ ઘણું
તેણે સહેજે આવે શીળપણું... તન રેંટુડો...
કહે પ્રીતમ પ્રગટે પૂરણ દાસ રસિયાજી આવી રૂદિયામાં વસ્યા
તેનો જનમ મરણ દુઃખ દૂર ખસ્યા.... તન રેંટુડો..(૧)

## (૪૪) દેશી હંસો વાતલડી

**(રાગ : ઓ મંદોદરી નારાયણને )**

દેશી હંસો વાતલડી સાંભળજો આપણા દેશની
જો આવો તો, પીડા સૌ મટશે રે આ પરદેશની
છે ગગન વિષે પ્રભુ વિશ્વપતિ સૌ ગરજે તેજ સંગાથ ગતિ
ઓળખે જન હોય વિશાળ મતિ ... દેશી હંસો
નવ ભાસે રવિ શશિ અગ્નિ વડે ગુરુ ગણથી તેનો માર્ગ જડે
ત્યાં પહોંચે તે પાછો ના રે પડે... દેશી હંસો..
ત્યાં જરા મરણ ભય એક નથી એવી વેદ વેદાંતે વાત કહી

તેને ઓળખો જન શીદ મરો મથી ... દેશી હંસો
તેને અવ્યય કે આધાર નહી છે ચૈતન રૂપ દેવ સહી
સૌને સાંભળે ગગન રહી.. ઓ દેશી હંસો
એનું અહી પોષણ આવે છે માટે જગજીવન કહડાવે છે.
એમ યોગી જન મન લાવે છે ... દેશી હંસો
તેને જાણે તે જ ખરા ડાહ્યા, જગમાં લેતા તે કહેવાયા
કહે છોટમ ધન્ય ધરી કાયા .. દેશી હંસો

## (૪૫) મથુરામાં તે હરિ અવતર્યા

**(રાગ : આ કાયા કરણનો રેંટિયો)**

મથુરામાં તે હરિ અવતર્યા કાનુડા રે
પછી આવ્યા તે ગોકુળગામ એ રંગ રૂડા રે
ગોકુળ રાખ્યું રેલંતું કાનુડા રે
ગોપીઓને લડાવ્યા લાડ એ રંગ રૂડા રે
ગોવાળા સંગે ગોઠડી કાનુડા રે
વ્હાલે ભેગાં કીધાં ભોજન એ રંગ રૂડા રે
મહીડાં ખાધાં ભાવથી કાનુડા રે
વ્હાલે ગરજે ચારી ગાય એ રંગ રૂડા રે
મુક્તિ પમાડી માતને કાનુડા રે
મામાના છેદ્યાં શિશ એ રંગ રૂડા રે
રાજના રસિયા નાથજી કાનુડા રે
તમે કરો અમારી સહાય એ રંગ રૂડા રે

## (૪૬) ઓ વ્રજવાસી શા માટે

**(રાગ : ઓ મંદોદરી નારાયણને)**

ઓ વ્રજવાસી શા માટે તું અમને આળ ચઢાવે
પુણ્ય પૂરવ તણાં તેથી પાતળિયો અમને લાડ લડાવે
મેં પૂરણ તપ સાધ્યાં વનમાં, મેં ટાઢ તડકા વેઠ્યા તનમાં
ત્યારે મોહને મહેર આણી મનમાં... ઓ વ્રજવાસી

હું ચાર માસ મેઘ ખમતી, ઘણી મેઘ ઝડીઓ શરીરે સહેતી
દુઃખ સુખ દિલમાં કાંઈ નવ લેતી.. ઓ વ્રજવાસી
મારે અંગે તે વાઢ વઢાવીઓ, વળતી સંઘાડે ચઢાવીઓ
તે ઉપર છેદ પડાવીઓ..... ઓ વ્રજવાસી
ત્યારે હરિએ હાથ કરી લીધી, સૌ લોકોમાં શિરોમણી કીધી
દેહ અરપી અધર અંગે લીધી.. ઓ વ્રજવાસી
માટે દયા પ્રીતમને પ્યારી, નિત્ય મુખડે રમાડે મોરારી
મારો ભેદ ઘણો દીસે ભારી.. ઓ વ્રજવાસી

## (૪૭) સુણો સુણો ફજેતી ફુવડની

**(રાગઃ ઓ મંદોદરી નારાયણને)**

સુણો સુણો ફજેતી ફુવડની, વળી ઉપમા દઈએ ઘુવડની
ફુવડની શરીર જો સંભાળી મહી લાખો જીવો મેલ રે ...સુણો
એનાં વસ્ત્રો જુવો જઈને પાસે, મહી અધમણ ભર્યો મેલ રે ...સુણો
એની જગ્યા જુઓ જો રાંધ્યાની, જાણે કોઢ બળદને બાંધ્યાની ....સુણો
નિત્ય પહોર દહાડો ચઢે ત્યારે, આંખો ચોળતી ચોળતી ઊઠે ....સુણો
સરડક સરડક છીંકણી સૂંઘે, ખાઈને આખો દહાડો ઊંઘે ...સુણો
નહિ સ્વાદ જ એની રસોઈ વિષે, મહી કાંકરીઓ ને વાળ દીસે ....સુણો
જળ વાસણમાં સેવાળ વળે, તે નીર કદી નહિ ગાળે ...સુણો
જ્યાં બેસે ત્યાં વાતે વળગે, ઘરમાં કૂતરા ઘંટી ચાટે ...સુણો
નહિ તો કોઈ સાથે લાગે લઢવા, નહિ તો બેસે રીસાઈને રડવા ....સુણો
શિર ચોટલો કેવા શોભાવે, જાણે શોભે સુઘરીનો માળો ...સુણો
હોય મેલ હંમેશ હાથે પગે, વળગે આવીને અંગ રે ...સુણો
નવ ફરીએ ફુવડની સંગે, એને શીદ સરજાવી નાથે ...સુણો
જેને દીધી સુઘડતા જગદીશે, ગણજો ઉપકાર અહોનિશ ...સુણો
આ કહ્યાં કથન સમજી કામે, દીધી શિખામણ દલપત રામે ...સુણો

## (૪૮) હરિભજન કરે ભય ભાગે

**(રાગ : ઓ મંદોદરી નારાયણને )**

હરિભજન કરે, ભય ભાગે જમદૂતને ભક્તિ ભાવે
અંતકાળે સમે હરિનું બાનું હોય તો જમ શીદ આવે.
જેને છાપ તિલક તુલસીમાળા, જેને મુખડે ગોવિંદ ગોપાળા
તેને શું કરશે જમડા કાળા .. હરિભજન કરે
જેને બાનાનો પરતાપ છે, જેને ભગત નામની છાપ છે.
તેને લખચોર્યાસી માફ છે. .. હરિભજન કરે
જેનું જાહેર છે જુગમાં બાનું, તે ચૌદ લોકમાં નંહિ છાનું,
ધર્મરાજા શીદ ખોળે પાનું... હરિભજન કરે.
હરિનું બાનું દેખી જમ ત્રાસે, જમદૂત થકી નાવે પાસે,
જીવ લઈ જાતા વળી ત્રાસે, .......હરિભજન કરે.
એવું જાણી હરિ સ્મરણ કરીએ, કાંઈ અંતરગત સાધન કરીએ
કહે પ્રીતમ ભવસાગર તરીએ.. હરિભજન કરે.

## (૪૯) માગશર માસે મેલી ગયા

માગશર માસે મેલી ગયા ને કંઈ માસ થયા દશબાર
વેણ દાંડી વેણ ત્રાજવા ને મારી વેતલડી નવ જાય કે,
આણા મોકલ રે મોરાર
પોષ માસે પરહર્યા ને કંઈ પ્રીતે ચાલ્યા જાય
પરનારીના મન મોહ્યાં ત્યાં કેમ રેવાયાં જાય કે....આણા
આણા તે આણા શું કરો ગોરી આણા જેવડા થાવ
આણાના નહિ ઓરતા મારે નજરે જોયાના કોડ કે..... આણા
માહે તે માધવ સાંભરે ને, સાંભરે શ્રી રઘુરાય
રજની તે સજની નહી સાંભળે તો કેમ કરી રહેવાય કે .....આણા
ફાગણે ફાગ ફરૂગિયોને ઘરે ઘરે ફાગ ગવાય

આશા સાહેલ ઓઢણી ને ઊડે અબીલ ગુલાલ કે ....આણા
ચૈત્રે ચંપો રોપિયો ને, રોપી દાડમ દ્રાક્ષ
વિઠ્ઠલજી તમે વ્હેલા પધારો, મારે દિન દિન જોબન જાય કે.....આણા
સેવ સુંવાળી ને લાપસી ને કંઈ રૂડી કરી રસોઈ
વૈશાખ માસે વરી જશે, એ તો કેમ કરી ખવાય કે.....આણા
કોરાં તે માટલાં જળે ભર્યાં ને કંઈ ઉનાળાના દિન
લૂ વાશે જળ ઊના થશે તે કેમ કરી પીવાય કે.....આણા
વૈશાખે વન વેડિયા ને વેડી આંબા ડાળ
કોયલડી ટહુકાર કરે કંઈ બેઠી ઊંચી ડાળ કે.....આણા
જેઠ માસે જળ ભરવા ને કંઈ ભરવાં નિર્મળ નીર
આશા સાહેલ ઓઢણી ને કંઈ પહેર્યા દક્ષિણી ચીર કે.....આણા
અખાડે આંબા આંબલી ને છાયા મેઘ મલાર
કોયલડી ટહુકાર કરે ને, મોર કરે મલાર કે.....આણા
શ્રાવણ વરસ્યો સરોવર ને, વેણ અંધારી રાત
ચૌદશે ચમકે વીજળી ને એકલડી નિરધાર કે.....આણા
ભાદરવો ભર ગાજિયો ને ફરક્યા ડાબા અંગ
મામા શકુની મારી જશે મારા પ્રભુજીની વારે જાઉં કે.....આણા
આસો માસે દેવ દિવાળી ને આવ્યા દેવ મોરાર
ઘુઘરિયાળા ઘોડલા ને રથમાં બેઠા રઘુરાય કે.....આણા
કોપરા મારાં ખોરાં થયાં ને ખારેકનો ગયો સ્વાદ
સોપારી મારા સડી ગયા ને એલચીને વળી ફૂગ કે.....આણા
આણે તે આવ્યા ત્રણ જણા મારા સસરા દિયર ને જેઠ
આવ્યા તે તો તેડી જશે મારા મનના પહોંચ્યા કોડ કે.....આણા
લીલી ગજીનું મારું કાચરું ને કાંઈ સીવડાવ્યું શનીવાર
પહેર્યું નથી ને કંઈ પહેરશું મારા સસરાને દરબાર કે.....આણા

## (૫૦) મહાબળિયા વાયુસુત

**(રાગ : ઝીલો ઝીલો જગતના રાસ)**

મહાબળિયા વાયુસુત હનુમાન મહાબળિયા
એને ચઢે છે તેલ ને સિંદૂર હનુમાન મહાબળિયા
સરસ્વતી શ્યામને વિનવું ને ગુરુ ગણપત લાગું પાય રે
લખી તે કાગળ મોકલ્યો ને હનુમાન વ્હેલા આવો રે....હનુમાન
ત્યાંથી પવનસુત ચાલિયા ને આવ્યા લંકા મોઝાર રે
વાડીનાં વનફળ વીણી વીણી ખાધાં ને લાવ્યા સીતાની શોધ....હનુમાન
કયા તે ખંડથી આવિયા ને કયું તમારું ગામ રે
કોણે તમને મોકલ્યા ને શું છે તમારું નામ..... હનુમાન
ઉત્તરખંડથી આવિયા ને અયોધ્યા મારું ગામ રે
રામચંદ્રજીએ મોકલ્યા ને હનુમાન મારું નામ....હનુમાન
સાત સમુદ્ર અંગે ભર્યા ને નીર તણો નહિ પાર રે
તેને ઓળંગી કેમ કરી આવ્યા ને હેત તણો નહિ પાર....હનુમાન
સાત સમુદ્ર સૂકા કર્યા ને રાક્ષસ માર્યા ઠેર રે
વાજતે ગાજતે સીતાને લાવ્યા ને, ગાયે નરસૈંયો દાસ....હનુમાન

## (૫૧) ઝીલો ઝીલો જગતના રાસ

ઝીલો ઝીલો જગતના રાસ રસબાણ ઝીલો ને
ભરી ભરી જીવનની સુવાસ રસબાણ ઝીલો ને
કોઈ દિન રાણો તો, કોઈ દિન શ્રીમંત કોઈ દિન રંક ભિખારી રે
કોઈ દિન લાખો કરોડો ખરચ્યા, તો કોઈ દિન કોડી ન મળશે..રસબાણ
કોઈ દિન રાબડી ટાઢી મળતી તો, કોઈ દિન મીઠા મેવા રે
કોઈ દિન સેજ પલંગે સૂતા તો કોઈ દિન ભોંય પથારી રે..રસબાણ
ચડતી રે પડતી સૌની સાથે, તડકો છાંયો જાણો રે
આવું આવું શીખી જગતમાં ઓછું જરા નહિ આણો રે..રસબાણ
સુખ દુઃખ ગીતડાં એક બીજાનાં સાથે મળીને ગાજો રે
સુખમાં શાંતિ દુઃખમાં ધીરજ પ્રેમરસ પ્રભુ તમે પાજો રે..રસબાણ
કોઈ દિન બાગબગીચા ભમતા તો કોઈ દિન જંગલ ઝાડી રે
કોઈ દિન આનંદ મંગળ તો કોઈ દિન દુઃખડા ભારી રે..રસબાણ

## (પર) હમોચળી રળિયાળી રે

(રાગ : ઝીલો ઝીલો જગતના રાસ)

હમોચળી રળિયાળી રે હરિ તારી હમોચળી
પરથમ મંછા રૂપ ધરીને સાતેવ સાહેર તાર્યા રે
સંખાશુર દહીતને માર્યા, વદે બ્રહ્માના વાર્યા રે ...હરિ તારી
બીજે કચ્છા રૂપ ધરીને, મેરુ કીધો રવૈયો રે
ચૌદ રતન જતન કરી કાઢ્યા વદે બ્રહ્માના વાર્યા રે .....હરિ તારી
ત્રીજે વરાહ રૂપ ધરીને અવની દહાડા રાપી રે
જૈ જૈ શિવજગતપતિ રાજા, બ્રહ્મા શિવજીની સાક્ષી રે ....હરિ તારી
ચોથે નરસિંહ રૂપ ધરીને જન પ્રહલાદ ઉગાર્યો રે
સ્તંભમાંથી પ્રગટ થઈને, હિરણ્યાકંસને માર્યા રે....હરિ તારી
પાંચમે વામન રૂપ ધરીને બળીરાજાને યાચ્યા રે
ત્રણ કદમ પૃથ્વી લઈને, ભરમંડળમાં વ્યાપી....હરિ તારી
છઠ્ઠે પરશુરામ રૂપ ધરીને, પાપી કાઢ્યાં કાપી રે
એકવીસ વાર નક્ષત્ર કરીને પૃથ્વી વિપ્રને આપી રે....હરિ તારી
સાતમે રઘુવર રૂપ ધરીને સાહેર બાંધી પાળ રે
રાજા રાવણને રણમાં રોળ્યો ને, આપ્યું વિભીષણને રાજ... હરિ તારી
આઠમે કૃષ્ણજી રૂપ ધરીને, ગોકુળ ચારી ગાય રે
સોળ સહસ્ર ગોપી રંગભરી રમતાં, મધુરીશી મોરલી બજાવી ...હરિ તારી
નવમે બુદ્ધા રૂપ ધરીને, બુદ્ધ વિચારી જોયું રે
જેને જેવા તેને તેવા, જોઈ જોઈને ફળ આપ્યાં રે....હરિ તારી
દશમે કલંકી રૂપ ધરીને નવલંકી એનું નામ રે
સ્થાવર જંગમ જલ સ્થલ વ્યાપ્યો ભક્ત તણો વિશ્રામ....હરિ તારી
હરિની હમોચળી જે કોઈ ગાશે, પ્રેમ ધરીને કોઈ રે
આવાગમનનો ફેરો ટળશે, આ અવસર જીતાય....હરિ તારી
હરિની હમોચળી જે કોઈ ગાશે, પ્રેમ ધરીને કોઈ રે
રૂમઝૂમ કરતા વૈકુંઠ પહોંચ્યા, સુખ સાગરમાં મ્હાલ્યા રે....હરિ તારી

## (૫૩) તમે સાંભળો સૌ સત જાણ (કળિયુગનો)

**(રાગ : ઝીલો ઝીલો જગતના રાસ)**

તમે સાંભળો સૌ સત જાણ કળિયુગ આવ્યો છે
સતયુગમાં તો સાધુજનને કળિયુગમાં નહિ કોઈ...કળિયુગ
તમે દેખો દુનિયાનાં લોક..... કળિયુગ આવ્યો છે.
સતયુગમાં કળિયુગને ભેળ્યો ને, જેમ દીવાળી ને હોળી રે
સતયુગમાં તો સાધુજન ને કળિયુગમાં નહિ કોઈ....કળિયુગ
બ્રાહ્મણ થઈને ખેતી રે ખેડશે ને, ખબોચલે પાંણી પીશે રે
ભલા માણસ ઊંચા કહેવાશે ને, કણબી તાણા તાણશે રે ... કળિયુગ
શ્રીમંત થઈને તુળશી રે વાવશે ને, મોચી વિદ્યા ભણશે રે
પાખંડી પૂજા કરશે ને, પંડિત ભૂખે મરશે રે ..કળિયુગ
છળ છળ ભેદો કદલશે ને, પાંચ વર્ષ જાય રે
ભણ્યા હશે તે તો ભૂખે મરશે ને, હરામી હોંશે ખાશે રે ....કળિયુગ
પાંચલી હશે તે તો પંચાત કરશે ને, પક્ષ પોતાનો તાણશે રે
મોયલી થાપણ રળવળશે ને, રાંડી રાણ ટળવળશે રે ...કળિયુગ
લખનાર થઈ ઘડીનું લખશે ને, પોતાના માલિક થાશે રે
કુંતા ગોલા વેશ્યા થાશે ને કણબી તાણા તાણશે રે ...કળિયુગ
કાંટા હશે તે તો કુવાઢે કાઢશે ને, મોટા લાજ ખાશે રે
ખરા હશે તે તો ખોટા કહેવાશે ને, એવો અન્યાય તો થાશે ....કળિયુગ
ધણિધણિયાણીના ઝઘડા રે ચાલશે ને, હાથે રાંધીને ખાશે રે
બહેન ભાણેજ આંગણું ન દેખશે ને, પારકાને લેશે સાડી રે ....કળિયુગ
ઘર મેલીને ફરતી રે ફરશે ને, લોકલાજ નવ આણી રે
નવ વર્ષની ગર્ભ રે ધારશે ને, કળજુગની એંધાણી રે ...કળિયુગ
સાધુ સંતને શોધીને મારશે ને, લુચ્ચાની સંગત કરશે રે
પોતાના દીકરા દેવ નહિ ને, વીર મેલી ડાહ્યા થાશે રે ...કળિયુગ
મોટા ઘરની વહુ દીકરી તો, નહિ કરવાનાં કરશે રે
સસરા જેઠની લાજ ન ધરતી ને, ઉઘાડે માથે ફરતી રે... કળિયુગ
સાસુ વહુના ઝઘડા રે ચાલશે ને, તે જોઈ દીકરા હસશે રે,
કોઈ કોઈના પતિ નવ થાયે ને, હરિદાસ ગુણલા ગાયે રે .....કળિયુગ
કળિયુગનો મહિમા પૂર્યો ને, વળતી લાવીશું કંઈ રે
કર જોડીને કે'શું તમને, કંઈ હૈયે નવ ધરતી રે... કળિયુગ

# (૫૪) કહો સખી કારતક કેમ જાશે

**(રાગ : કારતકે કંથ ગયા મેલી)**

કહો સખી કારતક કેમ જાશે, વનમાં તો મોરલી કોણ વાશે
દધી તણો દાણી કોણ થાશે (૨) ઓધવજી નવ રે ઘટે હરિને
માગશરે મન મારા મોહ્યા, હરિવર પોતિકાં ખોયાં
સ્વામીવર શામળિયા ન જોયા રે......ઓધવજી
પોષે તો શોષ પડ્યા અંમને, વ્હાલા મારા શું કહીએ તમને
દિલાસો દીધો છે અમેને.......ઓધવજી
મહાએ તો હિમાળું હાલ્યો, પંખીએ તો માળો રે ઘાલ્યો
પિયુ મારા પરદેશમાં ચાલ્યા......ઓધવજી
ફાગણે ફગફગતી હોળી, હરિ પહેરો ચણિયો ને ચોળી
ચૂંદડી મારા કેશરમાં રોળી.......ઓધવજી
ચૈત્ર રે ચિત્ત ગયા મૂકી, વ્હાલે મારે વનવગડે મૂકી
હું તો તારાં દર્શનની ભૂખી.......ઓધવજી
વૈશાખે વાવલિયા વાયા, ઘેર આવો ગોરીના નાવલિયા
દૂધલિયે ધોઉં તમારા પાવલિયા.......ઓધવજી
જેઠે જગદીશ નહિ આવ્યા, કનવર કુબ્જાને લાવ્યા
સંદેશો ગોકુળથી લાવ્યા......ઓધવજી
અખાડે આશા છે મોટી, હું તો હરિની વાટલડી જોતી
આંસુડાં પાલવડે લોતી.......ઓધવજી
શ્રાવણ સરોવરિયો વરસે, નદીએ તો નીર ઘણાં ઢળશે
વ્હાલા મારા કેમ કરી ઊતરશે......ઓધવજી
ભાદરવો તો ભરિયેલો ગાજે, નાથ વિના નારી તો લાજે
તમો વિના કાંઈઓ ના સૂઝે.......ઓધવજી
અસવાને આવી દિવાળી, ઘેર ઘેર સેવ સુંવારા
તમો વિના કોણ જમશે વારી... ઓધવજી નહિ રે ઘટે હરિને

## (૫૫) કારતકે કંથ ગયા મેલી

### (રાગ : કહો સખી કારતક કેમ જાશે)

કારતકે કંથ ગયા મેલી, આવો અકરૂડ મથુરા રથ ખેલી
હરિ વિના સુના મંદિર મેલી, નરહર વ્હેલેરા વરજો
માગશરે મનડું રહ્યું ભારી, લીધી ડોલ ખોળામાં વારી
જમણે હાથે રે તાળી રે.......નરહર
પોષે તો પરદેશમાં ગયા, નાથ મારા નમેરા કેમ થયા
મીઠાં વચન કહી ગયા રે.......નરહર
માંહે તો મોટમ ના કરીએ, ઓધવ મારા રૂદિયામાં ઠરીએ
હરિ વિના કોની સંગે ફરીએ રે.......નરહર
ફાગણે તો ફગરો કરી મૂકી, વ્હાલે મારે વનવગડે મૂકી
હોળી મારા હૈયામાં ઊઠી રે.......નરહર
ચૈત્ર રે ચતુરા નવ ચેતી રે, વ્હાલો મારો કાંઈ નવ જાણે
પિયુ મારા પરદેશમાં મ્હાલે રે.......નરહર
વૈશાખે વેવાકુળ નારી, સુંદર સેવ સુંવારી
વ્હાલા વિના કોણ જમશે વારી રે.......નરહર
જેઠની મુક્તિ છે, કાચી રે થરથર કંપે મારી છાતી
જીવણ હું તો જોવાને ગઈ'તી રે.......નરહર
અખાડે તો આટલું શા માટે, ભોજનિયાં તો ભાવે દૂધ સાથે
ઓવારો જમનાને ઘાટે રે.......નરહર
શ્રાવણે તો સરોવર વસિયો, નદીએ નીર ઘણાં ઢળશે
વ્હાલા મારા કેમ કરી ઊતરશે રે.......નરહર
ભાદરવો તો ભારી ઝબકારી, વળખલા તો ખાઈને મરીએ
જીવણ વિના જીવીને શું કરીએ રે.......નરહર
અસવાને તો ઓચિંતી જાગી, મંદિર માંહી મોરલી વાગી
દર્દનાં દુઃખ ગયાં ભાંગી રે.......નરહર
જે કોઈ નરહરમાં ગાશે, તેનાં દુઃખ ભવભવનાં જાશે
કૃપા કરી કેશરની થાશે, રે નરહર વ્હેલેરા વરજો

## (પદ) પ્રભુજીના પંથ રે જોતી

**(રાગ : કારતકે કંથ ગયા મેલી)**

પ્રભુજીના પંથ રે જોતી, રજની મેલ્યાં છે રોતી
આંસુડાં પાલવડે લેતી રે, જમુના જાવો હો પાણી
બીજે બળિભદ્ર દીસે રે, મન મારું મળવાને દીસે
ગોપી સહુ ગોકુળમાં દીસે (૨) ....જમુના
ત્રીજે તન તલકે તારું, કાળજડું કઠણ થયું મારું
જોબનિયું વહી ચાલ્યું તારું (૨) રે....જમુના
ચોથે ચતુરા નવ ચેતી રે પડવસ વહી ચાલી ખેતી
અવળા ઓરંતા લેતી રે....જમુના
પાંચમે પ્રભુજી ઘેર આવ્યા રે, ભાવતાં ભોજનિયાં લાવ્યા
સુખલડી કોની સારું લાવ્યા રે ....જમુના
છઠ્ઠે છેહ દીધા અમને, હરિવર શું કહીએ તમને
દિલાસા છે દીધા અમને ....જમુના
સાતમે દેહ શીતળ કરીએ, જમુના ન્હાવાને જઈએ
હરિ મારા આનંદ પામે રે....જમુના
આઠમે ઓચ્છવ ત્યાં થાયે રે, બ્રિજ લોક જોવાને જાય રે
ગુણ આપણે ગોવિંદના ગાઈએ રે....જમુના
દિન નવમેં જાણી રે, પધારો હરિ દો દીનો ઘણી
રમશું પાલવડો તાણી રે ....જમુના
દશમે દશેરાના દહાડા રે, સૌ લોક લઈ રહ્યા તડા
સંભારો હરિ રમતા તે દહાડા રે....જમુના
એકાદશી વ્રત પણું લાવ્યા, લઢણ હરિ કુબજાને ભાળ્યા
રમશું પાલવડો તાણી રે....જમુના
તેરશે ત્રિભુવન આવ્યા રે, ભાવતાં ભોજનિયાં લાવ્યા
સુખલડી કોની સારું લાવ્યા રે....જમુના
ચૌદશે ચૌદેશમાં ફરતી, પ્રભુજીના વીર સાથે રમતી
જઈને ગોકુળમાં ઠરતી રે....જમુના
પૂનમે પૂરણ નંદ પામી રે, પધારો હરિ દો દીનો ઘણી
રમશું પાલવડો તાણી રે....જમુના

## (૫૭) સખી પડવાની પહેલી પ્રીત

**(રાગ : સખી પડવાની પણ પ્રીત ગટમટ)**

સખી પડવાની પહેલી પ્રીત, ધરીએ મનમાં રે
એવા રામ લક્ષ્મણ બેઉ ભાઈ સિધાવ્યા વનમાં રે
સખી બીજે ચઢાવ્યાં બાણ ચરણે ચાંપ્યા રે
રાજા જનકની કુંવરી, રઘુવર પરણ્યા રે (૨)
સખી : ત્રીજે તે રાવણ, હરી ગયો સીતાને રે
કાંઈ લઈ ગયો લંકા માંહ્ય, અશોક વાડીમાં રે (૨)
સખી : ચોથે મઢી સૂની, લક્ષ્મણ લાજ્યા રે
સૂના સૂના સીતાજીના મ્હેલે, કાગ કલોલ રે (૨)
સખી : પાંચમે પોતાને મન, કલ્પના કીધી રે
એવા રૂદન કરે શ્રીરામ, સીતા કોણે લીધી રે (૨)
સખી : છઠ્ઠે તો સોળ શણગાર, સીતાજીએ તજિયા રે
એનાં હૃદયમાં રામનું ધ્યાન, ભાવ થકી ભજિયા રે (૨)
સખી : સાતમે તો કીધો સ્નેહ, વાંદર સાથે રે
આવી મલ્યાં છે માંકલડાં ને રીછ, રઘુનાથ સાથે રે (૨)
સખી : આઠમે અબળાની વ્હારે, રઘુપતિ રાજા રે
એવાં મેલ્યાં છે માંકડાં ને રીંછ, વાંદર ઝાઝાં રે (૨)
સખી : નોમે સીતાજીની શોધ, જે કોઈ લાવે રે
એમ સઘળી સભાની માંહી, બીડલો ફેરાવે રે (૨)
સખી : દશમે તો ખબર લાવ્યા હનુમાન જતિ રે
રૂડા આસોપાલવનાં ઝાડ, સીતા બેઠાં સતી રે (૨)
સખી : અગિયારસે સીતા, મળ્યાની આશા રે
નવ નીલ ને જાંબુવાન, હનુમાન ગયા'તા રે (૨)
સખી : બારસે બાંધી પાળ, પથ્થર તાર્યા રે
એવી સીતા મળ્યાની આશ, રામ સિધાવ્યા રે (૨)
સખી : તેરસે તો શીખ દે, મંદોદરી રાણી રે
આવ્યાં આવ્યાં ઉત્તરનાં દલ, સાગરનાં પાણી રે (૨)
સખી : ચૌદશે તો રામે લંકા ગઢ ઘેર્યો રે
એવો માર્યો છે રાવણ રાય, વિભીષણ સ્થાપ્યો રે (૨)
સખી : પૂનમે તો પુરી અયોધ્યા પધાર્યા રે
સઘળી મળી નગરની નાર, મોતીડે વધાવ્યા રે (૨)

## (૫૮) આ પડવાની પડ પ્રીત

**(રાગ : હરિ મૈયર કેરી વાટ)**

આ પડવાની પડ પ્રીત ગટમટ ભૂલી રે
મારા હરિ વિના એક વાત સર્વે સુની રે.....(૨)
સખી : બીજે તે બાળા વેશ રહીશું બાળા રે
આ ઘરમાં કેમ રહેવાય વાગે તાળી રે.....(૨)
સખી : ત્રીજે તે ત્રિભુવનનાથ મંદિર પધારો રે
હરિ આવો ને આપણે ઘેર હેત વધારી રે.....(૨)
સખી : ચોથે તે ચંચળ નાર ચતુરા ચાલે રે
પેલો વડોદરાનો વૈદ્ય દુઃખડાં ટાળે રે.....(૨)
સખી : પાંચમના પડદા હરિ શું રાખ્યા રે
મારો પ્રેમરસ પીવા કાજ હરિરસ ચાખ્યા રે.....(૨)
સખી : છઠ્ઠીના લખ્યા લેખ તે કેમ મટશે રે
મારે પેલા જનમની પ્રીત આવી મળશે રે.....(૨)
સખી : સાતમને સંતાપ હરિ શું અમને રે
આ શું કરીએ મહારાજ લાજ નહિ તમને રે.....(૨)
સખી : આઠમનો ઓચ્છવ થાય હરિ હેલી રે
મારે સોળસે ગોપીઓની સાથ રમવા ઘેલી રે.....(૨)
સખી : નવમે નમેરા નાથ નમેરા ન થઈએ રે
આ ગોકુળિયું મેલી મથુરા ન જઈએ રે.....(૨)
સખી : દશમની દિનરાત દેહ મારી દાઝે રે
ઘેર નાવલિયો રીસાય તે ઘણું સાલે રે.....(૨)
સખી : એકાદશીનાં વ્રત મારે કરવાં રે
શ્રી જમનાજીના ધ્યાન મારે ધરવા રે.....(૨)
સખી : દુવા દશીને દહાડે દર્શન અમને દેજો રે
મારા શામળિયા ભગવાન સનમુખ રહેજો રે.....(૨)
સખી : તેરશના તો કંઠ હમારા તૂટ્યા રે
આ હરિ હરિ કરતા હોઠ અમારા સૂક્યા રે.....(૨)
સખી : ચૌદશે તે ચતુર નાર કહેવાયાં રે
ઘરે રાધા સરખી નાર તે રીસાયાં રે.....(૨)
સખી : પૂનમે પંદર તિથિ થઈ પૂરી રે
મને સેજલડીએ સૂતા નિંદ નહિ આવે રે.....(૨)

## (૫૯) સોમવારે શામળિયા સધાર્યા રે

**(રાગ : સખી પડવે તે પંથમ ચાલ્યા રે)**

સોમવારે શામળિયા સધાર્યા રે, મથુરામાંથી તેઓની આવ્યા રે
ઓધવ સાથે સંદેશો ના લાવ્યા કે'જો દીનાનાથ જોશની આવ્યા રે
મંગળ મ્હેર કરી મોરારે રે, અમે દાસી થઈને તમારી રે
પ્રભુ રાખોની લાજ અમારી, કે'જો દીનાનાથ જોશની આવ્યા રે
બુધવારે બેસી નવ રહીએ રે, એવા અકરૂડ સાથે ન જઈએ રે
મારા નાથ નમેરા ન થઈએ, કે'જો દીનાનાથ જોશની આવ્યા રે
ભેસ્તરવારે તે ભર રે જોબનમાં રે, વ્હાલો મેલી ગયો મહા વનમાં રે
હું તો ક્રોધે ચઢી મારા તનમાં કે'જો દીનાનાથ જોશની આવ્યા રે
શુક્રવારે તે સખી કોઈ રીતે રે, કોઈ તેડી લાવો મારા હરિને રે
હું તો નહિ જવા દઉં ફરીને, કે'જો દીનાનાથ જોશની આવ્યા રે
શનિવારે તે સહુ સંસારી રે, મુજને મ્હેણાં દેશે બ્રિજનારી રે
મને બળતીને શીદ બાળો છો, કે'જો દીનાનાથ જોશની આવ્યા રે
રવિવારે ઓધવ ઘેર આવ્યા રે, થાળ ભરી મોતીડે વધાવ્યા રે
માતા કૌશલ્યાનાં મન ભાવ્યાં, કે'જો દીનાનાથ જોશની આવ્યા રે

## (૬૦) આ શરદ પૂનમની રાત

**(રાગ : પડવાની પડ પ્રીત)**

આ શરદ પૂનમની રાત મુજને વ્હાલી રે
સહુ ગોકુળની બ્રિજનાર રમવા ચાલી રે.....(૨)
સખી પહેર્યાં તે ચણિયાચીર પીતાંબર પીળાં રે
મારે રમવા હરિશું રાસ કરવી લીલા રે.....(૨)
સખી બાંયે બાજુબંધ જોડ કારજ સાર્યા રે
સહુ સુંદરી કરે શણગાર માર્ગ સમાર્યા રે.....(૨)
કાને તે કૂંડળ નાકે નિર્મળ મોતી રે
ગોપી દરપણ લેતી હાથ મુખડું જોતી રે.....(૨)
નરસૈંયાના સ્વામી માયા મન ભાવ્યા રે
વ્હાલે તેડી રમાડ્યા રાસ આનંદ પામ્યા રે.....(૨)

## (૬૧) સખી મહાપદ કેરી વાત

**(રાગ : પડવાની પડ પ્રીત)**

સખી મહાપદ કેરી વાત કોઈ એક જાણે રે
જેને સતગુરુ મળિયા સાર સોહી પિછાને રે.....(૨)
આ ડાભી કમલ ઘર ચાંપ સોહાગ ઊઠે રે
તહાં જાપ જપે એક હંસ તાર ન તૂટે રે.....(૨)
પાંચ પચ્ચીસને છૂટ જીવન મલવું રે
સખી સેજ સૂરત પર સાર ગઢ પર ચઢવું રે.....(૨)
આ ઈંગલા પિંગલા સાર સુક્ષ્મણા નાડી રે
સખી ચાંદા સૂરજ દો મેલ મનસા મારી રે.....(૨)
ત્રિવેણી ઘર માંહી અખંડ જોતી રે
સખી નિરમલ બરખે નૂર નિરમલ મોતી રે.....(૨)
એટલો તો સુરથી નિશાન મેલ્યાં નીચાં રે
સખી તેથી આઘો દેશ ચઢવું ઊંચા રે.....(૨)
બંક નીલ મુકામ સાચો કહીએ રે
સખી તેથી આઘો દેશ પરચો લઈએ રે.....(૨)
સખી ચાર કોશ અંકુશ નિશાન ધારી રે
તમે ધરો સૂરતનું ધ્યાન મનસા માંહી રે.....(૨)
સખી ચાર મલી એક કામ લેહ હરિ લાગી રે
સખી પ્રેમ તણી લહેર ઝબકીને જાગી રે.....(૨)
સખી સર્વે તે રોમે રોમ જપવા લાગી રે
સખી સઘળા તે ઘરના ચોર લાગ્યા છૂપવા રે.....(૨)
પીડ તણી ખબર સર્વે વિસરી રે
સખી સૂરત મુરત બ્રહ્માંડ ફોડી નિસરી રે.....(૨)
અરસપરસના અંકુશ સર્વે વિસરી રે
સખી સાત દ્વીપ નવખંડ જોયા નિરખી રે.....(૨)
અલેખ સહુથી સાર ન્યારો નિરખી રે
તેનું નામ છે અમરપદ છે અવિનાશી રે.....(૨)
ન્યારો એક અલેખ સાચો સુરી રે
સખી અનહદ વાજા તાર વાગે તૂટી રે.....(૨)
કહેવા જેવો નહી મારો સ્વામી રે
સખી જોયા જેવા સાર અલખ અવિનાશી રે.....(૨)
અલખ નિરંજન રાય લાગે મીઠો રે
સખી કહેતા તત્વ સાર સઘળો દીઠો રે.....(૨)

## (૬૨) સખી ફુલ્યો તે ફાગણ માસ

**(રાગ : પડવાની પડ પ્રીત)**

સખી ફુલ્યો તે ફાગણ માસ શોભા ભારી રે
અલબેલા પૂરો આશ આજ અમારી રે.....(૨)
ચૈતરે ચતુરા થાય આનંદ કારી રે
ભેટો તો ભવ દુઃખ જાય ગિરિવર ધારી રે.....(૨)
વૈશાખે વ્યાકુલ થાય વનિતા બ્રિજની રે
સખી એક પલક જુગ જાય રજની આજની રે.....(૨)
જેઠે આવ્યો જીવન પ્રાણ તાપ નિવારો રે
શામળિયા ચતુર સુજાણ કારજ સારો રે.....(૨)
સખી આવ્યો અષાઢમાસ અંબર ગાજે રે
જોઈ હરખ્યા બ્રિજ વિલાસ તનમન દાઝે રે.....(૨)
સખી શ્રાવણે અંગ સોહાય આભૂષણ ધરતા રે
રાત હિડોલાની જાય નથી ચિત્ત ધરતા રે.....(૨)
ભાદરવે શ્રી ભગવાન શ્રી ચરણે રહીશું રે
તમ સારું સુંદર શ્યામ દુઃખડાં સહીશું રે.....(૨)
આસોની ઉર આવેશ એ મન થાય રે
પ્રભુ પ્રેમે કરો પ્રવેશ ભવ દુઃખ જાય રે.....(૨)
કારતકે કૃષ્ણ મોરાર હજી કેમ નહિ આવ્યા રે
કોઈ મળિ ધૂતારી નાર, ત્યાં સમજાવ્યા રે.....(૨)
માગશર મહિને મહારાજ મંદિરે પધાર્યા રે
લક્ષ્મીવર રાખો લાજ દરશન દીજે રે.....(૨)
પોષે પ્રેમની પીડા થાય હૈયે હેલી રે
જોબનિયું એળે જાય સુણો વન મેલી રે.....(૨)
મહા મહિને મોહનલાલ પ્રેમે પધારો રે
જોઈ જુવતી કેરી હવાલ રંગ વધારો રે.....(૨)
ચૌવા ચંદન અબીલ ગુલાલ કુમ કુમ કેસર રે
ભરી મણિ મુકતાની થાળ પૂજું પ્રેમ શું રે.....(૨)
નૈને ઓધવ નંદકુમાર નીરખતા નેહે રે
વસંતનો રંગ વિહાર વાધ્યો દેહે રે.....(૨)
સો પુત્ર હરિ હાંથ દરશન દીધું રે
પ્રીતમના સ્વામીની સાથે સુખડું લીધું રે.....(૨)

## (૬૩) હાં રે મૈયર કેરી વાટ

**(રાગઃ પડવાની પડ પ્રીત)**

હાંરે મૈયર કેરી વાટ મુજને ન વિસરે રે
મારુ અંતરિયું અકળાય પિયરિયું સાંભરે રે.....(૨)
ખેલ્યાં માતાને ખોરડે, તાતે લડાવ્યા બહુ લાડ
સખી સૈયરની સાથ, મુજને વિસરે રે.....(૨)
મારી બેનીના કાલા બોલ પડઘા વાગે રે
એની હેતના બોલ અમોલ હૈયે જાગે રે.....(૨)
બેની ઘલુડો બંધન આજ સૂનો ફરશે રે
એની બેનડીના વિચાર મેડીમાં કરશે રે.....(૨)
અમે ખાતાં શિયાળે પોંક પાપડ હોંશે રે
દશેરા ને દિવાળી માત મુજને સાંભરે રે.....(૨)
હું સાસરિયાની માત આજ સંભાણી રે
આજ કુંવારી મૈયર માંય, સાસરિયે રાણી રે.....(૨)
સખી લાંબી પિયરની વાટ, નજર ના પહોંચે રે
પણ હૈયું ઊડી ઊડી જાય, રોવાય જાયે રે.....(૨)
મીઠી મૈયરિયાની લ્હાણ અમર રહેજો રે
જાણી મુજ માત ને તાત, સુખ પ્રભુ આજે રે.....(૨)

## (૬૪) ધન ધન રે ગોકુળિયું ગામ

**(રાગ : મને વ્હાલા ઘણા રણછોડ)**

ધન ધન રે ગોકુળિયું ગામ ધન ધન આ ધરતી ને
,મારે વ્હાલે કીધો વિશ્રામ ધન આ ધરતીને....
ધન રે કહીએ પેલા ઝાડ કદમને ઝાડે બેઠા ભગવાન
ઝાઝાં ઝાડવાં ઝૂમી રહ્યાં રે પ્રભુજીને કરે પ્રણામ .......ધન આ ધરતીને
ધન રે કહીએ પેલાં નીર યમુનાને ત્યાં બેસી હરિ ન્હાયા
ધન રે કહીએ પેલી વાંસલડીને પ્રભુજીના મુખ પર વાગે....ધન આ ધરતીને
ધન રે કહીએ પેલા મોર પીછને મોહન મુગટ બિરાજે
ધન રે મહેતા નરસૈંયાની જીભલડી, હેતે હરિગુણ ગાય ....ધન આ ધરતીને

## (૬૫) ઉઠો ને કાયર કંથ રણતુર વાગ્યા રે

**(રાગ : આ શરદપૂનમની રાત)**

ઊઠો ને કાયર કંથ રણતુર વાગ્યા રે
આ ભારત મુક્તિ કાજ સહુ કોઈ જાગ્યા રે..... (૨)
મારી સૈયર શાણી આજ મુજને કહેશે રે
અલી કેવો છે તારો કંથ ઘરમાં રહેશે રે..... (૨)
આ ઘર ખૂણિયાનો સાથ તને કેમ ફાવે રે
મને કહે કાયરની નાર, શરમ બહુ આવે રે..... (૨)
કહું વિનવું સ્વામી આજ, હવે તો ચાલો રે
જઈ ધરાસણા બોલાય તે પંથ ઝાલો રે..... (૨)
આ ભારત મુક્તિ કાજ હજારો આવે રે
કંઈ દૂધમલ ભારતવીર શિર ફોડાવે રે..... (૨)
તમે જો ના જાશો કંથ હું ના સાંખુ રે
એવા કાયર કંથની પ્રીત હું ના રાખું રે..... (૨)
ઊઠો ને કાયર કંથ રણતુર વાગ્યા રે
આ ભારત મુક્તિ કાજ, સહુ કોઈ જાગ્યા રે..... (૨)

## (૬૬) સંસાર વિષે બહુ સુખ ઈશ્વર આપો ને

**(રાગ : સખી પડવાની પડ પ્રીત)**

સંસાર વિષે બહુ સુખ ઈશ્વર આપો ને
દિલડાનાં ટાળો દુઃખ કુમતિ કાપો ને
સહુ સંબંધીમાં સુખ ઈશ્વર આપો ને
વળી જીવમાં આપી જંપ કુમતિ કાપો ને
ભણવા ગણવાનું ભાન ઈશ્વર આપો ને
ગુણવંતું આપી જ્ઞાન કુમતિ કાપો ને
કોડીલો રૂડો કંથ ઈશ્વર આપો ને
વળી પવિત્ર આપી પંથ કુમતિ કાપો ને

આ ઘરડો સસરો ઘરમાં ઈશ્વર આપો ને
કંકાસ ન ઊપજે કાંઈ કુમતિ કાપો ને
સાસુ ગંગાજળે સુખ ઈશ્વર આપો ને
વિચરું નહિ વચન વિરૂધ્ધ કુમતિ કાપો ને
જશવંતો રૂડો જેઠ ઈશ્વર આપો ને
ઠરવા મઝિયારો ઠેઠ કુમતિ કાપો ને
જેઠાણી કેરી જોડ ઈશ્વર આપો ને
કરવાને પૂરા કોડ કુમતિ કાપો ને
દિયર દિલનો દરિયાવ ઈશ્વર આપો ને
દેરાણી રાણીરાવ કુમતિ કાપો ને
નાની નણંદ નણદોય ઈશ્વર આપો ને
જીવનમાં હરખી હું જોઉં કુમતિ કાપો ને
પુત્રી ને પુત્ર ઈશ્વર આપો ને
સારું ચાલે ઘર સૂત્ર કુમતિ કાપો ને
વેવાઈ ને વેવણ ઈશ્વર આપો ને
સદ્‌ગુણ વાગે સુજાણ કુમતિ કાપો ને
સજ્જન ને શુધ્ધ જમાઈ ઈશ્વર આપો ને
દઈ કંથને ઘણી કમાઈ કુમતિ કાપો ને
ઘાટડિયાળી વહુ ઘેર ઈશ્વર આપો ને
દઈ બાળક બીજાં બહુ કુમતિ કાપો ને
અધિક નિત્ય ઉદ્યોગ ઈશ્વર આપો ને
રૂદિયાના ટાળી રોગ કુમતિ કાપો ને
સારી સાહેલી સંગ ઈશ્વર આપો ને
આપી અધિકો ઉમંગ કુમતિ કાપો ને
વળી નિર્મલ નગર નિવાસ ઈશ્વર આપો ને
આંગણીએ દઈ ઉજાસ કુમતિ કાપો ને
દિવાળી જેવા દિન ઈશ્વર આપો ને
દઈ ઉચ્છળ નિત્ય નવીન કુમતિ કાપો ને
હૈયામાં હર્ષ હંમેશ ઈશ્વર આપો ને
વધતો તે થાય વિશેષ કુમતિ કાપો ને

પ્રભુ ભક્તિમાં ભાવ ઈશ્વર આપો ને
કદી બને નહીં જૂઠ બનાવ કુમતિ કાપો ને
પરિપૂર્ણ પ્યાર ઈશ્વર આપો ને
આપી અમને આધાર કુમતિ કાપો ને
લોકોમાં રૂડી લાજ ઈશ્વર આપો ને
વળી આપી અખૂટ અનાજ કુમતિ કાપો ને
વળી સુધર્મમાં વિશ્વાસ ઈશ્વર આપો ને
કાપી સઘળો કંકાસ કુમતિ કાપો ને
અંતરથી માંગું ખાસ ઈશ્વર આપો ને
દ્રઢતાથી દલપતરામ કુમતિ કાપો ને

## (૬૭) દ્વારિકાના વાસી રે અવસરે આવજો

**(રાગ : આસો માસો શરદ પૂનમની રાત જો)**

દ્વારિકાના વાસી રે અવસરે આવજો
તમો રાણી રૂકમણી કેરા કંથ જો
દુષ્ટ દુર્યોધન પાપી લાગ્યો પીડવા
ચૌદશ નિહાળું તારો પંથ જો
સોડ વાળીને શું સૂતા છે શામળા
આળસ તજીને ઊઠો આજ રે
લક્ષ્મીજી તલસે પ્રભુ તારા પાવમેં
વ્હાલા તમો મહેર કરો મહારાજા જો
ગ્રાહ મુખમાંથી ગજને મૂકાવ્યો
કીધી તમે સુધન્વા સહાય જો
નરસિંહ રૂપે હિરણાકંસને માર્યો
વ્હાલે મારે ઉગાર્યો પ્રહલાદ જો
છપ્પન કોટિ રે યાદવ તાહેરા
સંગે બલિભદ્ર સરખા ભ્રાત જો
કાલિનાગ નાથ્યો ને જરાસંઘ જીત્યા
તે બલ ક્યાં ગયું મહારાજા જો
ધ્રુવ ને પ્રહલાદે ગર્ભમાં તપ કીધાં
તેને વ્હાલે આપ્યાં અવિચલ રાજ જો

રાત દિવસ હરિએ ગોવર્ધન કર ધર્યો
પૂર્યા વ્રજવનિતાના લાડ જો
વસમી વેળાએ વ્હારે ચઢજો વિઠલા
થાજો તમે છત્રપતિ મહારાજ જો
સ્વારી કરજો વહાલા મારા ગરુડની
નરસૈંયો વિનવે વારંવાર જો

## (૬૮) મનષા દેહ પામીને સાધન શું ર્ક્યુ

**(રાગ : આંસો માસો શરદપૂનમની રાત જો)**

મનષા દેહ પામીને સાધન શું કર્યું
ના કીધો કદી સંતની સાથે સ્નેહ જો
એળે ને વેળે આયુષ્ય વહી ગયું
અવસર ચૂકી શું કરી વરસે મેહ જો
લક્ષ ચોર્યાસી ફરતા ફેરો આવીઓ
ગર્ભવાસમાં લીધી તારી શોધ જો
જનુની ની જઠર અગ્નિમાં તને જાળવ્યો
જોને જનમ્યા પહેલાં આપ્યું દૂધ જો
બાલપણું ખોયું બધી રમતમાં
તરુણ પણે ત્રીયા શું લાગ્યું તાન જો
ખાનપાન લાગ્યાં રે વ્હાલાં અતિઘણા
કોઈ કાળે ના ધર્યું હરિનું ધ્યાન જો
મહેલ મેડી ને બેઠક મંદિર માળિયા
ગોખ અટારી કેરું માણ્યું સુખ જો
પુત્રવધૂને પરિવાર વીંટાઈ રહ્યો
જોઈ જોઈ રીઝ્યું કામની કેરું મુખ જો
'હું' 'મારું' કરતાં તૃપ્ત નવ થયો
ધન મેળવું એમ અંતર અદકી આશ જો
ઘણું ઘણું કરતાં ઘડપણ આવ્યું ઢૂંકડું
તોયે નહીં સંભાર્યા શ્રી અવિનાશ જો
દાંત પડ્યા કર લકુટી લાલચ અતિ ઘણી
નાક ચુવે ને ગળવા લાગ્યા નેન જો

કોઈનું બોલ્યું કાને નવ સાંભળે
મુખથી કાઢે જથરવથરનું વેણ જો
અંગ શીતલ ને હૃદય તો હાલે નહીં
મન તો જાણે પાંચ વરસનું બાળ જો
આશા ને તૃષ્ણા તોયે ટળી નહીં
એમ કરતા ઓચિંતો આવ્યો કાળ જો
અંત સમયે શરીરની શુધ્ધિ નવ રહી
કંઠ રુંધાયો મુખથી નવ બોલાય જો
ધર્મરાયના દૂતે પાશે બાંધ્યો
ભજન વિના નર હાથ ઘસતો જાય જો
થોડામાં શિખામણ છે ચિતાવની
જે કોઈ માને તેને આવે કામ જો
નાગરના સ્વામીને ભજતાં ભાવશું
માટે રટવું રસનાએ શ્રી રામ જો

## (૬૯) આસો માસો શરદ પૂનમની રાત જો

**(રાગ : મનખા દેહ પામીને સાધન શું કર્યું)**

આસો માસો શરદ પૂનમની રાત જો
ચાંદલિયો ઊગ્યો રે સખી મારા ચોકમાં
સસરા મારા પેલા જનમના બાપ જો
સાસુડી મારી રે પેલા જનમની માવડી
જેઠ મારા અષાઢીલા મેઘ જો
જેઠાણી મારી રે ઝબુકે વીજળી રે
દિયર મારો ચાંપલિયાનો છોડ જો
દેરાણી મારી રે ચંપા કેરી પાંખડી
નણંદ મારી વાડીમાંની વેલ જો
નણંદોઈ મારા રે વાડી કેરા વાંદરા
પરણ્યો મારો સગી નણંદનો વીર જો
તાણીને બાંધે રે એ તો પાઘડી
પરણ્યો મારો વહાણ કમાવા જાય જો
વહાણેથી લાવે રે ખારેક કોપરા
ખારેક ખાય તો ખટકે ગોરીની દાઢ જો
કોપરા ખાયે તો ગોરીને કૂચા વળે

## (૭૦) સોના બેડું રૂપલા ઈંઢોણી જો

**(રાગ : આસો માસો શરદપૂનમની રાત જો)**

સોના બેડું રૂપલા ઈંઢોણી જો
રાજાની રાણી રે પાણીલા સંચર્યાં
ભરે ભરે ને મૃગલા ઢોળી મૂકે જો
સામે ને તીરે રે ગોવાળ જોઈ રહ્યા
ગોવાળે જઈ રાજાજીને કહ્યું જો
તમારી રાણી રે મોર સાથે હસે રમે
ચાલો સિપાઈ ચાલો છડીદાર જો
આપણે જઈએ રે શિકાર ખેલવા
ત્રણસો ઘોડા ત્રણસો હાથી લીધા જો
રાજાજી ચાલ્યા રે શિકાર ખેલવા
તારજો તારજો હરણ ને કળિયાર જો
નહિ રે મારતા રે વનકેરા મોરલા
તાર્યા રે તાર્યા હરણ ને કળિયાર જો
શોધીને માર્યા રે વનકેરા મોરલા
ઊઠો ને રાણી મોરલા છમકારો જો
તારે ને મારે રે આજે એકાદશી
નહિ છમકારું વન કેરા મોર જો
તમારે ને મારે રે નથી એકાદશી
કહે તો રાણી હવેલી બંધાવું મોર જો
હવેલીએ ચીતરાવું વન કેરા મોરલા
ના જોઈએ મારે હવેલીના મોર જો
વનના જેવા રે એ ટહુકા નહિ કરે
કહો તો રાણી કુંવારી બંધાવું જો
ટોડલે ચીતરાવું વન કેરા મોરલા
ના જોઈએ મારે ટોડલિયાના મોર જો
વનના જેવા રે એ ટહુકા નહિ કરે

# (૭૧) પાલવડો મારો મેલો મોહનજી

**(રાગ : ચેતી લો ચેતાનો અવસર)**

રાધા : પાલવડો મારો મેલો મોહનજી, મારગડે મને જાવા દો
વળતાં આપીશ દાણ તમારાં, મહી મારા વેચવા દો
કૃષ્ણ : વેચંતા તને કોણ રોકે છે, સાંભળ ને રાધે પ્યારી
મહી ગોરસનું દાણ જ દે ને, વહેલી થા ને વ્રજનારી
રાધા : નારી કહીને ના બોલાવીશ, છાનો રહે ને છોગાળા
કઠણ રાજ છે કંસરાયનું, ગૌ ચારંતા ગોવાળા
કૃષ્ણ : હું ગોવાળિયો તું ગોવાલણ, ફરી ગમે તો આવજે
કંસ સરીખા સોલસે માટી, સાથે તેડી લાવજે
રાધા : તેડી રે લાવું ઘો મને જાવા, રોકી રહ્યા છો વ્રજનારી
રઘુનાથના સ્વામી શામળિયા, ઘેલા દીસો ગિરધારી
કૃષ્ણ : ઘેલો છું પણ દાણ ન મૂકું, દોકલડો એક ઓછો
ગિરધારીએ ગોકુળ વસાવ્યું, ઈન્દ્ર કરતાં હું મોટો
રાધા મોટો હતો ત્યારે મથુરા મેલી, અડધી રાતે શીદ આવ્યો
પરઘેરે રહીને પેટ ભરંતો, તને દાણી કેમ કહાવ્યો
કૃષ્ણ : વાંકા બોલી વ્રજની છોડી, કહે તો હૈયાનો હાર તોડું
દાણ દધીનું દે રે અબળા, નહિ તો મહીના માટ ફોડું
રાધા : હાર ન ટૂટે માટ ન ફૂટે, ન્યાય નગરમાં પૂછાશે
રઘુનાથના સ્વામી શામળિયા, કહો ગોકુળ કેમ રહેવાશે
કૃષ્ણ : ગોકુલ રહો કે જાઓ અત્યારે, દાણ દધીનાં નહિં મેલું
ચીર હર્યા તે ગયા વિસારી, કાનડિયા કારણ પેલું
રાધા : નંદ તણે ઘેર નવલખ ગાયો, નહોતું તે ધન ફાવ્યું છે
માતા તારી મહી વેચંતી, હમણાં તો રાજ આવ્યું છે
કૃષ્ણ : હમણાં હમણાં કરતી રહેજે, મહેણાં દેતી મહિયારી
ધૂત પણામાં તું ધૂતારી, ઠગપણામાં ઠગારી
રાધા : તું ઠગારો તારી માનો પાળેલો, માને મેણાં દેવડાવે
રઘુનાથના સ્વામી શામળિયા, ઝાઝું તે શું કહેવડાવે
કૃષ્ણ : કહ્યા પ્રમાણે કરતી નથી ને, તું મોઢું નથી રાખતી
અમો છીએ રાજા મહારાજા, અમને તું નથી ઓળખતી
રાધા : ઓળખું છું તું આવ્યો નાસી, મહાવનમાં તું છાનો છે
જાદવકુળ મધ્યે જન્મ છે તારો, નંદ તણે ઘેર નાનો છે.

કૃષ્ણ : માતા જશોદા મોટાં બડભાગી, તેના છીએ અમે અધિકારી
મોટા મુનિવર મર્મ ન જાણે, ગોકુળ વસીએ ગૌચારી
રાધા : ગૌચારી ગોપી ઘેર વળંતા, અમને તે તમે ઓધાયો
રઘુનાથના સ્વામી શામળિયા, તમે જીત્યા ને અમે હાર્યા

## (૭૨) ચેતી લો ચેતાનો અવસર

**(રાગ : પાલવડો મારો મેલો મોહનજી)**

ચેતી લો ચેતાનો અવસર, ફરી ફરી નહિં મળશે
જોબન જાતાં વાર ન લાગે, જરા આવીને ઢળશે
ઢળશે ત્યારે નહિ રહેવાશે, કાયા થરથર ધ્રૂજશે
માયાની અંધારી બાંધી, તેમાં કાંઈ નવ સૂઝે
સૂજે ક્યાંથી સમજણ ક્યાંથી, કુટુંબ કબીલો વાધો,
અવળે સવળે બંધે બાંધ્યો, હાથે શું બંધાયો
કહો ભાઈઓ એને શું કહીએ, મૂરખ મનમાં ન આણે
દુર્મતિ આગળ કાંઈ નવ સૂઝે, આપો આપ વખાણે
મોહે ભર્યો મદે ભર્યો ને, અજ્ઞાને અંજાયો
નારી સાથે સ્નેહ ઘણો ને, ઘણા ઘણાને ધાયો
ધાયો ત્યાં તો ધૂળ કમાયો, ગાંઠે ન બાંધી કોડી
ઠાલા હાથે ઠાલા જાવું, શીદ મરે છે દોડી
સંસારનું સુખ જોવા માટે, અંતે સઘળું મોટું
આગળ અવસર એવો આવશે, દારૂણ દુઃખ છે ખોટું
ખોટામાંથી ખરું કરીને, લેજો બંધન તાણી
સાધુજનની સેવા કરીને, ભજી લે સારંગપાણિ
આ શિખામણ માનવા જેવી, માની લેજો કોઈ
આવ્યા છો તો લાભ કમાવા જાશો મુંડી ખોઈ
ખોઈને જાશો ખત્તા ખાશો, કેમ કહ્યું નથી કરતા
અન્ન માટે અથડાતા ફરતા, પેટ પાપથી ભરતા
પરનિંદાથી ખાડો પૂર્યો, કેમ ન પીડા જાણી
જાણીને તે બાંધ્યો તાણી, મુકી વાત વખાણી
એક ઘડી એકાંતે બેસી, હરિનું નામ ન લીધું
અમૃત રસને અળગો મૂકી, વિષ હળાહળ પીધું
પીતા પુત્ર તું ઘેરાયો, જોયું નહિ વિચારી
કહો પ્યારી સૌ રામ ભજી લો, નહી તો જાશો હારી

## (૭૩) કા'ન ગોપીની વડચડ

**(રાગ : ચેતી લો ચેતાનો અવસર)**

રાધા : પાલવડો તમે મેલો મોહનજી, મધુપુર મારે જાવું છે
શોચભર્યા શીદને આવો છો, ધન દેખીને ધાવું છે
ગોરસનો વેપાર હમારો, તેમાં કાંઈ કમાવું છે.
પ્રીતમનો સ્વામી એમ કહે છે, મારે લૂંટી ખાવું છે.

કા'ન : ખાધાની શી વાત કરે છે, દાણ હમારું દેતી જા
નહિ દે તો જાણે જુગતે, માટ ફોડું તે જોતી જા
માનુની જો માન પડે તો, ઓછું અદકું દેતી જા
પ્રીતમનો સ્વામી એમ કહે છે, રાધા રંગમાં રહેતી જા

રાધા : કા'નજી કાળા ન કર ચાળા, ક્યાંથી શીખો કહે મુજને
મુજ અબળાને કાંઈ ન સૂઝે, જ્ઞાન ઘણું સૂઝે તુજને
ઘેર ઘેર ગાતો મોરલી વાતો, નાચ કરંતો માખણમેં
પ્રીતમનો સ્વામી એમ કહે છે. વ્હાલા લાગો છો વ્રજને

કા'ન : વ્રજ વૃંદાવન રટણ અમારું, તું શું જાણે સંસારી
ચૌદ લોકમાં ધૂમ મચાવી, ગોકુળમાં ગૌધેન ચારી,
ઈન્દ્રાદિક બ્રહ્માદિક સરખા, દેવ ગયા સર્વે હારી
પ્રીતમનો સ્વામી એમ કહે છે, માન કહ્યાનું મહિયારી

રાધા : મોઢે મોટા બોલ ન બોલો, મોટાપણું મેલો મેલો મેડે
અર્ધી રાતે કેવા ભાગ્યા કંસ પડ્યો જ્યારે કેડે
ભીજતા હરિ ગોકુળ આવ્યું, મેહ વરસ્યો માથે જ્યારે
પ્રીતમનો સ્વામી એમ કહે છે. માત તાતને તરછોડે

કા'ન : બાળક બુધ્ધિ એમ કહે છે, તોલ બોલ કાંઈ જાણે છે.
હીરા માણેક કંકણ મોતી, કથીર બરાબર આણે છે.
લક્ષ્મીવરના કંસ થકી તું, કંસનું રાજ વખાણે છે.
પ્રીતમનો સ્વામી એમ કહે છે, અભિમાન શીદ આણે છે.

## (૭૪) તમો અજાણ્યા અમે જાણીતાં રે

**(રાગ : માળવ દેશનો રાજા ભરથરી રે)**

રાધા : તમો અજાણ્યા અમો જાણીતાં રે, મારો પાલવડો નવ તાણીએ રે
તમે સમજી રહો મનમાંય રે, શામળિયા વ્હાલા રહો વેગળા રે
કૃષ્ણ : નારી શું સમજાવે મુજને રે, હું તો નહિ રે જવા દઉં તુજને રે
તારી મરડીને રાખીશ બાંય રે, મહિયારી રાધા દો દાણ શું રે
રાધા : અલ્યા બાંય શું મરડે વિઠ્ઠલા રે, મેં તો તુજ સરખા ઘણા દીઠલા રે
કપરું છે કંસનું રાજ રે, શામળિયા વ્હાલા રહો વેગળા રે
કૃષ્ણ : નારી કંસ થકી શું થાય છે રે, એવા કંઈક આવે ને કંઈ જાય છે રે
તારા ઉરના ઉતારીશ હાર રે, મહિયારી રાધા દો દાણ શું રે
રાધા : અલ્યા હાર હૈયાનો તૂટશે રે, મારી મહીની મટુકી ફૂટશે રે
ઘેર સાસુડી દેશે ગાળ રે, શામળિયા વ્હાલા રહો વેગળા રે
કૃષ્ણ : તારી ગાળ ને આળ નહિ ચઢે રે, જેનું લેણું હોય તે લડે રે
એવા દાણ મેલ્યા કેમ જાય રે, મહિયારી રાધા દો દાણ શું રે
રાધા : અલ્યા દાણી તે કા'નો કહાવિયો રે, મથુરાથી ગોકુળ આવ્યા રે
ચારી નંદ તણે ઘેર ગાય રે, શામળિયા વ્હાલા રહો વેગળા રે
કૃષ્ણ : નારી ગાય ચાર્યામાં શી લાજ છે રે, એ તો પોતપોતાનું કાજ છે રે
એમાં મેણલિયા નવ હોય રે, મહિયારી રાધા દો દાણ શું રે
રાધા : અલ્યા મેણાં માણસને લાગે ઘણાં રે, સુણો વઢતા હોય જ્યારે બે જણાં રે
તને નિરલજને નહિ લાજ રે, શામળિયા વ્હાલા રહો વેગળા રે
કૃષ્ણ : નારી લાજ ને કાજ નહિ સરે રે, અહિંયા બીક તે તું કોની ઘરે રે
આવ મળીએ આપણ બંને જણ રે, મહિયારી રાધા દો દાણ શું રે
રાધા : એવું નિરલજ ના બોલો શામળા રે, તારા ઉરના ઉતારીશ આમળા રે
મૂકો મૂકો ને મારો હાથ રે, શામળિયા વ્હાલા રહો વેગળા રે
કૃષ્ણ : નારી હાથ ન મેલું તાહરો રે, અહિંયા અમલ ચાલે છે મ્હારો રે
માટે દાણના દોકડા મેલ રે, મહિયારી રાધા દો દાણ શું રે
રાધા : અલ્યા નંદબાવાનો તું છોકરો રે, તારી પાસે પૈસો નથી રોકડો રે
તને આવડો મચ્છર કેમ હોય રે, શામળિયા વ્હાલા રહો વેગળા રે
કૃષ્ણ : નારી ભીખુભાણાની તું છોકરી રે, તારી પાસે નથી પાઈ રોકડી રે
તને આવડું અભિમાન કેમ હોય રે, મહિયારી રાધા દો દાણ શું રે
રાધા : હું તો વિનંતી કરું છું ક્યારની રે, સ્વામી રઘુનાથ હારી તમ થકી રે
મહીનું તે દાણ ન હોય રે, શામળિયા વ્હાલા રહો વેગળા રે

## (૭૫) માળવ દેશનો રાજા ભરથરી રે

### રાજા ભરથરીને પિંગળા પ્રત્યેની ભિક્ષા

**(રાગઃ તમે અજાણ્યા અમો જાણીતા રે)**

ભરથરી : માળવ દેશનો રાજા ભરથરી રે, ઊભો દ્વાર પાસે એ ભેખ ધરી રે
વિલંબ કરો નહિ લગાર રે, માતાજી, ભિક્ષા દે તું પિંગળા રે
પિંગળા : નાથ અનાથ તમે શું થાઓ રે, જરા દયા તો દિલ માંહે ધરો રે
ક્ષમા કરો મુજને મહારાજ રે, ઉતારો ભેખ રાજા ભરથરી રે
ભરથરી : પ્રેમી પોપટ તો પિંજરામાં હતો રે, નવ અન્યની દ્રષ્ટિએ જોતો રે
પિંજર તૂટ્યું ને પોપટ ઊડ્યો, માતાજી, ભિક્ષા દે તું પિંગળા રે
પિંગળા : વ્હાલી નારી અબળાની જાત છે રે, ઊંચા ભૂષણ દ્રષ્ટિ પછાત છે રે
સદ્‌ગુણી ભૂષણ છો રાય રે, ઉતારો ભેખ રાજા ભરથરી રે
ભરથરી : નારી પ્યારી ગણજો પ્રાણથી રે, કેવો ભામિનીનો ભાર શો રે
જરૂર જાન ગુમાવી અજાણથી, માતાજી, ભિક્ષા દે તું પિંગળા રે
પિંગળા : પાપી પ્યારી બનીને બુદ્ધિ ગઈ રે, નીચ કર્મ કીધાં શુદ્ધિ મૂકી રે
નહિ કર્મ કરું હવે નીચ રે, ઉતારો ભેખ રાજા ભરથરી રે
ભરથરી : અબળા નાર નથી પણ પ્રબળા રે, કૂડાં કર્મ કરવામાં બહુ ચપળા રે
જોયાં તારાં કર્મ નીચ રે માતાજી, ભિક્ષા દે તું પિંગળા રે
પિંગળા : રાજા રૈયત રુવે આપ કારણે રે, અશ્વરાજ રુવે છે બારણે રે
પશુ પક્ષીનો ઉપહાર રે ઉતારો ભેખ રાજા ભરથરી રે
ભરથરી : હવે રાજ્ય કોનું ને પ્રજા કોની રે, હવે રાજ્ય પુત્રી કે પ્યારી કોની રે
સહુ જૂઠા પ્રપંચી પાસ રે, માતાજી, ભિક્ષા દે તું પિંગળા રે
પિંગળા : રાજા ભોજન કરો ક્ષણવારમાં રે, આરોગો વ્હાલા સહુ સાથમાં રે
ગુપ્ત ગુફા કરું હું અત્રે આજ રે, ઉતારો ભેખ રાજા ભરથરી રે
ભરથરી : ગુપ્ત ગુફા મેં તાહેરી કરી રે, પ્રેમે અંધ બનીને ગયો વીસરી રે
જોયો જોયો મેં કાળો ભેદ રે, માતાજી, ભિક્ષા દે તું પિંગળા રે
પિંગળા : યુવક બાળક સહુ રુદન કરે રે, નગર માંહી નરનારી સુના ફરે રે
રાય વિનાની પ્રજા રાંક રે, ઉતારો ભેખ રાજા ભરથરી રે
ભરથરી : મૂર્ખ કાગને પિંજરમાં ધરે રે, પોપટ માનીને મેવા પ્રેમે ધરે રે
નીચ કર્મ દેખીને લલચાય રે, માતાજી, ભિક્ષા દે તું પિંગળા રે
પિંગળા : ધીક ધીક મારા જેવી નારને રે, મારો વૃથા ગયો અવતારને રે
દાસ મનુ વદે નીચ કામ રે, ઉતારો ભેખ રાજા ભરથરી રે

## (૭૬) પ્રભુ રે મારા પડવે તે પંથમ ચાલીઆ રે

**(રાગ : મથુરામાં કંસની આણ છે રે)**

પ્રભુ રે મારા પડવે તે પંથમ ચાલીઆ રે, વાસો રહેવાને વન જો રે
એક કર્મ મૃગને મારવાં રે, નાથે નિપજાવ્યાં વિઘન જો રે
રૂડા રામ સંભાળ મારી વિનંતી રે,
પ્રભુ રે મારા બીજે તે મઢીમાં બિરાજતા રે,
દ્વારે આવ્યા અદ્‌ભુત જો રે, ....રૂડા રામ
મુજને ખાંધે બેસાડી રાવણ લઈ ગયો રે
નાખ્યા વાડીઓ મોજાર જો રે .....રૂડા રામ
પ્રભુ રે મારા ત્રીજે તે ત્રંબક ભાંગીઆ રે,
ભાંગ્યા હમારે કાજ જો રે
રાજા જનક સભામાં સહુ દેખતા રે,
રાખી અબળાની લાજ જો રે .....રૂડા રામ
પ્રભુરે મારા ચોથે ચરણની વેણમાં રે,
ગૌતમ તમારી નાર જો રે
એક શલ્યા હતી તે અહલ્યા થઈ રે,
થતાં નવ લાગી વાર જો રે......રૂડા રામ
પ્રભુ રે મારા પંચવટીમાં બિરાજતા રે,
સાથે લક્ષ્મણ વીર જો રે,
હનુમાનને હલકાર્યા રે
તમને કેમ આવે ધીર જો રે, .....રૂડા રામ
પ્રભુ રે મારા છઠ્ઠીના અક્ષર જે લખ્યા રે,
તે તો થયા નિર્વાણ જો રે,
એક રાવણ ખાપણ આવશે રે,
તે તો થાશે જગમાં જાણ જો રે.........રૂડા રામ
પ્રભુ રે મારા. સાત સાહેલની બેટમાં રે,
ફરતો લંકાનો કોટ જો રે,
વીસ હાથ દશ શીષ છે રે,
એવો રાવણ અસુર જો રે.....રૂડા રામ

પ્રભુ રે મારા આઠમે ઝૂરું એકલી રે,
નવ લીધી મારી સંભાળ જો રે,
મુજને કડવે કારેલે રાખિયાં રે
મોબત મોરી નવ આણી જો રે .....રૂડા રામ
પ્રભુ રે મારા નવમેં નવગ્રહ બાંધીઆ રે
બાંધ્યા તેત્રીસ કરોડ જો રે,
એક અબળાને અર્થે આવશે રે,
છોડાવવા દેવતાના બંધ જો રે .....રૂડા રામ
પ્રભુ રે મારા દશમે દશરથરાયે રોકીઆ રે,
લક્ષ્મણ નાનેરું બાળ જો રે
માતા કૌશલ્યા દહાડે વૃદ્ધ થયાં રે
ગયા દશરથના પ્રાણ જો રે.....રૂડા રામ
પ્રભુ રે મારે એકાદશીનાં વ્રત ઊજવ્યાં રે,
બીજું ધરમને નીમ જો રે,
હું તો જનમો જનમ તમને વરી રે,
બીજા ભ્રાત સમાન જો રે.....રૂડા રામ
પ્રભુ રે મારા બારસે બીડલું ફેરવ્યું રે
ફેરવ્યું સકળ સભામાં જો રે
એક પવન સુતે બીડું ઝડપિયું રે,
હું લાવું સીતાજીની શોધ જો રે.....રૂડા રામ
પ્રભુ રે મારા તેરશે વીર તત્પર થયા રે,
ગયા લંકા મોજાર જો રે,
વેગે લંકા પાર જામીઆ રે,
કરવા અસુરના સંહાર જો રે.....રૂડા રામ
પ્રભુ રે મારા ચૌદ પદમ ચાલીઆ રે,
મારવા રાવણરાય જો રે,
વેગે પાર બાંધી સૈન્ય ઊતર્યું રે,
છોડાવ્યા દેવતાના બંધ જો રે.....રૂડા રામ
પ્રભુ રે મારા પૂનમે જાનકીને લઈ ગયા રે,
ગયા અયોધ્યા મોજાર જો રે,

સૌ લોકે મોતીડે વધાવિયાં રે,
વરત્યો જૈ જૈ કાર જો રે.....રૂડા રામ
પ્રભુ રે મારા પંદર તિથિ થઈ પૂરી રે,
ગાયે તુલસીદાસ જો રે
ગાયે તેનાં પૂરજો કોડ જો રે
બોલો સૌ જૈ જૈ કાર જો રે.....રૂડા રામ

## (૭૭) મથુરામાં કંસની આણ છે રે

**(રાગ : પ્રભુ રે મારા પડવે તે પંથમ ચાલીઆ રે)**

મથુરામાં કંસની આણ છે રે,
પ્રજા સહુને દુઃખ બહુ હોય જો રે,
યાદવ સઘળા એમ વિચાર કરે રે,
કંસનું મરણ ક્યારે થાય જો રે ...મથુરામાં
એક પાપી રૂપે અવતર્યો રે,
પ્રજા સૌના કીધા ભ્રાત જો રે,
સાધુનાં જુધ્ધ બંધન છોડાવિયાં રે,
સાધુ પામ્યા છે બહુ દુઃખ જો રે.....મથુરામાં
ઈન્દ્ર રાજાને રે વિનવે રે,
ભાઈ બેનીને પરણાવો જો રે,
ઘરવર જોઈને કન્યા દીજીએ રે,
આપણાં મનનો લ્હાવો લીજીએ રે.....મથુરામાં
રાજાએ ઘટકાચાર્ય તેડાવિયા રે,
ઋષિ રાજસભામાં જાય જો રે
રાજાએ વાસુદેવ દીઠા આવતા રે,
તત્ક્ષણ ઊઠીને ઊભા થાય જો રે.....મથુરામાં
રાજા ગુરુજી પ્રત્યે બોલીઆ રે,
દેવકી સારુ શોધો વર જો રે,
જાતે ભાતે રૂપે રળિયામણો રે,
એવો શોધી લાવો વર જો રે....મથુરામાં

બેઠા ગુરુજીએ વર બતાવિયો રે,
વાસુદેવ રૂપ તણો અવતાર જો રે
સર્વે રે લક્ષણ છે સંપૂર્ણ છે રે,
પરણાવો નિરધાર જો રે....મથુરામાં
રાજાએ વાસુદેવને તેડાવિયા રે,
શ્રીફળ આપ્યુ કંસે હાથ જો રે,
કાલે લગન પરણવા આવજો રે,
તેડી સઘળો પરિવાર જો રે....મથુરામાં
કંસે દેવકીને પરણાવીઆં રે,
વેવા કીધા રૂડી પેર જો રે,
પેરામણી મન મુક્તિ કરી રે,
રાજા વિદાય કરે છે જાન જો રે....મથુરામાં
જાન વાજતે ગાજતે સધાર્યા રે,
બંધવ બેનીને વળાવવા જો રે,
ધન ધન કહે સૌ કંસને રે,
એટલે આકાશવાણી થાય જો રે....મથુરામાં
દેવકીને આઠમું બાળક જે થશે રે,
તે તો કંસ તારો કાળ જો રે,
દિગ્મુઢ થઈને રાજા જોઈ રહ્યો રે,
પડી, પેટમાં ફાળ જો રે....મથુરામાં
પાપી પ્રાણ લેવાને ઊઠિયા રે,
દેવકી બીધી રુદિયા સાથ જો રે,
તત્ખણ ખત્ખણ કાઢ્યું મારવા રે,
વાસુદેવે ઝાલ્યું પોતાને હાથ જો રે.....મથુરામાં
અરે હાં રાજા એમ ન કીજીએ રે,
વાસુદેવ વાણી કહે છે મુખથી રે,
દેવકીનું આઠમું બાળક તુજને સોંપીશું રે,
દેવકીને આ ચોઘડિયે મૂકજો રે....મથુરામાં
વચન લઈ દેવકીજીને મૂકિયાં રે,
વાસુદેવ ચાલ્યા પોતાને ઘેર જો રે,

રાજાને સુખે નિદ્રા આવે નહિ,
બેનીના પ્રત્યે વધ્યું વેર જો રે....મથુરામાં
રમતા ગમતા દિન બહુ વહી ગયા રે,
દેવકીને પહેલું બાળક થાય જો રે,
વચન શરત પોતાનું પાળવા રે,
વાસુદેવ બાળક લઈને જાય જો રે.....મથુરામાં
રાજાએ વાસુદેવ દીઠા આવતા રે,
કેડમાં લઈને નાનું બાળ જો રે,
દયા લાવીને પાછું આપિયું રે,
એ તો નથી અમારો કાળ જો રે....મથુરામાં
વાસુદેવ બાળક લઈને પરહર્યા રે,
માર્ગે હસતા રમતા જાય જો રે,
દાસ ગોપાળ એણી પેર બોલિયા રે,
ગાયે તેના પૂરજો કોડ જો રે.....મથુરામાં

## (૭૮) તમે રે નંદજી ગોકુળ સંચર્યા

**(રાગ : મથુરામાં કંસની આણ છે રે)**

તમે રે નંદજી ગોકુળ સંચર્યા, ઊતર્યા જમુનાજીને ઘાટ જો રે,
મારી માતાને ન હોય ગોઠતું રે, જશોદા જોતાં હશે વાટ જો રે,..તમે રે
ન હતાં માત પિતા તે તમે કર્યા, અમને બહુ લડાવ્યા લાડ જો રે
અમને નાનેથી મોટા કર્યા, તમારા સાચા માનું પાડ જો રે,..તમે રે
મારી પચરંગી છે વાંસળી રે, વાગે વેણ રસાળ જો રે
તેને તમે સંભાળીને રાખજો, રખે લઈ જાશે ગોવાળ જો રે,..તમે રે
મારી સહસ્ર ગોરી છે ગાવડી, તેને તમે હાથ ફેરવીને હોજો જો રે
કહે રઘુનાથના સ્વામી નંદને રે, અમો પર કૃપા કરો અપાર જો રે,...તમે રે
નયણે નીર ને નંદજી બોલીઆ રે, અમથી એકલડાં ન રહેવાય જો રે
વાટડી જોતાં તે રોતાં હશે, કાનજી તમારી માત જો રે,..તમે રે
હું તો રાખીશ મારા મનને રે, તમારાં માતાના સમ ખાવ જો રે
માટે ગોકુળ ગોવિંદ આવજો, દુરીજન મહેણાં ઘણાં દેશે જો રે,..તમે રે

કહો વૃંદાવન ગાય કોણ ચારશે, સાંજે કોણ આવશે ઘેર જો રે
હસતે વેણ લિયે કોણ ઊઠશે રે, કહો કોણ ઝંખે તમારી પેર જો રે,...તમે રે
નંદના કુંવર વિના લાડ કોને લડાવીશું, કોને વળગાડીશું દામી જો રે
કોને જમાડીને હમો જમશું રે, કહે રઘુનાથના સ્વામી નંદને જો રે,....તમે રે
જશોદા પૂછે પિયુને પેર જો રે, નંદજી ઉતારો ના આપે જો રે
મુખથી બોલે પણ બોલાય નહિં, લાલનાં બોલડિયાં બહુ સાલે જો રે,..તમે રે
કારણ કહોની મારા કંથજી રે, કુંવરને ક્યાં મેલીને આવ્યા જો રે
સરવસ સોંપ્યા વાસુદેવને રે, દુઃખ મેરૂ ક્યાંથી લાવ્યા જો રે,....તમે રે
આપણે મિત્રાઈ વાસુદેવને રે, આપણે ક્યાંનું હતું વેર જો રે
આવી આપણા અંતને ભેળવ્યા રે, તે તો રાખ્યો પોતાના ઘેર જો રે,.તમે રે
કહો કંથજી તમો નવ બોલિયા રે, આપણો ખોયો છોકરો શેઠી જો રે
રઘુનાથના સ્વામી ગોવાળિયા રે, અમ પર નજરો ના કીધી જો રે,....તમે રે
વ્રજનારી વિનંતીની વાતો કરે રે, મોહનજી મથુરામાં રહેજો જો રે
જેણે નંદજીને ગોકુળ મોકલ્યા રે, વિઠ્ઠલ વાસુદેવના થાય જો રે,....તમે રે
અહીના સુખિયા થયા ચારે વિષે રે, બીજું અહી રહ્યામાં રહ્યું જો રે
ત્યાં સહુ પૂછે ને વાતો કરશે રે, મથુરા નગરીમાં શું કહેવું જો રે,....તમે રે
મથુરા નગરી હરિ મન વસી રે, બીજું કંસ રાજાનું રાજ જો રે
લક્ષ્મી દેખીને લલચાઈ ગઈ રે, માટે ગોકુળ કીધું ત્યાગ જો રે.....તમે રે
એ મુદત મનોહર.સાંભળો રે, સજની સહુ લાગે મીઠાશ જો રે
રઘુનાથના સ્વામી ગોવાળિયા રે, ત્યાં તો રાજા થઈને બેઠા જો રે,....તમે રે

## (૭૯) વલ્લભભાઈ જઈ કે'જો બાપુને રે..

**(રાગ- મથુરામાં કંસની આણ છે રે..)**

વલ્લભભાઈ જઈ કે'જો બાપુને રે, ગયા એરોડાની જેલ જો રે,
અમને તમો વિના નથી ગોઠતું રે, સુના ચૌટા સુનાં શહેર જો રે, વલ્લભ..
અમને બોધ દીધો અહિંસા તણો રે, આવ્યા શાંતિ સમા યુધ્ધ જો રે,
બીજું હમો સત્ય અસત્યનું રે, અહિયાં મોહ માયા ને ક્રોધ જો રે, વલ્લભ...
વલ્લભ હમને ભોગ વિલાસ ગમે નહિ રે, લાગી સત્યાગ્રહની તાળી જો રે,
વ્હાલી નિદ્રા તે વેરણ થઈ રે, ગોળી લાઠી લાગી પ્યારી જો રે, વલ્લભ...
વલ્લભ લાગી અગ્નિ સ્વરાજની રે, રૂડા બાપુનો ઉદ્દેશ જો રે,
લજ્જા લોક તણી બોળી અમે રે, સ્વતંત્ર કરવા ભારત દેશ જો રે, વલ્લભ...

વલ્લભ ગુરુ તમે માન વધાર્યા સ્ત્રી તણાં રે, કીધાં દેવીની સમાન જો રે,
મૂર્તિ મંગળકારી બાપુની રે, સાચા દેશ તણા એ ફકીર જો રે, વલ્લભ...
તાણ્યાં તાણ્યાં હમારે કારણે રે, કાયા હાડ ને રુધિર જો રે,
બાપુ વ્હાલો હમારો રેંટિયો રે, તેને હમે માન્યો હૈયા હાર જો રે, વલ્લભ...
ખાદી પ્રાણ સમી અમને લાગી રે, તકલી સાચો ઉદ્ધાર જો રે,
આખો ભારત બાપુ બોલડે રે, ઝાલો લાઠી ગોળી હાથ જો રે, વલ્લભ...
સાચા શહીદો કુરબાની કરે રે, પાછો ન મૂકે કોઈ પાય જો રે,
બાપુ વાટ તમારી નિરખી રે, આવો સ્વરાજ લઈએ વ્હેલા જો રે, વલ્લભ...
આશા અમર હમારી નહિ મરે રે, લેવા ભારત રાજ સ્વરાજ જો રે,
કરશું તનમનની કુરબાની જો રે, છોડાવવા ગાંધી મહારાજ જો રે, વલ્લભ...

## (૮૦) શ્રવણ સરખા છે દીકરા રે

**(રાગ - મથુરામાં કંસની આણ છે રે)**

શ્રવણ સરખા છે દીકરા રે, એનાં આંધળાં મા બાપ જો રે,
આંધળાં મા બાપ એવું બોલિયાં રે, સાંભળ દીકરા શ્રવણ જો રે, .....શ્રવણ
નથી આંખો નથી ધન પાસે રે, તીર્થ કરવાનું મન જો રે,
પછી શ્રવણે વિચાર કર્યો રે, કરી કાવડ તૈયાર જો રે, ...શ્રવણ
એકસો ને અડસેઠ તીરથ ફેરવ્યાં રે, આવ્યા વન મોઝાર જો રે,
અંધારી રાત હતી મેઘની રે, માતાએ માંગ્યાં છે નીર જો રે, ....શ્રવણ
આગળ ચાલો મોરી માવડી રે, સમુદ્ર ભર્યા ભર્યા ભરપૂર જો રે,
આંબાડાળે કાવડ ભેરવી રે, શ્રવણ જળ ભરવાને જાય જો રે, ....શ્રવણ
કાશી લોટો જળમાં ડુબાવ્યો રે, અવાજ થયો જલની અંદર જો રે,
રાજા દશરથે એવું જાણ્યું રે, સાબર પાણી પીવા જાય જો રે, ...શ્રવણ
સાબર જાણીને બાણ માર્યું રે, વાગ્યું શ્રવણને શિશ જો રે,
હે રામ કરીને બેઠો થયો રે, મારાં આંધળાં મા બાપ જો રે, ...શ્રવણ
મામા જાવ માને પાણી પાવ રે, માને કહેશો ના વાત જો રે,
કોણ પાપી કોણ અભાગિયો રે, કોણે માર્યો શ્રવણ જો રે, ...શ્રવણ
હું રે પાપી હું અભાગિયો રે, મારાથી મરાયો શ્રવણ જો રે,
શ્રાપ દેવો હોય તો દઈ દેજો રે, બેની મેં માર્યો ભાણેજ જો રે.. ...શ્રવણ
તને થાશે ચાર દીકરા રે, મરતી વખતે વિયોગ જો રે,
રામ લક્ષ્મણ બન્ને વન જશે રે, ભરત શત્રુઘ્ન મોસાળ જો રે, ....શ્રવણ

## (૮૧) કારતક મહિને કૈકેય કામની રે

**(રાગ : મથુરામાં કંસની આણ છે રે )**

કારતક મહિને કૈકેય કામની રે, મંદિરે પધારો દશરથ રાય જો રે,
બુધ્ધિ કૈકેય એણી પર બોલિયાં રે, આજે હું જે કહું તે થાય જો રે,
મુખડે વેણ બોલ્યા તે પાળવા રે, રાયજી માગું એક વચન જો રે,
મારા ભરતને રાજ્યે બેસાડવા, રામ તમારો વારો વન જો રે,
મૂર્છા થઈ છે દશરથ રાયને રે, રાયથી મુખે ન બોલાય જો રે,
મારા પ્રાણજીવન રઘુનાથના રે, વન વન જાય એવું કેમ કહેવાય જે રે,
પ્રભાતે મુરત રાયે ઓચર્યા રે, કરવા વેદ વચન પ્રમાણે જો રે,
વિયોગે રામ વિના કેમ રહેવાશે રે, નક્કી જાશે મારા પ્રાણ જો રે,
એવી ખબર થઈ રઘુનાથને રે, તત્પર થયા તેણી વાર જો રે,
સીતાજી સંદેશો કોને કહે રે, સાંભળો ઓ મોરી માત જો રે,
નરસૈંયો ગુણ ગાઈ રહ્યો રે, ગોપીઓ સર્વ ભેગી મળી જો રે

## (૮૨) સુખ દુઃખ મનમાં ન આણીએ રે..

**(રાગ – મથુરામાં કંસની આણ છે)**

સુખ દુઃખ મનમાં ન આણીએ રે, ઘટ સાથે રે ઘડિયાં જો રે,
ટાળ્યાં તે તો કોઈનાં નવ ટળે રે, રઘુનાથનાં જડિયાં જો રે, ...સુખ દુઃખ
નળરાજા સરખો નર નહિ રે, જેની દમયંતી રાણી જો રે,
અર્ધે વસ્ત્રે રે વનમાં ભમ્યાં રે, ન મળ્યાં અન્ન ને પાણી જો રે, ...સુખ દુઃખ
પાંચ પાંડવ સરખા બંધવા રે, જેની દ્રૌપદી રાણી જો રે,
બાર વરસ વન ભોગવ્યાં રે, નયને નિદ્રા ન આણી જો રે, ..સુખ દુઃખ
સીતા સરખી રે સતિ નહિ રે, જેના રામજી સ્વામી જો રે,
રાવણ તેને રે હરી ગયો રે, સતી મહા દુઃખ પામી જો રે, ...સુખ દુઃખ
હરિશ્ચંદ્ર રાય સતવાદિયો રે, તારાલોચની રાણી જો રે,
તેને વિપત્તિઓ બહુ પડી રે, ભર્યાં નીચ ઘેર પાણી જો રે, ...સુખ દુઃખ
રાવણ સરખો છે રાજિયો રે, જેની મંદોદરી રાણી જો રે,
દશ મસ્તક છેદાઈ ગયાં રે, બધી લંકા લુટાણી જો રે, ...સુખ દુઃખ

સગાળશા શેઠ બહુ વહેવારીઓ રે, જેની ચંગાવતી રાણી જો રે,
કુંવર ચેલૈયો વધેરીઓ રે, નયણે નહિ આવ્યાં પાણી જો રે ...સુખ દુઃખ
હનુમાન સરખા મહાજતિ રે, જેનો વ્રજ કછોટો જો રે,
જાણ્યું તું કે રાજા આપશે રે, આપ્યો તેલ કટોરો જો રે,...સુખ દુઃખ
શિવજી રે સરખા સતા નહિ રે જેની પાર્વતી રાણી જો રે
ભોળવાયા રે ભીલડી થકી રે, તપમાં ખામી ગણાય જો રે ...સુખ દુઃખ
સર્વે દેવોને જયારે ભીડ પડી રે, સમર્યા અંતરયામી જો રે,
ભાવટ ભાંગી રે ભુદરે, મહેતા નરસૈયાના સ્વામી જો રે, ...સુખ દુઃખ

## (૮૩) ઓધવ એટલું કહેજો મારા નાથને

**(રાગ : મથુરામાં કંસની આણ છે રે)**

ઓધવ એટલું કહેજો મારા નાથને રે, કેમ તજ્યો મારો સાથ જો રે,
પ્રભુ રે મારા આદીતે આંસુ કહી ગયા રે બાળ્યા વિયોગની વાટ જો રે, ઓધવ
વ્હાલા રે મારા ગોકુળ દીસે ભેંકારિયા રે, જેમ કંઈ ઉખલાનાં દિન જો રે,
મારા નાથ વિના નથી ગોઠતું રે, જેમ કંઈ જળ ને મીન જો રે, ઓધવ
વ્હાલા રે મારા સોમે સંધ્યા નથી જુગમાં રે, નથી સાન વૈરાગ્ય જો રે,
એક પ્રીત તોડી કૃષ્ણ તમો સાથ રે, હવે નથી મારો લાગ જો રે, ઓધવ
વ્હાલા રે અમે મનડા કયાં જઈ વાળિયે રે, જયાં જઈએ ત્યાં તો લ્હાય જો રે,
મારા મનના મેળાપી કોઈ ન મળ્યા રે, મનડાં ક્યાં જઈ ટાઢા થાય જો રે, ઓધવ
પ્રભુ રે મારા મંગળે મુખ જોઈ રહ્યા રે, હવે જઈ કોને કહીએ જો રે,
હમો હલકા પડ્યા સંસારમાં રે, હવે શી ગત થાય જો રે, ઓધવ
પ્રભુ રે મારા બુધે તે જોઉં વાટડી રે, ક્યારે આવે નંદના લાલ જો રે,
હું તો થાકી સંદેશા મોકલી રે, આજે નહિ આવે કાલે આવશે જો રે, ઓધવ
આટલા નાથ નમેરા કેમ થયા રે, હૈયાં કઠણ શું કીધાં જો રે,
હવે સીતાને મેલી સાધુ થયા રે, મુખે મુનિવ્રત લીધા જો રે, ઓધવ
પ્રભુ રે મારા ગુરુવાર વારે વિનંતી રે, સાંભળી વળજો પાછા ઘેર જો રે,
સુના ઘેર ગોવિંદ તમો તણા રે, સુની શેરીઓની વાટ જો રે, ઓધવ
પ્રભુ રે મારા શુક્રવારે દુઃખ બહુ સાંભરે રે, હૈયાં ભરાય આવે જો રે,
મનડા વાળી વાળીને રે રાખીએ રે, તો પણ નહિ રહેવાય જો રે, ઓધવ
પ્રભુ રે મારા સુખ આપ્યા તે તો દુઃખ દેવા, મારા ભવિષ્યનો વાંક જો રે

દેવે દોહેલા દહાડા દેખાડિયા રે, હવે થઈ ગયા રાંક જો રે, ઓધવ
પ્રભુ રે મારા શનિવારે સંગ તોડો નહિ, હવે જાય મારો પ્રાણ જો રે
તમે વૈદના વેષે આવજો રે, હું છું જાણ અજાણ જો રે ઓધવ
પ્રભુ રે મારા જેવા હતા તે તો તરછોડ્યા, જેમ કંઈ પીપળાનાં પાન જો રે
તે તો ઊડતા ફરે સૌ વાટમાં રે, સર્વ ભૂલી છે ભાન જો રે ઓધવ
પ્રભુ રે મારા ઝાઝા જીવણજી શું કહીએ રે, મનડાં રાખોની પ્રસન્ન જો રે
સ્વામી જરૂર વહેલા પધારજો રે, અમને દર્શન દેજો એકવાર જો રે ઓધવ

## (૮૪) પરથમ પહેલો શામળિયો ગુરુ

**(રાગ : એક ચિત્તે તમે સર્વે સાંભળજો)**

પરથમ પહેલો શામળિયો ગુરુ ગણપત લાગું પાય રે
રામજીએ ગરબો કરાવ્યો ને, સીતાજી રમવા જાય રે
એક ચિત્તે તમે સર્વે સાંભળજો ને, સીતાજી ગરબો ગાય રે
રામ બેઠા લક્ષ્મણ હિંડોળે ને, સીતાજી ઢોળે વાય રે
રૂપાના ઢોલિયો હારની રે પાટી ને, સોનાની સાંકળે રે
પંચવટીમાં મઢી રે બંધાવી ને, ત્યારે સીતાજીનો વાસ રે
સીતાની વાડીમાં ડમરો ને, મૃગ ચરી ચરી જાય રે
મૃગ ચરતા સીતાએ દીઠો ને, તે મને કંચવો સિવડાવો રે
સાવ સોનાનો સીતા કંચવો ને, ચંમરની શી રઢ રે
આણ લીધાં રામે બાણ જ લીધા ને મૃગ મારવા જાય રે
પહેલું રે બાણ રામે સાંધીને માર્યું ને, વાગ્યું મૃગલા અંગ રે
પડતાં મૃગલે વાચા ધરી ને, ધાજો ધાજોની લક્ષ્મણ વીર રે
સીતાના કાને શબ્દ ગયા, લક્ષ્મણ માર્યા તમારા વીર રે
ઘેલી ઘેલી સીતા તમે ઘેલું શું બોલે ને, રામ માર્યા કેમ જાય રે
નવખંડ ધરતીના રામ છે રાજા ને, તે કેમ માર્યા જાય રે
એટલે લક્ષ્મણને ક્રોધ ઘણો ને, આંખલડી રાતી ચોળ રે
બાથ ભીડી બળવંત રે કૂદ્યો ને, જઈ રહ્યો રામની પાસ રે
અહીં કેમ આવ્યા લક્ષ્મણ બંધવા, ઘેર થાશે સીતા હરણ રે
જોગીના વેખે રાવણ આવ્યો ને, ભિક્ષા દો મોરી માત રે
ઉઘાડી ભિક્ષા હમ નવ લઈએ ને, પાવડીએ બન્ને પગ રે

એક પગ મૂક્યો આણમાં ને બીજો તે ઉમર હેઠ રે
ખાંધે બેસાડી રાવણ લઈ ગયો ને, લઈ ગયો લંકા મોઝાર રે
આસો પાલવના છાંયડો ત્યાં, ઉતાર્યા સીતા માત રે
સાવ સોનાનો સીતા કંચવો સીવડાવું ને, જો મેલો રામનું નામ રે
સાવ સોનાનો કંચવો ફાડી રે નાંખું ને, બહુ બહુ રામ ભરથાર રે
સાવ સોનાનો ચૂડલો મઢાવું ને જો મૂકો રામનું નામ રે
સાવ સોનાનો ચૂડલો ફોડી રે નાખું, ને બહુ બહુ રામ ભરથાર રે
લંકાનો કોટ સીતા તમને બતાવું ને, જો મૂકો રામનું નામ રે
લંકાનો કોટ તારો વેલેરો બળજો, બહુ બહુ રામ ભરથાર રે
હીરાના હિંડોળે સીતા તમને બેસાડું ને, જો મૂકો રામનું નામ રે
હીરાના હિંડોળા તારા વેલેરા તૂટજો, બહુ બહુ રામ ભરથાર રે
રાજપાટની તું પટરાણી ને, અખંડ કરજો રાજ રે
રાજપાટ તારું વેલેરું બળજો મારે બહુ બહુ રામ ભરથાર રે
મૃગ મારીને રામ લક્ષ્મણ આવ્યા ને, મઢૂલી દીઠી ઉજજડ રે
રામ રૂવે લક્ષ્મણ રીઝવે ને, ઘેલા ન રોશો રામ રે
સીતા સરખી બીજી લાવીશું ને, સીતા ધરાવીશું નામ રે
વન વન ચંદન નીપજે નહિ ને, ઘેર ઘેર સીતા ના હોય રે
સર્વે નગરના સહુ લોક બોલાવો ને, કોઈ લાવો સીતાની શોધ રે
એટલે હનુમાન બોલી ઊઠ્યા ને, હું લાવું સીતાની શોધ રે
બાથ ભીડી બળવંત કૂદ્યો ને, જઈ રહ્યા સીતાની પાસ રે
રામની મુદ્રિકા સીતાને આપી ને, પેઠા તે વાડી મોઝાર રે
આ રે મુદ્રિકા મારા રામની ને, પહેરો તે જમણે હાથ રે
વાડીનાં વનફળ વીણી રે ખાધાં ને, વાડી કીધી ઉજજડ રે
વાડીનો રખેવાળ ધસીને ચાલ્યો ને, ચાલ્યો તે એણી પેર રે
રાવણ ને હનુમાન યુધ્ધે ચઢ્યા ને, ચઢ્યા તે એણી પેર રે
જો રે રાવણ તું હાથ જ આવે તો, નીત ઉડાડું આકાશ રે
નગર બધાનાં ગોદડાં મંગાવો ને, તેલની નંખાવો છાંટ રે
પૂછડે બાંધી સળગાવી મૂકો ને, તે થકી મારું મોત રે
લંકામાં હનુમાન ઘેર ઘેર કૂદ્યા ને, સળગાવી બધી લંકા રે
જળ બળે જળલંકા બળે ને, સમુદ્ર બાંધી પાળ રે
ગાજતે વાજતે સીતાને લાવ્યા ને, ગાયે તુલસી દાસ રે

## (૮૫) એક ચિત્તે તમે સર્વે સાંભળજો

**(રાગ : પરથમ પેલો શામળિયો ગુરુ)**

એક ચિત્તે તમે સર્વ સાંભળજો ને, બાળલીલા સંભળાવું રે
ગોકુળ કેરી લીલા વખાણું રે, હરખે હરિ ગુણ ગાય રે
એક સમયે ગોપી જલ જમનામેં, જલ ભરવાને જાય રે
સૂતેલા બાળક જગાડ્યાં ને, વાછેરાં ધવરાવ્યાં રે
પાડ પાડોશણ કોઈ નવ જાણે, હડસેલી દ્વાર ઉઘાડ્યાં રે
સીંકાએથી મહીંડા ઉતાર્યાં ને, ભાવ કરી આરોગ્યા રે
દૂર થકી ગોપી આવંતા દીઠાં રે, હરિ નાઠા તેણી વાર રે
બેડું ઉતારી ગોપી રીસે ભરાયાં, પકડવા દોડ્યાં મોરાર રે
શ્વાસ ભરાયા ગોપી રીસે ભરાયાં, નંદરાજાને ઘેર જાય રે
સાંભળો ઓ માતા જશોદા, કહો ગોકુળ કેમ રહેવાય રે
સૂના મંદિર તારે કાનુડે જાણ્યા, મહી માખણ ચોરી ખાધા રે
નવલખ ધેનુ મંદિરમાં દૂઝે, તારે મંદિર શેની આવ્યા રે
મારા કા'નને શોધીને લાવો, હું મારું એક સોટી રે
એટલો ક્રોધ ગોપી હૃદયમાં રાખીને, ચાલ્યાં પોતાને ઘેર રે
નંદજી બેઠા, જશોદાજી બેઠાં ને બેઠાં સકલ બ્રિજનાર રે
ચીરનો છેડો ગોપીએ અળગો કીધો, ને કેડે પોતાનું બાળ રે
ઝાઝાં મહી માખણયા જ ખોળ્યા રે, તાણી બાંધ્યા બે હાથ રે
સામા મંદિરમાંથી હરિ નીકળ્યા ને, ગોપિકા લાવી રાવ રે
સાકર શેરડી લ્યો મારા પ્રભુજી, કહો તો છોલી આપું રે
માખણ રોટલી લ્યો મારા પ્રભુજી, કહો તો ચોપડી આપું રે
દાડમ દ્રાક્ષ અતિશય મીઠાં ને, કહો તો છોલી આપું રે
ભલે મળ્યા મહેતા નરસૈયાના સ્વામી, ગોપીઓને લીલા લહેર રે

## (૮૬) ગોપીકા પિને ગયા'તાં પાણી ને

**(રાગ : પરથમ પેલો શામળિયો ગુરુ)**

ગોપીકા પિને ગયા'તાં પાણી ને, જતાં તે કાનુડે જાણી રે
તેના ઘરમાં ઘસીને પેઠો ને, પેસંતા પાડોશણ દીઠો રે
ગોપી જલ ભરી ગાગર લાવ્યાં ને, પાડોશણે વાત સુણાવી રે
બાઈ મહીડા તારા રે ઢોળ્યાં ને, માખણિયાં તે એણે ચોર્યાં રે

બાઈ ચાલોની રાવે જઈએ ને, માતા જશોદાને કહીએ રે
જશોદાજી કા'નને વારો ને, કાનુડે તે આપી ગાળો રે.....
સહુ ગોપી તે વાતે વળી, તમે વારોની નંદની રાણી રે
બાઈ જાવની જોબન જાણું ને, ઘેર આવો તો નાદ ઉતારું રે
માતા ગોપી મારે ખેદે પડી ને, નીત પડખે આવે મારે ચઢી રે
માતા ગોપી સદા નીત જૂઠી ને, નીત રાવ જ લઈને ઊઠી રે
માતા મને નાનેરો જાણીને, મારી ચોટલી ઝાલીને તાણી રે
માતા કહો તો વનમાં રહીએ ને, કહો તો વન મેલી જઈએ રે
મારા કા'ન છે તમે કાળા ને, મારા પ્રાણ થકી તમે વ્હાલા રે
દૂધ પૌંઆ કા'નજી આપું ને, લાડવા તે ગજવે ઘાલું રે
હું તો આપું સોનાની માળા ને, કંદોરો તે ઘૂઘરીવાળો રે
એવી રે ગોકુળ લીલા જાણી ને, ભણે નરસૈયાના સ્વામી રે

## (૮૭) પ્રભુજી વનમાં ચારે ધેન

**(રાગ : ધન ધન ગોકુળ આઠમની રાત)**

પ્રભુજી વનમાં ચારે ધેન, વગાડે રૂડી વાંસળી રે લોલ
રાધાગોરી ભાતડિયા લઈ આવો કે, ચલાણે ચૂર્યા ચુરમા રે લોલ
પ્રભુજી ક્યાંરે ઉતારૂં ભાત કે, ક્યાં બેસી જમશું રે લોલ
રાધાગોરી આસોપાલવના ઝાડ કે, શીતળ છાંયા ઘરે રે લોલ
પ્રભુજી ત્યાં રે ઉતારૂં ભાત કે, ત્યાં બેસી જમશું રે લોલ
રાધાગોરી ડુંગર ચઢિયેલ ધેન કે, ધેન પાછી વાળજો રે લોલ
પ્રભુજી તમારી ચારેલ ધેન કે, અમ થકી નહિ વળે રે લોલ
પ્રભુજીને ચઢી કે ચટકે રીસ કે, જમતાં ઊઠિયા રે લોલ
મારામારી અવળા સવળી જોડ કે, ડાબા પગની મોજડી રે લોલ
રાધાગોરીને ચઢી રે ચટકે રીસ કે, જમતાં ઊઠિયાં રે લોલ
હરિ તારાં લોઢેલાં કંબાડ કે, પિયુ ઝૂલે આંગણે રે લોલ
રાધાગોરી ઉઘાડો કંબાડ કે, પિયુ ભીંજાય બારણે રે લોલ
જાવ જાવ માનિતીને ઘેર કે, અહીં શીદ આવ્યા રે લોલ
પ્રભુજીને બારણે ઊંડો કૂવો કે, કંકર નાંખ્યા રે લોલ
કોઈ મને દેખાડો રાધાગોરી કે, આપું વધામણી રે લોલ
આપું આપું કેડ કંદોરો હાર કે, આપું માને વધામણી રે લોલ

## (૮૮) વિદૂરને ઘેર કૃષ્ણ

વિદૂરને ઘેર કૃષ્ણ પરોણા ને, ભક્ત તણાં મન ભાવ્યા રે
દુર્યોધનને રીસ ઘણેરી પ્રભુ, મારે મંદિર શેની આવ્યા રે
બેનીને ઘેર ભાઈ પરોણા ને, હેતથી રાખ્યા ભગવાન રે
ઓછી ઉધારા કોઈએ ન આપ્યા ને હાટે પડી હડતાલ રે
ખોળી વાડી નારી ખેતરમાં પેઠી ને, વીણી રે તાંદલિયાની ભાજી રે
દુર્બળ કર્જણ લોબની યારી, થડેથી લીધી ચૂંટી રે
ખોળો ભરી નારી ભાજી રે લાવ્યાં ને, આ રે નવાઈ ક્યાંથી લાવ્યા રે
તીખા ને તેજાના તે તો ભૂપતને ઘણાં ભાવે રે
બેનીને ઘેર ભાઈ પરોણાા, હેતથી રાખ્યા ભગવાન રે
ઊઠો ને વીરા નાવણ કરો, નાવણ મેલ્યાં પાણી રે
ઘણું એક ચોળો ને ઘણું એક ઢોળો ઓછું ન થાય લગાર રે
મોતિયા રામ તૈયાર લાડું ખાજા જલેબી કંસાર રે
તરતનાં ઘી તાવીને મેલ્યાં ને પીરસે વિદૂરની નારી રે
ઘણું એક ખાધું ને ઘણું એક ભૂખ્યા લેવો ને પીરસું અન્ન રે
અન્ન પીરસવાને ભગવાન બેઠા, લીધી તે જલની ઝારી રે
ભીતરમાંથી ગંગા પ્રગટ્યાં ને, મહીં તે નવલખ પાણી રે
ઝૂંપડી ઊડી આકાશે જ ગઈ ને કંચન મહેલ બંધાય રે
જે કોઈ વિદૂરની ભાજી રે ગાશે, તેનો વૈકુંઠ વાસો થાય રે

## (૮૯) નારાયણ તું મોકલ ને વરસાદ રે

**(રાગ : સોના બેડુ રૂપલા ઈંઢોણી જો)**

નારાયણ તું મોકલ ને વરસાદ રે,
બાળકડાં સૌ જમશે ક્યમ પરસાદ રે
વ્હાલમજી તું મોકલ ને વરસાદ રે
ગાયો તારી આજે વલખાં મારતી
ઘાસ વિના તો ટળવળતાં પશુઓ બધાં
પાણી પાણી કરતી ધરતી ધગધગે
તેં શુ ધાર્યું તે તો ના સમજાય રે
નોંધારાનો તું આધાર ગણાય છે

દીન દુખિયાનો તારણહારો તું જ છે.
અન્ન વસ્ત્રના ઉત્પાદક પણ વિનવે.....નારાયણ તું
વાદળ આવી આવી ચાલ્યા જાય છે
છાંટા પાડી છેતરતાં એ જાય છે
પૂર્વ દિશાએ ગંગા ગંગા થાય રે
તારે હૈયે અમીજળ શું ખૂટી પડ્યાં
તારી કૃપા થાયે ક્ષણમાં વ્હાલીડા
ત્યારે ધરતી લીલી લીલી થાય જો
શામળિયા તું ભક્તોનો ભગવાન રે
તારી સાખે મોકલ ને વરસાદ રે
કિંતુ મારે હૈયે થાય ઉચાટ રે
વ્હાલમજી તું મોકલ ને વરસાદ રે
તારે શરણે વિનંતી છે એટલી
મોકલ ને તું ઝટપટ બારે મેઘ જો
નદીનાળાં સરોવરિયા છલકાવજે
જેથી પામે શાંતિ સૌ નરનાર જો
નરસૈયાએ ગાયો રાગ મલ્હાર રે
ના હું જાણું એવો કોઈ રાગ રે

## (૯૦) આવું રૂડું રમવાને ઘરબાર કે

**(રાગ : ધન ધન ગોકુળ આઠમની રાત)**

આવું રૂડું રમવાને ઘરબાર કે, હરિ તમે ક્યાં જશો રે લોલ
મારે જાવું રે દ્વારિકાની વાટ કે, કાશી ખંડ જાત્રા રે લોલ
દેશમાં એક જ તુલસીનો છોડ કે, દર્શન કરવા રે લોલ
વૈરાગી આવ્યા રે ત્રણસો ને આઠ કે, દર્શન કરવા રે લોલ
દેરું બંધાવ્યું ઝરુખા દ્વાર કે, કઠેરા શોભતા રે લોલ
વાગે રે તાલ મૃદંગ ને પખાત કે આનંદ અતિ ઘણો રે લોલ
લીંબડી વાળી આરાદોર કે, જાંબુડી ઝૂલી રહે રે લોલ
વ્હાલે મારે પકડી દ્વારિકાની વાટ કે, કાશી ખંડ જાત્રા રે લોલ

## (૯૧) વ્હાલા તારી વાંસળી રે

**(રાગ : વનમાં ભૂલી પડી રે)**

વ્હાલા તારી વાંસળી રે, તે તો મારા મંદિરિયે સંભળાય
ઝબકીને જોવા નીકળિ રે, વાલા તારું મુખ જોવાને કાજ
મુખ પર મોરલી રે, સુણતા ગાય મધુરાં ગીત
પહેલા પહોરમાં રે માંડ્યો ચૂડગડિયાનો વેશ
ચૂડલો વસાવતા રે હરિએ ઝાલ્યો જમણો હાથ
મૂકો મૂકો કા'નજી રે, જાય મારી સૈયરનો સંગાત
સૈયર શું કરું રે, આજ મારે અબળાનો અવતાર
કાગળ મોકલું રે, વ્હાલા વાંચો હેત કરી
વનિતાનાં વેણ તણા રે, લખતાં લોચન ચાલ્યાં જાય
સુનું તમો વિના રે મુજને લાગે છે બ્રહ્માંડ
બાળા વેશમાં રે, લાગી પરણ્યા પહેલી પ્રીત
લક્ષ્મણ જાનકી રે, મારા પ્રાણ વલ્લભ રઘુવીર
જ્યાં હરિ સંગે રમ્યા રે, તે આજ મંદિર ખાવા ધાય
મળજો દયા કરી રે, રાજા રાજમના મહારાજ

## (૯૨) વનમાં ભૂલી પડી રે

**(રાગ : વ્હાલા તારી વાંસળી રે)**

વનમાં ભૂલી પડી રે, પેલો ક્યાં ગયો કાનુડો
ઝરમર ઝરમર મેહુલો વરસે પૂરણ કરી છે હેલી
અઘોર વનમાં મુજને મેલી ત્યાં કોણ મારો બેલી ....વનમાં
ગોકુળ ગામની ગોવાલણી સહુ મહી વેચવાને ચાલી
મારગ મળ્યા માવજી ત્યાં રોકી રાધે પ્યારી ...વનમાં
મારગમાં મળ્યા માવજી, ત્યાં રોવા સરખી કીધી
માથા ઉપરની મટુકી મારી ઉતારીને લીધી ...વનમાં
જશોદાજીના લાલ તમારા, આડા અવળા ચાલે

સોળ સહસ્ર ગોપીઓમાં કા'નજી, મન માને ત્યાં મ્હાલે ......વનમાં
મોર મુગટ કાને કૂંડળ હરખે વાગે તાળી
આગળ પાછળ ગોપીઓ નાચે મધ્યે નાચે વનમાળી .....વનમાં
ભમરી રે ખાતાં ભુદરજીએ એવી માયા કીધી
હરિ તો અંતર ધ્યાન થયા, એક સખી સંગાતે લીધી ......વનમાં
પુરુષોત્તમને પગલે પગલે જોતી જોતી ચાલી
નારાયણનાં દર્શન વિના, હું આકુળ વ્યાકુળ થાઉં ....વનમાં
જાતામાં એક અબળા દીઠી તેની પૂછી વાત
રાધા કહે અભિમાન ચઢ્યું ત્યારે ત્યજ્યો અમારો સાથ ......વનમાં
તમે જાણજો પ્રીતમજીએ પ્રેમે ભીડી બાથ
વૃંદાવનની કુંજગલીમાં મળ્યાં રાધે પ્યારી ......વનમાં ભૂલી પડી

## (૯૩) હું તો એકલી રે મુજને અઘોર

**(રાગ : વનમાં ભૂલી પડી રે)**

હું તો એકલી રે મુજને અઘોર વનમાં મેલી
હું ગભરાણી માર્ગ ન સુઝે, અકળાયો જીવ જાશે
અરે દેવ તમે આ શું કીધું, પૂંઠે વાતો થાશે ...હું તો
વેરણ મારી માવડી મને આગળથી ન મારી
ઉછેરીને મોટી કરી ત્યારે સંગ કર્યો ગિરધારી ....હું તો
જ્યારે મુજને વનમાં લાવ્યો, આ સુખને હું પામી
કોની આગળ વાત કરું હું, દુઃખની ના રહી ખામી ....હું તો
શું કરું હું કોની પાસે જઈને વિસામો ખાઉં
રેણી નિર્મળ રવિ પ્રગટ થયો હું મારગે ચાલી જાઉં .....હું તો
શું જાણું એ ક્યાં ગયો મને વનવગડામાં મેલી
મુજ સરખી કોઈ રસ્તે મળી સુઘડ નારી અલબેલી ....હું તો
તેની વાસે એ ગઈ હશે, કાળો હું જ બિહારી
મયારામનો પ્રીતમ પ્યારો, થઈ ગયો દુરાચારી ...હું તો
હું તો એકલી રે મુજને અઘોર વનમાં મેલી

## (૯૪) વનમાં લઈ જઈ રે મુજને

**(રાગ : વનમાં ભૂલી પડી રે)**

વનમાં લઈ જઈ રે મુજને ભરમાવી કાનુડે
આંખ તણે અણસારે મુજને શાન કરી સમજાવી
મેં જાણ્યું આજ રજની રમવા હેત કરી બોલાવી ........વનમાં લઈ
મંદિરથી હું બહાર નીકળી આવી એની પાસે
કર ઝાલી મુજને લઈ ચાલ્યા ન જાણ્યું કંઈ લઈ જાશે .........વનમાં લઈ
અઘોર વનમાં ઊભી રાખી, કહ્યું ખાવા કંઈ લાવું
એમ કહીને મારગ ચાલ્યો, બોલ્યો વેણ રસાળું .......વનમાં લઈ
વાટ જોતામાં રાત પડી, ઊભો રસ્તો નિહાળું
સામગ્રી બહુ ભાત ભાતની જલ્દીથી લઈ આવું ......વનમાં લઈ
ઘન ગોજ ને ઘોર અંધારી, વિજલડી બહુ ચમકે
હું ગભરાણી માર્ગ ન સૂઝે, કાળજડું મારું કંપે ......વનમાં લઈ
દાદુર મોર બપૈયા બોલે, ઝરમર મેહુલો વરસે
વન વગડામાં હું એકલડી, પિયુ વિના જીવ તલસે ........વનમાં લઈ
વિરહ વ્યાપી જવાળા શરીરે, તેથી થઈ હું ઘેલી
એક દુઃખમાં બીજું તે વરસાદે કીધી હેલી ......વનમાં લઈ
ચાર પહોર રાતે અથડાતી, દુઃખમાં રહી નવ ખામી
મયારામની પ્રીત સારું, ફરી ફરી હું થાકી
વનમાં લઈ જઈ રે મુજને ભુલાવી કાનુડે

## (૯૫) મુજને દગો કર્યો રે પેલા નંદજી

**(રાગ : વનમાં ભૂલી પડી રે)**

મુજને દગો કર્યો રે પેલા નંદજીના છઈએ
માત તાતનું કહ્યું ન માન્યું ન કર્યુ કોઈનું વાર્યુ
અઘોર વનમાં તેડી લાવી, કર્યુ પોતાનું ધાર્યુ .....મુજને
મારાથી છળભેદ કરે ને, ક્યાં ગયો શું જાણે
રાતદિવસ વનમાં અથડાવું, ધીરજ કયી પેર આણું .....મુજને

અરે પરમેશ્વર આ શું કીધું, કોઈ નારે ભરમાવ્યો
વહાલપણામાં વેર કરીને ગયો તે પાછો ન આવ્યો .....મુજને
તેનો શોક ઘણેરો મુજને, મનમાં સમજી રહીએ
સુખ દુઃખ કર્મે ભોગવવું, તે કોની આગળ કહીએ .....મુજને
શાને કાજે વેરી થઈને, આ વનમાં ભરમાવી
રસ્તે દુઃખ પામું ઘણું, એને કોણ શિખામણ આપે
શોક સમુદ્રમાં હું પડી, મારું કાળજડું બહુ કાંપે .....મુજને
હે પરમેશ્વર કહું છું તુજને, મ્હારે તે શું કરવું
અકળામણ આવે ઘણી આ જીવ્યાથી ભલું મરવું .....મુજને
એક વિચાર મનમાં કરું હું, જાઉં વૃંદાવન વાટે
મયારામનો પ્રીતમ પ્યારો, મળ્યો જમુનાજીના ઘાટે .....મુજને

## (૯૬) કા'નો ક્યાં ગયો રે અહિંયા

**(રાગ : વનમાં ભૂલી પડી રે)**

કા'નો ક્યાં ગયો રે અહિંયા કોણ હમારો બેલી
બીક ઘણેરી લાગે મુજને નીંદ ના'વે જાગું
ગિરધર ધારી કુંજ વિહારી, ચરણે એને લાગું ....કા'નો ક્યાં
શ્રી નારાયણ શ્રી પુરૂષોત્તમ, વ્હારે મારી થાજો •
આ વનમાં અંધારી રાતે, સહાય આવીને કરજો ..કા'નો ક્યાં
રૂદન કરતાં રવિ પ્રગટ્યો, લાગી તાલાવેલી
ઘેર જતાં ઘરનાં સૌ પૂછે, ગઈ'તી ક્યાં એકલડી ...કા'નો ક્યાં
કસુંબે રંગીલી તારી, સાડી ચણિયા ચોળી
વરસાદે ભીંજાઈને આવી, કોણે રંગમાં રોળી ...કા'નો ક્યાં
તેમાં તે હું ઘેર જઈશ, એકે દિશા નવ સૂઝે
કોની આગળ વાત કરું હું શરીર થરથર ધ્રૂજે ...કા'નો ક્યાં
એવામાં એક નારી દીઠી, મહી વેચવાને જાતી
ઊભી રહે બાઈ મારા સમ, તુજરો હિંડે મદમાતી .....કા'નો ક્યાં
હા બાઈ મેં હમણાં દીઠો તો કદમખંડાની પાસે
મયારામનો પ્રીતમ તુજને જલદી ભેગો થાશે ..કા'નો ક્યાં

## (૯૭) હું તો ઘેલી થઈ રે

(રાગ : વનમાં ભૂલી પડી રે)

હું તો ઘેલી થઈ રે, પેલા કાનુડાની સંગે
સૈયર મારી શું કહું તુજને, દિલડાં કેરી વાત
સાદ કરી મુજને તેડી ગયો, મંદિરમાં મધરાતે ....હું તો
શું જાણું એણે શું કીધું, શું મુજને ખવડાવ્યું
શું ચેટક લગાડ્યું મુજને તેમાં ચિત્ત ભરમાવ્યું .....હું તો
તે દિવસનું મન ફરક્યું, કે આગળ જઈને કહીએ
અહોનિશ કરું સ્મરણ એનું એ વિના કેમ રહીએ .....હું તો
પ્રથમથી સહુ વાતો કરતાં છે કાનુડા કપટી
મુજને ભોળવી ભૂરકી નાંખી, તેમાં હું ગઈ લપટી .....હું તો
નાત જાત મરજાદ તજીને, કોઈની બીક ન આણી
કામ કાજ ઘર ધંધો, ભૂલી લાલચમાં લોભાણી ......હું તો
બેની મારી વાત સાંભળી કો દયા મન લાવો.
હરેક રીતે એને સમજાવી, મંદિર તેડી લાવો ....હું તો
તો એની સંગે રમીને, દુઃખડાં મારાં વાળું
ચેટક મારા ભવનું દૂર થાય, સુખ સાગરને પામું .....હું તો
તુજને આઘે નહિં મોકલું, એનો નહિ વિશ્વાસ
મયારામના પ્રીતમ વિના, હું ઘણી થઈ ઉદાસ .....હું તો

## (૯૮) મુજને દગો કરી રે

(રાગ : વનમાં ભૂલી પડી રે)

મુજને દગો કરી રે પેલો ક્યાં ગયો કાનુડો
પહેલેથી મુજને હેત દેખાડી, કપટે વાતો કરતો
મુજ સરખી અલબેલી મૂકી, પરમંદિરમાં જાતો .........મુજને
આડું અવળું ઘણુંએ કહ્યું, કાંઈ ન ફાવતો લાગ
તારા સમજો દેખું વારમાં, ઉતારી લઉં પાઘ .......મુજને
શું એમાં એની તે શોભા કરતો નથી વિચાર

દુરિજન વ્રજમાં લોક જાણશે, હાંસી કરશે વ્રજનાર ..........મુજને
જ્યાં મારે મંદિર આવે, કર જોડી રહું ઊભી
કોઈ શોક્યે એને ભરમાવ્યો, શા વાંકે મને દુભવી ..........મુજને
એના મનનું હારદ સમજી, વળતો ઉત્તર આપું
શા માટે નગુણો થઈ બેઠો, તન મન એને સોપું ..........મુજને
માટે જઈને કહેજો કા'નને, થઈ રહેજે હોશિયાર
જેની ગરજ હોય તો, મળજે એક જ વાર ........મુજને
મારા મનમાં એવું આવે, એના ઉપર મરવું
નહિ તો જોગ ધારણ કરીને, વૃંદાવનમાં ફરવું .........મુજને
બ્હેની મારી વાત સાંભળી કોઈ દયા મન લાવો
અનેક રીતે એને સમજાવી, મંદિરમાં તેડી લાવો ..........મુજને
એને શિખામણ દઈ સમજાવો તેની થઈ હું દાસી
મયારામના પ્રીતમજી આ વ્રજમાં થાશે હાંસી .........મુજને

## (૯૯) મદીનસા ઘેલડી રે ભરતી

**(રાગ : વનમાં ભૂલી પડી રે)**

મદીનસા ઘેલડી રે ભરતી લડખડતી પગલાં
પંથીડો નિહાળતી રે જોતી પ્રીતમનાં પગલાં
શ્યામા શ્યામને રે હીંડે મારગડો જોતી
નયણે નીર ઝરે રે ચતુરા ચીર વડે લોતી .....મદીનસા
હીંડે વન શોધતી રે જાણે વન મરતી હરણી
જઈ પૂછ્યું દ્રુમને રે કાંઈ મારા નાગરનંદની ભાળ
જોબન જાળવ્યું રે જાણે ભુદર ભેટ કરીશ
ચાલો સખી તહાં જઈએ રે જ્યાં હતું જમુનાજીનું નીર .......મદીનસા
અહિંયા હરિ બેસતા રે જમતા કરમડોલો ને ખીર
વ્હાલા વગાડે વાંસળી રે ગોપીઓ ગાતી સઘળાં ગીત
તે કેમ વીસરે રે પ્રભુ મારા પૂર્વ જનમની પ્રીત
સહુ સખી ટોળે મળી રે મનસૂબો કીધો એક વિચાર .......મદીનસા

ચાલો સખી ત્યાં જઈએ રે જ્યાં મારા નાગર નંદની ભાળ
ચતુરા ચીર હર્યા રે લઈ ચઢ્યા કદમ કેરી ડાળ
મનસા દેહ ભળી રે જ્યારે પામીએ નંદકુમાર
આવી આવી વાતડી રે આવ્યા લક્ષ ચોર્યાસી વાર .....મદીનસા
સરોવરને પૂછ્યું રે કંઈ મારા નાગરનંદની ભાળ
નરસિંહના સ્વામી મળ્યા રે વ્હાલે મારે ઊતાર્યા ભવપાર

## (૧૦૦) કારતકે અબળા રે

**(રાગ : આસો માસો શરદ)**

કારતકે અબળા રે કે'જો કંથને,
શિયાળો હવે આવ્યો સ્વામીનાથ જો,
એ મહિને નવ જઈએ પિયુ પરદેશમાં,
માગસર માસે મનમાં ઘણી,
રસિયા સાથે રમવા માઝમરાત જો,
ઘૂંઘટડા તાણ્યા રે ઘરને આંગણે,
જરૂર નહિ જવા દઉં ઘરની બહાર જો ...એ મહિને
પોષે જે અબળા પિયુને પરહરિ,
તે નારીનાં પૂરણ મળિયા પાપ જો,
સાસરીએ રહીને રે શાં સુખ ભોગવ્યાં ...એ મહિને
મહા મહિને નવ કરીએ નાથ મુસાફરી,
ઘઉં સાથે લઈ આવો ખોરી જુવાર જો,
વેંચીને જમશું રે મારા વ્હાલમા...એ મહિને
ફાગણે ફાગ રમે રે નર ને નારીઓ,
ઘેર ઘેર નૌતમ નવલા કરવા નેહ જો
જે નારીનો નાવલિયો નાસી ગયો,
તેનાથી નજરે જોયા કેમ જાય જો..એ મહિને
ચૈતરે ચતુરની પંથે ચાલવું,
જે ઘેર નારી સારી ચતુર સુજાણ જો,

બાલપણે રહીને પિયુને વશ કર્યા,
અણધાર્યું જેમ પડી રહે પરિયાણ જો ....એ મહિને
વાવલિયા વા વાયા રે પિયુ વૈશાખના,
રજ ઊડે ને માણેક મેલું થાય જો,
નથણીનું મોતી રે હીરો હારનો,
કહો તે આજે પરહાથે કેમ અપાય જો ....એ મહિને
જેઠે તો પરદેશ જવાનું દોયલું,
ધૂમ ધીકે ને લાય સરખી લૂ વાય જો,
કોમળ છે કાયા રે મારા કંથની,
નિર વિના જેમ ફૂલણીઆ કરમાય જો ...એ મહિને
અમલ ઘન છાયો રે માસ અખાડામાં
મોર બોલે ને મુશળ વરસે મેઘ જો,
કાદવ ને કચરો રે ચઢીઓ મેઘનો,
પંખી માળા ઘાલે ઠોરે ઠોર જો ..એ મહિને
શ્રાવણે શિવ પૂજીને મુક્તિ માગીએ,
કદી નવ થાયે વ્હાલાનો વિયોગ જો,
ઉમિયાના સ્વામી રે માગું એટલું,
સાસુના જાયા રે નિત્યે સંભોગ જો, ...એ મહિને
ભાદરવો ભર જોબન ફરી નહિ આવશે
વહી જાશે જેમ નદી કેરાં નીર જો,
એવ રે દિવસે કંથ કહાવીએ
વાત વિચારી જુએ નણંદના વીર જો .....એ મહિને
આસોના દિવસ રે અતિ રળિયામણા
ખાવું પીવું ને નવલા કરવા નેહ જો
ભેગાં બેસી જમશું રમશું સોગટા ...એ મહિને
માસ અધિકમાં અધિકપણું શું કીજીએ
રહોની સાથે નેણની જોડી નેહ જો
જેમ નહિ થયો બિલોરી કાચ જો, ...એ મહિને

## (૧૦૧) સહુ ગોકુળની વ્રજનારી

### (કડવા પાંચ) કડવું – (૧)

સહુ ગોકુળની વ્રજનારી રે, ભીખુભાણ તણી દુલારી રે
પહેર્યા ચણિયા ચોળી ને ચીર, આવી ઊભાં તે યમુના તીર
હો સજની ચાલો ને સહુ નાહીએ રે.
આપણે ગુણ રે ગોવિંદના ગાઈએ ........હો સજની
આભરણ તણો નહિ પાર રે, મધ્યે મેલ્યો છે કાવડ હો રે
ગોપી જળ રે જમનામાં ન્હાય, એનો ઉલટ અંગે ન માય....હો સજની
પ્રભુ આવ્યા તે યમુના ઘાટે રે, નારી ન્હાતાં દીઠા જદુનાથે રે
હરિએ પોપટનો વેષ લીધો, પછી હાર રાધાજીનો લીધો......હો સજની
હાર ભેરવ્યો આમલિયા ડાળે રે, પાળે ઊભા તે શ્રી ગોપાળ રે
જ્યારે સ્નાન કરી નીકળ્યાં, પછી આભરણ અંગે ધર્યા.......હો સજની
સહુ સખી સખીઓને પૂછે રે, હાર ગયાનું કારણ શું છે રે,
સહુ સખીઓ મળી સમ ખાય, રાણી રાધાને ચિંતા થાય.....હો સજની
રાધા કહેતાં તે આવે હાંસી રે, આભરણ જુઓ ને તપાસી રે
તપાસ્યા તે સોળે શણગાર, પછી નહી દીઠો પોતાનો હાર.....હો સજની
રાધા પૂછે છે સખીઓ પેરે રે, હાર લીધો છે હરિએ સત્યે રે
નારી ચાલ્યા પ્રભુજીની પાસે, ગુણ ગોવિંદ હરિના ગાશે
છબીલાજી આપોની હાર હમારો રે

### કડવું–(૨)

છબીલાજી આપોની હાર હમારો રે, અમને આવે ભરોસો તમારો
છબીલાજી આપોની હાર હમારો રે,
એમ બોલ્યા તે દિન દયાળ રે, તારો કોણ લીધો છે હાર રે
એવું કહીને ભુદરજી ખીજ્યા, ચોરી કરે તે નર બીજા ........છબીલાજી
એવું બોલ્યાં તે આપ વિચારો રે, ચોરી કરતાં ગયો જન્મારો રે
તું તો છે રે સદાનો જૂઠો, હાર આપ્યા વિના નહિં છૂટકો ........છબીલાજી
ગોકુળમાં તેં ચારી ગાયો રે, તારું ગોવાળપણું નવ જાય રે
તું તો મહી રે માખણનો ચોર, વૃંદાવનમાં તે ચાર્યા ઢોર ........છબીલાજી
ગોકુળમાં તે ચોરી કરો છો રે, પરનારીની પૂંઠે ફરો છો રે

તને લંપટને કોણ ધીરે, નારી નહિ આવે યમુના તીરે ........છબીલાજી
એમ કહેતાં તે મર્મ વચન રે, સુણી બોલ્યા તે જગજીવન રે
નથી બીતો ગોવિંદનો સ્વામી, એવું બોલ્યા તે અંતરયામી
હો રાધા જૂઠી નાર ઠગારી રે

**કડવું-(૩)**

રાધા જૂઠી નાર ઠગારી રે, ધૂતવાને તે આવી ધૂતારી રે
રાધા જૂઠી નાર ઠગારી રે
અમને ખાલી તે ચોરી ચઢાવે રે, અમને દ્વીજપતિત કહાવે રે
સર્વ દેખતાં જો ઠરું સાચો, તો તારા મુખ પર મારું તમાચો .....રાધા
સખી કોરા તે કુંભ મંગાવો રે, મહી મોટા મણિધર મુકાવો રે
સર્વે ઊભો સાહેલીનો સાથ, એને ઝાલું તે જમણે હાથ .....રાધા
નારી નદીઓનાં નીર મંગાવો રે, સહુ દેખંતા મુજને પાવો રે
જો પૂછે તીરથનાં પાણી, હાર આપું તત્‌કાળ આણી .....રાધા
ચાર ગજની તે ચોરી ખોદાવો રે, મહી મધ્યે તે અગ્નિ ધીકાવો રે
પગ પલટીને નીકળું બહાર, પછી ચૂકું તો આપું હાર ..હો રાધા
રાધા દ્વીજપતિત કરતાં ચૂકું રે, હાર આણી હૈયામાં મૂકું રે
નથી બીતો ગોવિંદનો સ્વામી, પછી રાધા બોલી શિશ નમાવી
ભુદરજી ભૂલ્યા શાને ભમાવો રે.

**કડવું - (૪)**

હાર મૂક્યો હોય ત્યાંથી આપો, ભુદરજી ભૂલ્યા શાને ભમાવો રે.
તીર્થ સઘળી તમારી કાયા રે, કોણ દુભે જશોદાના જાયા રે
તારાં પરાક્રમ વેદ વખાણે, તને ચૌદ લોકમાં જાણે ........ભુદરજી
કાળી નાગને નાથ્યો તે કાળે રે, ત્યાં તો વિખની ન લાગી જ્વાળા રે
હું તો જાણું તમારી જાતો વિઠ્ઠલ મૂકો વાણીની વાતો ........ભુદરજી
પ્રભુ દાવાનળ તમે પીધા રે, સહુ દેખતા પોળમાં લીધા રે
પ્રભુ પાવક પર નહિં જાણે, હાર આપ્યા વિના નહિ ચાલે ........ભુદરજી
મદ્રાચળનો રવૈયો કીધો રે, રત્ન સાગરે મંથન કીધો રે
વાસુનાગને નેતરે તાણ્યો, ત્યાં તો વિખનો ભય નવ આણ્યો રે ....ભુદરજી
શાને કાજે તે રડ વધારો રે, હાર ઈજજતે આપો હમારો રે
હઠ મેલો ને હરજી હઠીલા, ગોવિંદના સ્વામી રસિલા
રસિલાજી રસમાં રહ્યા છો ડૂબી રે

**કડવું – (૫)**

રસિલાજી રસમાં રહ્યા છો ડૂબી રે

રંગ તણી છોળ ઊડી, રસિલાજી રસમાં રહ્યા છો ડૂબી રે
રસે રીઝયા શ્રી વૈકુંઠનાથ રે, હરિએ ઝાલ્યો રાધાજીનો હાથ રે
રીઝ્યા રીઝ્યા તે શ્રીવનમાળી, રાધા હાથો હાથ લે તાળી
રસિલા રસમાં રહ્યા ......

મધરાતે કિશોર કિશોરી રે, શ્યામા શ્યામ ને રાધાગોરી રે
હરિ રમવાનો રસ સ્થાપ્યો, પછી હાર રાધાજીનો આપ્યો
રસિલાજી રસમાં ......

રાધા દીસે રંગીલી રૂડી રે, ખખડે કંકણ ને વળી ચૂડી રે
ઘણું રીઝ્યા તે રાધા રાણી, દર્શન દીધા તે સારંગપાણિ
રસિલાજી રસમાં ......

હરિ ગાય જે નર ને નારી રે, તેની કૃપા કરે મોરારી રે
હરિએ પ્રેમીને રસ પાયો, હાર ગોવિંદ દાસે ગાયો
રસિલાજી રસમાં......

## (૧૦૨) આ પોરબંદરથી નીકળ્યા

**(રાગ : આ કાયાકરણનો રેંટિયો)**

આ પોરબંદરથી નીકળ્યા મહા ગાંધી રે
એ તો પરવર્યા ગુજરાત કમ્મર બાંધી રે
ખાવા પીવાના રસ એણે છોડિયા મહા ગાંધી રે
એને પહેરવા ખાદી વસ્ત્ર કમ્મર બાંધી રે
રૂડી સાબરમતીને તીર મહાત્મા ગાંધી રે
બેઠા આસન જમાવી વીર કમ્મર બાંધી રે
આજ ભારત માતાનો સંઘ મહાત્મા ગાંધી રે
કાંતે રેંટિયો ઘેર ઘેર કમ્મર બાંધી રે
ન્યાય નીતિની રાખી ટેક મહાત્મા ગાંધી રે
એ તો સાચા સાધુની ટેક ભેખ કમ્મર બાંધી રે
એ તો થાક્યો ન થાકે વીર મહાત્મા ગાંધી રે
એને હૈયે છે મોટી ધીર, કમ્મર બાંધી રે

એને શસ્ત્ર સત્યાગ્રહ છોડિયા મહા ગાંધી રે
માંડી અસહકારની શાન કમ્મર બાંધી રે
જંગ જીત્યો ને જીત્યો સંસાર મહાત્મા ગાંધી રે
એનો સંતોવ્યા સારવ્યો સાર કમ્મર બાંધી રે
હોય શૂરા તે કરજો સાથ, મહાત્મા ગાંધી રે
એણે ભીડી છે બળિયા શું બાથ કમ્મર બાંધી રે
પહેલાં કહેતા ગાંડી ગુજરાત મહાત્મા ગાંધી રે
હવે ગાજે ગાંધી ગુજરાત કમ્મર બાંધી રે

## (૧૦૩) આ કાયાકરણનો રેંટિયો

**(રાગ : આ પોરબંદરથી નીકળ્યા)**

આ કાયાકરણનો રેંટિયો સાહેલી રે
એને આરા છે ત્રણસો ને સાંઠ ગયા વન મેલી રે
આ દામોદર છે દામણી સાહેલી રે
એના ભમ્મરીએ ભગવાન ગયા વન મેલી રે
આ ચાંદા સૂરજના ચમરખા સાહેલી રે
એના ખરા લોઢાની ત્રાક ગયા વન મેલી રે
માસે તે કાંતું કોકડી સાહેલી રે
છ માસે તે કાંતું સેર ગયા વન મેલી રે
આ વણકરે વાડે હું ગઇ સાહેલી રે
વીરા શું રે વણામણ લેય ગયા વન મેલી રે
આ હાથનો વણજો હાથિયો સાહેલી રે
સવા હાથનો સવા લાખ ગયા વન મેલી રે
આ પાપનો વણજો પાલવ સાહેલી રે
વીરા ધર્મની વણજો કોર ગયા વન મેલી રે
ઓઢી પહેરીને બેની સંચર્યાં સાહેલી રે
મારે જાવું છે. રામજીને દ્વાર ગયા વન મેલી રે
આ સ્વર્ગમાં બેસણ માંડ્યાં સાહેલી રે
બેની કહો કળિયુગની વાત ગયા વન મેલી રે

આ સંસાર કડવો લીમડો સાહેલી રે
બેની સ્વર્ગ મીઠેરાં દૂધ ગયા વન મેલી રે
નરસૈંયાના સ્વામી શામળા સાહેલી રે
વ્હાલે ઉતાર્યા ભવપાર ગયા વન મેલી રે

## (૧૦૪) અમે જઈશું અમારે ઘેર

**(રાગ : આ કાયાકરણનો રેંટિયો)**

અમે જઈશું અમારે ઘેર, સૈયર ચાલો ને
મનડામાં રાખી મહેર, વળી વહેલાં વળજો
જો કવચન કહ્યાં હોય તો, સૈયર સાંભળજો
તો માફ કરજો મન માંહી, વળી વહેલાં વળજો
ગાય ગીત, ગરબા, છંદ, સૈયર સાંભળજો
ઉરમાં ઊપજ્યો આનંદ, વળી વહેલાં વળજો
પરી પૂરણ તમારો પ્રેમ, સૈયર સાંભળજો
કોઈ કાળે વિસરે કેમ, વળી વહેલાં વળજો
હું કહું છું જોડી હાથ, સૈયર સાંભળજો
સઘળી સાહેલી સાથ, વળી વહેલાં વળજો
આજ ટાઢાં કીધાં છે તન, સૈયર સાંભળજો
મનમાંથી હરખ્યું દિલ, વળી વહેલાં વળજો
દેખી સુંદર દેખાવ, સૈયર સાંભળજો
જીવતરનો લીધો લાભ, વળી વહેલાં વળજો
સઘળી શાબીસી તમે, સૈયર સાંભળજો
પરમેશ્વર પૂરે આશ, વળી વહેલાં વળજો
મન ગમના જોવાને, સૈયર સાંભળજો
તનડાને લાગે તાપ, વળી વહેલાં વળજો
આ અવસર આજ અમૂલ્ય, સૈયર સાંભળજો
તે લાખ દિવાળિ તુલ્ય, વળી વહેલાં વળજો
હું કહું છું વાર હજાર, સૈયર સાંભળજો.

આ સફળ થયો સંસાર, વળી વહેલાં વળજો.
સુણી બોલ તમારા આજ, સૈયર સાંભળજો
સમજી શિખિયા સુધરાઈ, વળી વહેલાં વળજો.
તમે દિલના દરિયાવ, સૈયર સાંભળજો.
ભલો દીઠો તમારો ભાવ, વળી વહેલાં વળજો.
તમે ડહાપણના દેનાર, સૈયર સાંભળજો
તમે ભલામણના ભંડાર, વળી વહેલાં વળજો
ગંગાજળ નિર્મળ નીર, સૈયર સાંભળજો
તમે ઠરવાનું દો ઠામ, વળી વહેલાં વળજો
તમે કરવા ગુણ ગંભીર, સૈયર સાંભળજો
તમે ધર્મનું ધરજો ધ્યાન, વળી વહેલાં વળજો
તમે સતી શિરોમણિ શુધ્ધ, સૈયર સાંભળજો
બોંત્તેર કળામાં બુધ્ધ, વળી વહેલાં વળજો
તમે સદા ચરણમાં શુધ્ધ, સૈયર સાંભળજો
તમે નિર્મળતામાં નિધ, વળી વહેલાં વળજો
તમે વિંધ્યા લાગ વિશાળ, સૈયર સાંભળજો
કુળ દીપક દીપક માળ, વળી વહેલાં વળજો
તમે સન્મુખ સરદાર, સૈયર સાંભળજો
તમે ઉત્તમ ને ઉદાર, વળી વહેલાં વળજો
હરિ પૂરે તમારી આશ, સૈયર સાંભળજો
દેવ આશિષ દલપતરામ, વળી વહેલાં વળજો.

## (૧૦૫) કૌરવ પાંડવ જુગટું રમવાને બેઠા રે

**(રાગ : સામા બંગલામાં રેકર્ડ વાગે છે)**

કૌરવ પાંડવ જુગટું તે રમવાને બેઠા રે,
મામા શકુની સભામાં પેઠા રે ...પાંડવ
હાર્યા હાર્યા તે દ્રૌપદી નારી રે,
પછી હાર્યા તે અશ્વની કુમારો રે .....પાંડવ

બીજે હાર્યા તે અશ્વની નારી રે,
એના નથી રહેવાનાં ઠામ રે ...પાંડવ
ત્રીજે હાર્યા તે ગરથ ને ગામો રે,
ચોથે કરો ને પૃથ્વી વિચારો રે ..પાંડવ
એના અવળા તે પડ્યા પાસા રે,
જુઓ કર્મ તણા તમાસા રે ..પાંડવ
એનો ગરૂડ ગયો ગૌચારી રે
એને નથી નીકળવાની બારી રે ...પાંડવ
પાંડવ ભણ્યું ગણ્યું ને વિસાર્યું રે
જુગટું રમી રમીને રાજ ખોયું રે ...પાંડવ
પાંડવ જુગટું રમીને ઘેર આવ્યા રે,
અમને કહો ને માડી એમ રે ...પાંડવ
દુર્યોધન તે મોટો સૂબો રે,
એ તો લાજ લેવાને ઊભો રે ...પાંડવ
એને કેશ પકડીને તાણી રે,
એને ભરી સભામાં આણી રે, ...પાંડવ
નહી હોય એવા ત્યાં કીધાં રે,
અડધાં મેણાં તે બાપને દીધાં રે, ...પાંડવ
હું તો ઘણું ઘણું કરીને રોઈ રે,
મારી વ્હારે ન ચઢ્યું કોઈ રે, ...પાંડવ
એ તો પાંચેય પાંડવની નારી રે,
એની વ્હારે ચઢ્યા વનમાળી રે, ...પાંડવ
ગોવન ગરૂડે ચઢીને વ્હેલા આવજો રે,
ચીર નવસેં નવ્વાણું લાવજો રે, ...પાંડવ
કેવો રાતો પીળો એનો રંગ રે,
એક ફેડે ને બીજું અંગ રે ...પાંડવ
સામા મળ્યા નરસૈંયાના સ્વામી રે,
હું તો ઘણું એક આનંદ પામી રે, ...પાંડવ

## (૧૦૬) ધન ધન રે તું પાટણ ગામ

ધન ધન રે તું પાટણ ગામ, ધન તારી તુળસીનું ઉત્તમ નામ,
અખાડે તુળસીના રોપ રોપાવે, દેવ દામોદરને નિદ્રા ન આવે
શ્રાવણે તુલસીનાં દો દો રે પાન, રામચંદ્ર લઈ ગયા તુલસીનું નામ
ભાદરવો ભર લે'રે રે જાય, કંઠે સોહાવો શ્રી જાદવરાય,
આસોએ તુલસી આવ્યાં વૃંદા, દેવ દામોદરને ખોળામાં લીધા
કારતકે તુલસી બાળ કુંવારા, લગ્ન નિરધાર્યા ને પરણ્યા મુરારી
માગશરે મહા વડલા રે કીધા, શિયાળે તુલસીનાં આણાં રે કીધાં
પોષ માસે પડી રે પોકાર, તુલસી વિના જાણે સૂનો સંસાર
મહામાસે આ શુધ્ધ બુધ બોલે, તુલસી વિના ત્રણ ભુવન ડોલે
ફાગણે ફાગ ખેલે ગોવિંદા, પગે પાવડી હરિ લેવું વચન,
ચૈતરે ચિત્ત હીંચે હિંચોળા, હિંચકે હિંચોળે શ્રી કા'નજી ગોરા
વૈશાખે વનસ્પતિ વેળી, ઓળે ને ખોળે રમત માંડી
તુલસીના ક્યારામાં ઘીનો દીવલડો, હરિ હરિ કરતાં જાય જીવલડો
હું તમને પૂછું મારી તુલસી રે માતા, કોણ તારી માતા ને કોણ તારો પિતા
ધરતી મારી માતા ને આભ મારા પિતા, દેવકી મારી સાસુ ને કૃષ્ણ ભરથાર
જેઠ માસે તુલસી કરમાયાં, સોળસે ગોપીઓએ પાણીલાં પાયાં
જે કોઈ તુલસીનો ગરબો રે ગાય, તેનો વૈકુંઠમાં વાસો રે થાય.

## (૧૦૭) જશોદા તારા કાનુડાને

જશોદા તારા કાનુડાને સાદ કરીને વાર રે,
આવડી ધૂમ મચાવે વ્રજમાં, કોઈ નહી પૂછનાર રે
શીકું તોડ્યું ગોરસ ઢોળ્યું, ઉઘાડીને બાર રે ....જશોદા
માખણ ખાધું ઢોળી નાખ્યું, જાન કીધું આ વાર રે
ખાંખા ખોળા કરતો હીંડે, બીહે નહિ લગાર રે ....જશોદા
મહી મથવાની ગોળી ફોડી, આ શા કહીએ લાડ રે
વારે વારે કહું છું તમને, હવે ન રાખું ભાર રે ....જશોદા
નીત ઊઠીને એમ કેમ, સહીએ, વસીએ નગર મોઝાર રે
મારો કા'નજી ઘરમાં રમતો, ક્યારે દીઠો બહાર રે .... જશોદા
દહી દૂધનાં માટ ભર્યા છે, બીજે ન ચાખે લગાર રે
શાને કાજે મળીને આવી, ટોળે મળી દશબાર રે .... જશોદા
નરસૈયાનો સ્વામી સાચો, જૂઠી વ્રજની નાર રે

## (૧૦૮) સખી ઉમા તે પંથે ચાલ્યાં રે

**(રાગ : સખી પડવે તે પંથે ચાલ્યા રે)**

સખી ઉમા તે પંથે ચાલ્યાં રે
મહાવનના તે મારગ ઝાલ્યા રે
સાથે સોળ સાહેલીની સાથ
ઉમાપતિ શિવ હૃદયમાં રહેજો રે.....
સખી ઉમા તે વનમાં જાયે રે
બીજ ચંદ્ર રૂપેરી પ્રકાશે રે
ત્યજી પિતાનું ઘર શિવને કાજે... ઉમાપતિ શિવ......
સખી આવ્યા તે વનની માંહે રે
ચઢાય ગૌરી શંકર શિખર ત્યાંહે રે
છોડ્યો સર્વ સાહેલીનો સાથે... ઉમાપતિ શિવ......
સખી વનમાં તે પુષ્પો બહેકે રે
જાઈ જૂઈ ચમેલી ને કેવડો રે
સર્વ ભોગોને દીધા ત્યાગી... ઉમાપતિ શિવ......
સખી જીભે પંચાક્ષર મંત્ર રે
જેનું ધ્યાન ઘરે મુનિ લોક રે
એવા આરાધ્યા ત્રિલોકનાથ... ઉમાપતિ શિવ......
સખી શરીરે વલ્કલ ધાર્યા રે
શિર જટા બાંધીને બેઠાં રે
ત્યાગી દીધી મોતીની માળા... ઉમાપતિ શિવ.....
સખી આરંભ્યું તપ એવું ઉગ્ર રે
આવ્યા દેવતા તેનાં દર્શને રે
વિચાર કરે છે ત્રિશૂળધારી... ઉમાપતિ શિવ.....
આવ્યા બટુક વેશે મહાદેવ રે
ધ્યાન ધરે છે ઉમા યુવાવસ્થા રે
નમન કરીને ફૂલે વધાવ્યા... ઉમાપતિ શિવ......
બોલ્યા બટુક વેશે મહાદેવ રે
કોમળ તન આ ક્યાં કરમાવો રે

શાને કાજે કઠીન તપ માંડ્યું ...ઉમાપતિ શિવ......
ત્યારે બોલ્યાં ઉમા એવી વાણી રે
પડી ગાલે શરમની નિશાની રે
પતિ શંકર મેળવવા માટે ...ઉમાપતિ શિવ.......
ત્યારે બટુક બોલ્યા વાણી રે
પૂર્ણ રીતે ઓળખું એ ત્યાગીને રે
ઘરબાર વગરનો એ જોગ ...ઉમાપતિ શિવ.....
લાયક ગુણો નથી એમાં વરના રે
કોણ માતાપિતા છે એનાં રે
નથી લક્ષ્મી ઝવેરાત ઘરમાં ...ઉમાપતિ શિવ.....
ત્યાગ કરો બાળા આ ભોળાને રે
વિભૂત લગાવે આખા અંગે રે
ભૂત ભૈરવ છે તેની સંગે ...ઉમાપતિ શિવ.....
ત્યારે બોલ્યાં ઉમા એવી વાણી રે
સાંભળો બટુક વેશ ત્યાગી રે
તેને જાણે શું અલ્પજ્ઞાની ...ઉમાપતિ શિવ......
સર્વ વિશ્વનું એ છે શરણું રે
બીજા બધા મારે મન તરણું રે
બધી વાતે વળી નિર્લેપ... ઉમાપતિ શિવ......
નિંદા કરશો નહિ તમે તેની રે
સાંભળે તે પણ પાપના ભાગી રે
વરી ચૂકી હૃદયમાંથી તેને... ઉમાપતિ શિવ......
એવું કહીને ઉમા ગયાં ચાલી રે
છાતી ધડકે ગુસ્સાની મારી રે
તૂટવા લાગ્યા વલ્કલના બંધ... ઉમાપતિ શિવ......
મહાદેવે સ્વરૂપ પ્રકાશ્યું રે
ઝાલ્યો હાથ ઉમાનો ઉમંગે રે
કોમલથી ખરીદેલો દાસ... ઉમાપતિ શિવ......
ગાય શીખે સુણે ને સાંભળે રે
ભોળાનાથ દેશે દર્શન રે
આશા ફળશે હંમેશ સાચી... ઉમાપતિ શિવ.....

## (૧૦૯) સખી પડવે તે પંથ ચાલ્યા રે

**(રાગ : સખી ઉમા તે પંથે ચાલ્યાં રે)**

સખી પડવે તે પંથે ચાલ્યા રે
મહાવનના મારગ ઝાલ્યા રે
સાથે સીતા ને લક્ષ્મણ બાળા ....રઘુપતિ રામ હ્દયમાં રહેજો રે
સખી બીજે તે મઢીમાં બિરાજે રે
એવી નદીઓ તણાં નીર ગાજે રે
રામ મેલી ગયા રૂડું રાજ ............ રઘુપતિ રામ
સખી ત્રીજે તે વન કેરી ઝાડી રે
દશ ફળ મંગાવે છે દાડી રે
સારી શોભે સીતાજીની વાડી ......... રઘુપતિ રામ
સખી ચોથે કેવડિયો મ્હેંકે રે
ફૂલ્યો ફાલ્યો મોગરિયો બ્હેંકે રે
એવી લીલી લતાઓ બ્હેંકે .......... રઘુપતિ રામ
સખી પાંચમે પોપટ પાળ્યો રે
પાંખ લીલી ને કંઠલો કાળો રે
મુખે રામ ભણંતો ભાળ્યો ............ રઘુપતિ રામ
સખી છઠ્ઠે છેતરવાને આવ્યો રે
કુડ કપટી રાવણ સાથે આવ્યો રે
બે મુખનો મૃગ બનાવ્યો .........રઘુપતિ રામ
સખી સાતમે શ્રીહરિ સમર્યા રે
વાડી ભેળી ઉડાડ્યા છે ભમરા રે
દુઃખ સહીને ઉછેર્યો છે ડમરો .........રઘુપતિ રામ
સખી આઠમે એને નિહાળ્યો રે
ધનુષ્ય ધારીને મૃગલાને માર્યો રે
મૃગ મરતી વખતે પોકાર્યો .........રઘુપતિ રામ
સખી નવમે તે નાંખ્યું તીર રે
જઈ વાગ્યું મૃગને શરીર રે
વ્હાર ધાજો ને લક્ષ્મણ વીર .........રઘુપતિ રામ

સખી દશમે કહે લક્ષ્મણને રે
બેલી વીર બોલાવે છે તમને રે
આડી આણ દીધી છે અમને .........રઘુપતિ રામ
સખી એકાદશી અપવાસી રે
લંપટ લેવા લાગ તપાસી રે
રાવણ સીતાને લઈ ગયો નાસી .........રઘુપતિ રામ
સખી બારસે હનુમાન બળિયા રે
ઠેકી સમુદ્ર પાર ઊતર્યા રે
જઈ જોગમાયાને મળ્યા .........રઘુપતિ રામ
સખી તેરસે ત્રંબાળું ગાજે રે
હાંક હનુમાન કેરી વાગે રે
લ્હાય લંકા તે ગઢમાં લાગે .........રઘુપતિ રામ
સખી ચૌદશે ચિત્ત વિચારી રે
ફોજ વાનરની રચી સારી રે
રામે રાવણને નાંખ્યો મારી .........રઘુપતિ રામ
સખી પૂનમે પ્રભુજી પધાર્યા રે
થાળ ભરી મોતીડે વધાવ્યા રે
માતા કૌશલ્યાને મન ભાવ્યા .........રઘુપતિ રામ
સખી પંદર તિથિ થઈ પૂરી રે
એમાં એકે નથી અધૂરી રે
આત્મા રામની વાણી મધુરી .........રઘુપતિ રામ

## (૧૧૦) ગરુડે ચઢી આવજો ગિરધારી રે

**(રાગ : સખી પડવે તે પંથે ચાલ્યા રે)**

ગરુડે ચઢી આવજો ગિરધારી રે, લજ્જા મારી રાખજો મોરારી રે
ભાવે ગણપતિને ગાએ રે, ગુરુને ચરણે નમીએ રે
પદ પૂજીને પાવન થઈએ, ગરુડે ચઢી આવજો ગિરધારી રે
કુંતા માતા છે શુભ મતિના રે, સતી સાધવી છે દ્રૌપદી રે
મારી વ્હારે ચઢો જદુપતિ રે, ગરુડે ચઢી આવજો ગિરધારી રે
ધર્મ રાજા તે ધર્મનું ધ્યાન રે, રૂડા અર્જુનના વિશ્રામ રે
ભીમ સહિત મહા બળવાન, ગરુડે ચઢી આવજો ગિરધારી રે

જોશી સહદેવને લાવે રે, તે તો પાંડુ પુત્ર કહાવે રે
તેજવંતા તે નિકુળ આવે, ગરુડે ચઢી આવજો ગિરધારી રે
હસ્તિનાપુરમાં હોડ જ ધારી રે, માંડ્યા ધ્રુત ને બાજી હારી રે
પહેલા પાસે હસ્તિાનાપુર હારી, ગરુડે ચઢી આવજો ગિરધારી રે
બીજે હાર્યા તે સર્વ ભંડાર રે, ધર્મ રાજા કરે વિચાર રે
એમ હાર્યા તે વારંવાર, ગરુડે ચઢી આવજો ગિરધારી રે
ત્રીજે હાર્યા તે ચતુર ચુકાવી રે, ધ્રુત વિદ્યા થકી ગદા હારી રે
ચોથે હાર્યા તે દ્રૌપદી નારી, ગરુડે ચઢી આવજો ગિરધારી રે
પાંડવ હાર્યા તે હિંમત મેલી રે, એમની વાત વિશ્વમાં થયેલી રે
બહુનામી થજો મારા બેલી, ગરુડે ચઢી આવજો ગિરધારી રે
એવે બોલ્યા દુર્યોધન અહંકારી રે, તેડી લાવો પાંડવ નારી રે
એમ સભામાં બોલ્યા પોકારી, ગરુડે ચઢી આવજો ગિરધારી રે
ત્યારે દુશાસન દોડતો આવ્યો રે, સભાને સમાચાર સંભળાવ્યા રે
કેશ પકડીને દ્રૌપદીને લાવ્યા, ગરુડે ચઢી આવજો ગિરધારી રે
સુણી બોલ્યો દુર્યોધન અહંકારી રે, ખોળે બેસો પાંડવની નારી રે
એમ સભામાં બોલ્યા પોકારી, ગરુડે ચઢી આવજો ગિરધારી રે
ત્યારે સખીએ દીધો શ્રાપ રે, તને લાગ્યું પૂર્વનું પાપ રે
ખોળે બેસે ગદા ભીમ કેરી રે, તને કાળે દીધો છે ઘેરી રે
બધું યાદળ કુળ તારું વેરી, ગરુડે ચઢી આવજો ગિરધારી રે
દૂર પંથ દ્વારિકા ગામ રે, સાંજે સૂતા સુંદર શ્યામ રે
મારી વ્હારે ચઢો ઘનશ્યામ, ગરુડે ચઢી આવજો ગિરધારી રે
હરિએ ગરુડ કર્યો તૈયાર, ત્યારે બોલ્યાં રૂક્ષ્મણી નાર રે
તમે ક્યાં રે પધારો ભરથાર, ગરુડે ચઢી આવજો ગિરધારી રે
સતીને ભરી સભામાં આણી રે એનાં ચીર દુષ્ટ લેશે તાણી રે
તેની વ્હારે ચઢું છું રાણી, ગરુડે ચઢી આવજો ગિરધારી રે
પ્રભુ ભરી સભામાં આવ્યા રે, પાંચાળીને પટકુળ લાવ્યા રે
કર પકડીને ચીર પહેરાવ્યાં, ગરુડે ચઢી આવજો ગિરધારી રે
હરિએ નવસે નવ્વાણું ચીર પૂર્યા રે, તેમાં એકે નથી અધૂરા રે
ભક્ત કામમાં પ્રભુ છે શૂરા, ગરુડે ચઢી આવજો ગિરધારી રે
જે કોઇ પાંડવ પદ ગાશે રે, તેને કોટિ યજ્ઞ ફળ થાશે રે
હરિદાસનું કારજ સરશે, ગરુડે ચઢી આવજો ગિરધારી રે

## (૧૧૧) પ્રથમ મચ્છા રૂપ ધર્યું

પ્રથમ મચ્છા રૂપ ધર્યું હરિ શા માટે રે ?
માર્યો શંખાસૂર દૈત્ય અર્જુન તે માટે રે
બીજે કશ્યપ રૂપ ધર્યું હરિ શા માટે રે ?
કાઢ્યાં ચૌદ રત્ન અર્જુન તે માટે રે
ત્રીજે વરાહ રૂપ ધર્યું હરિ શા માટે રે ?
પૃથ્વી રાખી દર મોઝાર અર્જુન તે માટે રે
ચોથે નરસિંહ રૂપ ધર્યું હરિ શા માટે રે ?
ઉગાર્યા દાસ પ્રહલાદ, અર્જુન તે માટે રે
પાંચમે વામન રૂપ ધર્યું હરિ શા માટે રે ?
બળિને ચાંપ્યો પાતાળ, અર્જુન તે માટે રે
છઠ્ઠે પરશુરામ રૂપ ધર્યું હરિ શા માટે રે ?
ફરસી ઝીલી બંને હાથ અર્જુન તે માટે રે
સાતમે રઘુવંશ રૂપ ધર્યું હરિ શા માટે રે ?
મારવા તે રાવણ રાય, અર્જુન તે માટે રે
આઠમે કૃષ્ણજી રૂપ ધર્યું હરિ શા માટે રે ?
રમવા તે રાસ વિલાસ અર્જુન તે માટે રે
નવમે બુધ્ધા રૂપ ધર્યું હરિ શા માટે રે ?
બેઠા જોગેશ્વર ધ્યાન અર્જુન તે માટે રે
દશમે કલકી રૂપ ધર્યું હરિ શા માટે રે ?
ભક્તોના કરવા કામ અર્જુન તે માટે રે
ગાયે શીખે ને સાંભળે હરિ શા માટે રે ?
તેનો વૈકુંઠવાસો થાય અર્જુન તે માટે રે

## (૧૧૨) કારતક મહિનાના કા'નજી રે

**રાગ :**

કારતક મહિનાના કા'નજી રે, કે મેલી ચાલ્યા પરદેશ
નારી છે રે તું નાનડી રે
માગશર માસના માવજી રે, રસિયા પેલી હો તીર

પિંજર નાંખ્યા હરિ ઝૂલતા રે કે પહેરણ આછાં હો ચીર
ગોકુળ આવો હરિ નાથજી રે
પોષ માસના અલબેલડા રે, શોષ્યાં જળ જમુનાનાં નીર
આડો હીર મારો વહી ગયો રે .......ગોકુળ
માહ મહિનાની હું સેજડી રે, બીજી મારી વેરણ હો રાત
સૂતાં નહિ આવે હરિ નિદ્રા રે, કે ભૂખે ભાવે નહિ અન્ન .
ગોકુળ આવો હરિ નાથજી રે.
ફાગણ ફૂલ્યો હરિ ફૂલડે રે, ફૂલ્યા કેસરના ઝાડ
કોને છાંટુ હરિ છાંટણાં રે કે, ઊડે અબીલ ગુલાલ
ગોકુળ આવો હરિ નાથજી રે
ચૈત્ર રે ચંપો રોપિયા કે રોપી દાડમ દ્રાક્ષ
માલણ લાવે હરિ મોગરો રે કાચી કળીઓના હાર
ગોકુળ આવો હરિ નાથજી રે
વૈશાખે રે વન વેડિયાં રે વેડી આંબા કેરી ડાળ
રસ ઘોળાયો હરિ વાડકે રે કે જમશું કોની સંગાત
ગોકુળ આવો હરિ નાથજી રે
જેઠે જાણ્યું હરિ આવશે રે નહિ આવ્યા નણંદીના વીર
ગોપીઓને જતાં અમે વારીએ રે .......ગોકુળ
અષાઢ વરસ્યો હરિ આંધળો રે ચોગમ અંધારાં ઘનઘોર
વિજલડી રે ચમકારા કરે રે .......ગોકુળ
શ્રાવણ વરસ્યો હરિ સરોવરે નદીએ ભરાયાં નીર
વ્હાલા મારા કેમ કરી ઊતરે કે .......ગોકુળ
ભાદરવો રે ભર ગાજિયો રે ગાજ્યા અગન ગગન
કોયલડી રે ટહુકા કરે રે કે .......ગોકુળ
અશ્વાને હરિ આવીઆ રે કે આવ્યા નણંદીના વીર
ગોપીઓ સર્વે ટોળે મળી ....ગોકુળ

## (૧૧૩) ગરબો : સરસ્વતી સમરું શારદા

**રાગ : કારતક મહિનાના કા'નજી રે)**

સરસ્વતી સમરું શારદા રે, ગુરુ ગણપત લાગું પાય
સતના બેલી હરિ શામળા રે
કોઈ વેચે મંદિર માળિયા રે
કોઈ વેચે ગામ ગરાસ ...સતના
હરિશચંદ્ર વેચે તારા લોચની રે,
રોહિત દાસ વેચાણ માલણ ઘેર ......સતના
હરિશચંદ્ર વેચાયા નીચ ઘેર,
રાણી તારામતી બ્રાહ્મણ ઘેર .....સતના
ઋષિ બેઠા નાવણ કરે રે,
રાજા હરિશચંદ્ર પાણીડાં જાય ....સતના
માથે બાર બાર બેડાંનો ભાર
તડકે તપે રે લેલાળ ......સતના
રોહિત કુંવર ત્યાંથી ચાલીઆ રે,
આવી ઊભા વાડીની પાસ ......સતના
ત્યાં તો તરત તંબોળી નાગ બન્યો રે,
ફૂલડાં વીણતાં કુંવરને ડંખિયોરે,
કુંવરના તરત જ લીધા પ્રાણ...સતના
કાશીમાં ભણે નિશાળિયા રે,
ભાઈ મારો સંદેશો લઈ જાવ ......સતના
બાઈ પરદેશણ તારો છોકરો રે,
ફૂલડાં વીણતાં કુંવરને ડંખિયો રે ......સતના
કુંવરને ડંખીયો છે નાગ,
કુંવરના તરત જ લીધા પ્રાણ .....સતના
ત્યાંથી તારા રાણી આવ્યાં રે,
આવી ઊભાં વાડીની પાસ ...સતના
ત્યાં તો રૂદન કરે અતિ માવડી રે,
મારા હઠીલા કુંવર રોહિતદાસ ....સતના

નથી સગું નથી સોદરું નથી કાકા ને કુટુંબ ....સતના
કુંવરની કોણ કોણ બાંધે હરિ ઠાઠડી રે,
કુંવરને કોણ લઈ જાય સ્મશાન .......સતના
ત્યાં તો ચાર જણા આવી ઊભા રે,
કુંવરની તરત બાંધી ઠાઠડી રે
કુંવરને તરત પહોંચાડ્યો સ્મશાન .......સતના
ત્યાં તો વીણે છાણાં લાકડાં રે,
ત્યાં તો સીંચે કુંવરની ચેહ ......સતના
જેમ સુવાડ્યા નાના બાળ,
તેમ સુવાડ્યા રોહિતદાસ ......સતના
નથી વાદળ નથી વીજળી રે,
ત્યાં તો વરસે અષાઢી મેઘ .......સતના
બળતી ચેહ કુંવરની ઓલવી રે,
કુંવરને તરત કર્યા સજીવન .......સતના

## (૧૧૪) જોગીન્દ્રપણું રે શિવજી

જોગીન્દ્રપણું રે શિવજી તમારું મેં જાણ્યું,
જટામાં ઝાલીને શિવજી રત્ન ક્યાંથી આણ્યું તો ...જોગીન્દ્રપણું રે
લીલી પીળી પટોળી ને ખાંધે છે ઝોળી
શીદને છુપાવો વ્હાલા, સતી થઈ છે ચોરી તો ...જોગીન્દ્રપણું રે
કોઈ લાવે હાથે ઝાલી, કોઈ લાવે કેડે ઝાલી,
તમે તો લાવ્યા રે શિવજી, મસ્તકે ચડાવી તો ...જોગીન્દ્રપણું રે
જૂઠું બોલો તો શિવજી જટા રે છોડાવું
જો નીકળે નારી તો, ફરી ના બોલાવું તો ..જોગીન્દ્રપણું રે
ભોળા ભોળા શંભુ તમને, વિશ્વ વખાણે,
મહાદેવના ગુણ તે તો, પાર્વતી જાણે તો ...જોગીન્દ્રપણું રે
સુખડનું લાકડું ને, અબીલ ગુલાલ,
કેસર ઘોળ્યા ચંદન, ભર્યા રે કપાળ તો ..જોગીન્દ્રપણું રે

અંગે ભભૂત શિવજી કંઠે કાળો નાગ,
કૈલાસની ઝૂંપડીમાં ગંગા માગે ભાગ તો ..જોગીન્દ્રપણું રે
ચોરની બુદ્ધિ ને, આડો વળ્યો આંક
પરણી લાવ્યા તે મારા કર્મનો વાંક તો..જોગીન્દ્રપણું રે
બાજરાનો રોટલો ને, ટીંડોળાનું શાક
પીરસે માતા પાર્વતી ને જમે ભોળાનાથ ...જોગીન્દ્રપણું રે
આંકડો ધંતુરો શિવજી, ભાંગના છો ભોગી,
ભણે રે નરસૈંયો વ્હાલો, જૂનાગઢનો જોગી તો ...જોગીન્દ્રપણું રે

## (૧૧૫) અણીઆણાં હરિ સેજડી રે

**(રાગ : તમે ના આવો તો મારા સમ)**

અણીઆણાં હરિ સેજડી રે
પિયુજી અમો તીરથડા જાવ હો લાલ
ગોકુળ વ્હેલા પધારજો રે,
વાણે જોશું અમે વાટડી રે કે,
કેવ તો રથડા પાછા વાળું હો લાલ......ગોકુળ વ્હેલા
રાણીએ અકરુડજીને સોંપીઆ રે કે
સોંપીઆ બળિભદ્ર જુગતે જોડ હો લાલ....ગોકુળ વ્હેલા
જુગના જીવન મારી જીભડી રે કે,
કેવતો જીભડી નાખું તોડી હો લાલ......ગોકુળ વ્હેલા
ફરતી ફૂલ તણી ફૂલવાડીઓ રે કે,
વચ્ચે સુંદર શોભે મંદિર હો લાલ......ગોકુળ વ્હેલા
ગોકુળ મથુરા છે બેઉ કાંઠડે રે કે
વચ્ચે જમના જાય ભરપૂર હો લાલ......ગોકુળ વ્હેલા
સ્વામી ધોબણના શ્રી નાથજી રે,
વ્હાલે મારે ઉતાર્યા ભવપાર હો લાલ......ગોકુળ વ્હેલા

## (૧૧૬) તમે ના આવો તો મારા સમ

**(રાગ : અણીઆણા હરિ સેજડી રે)**

તમે ના આવો તો મારા સમ હો લાલ.
શામળ વ્હેલા પધારજો રે
મનથી વરી ચૂકી હું આપને રે
મારા ભવભવના ભરથાર હો નાથ ..શામળા
નાવડી મધ દરિયામાં ડોલતી રે,
જો જો ડૂબી ન જાય મઝધાર હો નાથ ..શામળા
કેમ કરી સમજાવું દિલની વાતડી રે
ત્રિકમ તોડો ના પ્રેમના તાર હો નાથ ...શામળા
ભકતોનાં આંસુ તો સુકાતાં નથી રે,
વ્હાલમ જોઉં તમારી વાટ હો નાથ
શામળા વ્હેલા પધારજો રે

## (૧૧૭) રૂડા અશ્વપતિ રાજાની

**(રાગ : ગાજે પાટણપુરમાં) (સત્યવાન અને સાવિત્રી)**

કવિ રૂડા અશ્વપતિ રાજાને ડાહી દીકરી રે.
જેનું સતી શિરોમણિ સાવિત્રી છે નામ.
જેણે સ્વામીને છોડાવ્યા યમના પાશથી રે
તેણે સકળ જગતમાં અમર કીધું નામ
તેના ઉત્તમ ગુણની ગરબી ગાઓ સુંદરી રે
રાજા એક હતો ઘરડો ને આંખે આંધળો રે
તેનું શત્રુએ લઈ લીધું રાજ્યાસન
તેથી જંગલમાં જઈ બાંધ્યું એણે ઝૂંપડું રે
તેને સત્યવાન નામનો લાડકડો એક તન.
કરતો માતા પિતાની સેવા પૂરા પ્રેમથી રે
જેની કંચન વરણી કાયા વાણી મીઠડી રે
મીઠા મહેરામણના જેવો ગુણ ગંભીર

જાણે ઘરડાં અંધ માતા પિતાની લાકડી રે
રહેતા માતા પિતાની આજ્ઞાને આધીન.
તેની સાથે વરવા સાવિત્રીએ વ્રત આદર્યું રે.
ત્યાં તો નારદ સમજાવે બાળા ઘેલડી રે
તેની સાથે વરતાં થાશે મોટી હાણ
એનો આવરદા તો એક વરસ બાકી રહ્યો રે
માટે ના કરતી તું વગર વિચાર્યું કામ
બીજા રાજકુંવર રૂપાળાની સાથે વરો રે
ત્યાં તો સાવિત્રી બોલી નારદજી સાંભળો રે
લખિયા લેખ લલાટે મિથ્યા નહિ થનાર
મેં તો મનથી માન્યો છે પરમેશ્વર માહરો રે
મારો નિશ્ચય કોટિ કલ્પે નહિ ફરનાર
માટે એ વરની સાથે સગપણ મારું કરો રે
કવિ જોઈ અડગપણું પુત્રીનું રાજાએ પછી રે
દીધું સત્યવાનની સાથે કન્યાદાન.
રૂડા રાજમહેલની વસનારી વગડે વસી રે
ત્યાગી અંબર જૂનાં વસ્ત્ર કીધાં પરિધાન.
સ્નેહે સ્વામી સસરા સાસુની સેવા સજી રે
જેણે કઠણ ભૂમિ પર પાય કદી દીધો નથી રે
જેના પડતા બોલ ઉપાડે દાસી દાસ
જેની કોમળ કાયા ફૂલ શૈયા પર લોટતી રે
તેણે પર્ણકુટીમાં પ્રેમે કીધો વાસ
મારા વૈભવમાં બીજું હવે બાકી નથી રે
ત્યાં તો જળના રેલા સમ દિવસો વહી જતા રે
બાળા નારદજીનાં વચન કરતી યાદ
મનમાં ભય ધરતી નવ કરતી કોને વાર્તા રે
મનથી ગોઠવતી શું કરવા એનો ઘાટ
રજની દિવસ વિચારો એના મનમાં થતા રે
દહાડા ચાર રહ્યા આવરદાની અવધિ તણા રે
સતીએ તે સમયે ત્યાં અન્નજળ દીધું ત્યાગ.

જોડ્યું ચિત્ત પ્રભુમાં ધારીને શુભ ધારણાં રે
સોંપ્યું શ્રીહરિનાં ચરણે પોતાનું ભાગ્ય
સાવિત્રી મારી વ્હારે ચઢજો રે દીનબંધુ શામળા રે
જાણ્યું સાસુ સસરે વહુવર સંકટ વેઠતી રે
શા માટે કરતી અન્ન ઉદકનો ત્યાગ
શાણી શા માટે તું કારણ કાંઈ કહેતી નથી રે
કષ્ટે કરમાશે કોમળ આ તારી કાય
વહુવર આ વયમાં વ્રત કરવાં યોગ્ય તને નથી રે.
દહાડા ચાર વિતાવ્યાં વ્રતની વિધિએ કરી રે
આવ્યો સ્વામી સ્વર્ગે સિધાવવા કેરો દિન
આજે તો ના થાઉં અળગી મારા નાથથી રે
એવો નિર્ણય કર્યો સાવિત્રીએ મન
સ્વામી સંગે રહેવા તૈયારી છાની કરી રે
ત્યાં તો સત્યવાન માબાપ તણે ચરણે નમે રે
કરમાં લઈ કુહાડો કાષ્ટ કાપવા જાય
ત્યારે સાવિત્રી સ્વામીને છાની વીનવે રે
સાવિત્રી આજે વન જોવાની મુજને ઈચ્છા થાય
માટે સંગાથે લઈ જાઓ સ્વામી મુજને રે
સત્યવાન ઘેલી નારી તારી છે કોમળ કાયા ઘણી રે
તારી કનકલતા સરખી કાન્તિ કરમાય
વ્હાલી વનવગડામાં ઝાઝા કંટક ને કાંકરા રે
તારી પંકજ સરખી પગ પાની છુંદાય
માટે હઠ મેલી અલબેલી ઘર માંહી રહો રે
સાવિત્રી સ્વામી તમ સંગાથે જંગલ મંગલ લાગતું રે
ઘરમાં તમ વિણ મુજને ધરતી ખાવા ધાય
હું તો પગલે પગલે પંથ તમે પૂંઠે રહું રે
મુજથી આપ વિના એકલડી નવ રહેવાય
માટે સંગાથે લઈ જાઓ સ્વામી મુજને રે
સત્યવાન નારી જો મુજ સંગે આવ્યાની ઈચ્છા કરો રે
આજ્ઞા માંગો જઈને માતાપિતાની પાસ

વ્હાલી વડીલજનોની આજ્ઞા નવ લોપાય
લખ્યું શાસ્ત્ર પુરાણે તે તો સર્વ તમે જાણો રે
આજ્ઞા માંગીને આનંદે ચાલ્યાં નવદંપતિ રે
પંથે પ્રેમે કરતાં વિધવિધ વાત વિચાર
મુખ મલકાવે પણ સાવિત્રીને ચિંતા અતિ રે
રાખે પળપળ પોતે સ્વામીની સંભાળ
મનમાં ધીરજને ધારી સંભાળે શ્રી હરિ રે
આવ્યાં ગાઢ વનમાં નરનારી બે સાથમાં રે.
વીણ્યાં ફૂલ અને ફળ ઈચ્છા અનુસાર
વળતી કુહાડો લીધો પોતાના હાથમાં રે.
લાગ્યો કાષ્ટ કાપવા સત્યવાન તે વાર
એની આવરદા તો તે સમયે પૂરી થઈ રે
લાગ્યો થાક ઘણો ને અંગ લાગ્યું ધ્રુજવા રે
આવી તમ્મર રૂંધાયો તેનો પ્રાણ
મૂકી કાષ્ટ કાપવાં આવ્યો સાવિત્રી કને રે
વ્હાલી ઓચિંતી આવે છે તનમાં તાણ
શાણી નહિ સમજાતું દુઃખ ઘણું મને થતું રે
મારા નાથ તમારા સંકટ હરજો શ્રી હરિ રે
તમને વનદેવી કુળદેવીની રક્ષાય
ઘરડાં માતપિતાની સેવાનાં પુણ્યે કરી રે
વ્હારે આવીને વિશ્વેશ્વર કરજો સહાય
એવું કહીને બેઠી મસ્તક ખોળામાં ધરી રે
ત્યાં તો યમરાજા આવીને ઊભા રહ્યા રે
જેના વસ્ત્ર તણો દીસે છે રાતો રંગ
જેને માથે છે મુગટ ને કૂંડળ કાનમાં રે
દેખી સાવિત્રીની કાયાએ ઊપજયો કંપ
તો પણ ધીરજને ધારી બોલી તે સુંદરી રે
સાવિત્રી કે' છે સાવિત્રી છો કોણ તમે સાચું કહો રે
નક્કી લાગો છો મુજને દેવ તણા અવતાર
આવ્યા શા માટે ને શું કરવા મનમાં ચાહો રે

મારા મનમાં શંકા થાય અપરંપાર
કવિ એવું બોલી શિર નમાવી સાવિત્રી રહી રે
યમરાજા હું તો ધર્મરાય સાંભળ હે શાણી સતી રે
આવ્યો છું તારા સ્વામીને લેવા કાજ
એની આવરદાની આજ અવધ પૂરી થઈ રે
તારા સ્વામી પરનો સ્નેહ તું વિશાળ
નાંખી ફાંસ પકડિયો સૂક્ષ્મદેહ એવું કહી રે
દેખી બંધાયેલા સ્વામી કેરા દેહને રે
સતીએ તે સમયે કરવા માંડ્યું કલ્પાંત
બાંધીને ક્યાં લઈ જાઓ છો મારા નાથને રે
એવું કહીને દીધો યમરાજાને સાદ
ચાલી પડછાયાની પેઠે પાછળ સુંદરી રે
બોલ્યા ત્યાં યમરાજા સાંભળ હે શાણી સતી રે
જા તું પાછી તારા આશ્રમમાં આ વાર
તારા સ્વામીની કર અંતક્રિયા વિધિએ કરી રે
જેથી થાય તેના જીવ તણો ઉદ્ધાર
નારી નાહક શ્રમ કરવાથી ફળ કશુંએ નથી રે
સાવિત્રી બોલી સાવિત્રી સુણો યમરાજા વિનંતી રે
મારા નાથ વિના હું પાછી નહિ ફરનાર
જ્યાં લઈ જાઓ ત્યાં આવું પણ સંગ તજું નહિ રે
સ્વામી વિના તે સૂનો સઘળો સંસાર
જાતાં એકલડી ઘર જીવ્યાથી મરવું ભલું રે
પૂછ્યું યમરાજા શું ઉત્તર આપો મુજને રે
જગમાં નરનારીના સત્ય સંબંધ મનાય
પણ જો બાંધીને લઈ જાશો મારા નાથને રે
મારા પતિવ્રતાનો ધર્મ કેમ સચવાય
તેનો ઉત્તર આપીને વળતી ડગલું ભરો રે
યમરાજા શાણી અમૃત સરખી વાણી તારી સાંભળી રે
મારા અંતર માંહી ઊપજે છે અનુરાગ
તારી ઈચ્છા માંહી આવે એવું ઓ સુંદરી રે

તારી ઈચ્છા પૂરણ કરવા હું ઊભો અહિં રે
સાવિત્રી. મારા સસરા છે ઘરડા ને આંખે આંધળા રે
તેની રતી સમી આંખો સારી થાય
આવે તેજ સૂરજના સરખું બન્ને આંખમાં રે
અંગે વૃદ્ધપણાનું દુઃખ કદી નવ થાય
એવું બોલીને કર જોડી ઊભી રહી રે
યમરાજા તારા સસરાની આંખો નારી સારી થશે રે
વધશે સૂરજના સરખું આંખોનું નૂર
અંગે વૃદ્ધપણાની પીડા સઘળી વાચરો રે
માટે જો પાછી પુત્રી આવી બહુ દૂર
ચાલ્યાથી ઓ શાણી શ્રમ તુજને થશે રે
સાવિત્રી બોલી સાવિત્રી કર જોડી યમરાજા સુણો રે
મારે વસવું જોઈએ સદાય સ્વામી સંગ
મુજને શ્રમ નહિ લાગે સ્વામી સંગે આવતાં રે
સ્વામીથી દૂર વસતાં તનમાં પ્રગટે ત્રાસ
જગમાં નાથ વિના નારીનું જીવ્યું ધીક્ક છે રે
તમને જોતાં યમરાજા શ્રદ્ધા મને થતી રે
મારા મનમાં ઈચ્છા પ્રશ્ન કર્યાની થાય
શાણાઓ કે' છે કરવી સજજનની સંગતિ રે
તે તો પૂર્વજનમના પુણ્યથી બંધાય
સજજનની સંગતિનું ફળ મિથ્યા જાતું નથી રે
યમરાજા પુત્રી વાણી તારી અમૃત સરખી લાગતી રે
મારા અંતરમાં ઉપજાવે છે અનુરાગ
તારા સ્વામીના જીવિત વિના બીજું માંગ
મારી પાસેથી પુત્રી મનગમતું બીજું માંગ
તારી ઈચ્છા પૂરણ કરવા ઊભો હું અહીં રે
સાવિત્રી મારા સસરાજીનું રાજ્ય દબાવ્યું દુશ્મને રે
તેથી કીધો છે વનડામાં આવી વાસ
તેનું રાજ્ય ગયેલું પાછું સાંપડે રે
નિત્ય ધર્મ રહે અંતરમાં પૂરી વાત

કવિ એવું કહીને સાવિત્રી કર જોડી રહી રે
યમરાજા પુત્રી સસરા તારાનું રાજ્ય ગયેલું પામશે રે
મળશે મનગમતાં વૈભવ શાણી એ નાર
તેની ધર્મ વિષે દ્રઢ શ્રદ્ધાની વૃદ્ધિ થશે રે
પછી વિચાર હવે પુત્રી નહીં કરતી વાર
તારી દેહે દુઃખ થશે ઓ કુળવંતી સતી રે
સાવિત્રી. મારા દુઃખ વિષે બાકી શું યમરાજા કહો રે
મારા નજરે બંધાયેલા દેખું નાથ
મારે શાં સુખ ભોગવવાંને જવું આશ્રમે રે
સુખદુઃખમાં પણ રહેવું સદાયે સ્વામીનાથ
મારે સ્વર્ગતણા સુખ શું કરવા સ્વામી વિના રે
રાખે સકળ જગતને નિયમ મહીં નિત્ય તમે રે
આપો કર્મ તણાં ફળ સર્વેને તત્કાળ
રાજા રંક શત્રુને ગણો સરખા તમે રે
તેથી નામ તમારું ધર્મરાય કહેવાય
શરણે આવ્હેલાનું સંરક્ષણ કરતા તમે રે
યમરાજા શાણી વચનો તારાં અંતર મારું ઠારતાં રે
જેવી તરસ્યાને પાણીની તૃપ્તિ થાય
પુત્રી ના શરમાતી મારી પાસે હજુ માંગતાં રે
બીજું તારા સ્વામીના જીવિત સિવાય
તારી ઈચ્છા પૂરણ કરવા હું ઊભો અહીં રે
સાવિત્રી મારા તાત તણું ઘર પુત્ર વિના સૂનું દીસે રે
તેને આપો ગુણિયલ સો પુત્રો યમરાજ
તેનો વંશ તણી આ વિશ્વે કીર્તિ વધે રે
મારાં માતપિતાનાં સંકટ સર્વે જાય
કવિ એવું બોલીને સાવિત્રી કર જોડી રહી રે
યમરાજા થાશે દશે દિશામાં વંશ તણો વિસ્તાર
તારાં માતપિતાનાં સંકટ સર્વે ટળી જશે રે
તુજને આપ્યું તારી ઈચ્છા અનુસાર
આવી દૂર ઘણે પુત્રી જા તું પાછી હવે રે

સાવિત્રી મારા સ્વામીના સંગે છું તો ક્યાં હું દૂર
મારું મન તો દોડે છે એથી પણ દૂર
સ્વામી સંગે રહેવું એ ભૂષણ સતીઓ તણું રે
ત્યાગી કાયા ને છાયા ક્યાં જાએ દૂર
સ્વામીના વિરહે સતીઓનું જીવ્યું દોહ્યલું રે
રાખે પૂર્ણ ભરોસો સજ્જનો ને જગના જનો રે
વિનંતી કરતા સજ્જનો રાખી વિશ્વાસ
શત્રુ મિત્રો સદા સરખા માને છે સજ્જનો રે
આવે નહિ સૂરજમાં અંધકારનો ભાસ
સજ્જનની સુજનતા કદીયે પલટાતી નથી રે
મુજને તે સાંભરતાં આવે પ્રેમ અથાગ
યમરાજા મારી પાસેથી વરદાનો તારા હિતનાં રે
તારા સ્વામીના જીવન વિના બીજું હજી માંગ
તારી ઈચ્છાને આધીન બની ઊભો અહીં રે
સાવિત્રી મુજને આપો યમરાજા માંગું હું એટલું રે
મારા સ્વામીથી સો પુત્ર મુજને થાય
મારા કુળનું જગમાંહીં માન વધે ઘણું રે
મારા વડીલ જનોને ચરણે પ્રીતિ થાય
એવું બોલીને સાવિત્રી કર જોડી રહી રે
યમરાજા તુજને તેજસ્વી સો પુત્રો ઓ બાળા થશે રે
તારા કુળનું ઝાઝું વધશે જગમાં માન
તારા વડીલજનોની ચરણે પ્રીતિ વધશે રે
માટે જા પાછી ઘેર તું થાશે હેરાન
એવું બોલીને યમરાજા લાગ્યા ચાલવા રે
સાવિત્રી બોલી સાવિત્રી સુણો યમરાજા વિનંતી રે
આપો ઉત્તર મારા પ્રશ્ન તણો આ વાર
મોટા માણસનાં મિથ્યા વચન જાતાં નથી રે
બોલ્યું અબોલ્યું મોટા જનનું ન થાય
જાયે પ્રાણ પરંતુ વચન થકી ફરતા નથી રે
થાવા સો પુત્રો વરદાન તમે આપ્યું મને રે

તે તો કેમ સત્ય થશે મહારાજા
બાંધી લઈ જવા ધારો છો મારા નાથને રે
પળશે કેમ કરીને વચન તમારું આજ
કવિ એવું બોલીને સાવિત્રી કર જોડી રહી રે
યમરાજા પુત્રી ધન્ય તને છે નિશ્ચય તારો એ હશે રે
બાળા તે મુજને વચને બાંધ્યો આ વાર
આજે નિશ્ચય બળથી તેં વશ મુજને કર્યો રે
લે આ છોડું છું પુત્રી તારો ભરથાર
પામ્યો વર્ષ ચારસોનું આયુષ્ય તારો પતિ રે
જગમાં ઘર ઘર નરનારી તારા ગુણ ગાય
પામી સુખ જગમાં અંતે થાય સુગતિ રે
કવિ એવું કહીને અંતર ધ્યાન થયા યમરાય
વાગ્યા દેવ દુંદુભિ પુષ્પતણી વૃષ્ટિ થઈ રે
વળતી આવ્યા આશ્રમમાં સંગતિ દંપતિ રે
સતીના અંતરમાં આનંદ અતિ ઊભરાય
સહુને વિતકની વાતો વિસ્તારીને કહી રે
પ્રેમે લાગ્યાં બંને વડીલજનોને પાય
આપે અંતરની આશિષ બંને એ નરનારને રે
સર્વે વરદાનો યમરાજાનાં સાચાં થાય રે
મળ્યા વૈભવ સઘળા પામ્યાં સુખ તમામ
અંતે શ્રી હરિને શરણે વસીને સુખિયાં થયાં રે
બોલો જય જય કહે છે મિત્ર બુખાલી રામ
ગાતા શીખતા સર્વે સદ્‌વર્તનશાળી પાળજો રે

## (૧૧૮) રૂડા કચ્છ દેશમાં

**(રાગ : રૂડા અશ્વપતિ રાજાની)**

રૂડા કચ્છ દેશમાં ભુજ નગર રળિયામણું રે...
ત્યાં તો વસતો હડમત નામે એક કુંભાર
તેને જંગલમાંથી સુંદર કન્યા સાંપડી રે
કન્યા કંચન વરણી રૂપ તણો ભંડાર

જાણે સ્વર્ગ ઉપરથી દેવની કન્યા ઊતરી રે
તેને નિજ ગૃહ બાળા પુત્રી સમ ઉછેરતો રે
પાડ્યું રૂડું પ્રેમે રાણક દેવી નામ
તે તો રમતાં ભણતાં બાળા મટી યુવતી થઈ રે
રાણક સખીઓ સાથે પનઘટ પાણી જાય
ત્યાં તો કચ્છ નરેશની એક સમે દષ્ટિ પડી રે
તેનું રૂપ જોઈને રાજા દીવાનો થયો રે
તેને અંતર માંહી વરવાની કરી આશ રે
રાયે હડમત પાસે રાણકની કરી માગણી રે
રાજા મારા હૃદય તણી રાણક પટરાણી થાય
એવું રાણકને મહિપતિ સમજાવતો રે
હડમત મારી રત્ન સમી કન્યાને રાજા હરી જશે રે
સમજી હડમત નાઠો ત્યાં રાતો રાત
આવ્યો સોરઠ દેશે મજેમટી ગામે રહ્યો રે
તેના અંતર કેરા સમાયા બહુ સંતાપ
કરતો પ્રભુ ભજન ને આનંદે દિન ગુજારતો રે
કવિ ગરવી ગુણવંતી ગુજરાતે પાટણ શોભતું રે
તેનો મહિપતિ છે સોલંકી સિદ્ધરાજ
તેનો ભાટજ સુંદર કન્યા શોધવા આવિયો રે
રાણક રૂપગુણમાં દેવીનો અવતાર
એવી કીર્તિ સાંભળિ હડમતની પાસે ગયો રે
તેણે સિદ્ધરાજના ગુણ ગાઈ માગું કર્યું રે
રાણક રૂપગુણમાં દેવીનો અવતાર
તેણે પ્રેમ સહિત પુત્રીનું સગપણ જોડ્યું રે
ત્યાંથી ભાટજ સગપણ જોડી હરખે ચાલીઓ રે
આવી સિદ્ધરાજને દીધી શુભ વધામણી રે
એક સમયે રાણક ફૂલવાડીમાં ફરતી હતી રે
ત્યાંહી આવ્યો જૂનાગઢનો રા ખેંગાર
બન્ને પ્રેમ તણી દષ્ટિએ હૃદય મિલાવતા રે
કીધા સૂર્ય સાક્ષીએ વરવાના વિચાર

હૈયાં એકબીજાનાં સોંપી નિજ સ્થાને ગયાં રે
ઉર ઉમંગે રા ખેંગારે ભાણેજ મોકલ્યો રે
દેશળ હરખે આવ્યો હડમત કેરી પાસ
બોલ્યો રાણક વરવા મામાને ઈચ્છા ઘણી રે
સુણતાં સત્વર હડમત બોલ્યો દેશળ સાથ
એનું સિદ્ધરાજની સાથે સગપણ થઈ ગયું રે
રાણો નિરાશ થઈ ઉરમાં અતિ ક્રોધે ભર્યો રે
રા ખેંગાર મારા હૃદયતણી દેવી એ શું લઈ જાય
રાણક રત્ન વિનાના રાજ્ય ભુવન સૂના પડે રે
મારી જીવન તણી શું જ્યોતિ બુઝાય જાય
હું દયા સૂનો પ્રેમી દીવાનો થઈ ફરું રે
લાવ્યો રાણકદેવી હરણ કરી મહેલમાં રે
પામ્યો શુભશાંતિ અંતરમાં રા ખેંગાર
પ્રેમે ધર્મ વિધિથી પરણી પટરાણી કરી રે
પ્રસરી રાણક કેરી હરણ કર્યાની વાત
સુણતા સિદ્ધરાજ અતિ ઉરમાં ક્રોધે ભર્યો રે
તેણે ગઢ ગિરનારને આવી ઘેરો ઘાલીઓ રે
લડતા વીરજનોની હાકે ગાજે રણમેદાન
ગઢને બાર વરસ સિદ્ધરાજે ઘેરો ઘાલીઓ રે
તેથી મન મુંઝાતો પાટણપુરનો રાય
તેને મન ભંગ થઈ પાછું ફરવું ના ગમે રે
એક સમે દેશળ ને રાણો મદીરા પાનથી રે
બંને નશા માંહી પૂર્ણ થયાં ચકચૂર
રાયને વિનાશકાળે વિપરીત બુદ્ધિ ઊપજી રે
દારૂ દેશળ સાથે મોકલ્યો રાણક રાજ
પીતાં ભાન ભૂલીને રાણી પલંગ પર ઢળી પડી રે
દેશળ દીવાનો થઈ પડ્યો સતી સેજમાં રે
દારૂ કેરા વ્યસને દુઃખનાં ખોલ્યાં દ્વાર
રાણો અણઘટતું નજરે નીરખી કોપીઓ રે
કાઢ્યો તે જ ઘડી દેશળને રાજ્ય બહાર

દેશળ વેરભાવથી સિદ્ધરાજને જઈ મળ્યો રે
દેશળ પેઠો માંહી લશ્કરને લઈ આવીઓ રે
ઘાલ્યું સૈન્ય દગાથી જૂનાગઢની માંહી
રાણો સમરાંગણમાં વીર મૃત્યુને પામ્યો રે
આવી રાણક પાસે વીનવતો સિદ્ધરાજ
હું તો પૂર્ણ પ્રેમથી ચાહું તુજને પ્રેમદા રે
રાણક બોલી હું તો એક પતિવ્રત પાળતી રે
મુજને ના સંતાપો પુત્રી ઘણી મહારાજ
પ્રેમે પતિ પાછળ થઈને સંતી સ્વર્ગ જાઉ રે
સતીને પ્રેમભાવથી સમજાવે સિદ્ધરાજ
રાણક તમ કાજે મેં બાર વરસ દુઃખ વેઠીયું રે
રાજા પ્રીત પરાણે પરથી કદી ના થતી રે
સાચું સતીપણું છે સ્વામી સ્નેહનું ધામ
ફોગટ ફાંફા મારે મૂરખ મનથી તું ઘણાં રે
મિથ્યા રૂપ યૌવનમાં શાને ઘેલો થાય
ગંદો હાડ માંસ ને રૂધિર ભરેલો દેહ છે રે
સિદ્ધરાજ રાણી જ્ઞાનતણી વાતો મને જરી ના ગમે રે
વ્હાલી ચાહું તારો સ્નેહ સુધાનું પાન
તમથી પાટણપુરના રાજ્ય ભુવન બહુ શોભતા રે
રાણક પાપી ગર્વ થકી શું મિથ્યા મન ફુલાય
જગમાં કોઈ સુખી ના થયું સતી સંતાપતાં રે
સિદ્ધરાજ રાણક પ્રીતે ભાવે મનમાં જરી સમજે નહી રે.
તારા પુત્રનો હું લઈશ પલમાં પ્રાણ
તુજને બળજબરીથી બેસાડું રંગ મહેલમાં રે
રાણક મુજ બાળકનું પાપી લે ને બલિદાન
મુજ પ્રાણ થકી છે પ્યારું પતિવ્રત રાજવી રે
કવિ સતીનાં વચન સુણીને પાટણ નરપતિ કોપીઓ રે
છેદ્યું રાણક નજરે બાળકનું શિર
રાજા બળજોરથી રાણકદેવી લઈ જાતો રે
જૂનાગઢથી આવ્યા ભોગવકની તીર

રાણક દેવી બોલી રાય અહીં હું સતી બની જાઉં રે
રાજન પરનારીને વિષની વેલી જાણજો રે
નાંખી દુઃખ દરિયામાં કરતી કુળ વિનાશ
સીતા દમયંતી ને દ્રૌપદીનો દાખલો રે
સતીના ધર્મ ટેકથી મહિપતિ મન મુંઝાય
ચંદન કાષ્ટ થકી ચિતા સળગાવે ભુપતિ રે
સિદ્ધરાજ રાણી સત્ય પતિવ્રત પાળ્યું હોય જો પ્રેમથી રે
અગ્નિ પ્રગટાવી લેજો સતી આપોઆપ
સ્વામી સાથ ગમનથી સુખે સ્વર્ગ સંચરો રે
કવિ સતીએ ધર્મ સંકટથી સમર્યા શ્રી ભગવાન
રાણક મારી લાજ રાખવી આજ હરિ તુજ હાથમાં રે
પાપી જોવા માગે આજ પ્રભુ મન પારખું રે
વ્હારે ચઢજો દીન દાસીની ભુદર આજ
મેં તો મનસા વાચા કર્મ પતિવ્રત પાળિયું રે
તો મુજ અંગ માંહે તો પ્રગટાવો અગ્નિદેવ
હું તો અરજ કરીને માગું પ્રભુજી એટલું રે
સચરાચર હરિએ સ્તુતિ સતીની સાંભળી રે
સતીના અંગૂઠે અગ્નિ પ્રગટ્યો તે વાર
ધ્રુજ્યો પાટણ પતિ અંતરમાં દિવ્ય ભાવથી રે
આ શી ભૂલ કરી મેં સમજી મન પસ્તાય
રાજા દીન ભાવથી રાણક પ્રત્યે બોલ્યો રે
રાણી દોષ તજીને ક્ષમા કર માંહેરી રે
દેવી મુજને દો અંતર શુભ આશિષ
મેં તો અંધ બનીને અઘટિત કૃત્ય બહુ કર્યું રે
રાજા નિર્દયતાથી માર્યા મારા બાળ
જેવું કર્મ કર્યું ફળ અંતે તમે પામજો રે
રાણક સતી થંઈને સ્વર્ગ ભુવન સીધાવીઆં રે
તેવું ઉત્તમ પતિવ્રત બહેનો સર્વે પાળજો રે
થાજો સતી સાવિત્રી રામસીતાની જોડ
સજની ઉભય કુળ તારીને પ્રભુપદ પાળજો રે...

## (૧૧૯) ગાજે પાટણપુરમાં

**(રાગ : રૂડા અશ્વપતિ રાજાની)**

ગાજે પાટણપુરમાં ગરવી ગુર્જરનો ધણી રે
સાચો સબળો પેલો સોલંકી સિદ્ધરાજ
તેની કીર્તિ વ્યાપી રહી છે આ જગમાં ઘણી રે
તેણે લોકો કાજે વાવ કૂવા બંધાવ્યા રે
મોટા માન સરોવર દેવળ ધામ વિશાળ
પોખી સર્વ પ્રજાને શત્રુ સમ નમાવીઆ રે
તેણે પાટણ પાસે એક સરોવર આદર્યું રે
ખોદે ખાડા ત્યાં તો માળવી ઓડણ અનેક
નાંખે ઓડણ મંટોડું માથે લઈ ટોપલી રે
પાળે વડની ડાળે ઝૂલે બાળક પારણે રે
માટી લેતાં જસમાં ઝુલાવે નિજ બાળ
વળતાં મુખડું દેખી જાય બાળક પારણે રે
સાધુ વેશે ફરતાં રાજાએ દીઠી ઘણી રે
જાતે રૂપાળી રંગીલી પ્રેમ ચતુર
પાસે જઈને રાજા કહે છે સુણ તું સુંદરી રે
માટી સારવાને આ કોમળ કાયા તારી નથી રે
બીજી ઓડણો છે કામ કરે આવું ગમે રે
મુજને બેસી રહેતાં આવે અંગમાં રોગ
મારા નવલા દહાડા બેઠેલા નવ જાય કદી રે
જસમાં જંગલમાં વસવાને તું સરજી નથી રે
મારા નગર તણો તું આવીને જો નોક
પાટણપુરની શોભા હું તુજને શું કહું રે
નગરે અંધારી શેરી ને ઊંચી મેડીઓ રે
તેમાં માણસ આડે ચાલ્યાનો નહિ માર્ગ
જાણે ઉનાળે ઉભરાતી દેખું કીડીઓ રે
જસમાં માણસ બહુ દેખીને શું ઘેલી બની રે

તારા હલકા મનમાં ઊઠે હલકા ઘાટ
ન જાણે ખાખરની ખીસકોલી સાકર સ્વાદને રે
રાજા મેલાં મન માણસના મેલાં શહેરનાં રે
મેલી ગલીઓમાં મારે છે બહુ દુર્ગંધ
મેલા ઝેર તણા જીવો તો જીવે ઝેરથી રે
જસમાં રાજાનો દરબાર તેં દીઠો નથી રે
તેમાં બાગ બગીચા ખીલે ફૂલ ગુલાબ
મોટા હોજ ફુવારા ઊડે બહુ જોરથી રે
રાજા જંગલ આગળ બાગ બગીચા ધૂળ છે રે
જેવો સૂરજ આગળ તારાનો ચળકાટ
મારા જંગલની મઝા તો મોંઘા મૂલની રે
રાજા જસમાં જંગલની વાતો તું આજ વિચારજે રે
મીઠા સુણીને સારંગી કેરા સુર
કે જે કોમળ સ્વર સુણીને દિલ મારું ઠરે રે
જસમાં રાજા નવ રીઝું સારંગી કેરા સૂરથી રે
મેના મોર બપૈયા ટેવ્યા છે મુજ કાજ
વાતો કોયલના ટહુકાની તો કહેતી નથી રે
ઓડણ આવો તો ઉતારું મારી મેડીએ રે
રહેજો મિત્ર સહોદર સર્વ સંબંધી સાથ
તમને પ્રિયજન માનીને નિશદિન પાળશું રે
મારે ઓડણને ઊતરવા જોઈએ ઝૂંપડી રે
મેડી માડીએ ચડતાં આવે મુજને ફેર
પડતાં પગ માંડીને કાયા થઈ કૂબડી રે
ઓડણ આવે તો પીરસાવું મેવા ચુરમા રે
ઝૂલે હાથી ઘોડા ગુર્જર પતિનો દરબાર
તેને દેખીને હરખાશો ઓડણ ઉરમાં રે
જસમાં મારે ઓડણને તો વાળુ જોઈએ ઘેંસના રે
રાજા શું છે મારે હૈયે હાથીનું કામ
દહીં દૂધ તો મને ભાવે ભૂરી ભેંસનાં રે
ઓડણ માંગી લ્યો ને આછા સાળુ ઓઢવા રે

હીરા માણેક મોતી સોનાના ભંડાર
આવી કંચનવરણી કાયા પર શોભે ઘણી રે
જસમાં શાયલ ટકશે ઘણાં આછા સાળુ ફાટી જશે રે
લાખું ઘાસ ચણોઠી કંઠે કંઠે હાર
પહેરું ફૂલ તણી માળા તો પરણ્યો રીઝશે રે
રાજા જસમાં કહે તું મુજને કેવો છે તારો પતિ રે
તારા જેવી સરજી નારી તેના ઘેર
જસમાં તેના જેવો સખીઓ આ જગમાં બીજો નથી રે
પેલો કેડ કસીને કામ કરે મારો પતિ રે
જેના મોળિયામાં મહેકે છે લાલ ગુલાબ
જેના કોદાળાના ઘાથી ધરતી ધ્રૂજતી રે
જેને કામ કરતાં એ જ ન્યાળે છે તારા ભણી રે
એના મનમાં તારો પૂરો નહિ વિશ્વાસ
રાજા સાચાને ભય લોચનથી સંસારમાં રે
મારા પતિને મારો પૂરો છે વિશ્વાસ
હું તો અન્ય જનોને ભાઈ ગણી રહું ભારમાં રે
મોટા મારાથી સામાને આપે બોલ
તારા આગળ હું નવ અમલ જસમાં આદરું રે
રાજા કાયાનો માયા પર બલ છે નૃપનું રે
પ્રભુએ જીવ ધર્યો છે કાયાની માંય
રાજા જસમાં દૃઢતા તારી દેખીને વિસ્મય થાય છે રે
જગમાં એવા દંપતિના વિયોગ આખર હોય છે રે
માટે મારું મન બહુ મુંઝાય છે રે
જસમાં રાજા કોઈ ન જાણે કાલે મારું શું થશે રે
એવી અલ્પ જીંદગી જાણે છે સૌ લોક
રૂડી રણેણીએ સુખ પરલોક પૂરણ આપશે રે
એવું કહીને જસમાં ટોપલી લઈ પાછી ફરે રે
રાયે લીધો વળતી પાટણ કેરો પંથ
થઈ છે જસમાંના પતિવ્રતની જેને લાગણી રે

## (૧૨૦) બેનો પતિવ્રતા નિજ ધર્મ

**(રાગ : રૂડા અશ્વપતિ રાજાની)**

બેનો પતિવ્રતા નિજ ધર્મ તમે સ્વીકારજો રે
પતિ સેવામાં હાજર •દિન ને રાત
પામો મુક્તિ પદને સુખ ઘણાં સંસારમાં રે
સત્યવચન સહુ બોલજો નિજ પતિ સંગાથ
સાસુ સસરા સર્વને સાચી કહેજો વાત
રાખી નમ્રતા ને માન થકી બોલાવજો રે
વળતી સદ્દગુણથી સૌને રાખો પ્રસન્ન
પામો મુક્તિ પદ ને સુખ ઘણાં સંસારમાં રે
નેહ નવ રાખશો પરપુરૂષની સાથ
પિતા પુત્ર ગણી તેહને બોલો સહુ સંગાથ
ઠઠ્ઠા મશ્કરી કરીને બહુ નવ બોલવું રે
વળી એકાંતે નવ કરવો ગુપ્ત વિચાર
પામો મુક્તિ પદ ને સુખ ઘણાં સંસારમાં રે
દાગીના નવ પેરવા નીત જોવું પતિ સુખ
સદ્દગુણમાં રહેજો તમે એકેય પામો સુખ
લડવું વઢવું ને ગુસ્સામાં કદી નવ બોલવું રે
રહેવું સંતોષે આપ્યું જે જગદીશ
પામો મુક્તિ પદ ને સુખ ઘણાં સંસારમાં રે
પતિ પ્રકૃતિ હાથ જે અગ્નિ કેરી ઝાળ
સંતોષે બુઝવશો સામો ન આવે કાળ
હરવું ફરવું ને સુખેથી દિન ગુજારવા રે
તેથી થાશે સહુ દેહ તણું કલ્યાણ
પામો મુક્તિ પદ ને સુખ ઘણાં સંસારમાં રે
ધન સંપત્તિ પામશો પટકુશ જુદા રંગ
સર્વે ફોગટ જાણજો ધરજો સદ્દગુણ સંગ
મળશે પરમેશ્વર આપે મુક્તિ ફળ સાથમાં રે
કહે લક્ષ્મણ ગણપત હેત ધરી મન હંસ
પામો મુક્તિ પદ ને સુખ ઘણાં સંસારમાં રે

## (૧૨૧) ભાઈ બહેનનો ગરબો...

**(રાગ : શબરી નામે ભીલડી રટે રામ નામ)**

સાખી : ભાઈ મરે ભવ હારીએ બેન મરે દિસ જાય.
બચપણમાં જેનાં મા બાપ મરે ચૌદીસના વા વાય.
ભાઈ ને બહેનના હેતની સાંભળજો આ વાત
આઠ વર્ષની બાળકી ને પાંચ વર્ષનો ભાઈ
બચપણમાં ગુજરી ગયાં એનાં મા ને બાપ
બચપણમાં દુઃખ આવ્યું ત્યારે કોણ લે સંભાળ
ચલતી : ભાઈ બહેન ચાલ્યાં રે મોસાળ મામી દુઃખ દેય અપાર.
ખૂણે રોતાં નાનાં બાળ રે, માડીના જાયા રે, રે માડીના જાયા.
બ્હેનીનાં મહેંણાં મારે ભાંગવાં રે
ભાઈ લાવે કાષ્ટના ભારા બહેની કૂવે પાણી જાય.
ભરી લાવે પાણીની વેલ રે માડીના જાયા રે, રે માડીના જાયા.
બ્હેનીના મહેણાં મારે ભાંગવાં રે..
વીતી જાય દિનરાત, બહેની મોટેરી થાય
બેનીનાં લગ્ન લેવાય રે, માડીના જાયા રે, રે માડીના જાયા
બ્હેનીનાં મહેણાં મારે ભાંગવા રે
સાખી : બહેનને વળાવી સાસરીએ ભાઈ ગયો પરદેશ
વર્ષો પર વર્ષો વીતી ગયાં ના જોયો બેનીનો દેશ
સખી પૂછે સાહેલડી ક્યાં છે તારો વીર.
જો બાંધવ તારો હોય તો લાવે મોંઘેરી ચીજ
ચલતી : વીરા જોવા તલસે નૈન. લોકો મહેંણાં દે છે અપાર
આવો બાંધવ લાખેણા રે માડીના જાયા રે, રે માડીના જાયા
બ્હેનીનાં મહેંણાં મારે ભાંગવાં રે
સાખી : સાસુ નણંદ મને સંતાપતી મને મ્હેંણાં દે અપાર
રે ભાઈ ભટકતો તારો શું જાણે જગની વાત
ભિખારી તુજ ભાઈ છે અને પડ્યો રહે પરદેશ
તુજ સારૂં શું લાવશે, ખાતો હશે કંઈ ઠેસ
ચલતી : સાસુ દેતી એવી ગાળ, નણંદી મ્હેણાં દે અપાર
દુઃખનો નહી આવે પાર રે માડીના જાયા રે, રે માડીના જાયા,
બ્હેનીનાં મ્હેંણાં મારે ભાંગવાં રે

છાની છાની રુવે બહેન, નથી ઘર માંહી ચેન
દિવસો જાય છે અપાર રે માડીના જાયા રે, રે માડીના જાયા.
બ્હેનીનાં મ્હેંણા મારે ભાંગવાં રે.
આવ્યો રક્ષાબંધનનો માસ બહેનને ભાઈની છે આશ
વહેલાં આવો મારા વીર રે, રે માડીના જાયા
બ્હેનીનાં મ્હેંણાં મારે ભાંગવાં રે
ભાઈને જોવા તલસે મન નીર ભરાયાં છે નૈન.
લોકો મહેંણાં દે અપાર રે માડીના જાયા રે, રે માડીના જાયા
બ્હેનીનાં મ્હેંણાં મારે ભાંગવાં રે
સાખી : મ્હેણાં ખાતી બેનડી કાગળ વાંચીને વીર
કરજે કાઢી રૂપિયા અને આવ્યો નગર મોઝાર
વેપારી વીરા આવજો અને લાવજો સાડીની જોડ
મારે મારી બેનીના પૂરવા મનના કોડ
ચલતી : આપો સાંકળાની જોડ, આપો કપડાંની જોડ
આપો ચણિયાની જોડ રે, માડીના જાયા રે, રે માડીના જાયા
બ્હેનીનાં મ્હેણાં મારે ભાંગવાં રે
આપો ચોળીઓની જોડ આપો એરીંગની જોડ
આપો કંઠીઓની જોડ રે, માડીના જાયા રે, રે માડીના જાયા
બહેનીનાં મ્હેણાં મારે ભાંગવાં રે
સાખી : કપડાં ઘરેણાં લઈ લીધાં અને ચાલ્યો બેનીને દેશ
સાથે ભાણા માટે લઈ લીધી મીઠાઈ ભાવથી લેશ
મ્હેણાં બેનનાં ભાંગવા ચાલ્યો બેનીને દેશ
ચલતી : ચાલે મેના પોપટ જોડ, સાથે હરણ કેરી જોડ
ચાલે સરોવરની પાળ રે માડીના જાયા રે, રે માડીના જાયા
બ્હેનીનાં મ્હેણાં મારે ભાંગવાં રે
સાખી : બ્હેની જુવે તારી વાટ, હજી ન આવ્યો મારો વીર
હાથમાં અમર રાખડી મનડું રહ્યું અધીર
પાદરમાં ગઈ બેનડી જોયું વડનું મોટું ઝાડ
તેના ઉપર ચઢી ગઈ જોવા ભાઈની વાટ
ચલતી : ત્યાં તો નીકળ્યો છે નાગ, જોયો કરડવાનો લાગ.
નથી નાગ સામુ ધ્યાન, એનું ભાઈમાં છે ધ્યાન
ડંખ દીધો તત્કાળ રે માડીના જાયા રે, રે માડીના.જાયા
બ્હેનીનાં મ્હેણાં મારે ભાંગવાં રે

સાખી : ભાઈને મળવાના કોડ મનના મનમાં રહી ગયા
નાગ મામા મને ત્યાં વણ ગુને ડંખ દઈ ગયા
પુત્રો મારા મા વગરના થઈ ગયા
સંભાળ લેશે કોણ એની એ બિચારા થઈ ગયા.
ચલતી : મારા નાના નાના બાળ એની કોણ લે સંભાળ
મારા દુઃખિયારા ને ગરીબડાઓ ભાઈ રે, રે માડીના જાયા રે,
બ્હેનીનાં મ્હેણાં મારે ભાંગવાં રે,
ઘરની બળી વનમાં ગઈ વનમાં લાગી લાય
પરભવમાં પ્રભુ આપજો એ જ મુજને ભાઈ
બ્હેનીનાં મ્હેણાં મારે ભાંગવાં રે
ચલતી : વીરા છેલ્લા રામ રામ માતા પિતાને પ્રણામ
ધરતી માતાને પ્રણામ રે, રે માડીના જાયા, રે માડીના જાયા
બ્હેનીનાં મ્હેણાં મારે ભાંગવાં રે
ભાઈ બહેનના પડ્યા વિજોગ લેખ લલાટે લખ્યા
લખ્યા નહિ મિથ્યા થાય રે માડીના જાયા, રે માડીના જાયા
બ્હેનીનાં મ્હેણાં મારે ભાંગવાં રે
સાખી : ભાણેજને સંભાળજે, એણે નથી જોયાં સુખ
તરફડીઆ બહુ મારતી અને પડ્યો ગળે સાંસ
યાદ તુજને બહુ કરે જોવા મામાનું મુખ
પળમાં પ્રાણ નીકળી ગયા ત્યાં ભેગા થયા સૌ લોક
ચલતી : દોડી આવ્યા નાના નાના બાળ, આવ્યા ગામ કેરા લોક
આવ્યાં સાસુ ને સસરા રે માડીના જાયા રે, રે માડીના જાયા
બ્હેનીનાં મ્હેણાં મારે ભાંગવાં રે,
મામાને મોં શું બતાવશું, હમને નથી હજી ભાન
મારી મા તણો ગયો પ્રાણ રે, માડીના જાયા રે, રે માડીના જાયા
બહેનીનાં મ્હેણાં મારે ભાંગવાં રે,
સાખી : એટલે બાંધવ આવ્યા ગામને પાદરે વીર
સામે મળ્યા ભાણેજડા એના નયને વહે નીર
મામા તારી બેનડી બળી રહી સ્મશાન
જોતાં તારી વાટડી એણે ગુમાવ્યો નિજ પ્રાણ
ચલતી : મામા ચાલો સ્મશાનં જોઈ લ્યો છેલ્લું માનું મુખ
બ્હેની બળે રે સ્મશાન રે માડીનાં જાયા રે, રે માડીના જાયા
બ્હેનીનાં મ્હેણાં મારે ભાંગવાં રે

તમે મોડા આવ્યા કેમ મારી માતા કહેતી એમ
ભાઈ રહે કુશળ ક્ષેમ રે માડી ના જાયા રે, રે માડીના જાયા

સાખી : ભાઈ ગયો સ્મશાન ઓ દુઃખિયારી બેનડી
તારા કોણે લીધા પ્રાણ, મહેંણાં તારા ભાંગવાં
આવ્યો તારો વીર એવું કહી નાંખતો ચિતામાં ચીર

ચલતી : લે ને તારી સાંકળાંની જોડ, લે ને તારી કપડાંની જોડ
લે ને તારી સાડીઓની જોડ રે માડીના જાયા રે, રે માડીના જાયા
બ્હેનીનાં મ્હેણાં મારે ભાંગવાં રે

લે ને તારી એરીંગોની જોડ લે ને તારી ચણિયાની જોડ
લે ને તારી કંઠીઓની જોડ રે માડીના જાયા રે, રે માડીના જાયા.
બ્હેનીનાં મ્હેણાં મારે ભાંગવાં રે

સાખી : ગરીબ ઘરની દીકરી મોટી થઈ મોસાળ
મુખ ન દીઠું ભાઈનું આવ્યો વહેલો કાળ
માથું કૂટી રડતાં તારા નાનાં નાનાં બાળ
બહેની જો ને જાગી આવ્યો ભાઈ અભાગી
જળ વિનાની માછલી અને વાછરડા વિનાની ગાય
તેમ અભાગી હું સૂનો બહેન વિનાનો ભાઈ
નથી કોઈને દુભવ્યા નથી કોઈને દીધી ગાળ
ઓ અભાગી બેનડી તારો વહેલો આવ્યો કાળ

ચલતી : આજ પૂનમ કેરી રાત, મનમાં રહી ગઈ આ વાત
બહેનીનો વહેલો થયો કાળ રે, રે માડીના જાયા, રે માડીના જાયા
બ્હેનીના મ્હેણાં મારે ભાંગવાં રે

સાગ સોનેથી મઢાવું, હીરા માણેકે જડાવું
હાથે હીરા બંધાવું રે માડીના જાયા રે, રે માડીના જાયા
બ્હેનીનાં મ્હેણાં મારે ભાંગવાં રે

મુખે જપે રામ રામ કીધાં બહેનીને પ્રણામ
ભાઈએ ત્યજી દીધા પ્રાણ રે માડીના જાયા રે, રે માડીના જાયા
બ્હેનીનાં મ્હેણાં મારે ભાંગવાં રે

એક બાજુ બહેની બળે બીજી બાજુ બાંધવની ચિતાય
ભાઈની સોનેરી ઝાળ બ્હેનની રૂપેરી ઝાળ
આવો ભાઈ બહેનનો અહેવાલ રે માડીના જાયા રે, રે માડીના જાયા
બ્હેનીનાં મ્હેણાં મારે ભાંગવાં રે

## (૧૨૨) સોનાની લાકડી રણઝણે રે

સોનાની લાકડી રણઝણે રે, રામ ગૌધેન ચારે
ગૌચારી રામ ઘેર આવીઆ રે, રામ સેજે સૂતા
સામી ભીતે અક્ષર લખીઆ રે, એ તો કોની કરણી
પાસે ઊભેલા બે બંધવા રે, ત્યાંથી લક્ષ્મણ બોલ્યા
ઓ મારા લક્ષ્મણ બંધવા રે, આ કોની કરણી
ઓ મારા માડી જાયા વીર રે, આ મારી નથી રે કરણી
બારણે ઊભેલી બે સખીઓ રે, ત્યાંથી સીતા બોલાવ્યાં
અગ્ર ચંદનનાં લાકડાં રે, રામે રથ ઘડાવ્યા
સીતા બેઠાં લક્ષ્મણ હારે, સીતા વન સિધાવ્યાં
ઓ મારા લક્ષ્મણ બંધવા રે, મને તરસ લાગી
આગળ આવે વાવ રે, ભાભી ત્યાં જઈ પીજો
ઓ મારા લક્ષ્મણ બંધવા રે, મને ભૂખ જ લાગી
આગળ આવે વનફળ રે, ભાભી ત્યાં જઈ ખાજો
ઓ મારા લક્ષ્મણ બંધવા રે મને નિદ્રા જ આવે
આગળ આવે આસોપાલવ રે, ભાભી ત્યાં જઈ સૂજો
અર્ધાં ઓઢ્યાં અર્ધાં પાથર્યાં રે, ભાભી ત્યાં જાઈ સૂજો
ભર રે નિદ્રામાં સીતા પોઢ્યાં, ત્યાં રથને હાંક્યો
ભર રે નિદ્રામાંથી સીતા જાગિયાં રે, ત્યાં તો કોઈ ન મળે
ઓ મારી ધરતી માતા રે, મને મહીં રે સમાવો
ધરતી ફાટી બે ભાગલા રે, સીતા મહીં રે સમાયાં
અડધા અંદર અડધા બહાર, રામે ચોટલો ઝાલ્યો
તે દિવસનો દાભડો રે, તે તો અવિચળ કહેવાય

## (૧૨૩) સરસ્વતી શ્યામને વિનવું શામળિયા રે

સરસ્વતી શ્યામને વિનવું શામળિયા રે
ગુરુ ગણપતને લાગું પાય કે રાધાનો ગરબો રે
ચાંદા તે સરખું ચાંદરણું શામળિયા રે
આ રમવા સરખી રાત કે રાધાનો ગરબો રે

સોના બેડું રૂપા ઈંઢોણી શામળિયા રે
મારા ઈંઢોણે રત્ન જડાવ કે રાધાનો ગરબો રે
સરખી સૈયર પાણી સંચર્યાં શામળિયા રે
પેલો કાંઠે ઊભેલો કા'ન કે રાધાનો ગરબો રે
ઘડો ચડાવનાર કોઈ ના શામળિયા રે
કા'ન મને ઘડુલો ચઢાવ કે રાધાનો ગરબો રે
આ તારો ઘડુલો નહિ ચડે શામળિયા રે
એવા નીચ કરે કોણ કામ કે રાધાનો ગરબો રે
ફટ પાપી ફટ ભૂંડીઆ શામળિયા રે
તું છે મારી ઘર કેરી નાર કે રાધાનો ગરબો રે
વાંકા વળી ઘડો મેં લીધો શામળિયા રે
મારી તડાકે તૂટી કેશ કે રાધાનો ગરબો રે
આ ગામના દરજીડાને વિનવું શામળિયા રે
મારી કેશ ટાંકી વ્હેલો આવ કે રાધાનો ગરબો રે
ટાંક ને ઝીણી ઘૂઘરી શામળિયા રે
આ પાલવે ટાંક ઝીણા મોર કે રાધાનો ગરબો રે
જાતા વાગે ઝીણી ઘૂઘરી શામળિયા રે,
આવન્તા ટહૂકે મોર કે રાધાનો ગરબો રે
સાંકડી શેરીમાં સામા મળ્યા શામળિયા રે
ગૌરી ક્યાં ગ્યા'તાં માઝમરાત કે રાધાનો ગરબો રે
રાજાનો કુંવર વેવારિયો શામળિયા રે
એણે વારી વારી રમાડ્યાં રાસ કે રાધાનો ગરબો રે
સાચું બોલે જીવ ઉગરે શામળિયા રે
જૂઠું બોલે જીવ જાય કે રાધાનો ગરબો રે
કાળી તલવારે મસ્તક વિંધ્યા શામળિયા રે
ગૌરીના મસ્તકના કીધા બે ભાગ કે રાધાનો ગરબો રે
અગર ચંદનનાં લાકડાં શામળિયા રે
ગૌરીની પાદરે સિંચાવો ચેહ કે રાધાનો ગરબો રે
સોના સરખી ગૌરીની ચેહ બળે શામળિયા રે
રૂપલા સરખી વરાળ કે રાધાનો ગરબો રે

## (૧૨૪) ભકિત એવી રે રામ એવી રે

ભકિત એવી રે રામ એવી રે, તરસ્યાને પાણી જેવી રે
એક ભમરો કમળમાં રહે છે રે, થડ મોરની સૌરભ લે છે રે
સાંજ પડે ને કમળ બીડાય રે અકળાય ક્યાંય ન જવાય રે
જેવું કમળની પ્રીતે મળવું, એવું હરિચરણે ચિત્ત ધરવું ભક્તિ...
એક ચોર તે ચોરી કરે છે રે, આવી બારણે ફેરા ફરે છે રે
આવી માઝમ રાત અંધારી રે નથી બીતો તે ધીરજ ધારે રે
પારકું ધન પોતાનું કરવું તેવું, હરિચરણે ચિત્ત ધરવું ભક્તિ...
એક ગુણિકા તે ગાયન કરે છે રે નીત નવલા તે રંગ ધરે છે રે
નખ શિશ ને શરીર સમારે રે, દર્પણમાં મુખ નિહાળે રે
પારકું મન પોતાનું કરવું તેવું હરિચરણે ચિત્ત ધરવું ભક્તિ...
એક મૃગ તે વન ચરે છે રે, આવી પારધી ફેરા ફરે છે રે
આવી બેસીને યંત્ર વગાડે રે, મૃગ વાદનો મોહ્યો આવ્યો રે
જેવું યંત્રની પ્રીતે મળવું તેવું હરિચરણે ચિત્ત ધરવું ભક્તિ...
એક ગૌધન ચરવા જાય રે, ઘેર વાછરડા વ્યાકુળ થાય રે
સાંજ પડે ને આડે કરણ રે, મુખ થકી ન તોડે તરણ રે
જેવું યંત્રની પ્રીતે મળવું તેવું હરિચરણે ચિત્ત ધરવું ભક્તિ...
સહુ સખીઓ ટોળે મળી જાય રે, જળ ભરવાને જમુનાજી જાય રે,
એક બેડું મૂક્યું નિરધાર રે, મુખે હસી લીધું કિરતાર રે
ઘેર બાળકને સંભાળવું રે તેવું હરિચરણે ચિત્ત ધરવું ભક્તિ...
બપૈયાને વરસાદ વ્હાલો રે એવી પ્રેમ ભક્તિ તમે ઝીલો રે
ચકોર ચંદ્રમા ઘાલે રે, અણપેખંતાં દ્રષ્ટિને બાળે રે
શ્રી હરિદાસ કલ્યાણને મળવું તેવું હરિચરણે ચિત્ત ધરવું ભક્તિ...

## (૧૨૫) ઝાલર વાગે ને વહાલો હરિરસ ગાય

**(રાગ : માછલી વિયાણી દરિયા બેટ)**

ઝાલર વાગે ને વ્હાલો હરિરસ ગાય, કાન ગોપીનો છેડલો સોહાય
ઝાંઝર ઝમકે ને પુર વાદ્ય, કાનજી આવે ને મારો પાલવ ઝાલે
મેલો મેલો કા'નજી અમારાં ચીર, તું મારી બેનડી ને હું તારો વીર
કોની છે બેનડી ને કોના છે વીર, હમ પરદેશી ને તુમ આહિર
એટલું કહીને મહિયારી ગઈ, જશોદાને મંદિર ઊભી રહી
માતા જશોદા તમારા કા'ન, નીત ઊઠી માંગે મહીંનું દાણ
દાણ માંગે અને વળી મહી ચોરી ખાય, કહો ગોકુળમાં કેમ રહેવાય
જાવ રે ગોવાલણી હમણાં ઘેર, કા'નજી આવશે ત્યારે કરીશું વેર
ગૌધન ચારી કૃષ્ણ આવ્યા ઘેર, માતા જશોદા પૂછે છે પેર
બળ્યું બળ્યું કા'નજી આ શી તારી ટેવ, નીત નીત ઠપકો આવે ઘેર
માતા જશોદા તમારી આણ, એ જૂઠડી એ ચતુર સુજાણ
વૃંદાવનમાં ચારું ગાય, ત્યાં આવે એ ગોપી બે ચાર
એક આવે ને મારી મોરલી સ્હાય, બીજી આવે ને મારો મુગટ લઈ જાય
ત્રીજી આવે ને મારી સૂરતા જુવે, ચોથી આવે ને મારે ચરણે નમે
આટલી વિપત્ત મને વનમાં પડે, તોયે ગોપીઓ મારી રાવ જ કરે
નરસૈઈ મહેતા ક્યાં લગી ગાય, કા'નજી ઊભા મોરલી વાય

## (૧૨૬) સાત સમુંદર ભરિયો પેટ

**(રાગ : માછલી વિયાણી દરિયા બેટ..)**

સાત સમુંદર ભરિયો પેટ, કૃષ્ણજી જન્મ્યા દેવકીને પેટ
ભાંગી ભોગળો ને તૂટ્યાં છે તાળાં, કૃષ્ણજી જન્મ્યા થયાં અજવાળાં
પોળીઆ રે તારી ઊઘડે પોળ, નંદજી વેચે સાકર ગોળ
સાત વરસના કા'નજી થયા, લઈ પાટી ને ભણવા ગયા
ભણી ગણીને તવ સિધ્ધ થયા, ચોરસી ચૌટે ખેલવા ગયા
ખેલતા, ખેલતા, ખેલતા ફરે, નવરંગી વેણ તહાં કૌતુક કરે.

સાત પાંચ સૈયરો ટોળે મળી, ચાલો માતા જશોદા ભણી
માતા જશોદાનું ઘર છે દૂર, વચમાં જાય જમના ભરપૂર
જો કોઈ દેવકીનો ગરબો ગાય, પાપ ટળે ને પાવન થાય.
નરસિંહ મહેતા ક્યાં લગી ગાય, કા'નજી ઊભા મોરલી વાય

## (૧૨૭) માછલી વિયાણી દરિયા બેટ

**(રાગ : ઝાલર વાગે ને વ્હાલો હરિરસ ગાય )**

માછલી વિયાણી દરિયા બેટ, શ્રવણ જન્મ્યો એની માને પેટ
જેમ જેમ માછલી ડગલાં ભરે, તેમ શ્રવણની મા મહિના ગણે
લીલી પીછોળી દરિયા બેટ, શ્રવણ જન્મ્યો એની માને પેટ
ઊંચી પીંપર ટુંકાં પાન, શ્રવણ ધાવે એની માને થાન
પાંચ સાત વર્ષનો શ્રવણ થયો, લઈ પાટી ને ભણવા ગયો
ભણી ગણીને આગળ આવ્યો, શંકરની કુંવરીને પરણી લાવ્યો
શંકરની કુંવરી મારાં વચનો સુણો આંધળાં મા બાપની સેવા કરો
તારાં મા બાપને ત્યાં ઊંડા કૂવામાં નાંખ, મારાં માબાપ ત્યાં વાટ જુએ
આગળ શ્રવણ પાછળ નાર, શ્રવણ ચાલ્યો સાસરાની વાટ
ભોળા સસરાજી મારાં વચનો સુણો, તમારી દીકરીને ઘરમાં પૂરો
ભોળા જમાઈ જમતા જાવ, દીકરીના અવગુણ ગાતા જાવ
ત્યાંથી શ્રવણ ચાલ્યો જાય, સુથારી તણાં ઘર પૂછતો જાય
ભાઈ રે સુથારી મારાં વચનો સુણો, આંધળાં મા બાપ માટે કાવડ ઘડો
કાવડ ઘડજો ઘાટ શું ઘાટ, બન્ને બેસે મારાં આંધળાં મા બાપ
ત્યાંથી શ્રવણ ચાલ્યો જાય. દરજી તણાં ઘર પૂછતો જાય
ભાઈ રે દરજીડા મારાં વચનો સુણો, આંધળાં મા બાપ માટે કપડાં સીવો
કપડાં ઘડજો ઘાટ શું ઘાટ, પેરે ને ઓઢે મારાં આંધળાં માબાપ
ત્યાંથી શ્રવણ ચાલ્યો જાય, કુંભાર તણાં ઘર પૂછતો જાય
ભાઈ કુંભાર મારાં વચનો સુણો, આંધળાં મા બાપ માટે ઘડો ઘડો
ઘડો ઘડજો ઘાટ શું ઘાટ, પાણી પીએ મારાં આંધળાં માબાપ
ખભે કાવડ, હાથમાં નીર, શ્રવણ ચાલ્યો જમના તીર
ઘડો ડૂબ્યો ખખડ્યાં નીર, શ્રવણ વિંધાયો એણી તીર

## (૧૨૮) સૌ કોઈ પિયરમાં જાય મહાદેવજી

સૌ કોઈ પિયરમાં જાય રે મહાદેવજી સૌ કોઈ પિયરમાં જાય રે
હાંરે.. મને પિયર જવાના ઘણા કોડ છે. (૨) હાંરે મને...
રથ કીધો તૈયાર રે મહાદેવજી, રથ કીધો તૈયાર રે
હાંરે એમાં પાર્વતી પિયર જવા સંચર્યાં હાંરે (૨)
કેટલા દિવસના વાયદા પાર્વતીજી કેટલા દિવસના વાયદા
હાંરે તમે કેટલા દિવસે પાછાં આવશો ? હાંરે (૨)
જેટલાં પીપળનાં પાન મહાદેવજી જેટલાં પીપળનાં પાન રે
હાંરે અમે તેટલા દિવસે પાછાં આવશું હાંરે (૨)
છ છ મહિનાના વિયોગી મહાદેવજી છ છ મહિનાના વિયોગી રે
હાંરે એવા મહાદેવને ઘરમાં નથી ગમતું હાંરે (૨)
લીધો મોચીડાનો વેશ મહાદેજી લીધો મોચીડાનો વેશ રે
હાંરે એનાં ખભે શોભે છે લાલ મોજડી હાંરે (૨)
સરખી સહેલીની સંગે પાર્વતી સરખી સાહેલીની સંગ રે
હાંરે એવાં પાર્વતી પાણી ભરવા સંચર્યાં હાંરે (૨)
કરો મોજડીનાં મૂલ મોચીડા કરો મોજડીનાં મૂલ રે
હાંરે મારા પગમાં શોભે છે લાલ મોજડી હાંરે (૨)
થાય નહિ મોજડીનાં મૂલ પાર્વતીજી થાય નહિ મોજડીનાં મૂલ રે
હાંરે એવા મોઘાં મૂલોની મારી મોજડી હાંરે (૨)
આપીશ બે ચાર ગામ મોચીડા વીરા આપીશ બે ચાર ગામ રે
હાંરે વળી આપું હું હૈયા કેરો હાર રે.. હાંરે (૨)
રાંધો ને ભાવતાં ભોજન પાર્વતી રાંધો ને ભાવતાં ભોજન રે
હાંરે તમારા હાથે જમવાના ઘણા કોડ છે હાંરે (૨)
ગુરુ પ્રતાપે ગાય કલ્યાણદાસ ગુરુ પ્રતાપે ગાય રે
હાંરે હું તો તમારા ચરણોનો દાસ છું હાં રે (૨)

## (૧૨૯) ટહુકે વસંત કુંજ કોકિલા રે લોલ

**(રાગ : મીઠા મધુ ને મીઠા મેહુલા રે લોલ )**

ટહુકે વસંત કુંજે કોકિલા રે લોલ
ઘરમાં ભાભીના એવા ગીત રે ભાભીના
ભાવ મને ભીંજવે રે લોલ
વીરા મારાની મધુર મોરલી રે લોલ
નવલ એ રાગ વહે નિત્ય રે .......ભાભીના ભાવ
છોડી પિયરની એણે પાલખી રે લોલ
મૂકી માયા ભરી માત રે, .......ભાભીના ભાવ
વ્હાલાનો સંગ કર્યો વેગળો રે લોલ
મારા એ બંધવાને માટે રે ...ભાભીના ભાવ
સૈયરનો સાથ તજ્યો સામટો રે લોલ
દાદાનો દૂર કર્યો દેશ રે ...ભાભીના ભાવ
ખાંતના ભરેલ તજ્યાં ખેલણાં રે લોલ
છોડ્યો બાળપણ વેશ રે ...ભાભીના ભાવ
સાધી શકે ન અમર સુંદરી રે લોલ
એવો અમોઘ એનો ત્યાગ રે ...ભાભીના ભાવ
શાં શાં તે મૂલ એનાં આંકીએ રે લોલ
શાં શાં સમર્પીએ સોહાગ રે ...ભાભીના ભાવ
એને માડીનો શોભે મોડિયો રે લોલ
રૂડા દાદાજીના રાજ રે.... ભાભીના ભાવ
વહાલ અખંડ મારા વીરનું રે લોલ
લાખ ટકાની કુળ લાજ રે ...ભાભીના ભાવ
એને મંદિર અને માળિયા રે લોલ
સોળે સજાવું શણગાર રે લોલ ...ભાભીના ભાવ
એને તે કોષ તણી કૂંચીઓ રે લોલ
હીરા ને મોતીઓ હાજર રે ...ભાભીના ભાવ

એ તો અન્નપૂર્ણા છે રે લોલ
રઢિયાળા રંગડાની રેલ રે ...ભાભીના ભાવ
માડી જાયો તે મધુર મોરલો રે લોલ
ભાભી ઢળકતી શી ઢેલ રે ...ભાભીના ભાવ
વીરો મહેરામણ મીઠડો રે લોલ
શીળી સરિતાની એ સેર રે ...ભાભીના ભાવ
ચળકે સદાય એનો ચાંદલો રે લોલ
જીવો એ જુગ જુગ જોડ રે લોલ ...ભાભીના ભાવ
હૈયાં એ હેતભર્યાં હિંચજો રે લોલ
પૂરે પ્રભુજી એના કોડ રે ...ભાભીના ભાવ

## (૧૩૦) ઓરી જુવાર ઊગ્યો બાજરો રે સુંદરા

ઓરી જુવાર ઊગ્યો બાજરો રે સુંદરા ઢેલણજી રે
કેડ સમો બાજરો ને ઘૂંટણ સમી જુવાર રે સુંદરા ઢેલણજી રે
ત્યાં બાંધ્યો છે મેં તો માળો રે સુંદરા ઢેલણજી રે
કોને ટોયો મેલું રે સુંદરા ઢેલણજી રે
ગોવિંદજીને ટોયો મેલું રે સુંદરા ઢેલણજી રે
ગોરો માર્યો ને ગયો વાંકો રે સુંદરા ઢેલણજી રે
ભાંગી છે વડલાની ડાળ રે સુંદરા ઢેલણજી રે
તેનો બનાવ્યો રથ રે સુંદરા ઢેલણજી રે
રથે બેસીને મૈયર જાઉં રે સુંદરા ઢેલણજી રે
મૈયરથી દૂઝણી લાવી રે સુંદરા ઢેલણજી રે
વાંકે અંગૂઠે દોહી રે સુંદરા ઢેલણજી રે
મણ મણ દૂધડાં કાઢ્યાં રે સુંદરા ઢેલણજી રે
તેની બનાવી મેં તો ખીર રે સુંદરા ઢેલણજી રે
ઓરણા ને દિગસ નોતરું રે સુંદરા ઢેલણજી રે
તોયે ના ઘટી મારી ખીર રે સુંદરા ઢેલણજી રે
નણંદ ને નણદોઈ નોંતરા રે સુંદરા ઢેલણજી રે
ઝપાટે ઊઠી મારી ખીર રે સુંદરા ઢેલણજી રે

## (૧૩૧) મેંદી તે વાવી માળવે ને એનો રંગ ગયો

**(રાગ : સૂનાં મંદિર સુનાં માળિયા ને મારા)**

મેંદી તે વાવી માળવે ને
એનો રંગ ગયો ગુજરાત રે ....મેંદી
નાનો દિયરિયો લાડકો ને,
કાંઈ લાવ્યો મેંદીનો છોડ રે ....મેંદી
વાટી ઘૂંટી ને ભર્યા વાટકા,
ભાભી રંગો તમારા હાથ રે ....મેંદી
હાથ રંગીને દિયર શું કરું રે,
એનો જોનારો પરદેશ રે ...મેંદી
લાખ ટકા આપું રોકડા ને
કોઈ જાએ દરિયા પાર રે ...મેંદી
શોક્યના સાયબાને જઈ એટલું કે'જો
તારી બહેન પરણે ઘેર આવ રે ...મેંદી
બહેની પરણે તો ભલે પરણે
એની ઝાઝા દિ રોકજો જાન ....મેંદી
શોક્યના સાયબાને જઈ એટલું કે'જો
તારો વીરો પરણી ઘેર આવ્યા ...મેંદી
વીરો પરણે તો ભલે પરણે
એની ઝાઝેરી જોડજો જાન ...મેંદી
શોક્યના સાયબાને જઈ એટલું કે'જો
તારી માડી મરે ઘેર આવ્યા ...મેંદી
માડી મરે તો ભલે મરે,
એને બાળજો બોરડી હેઠ...મેંદી
શોક્યના સાયબાને જઈ એટલું કે'જો
તારી માનિતીની ઊઠી આંખ ...મેંદી
હાલો સિપાઈઓ ભાઈબંધીઓ
હવે હલકે બાંધો હથિયાર ...મેંદી

## (૧૩૨) ગામમાં પિયર ને ગામમાં સાસરું રે લોલ

**(રાગ : ટહુકે વસંત કુંજ કોકિલા રે લોલ)**

ગામમાં પિયર ને ગામમાં સાસરું રે લોલ
મા ને દીકરી પાણીડાં સંચર્યા રે લોલ
કહો દીકરી દુઃખ સુખની વાત જો ...
કપરા સાસરિયામાં જીવવું રે લોલ
સુખના દિવસો માડી વહી ગયા રે લોલ
દુઃખના ઊગ્યાં છે મોટાં ઝાડ જો ...
કપરા સાસરિયામાં જીવવું રે લોલ
પાછળથી નણંદીએ સાંભળ્યું રે લોલ
ભાભી કરે છે આપણા ઘરની વાત જો ..
વહુએ વગોવ્યાં મોટાં ખોરડાં રે લોલ
સાસુએ સસરાને સંભળાવ્યા રે લોલ
વહુ કરે છે આપણા ઘરની વાત જો ....
વહુએ વગોવ્યાં મોટાં ખોરડાં રે લોલ
સસરાએ જેઠને સંભળાવ્યા રે લોલ
વહુ કરે છે આપણા ઘરની વાત જો ...
વહુએ વગોવ્યા મોટા ખોરડા રે લોલ
જેઠે પરણ્યાને સંભળાવ્યા રે લોલ
વહુ કરે છે આપણા ઘરની વાત જો
વહુએ વગોવ્યા મોટાં ખોરડાં રે લોલ
પરણ્યાએ ચેતક ઘોડો ખેલવો રે લોલ
જઈને ઊભા ગાંધીડાને હાટ જો
વહુએ વગોવ્યાં મોટાં ખોરડાં રે લોલ
ભાઈ રે ગાંધીડા વીરા વીનવું રે લોલ
પાશેર તોલાવ્યો સોમલ ખાર જો
વહુએ વગોવ્યાં મોટાં ખોરડાં રે લોલ
વાટી ઘૂંટી ને ભર્યા વાડકા રે લોલ
પીઓ ગોરી નહી તો હું પી જાઉં જો
વહુએ વગોવ્યાં મોટાં ખોરડાં રે લોલ

સસરાએ ડોકટરને બોલાવ્યા રે લોલ
સોમલ ખારે લીધા છે પ્રાણ જો
વહુએ વગોવ્યાં મોટાં ખોરડાં રે લોલ
પહેલો વિસામો ઘરને આંગણે રે લોલ
બીજો વિસામો ઝાંપા બહાર જો
વહુએ વગોવ્યાં મોટાં ખોરડાં રે લોલ
ત્રીજો વિસામો ગામને પાદરે રે લોલ
ચોથો વિસામો સ્મશાન જો
વહુએ વગોવ્યાં મોટાં ખોરડાં રે લોલ
સોના સરખી વહુની ચેહ બળે રે લોલ
રૂપલા સરખી વહુની રાખ રે,
વહુએ વગોવ્યાં મોટાં ખોરડાં રે લોલ
વાળી ઝૂડીને ઘેર આવ્યા રે લોલ
ભવનો ઓશિયાળો હવે હું થયો રે લોલ
માડી હવે કરો દોડાદોડ જો.... વહુએ વગોવ્યા

## (૧૩૩) નાગર નંદજીના લાલ

નાગર નંદજીના લાલ (૨) રાસ રમંતા મારી નથની ખોવાઈ
કાંના જડી હોય તો આપ (૨) રાસ રમંતા મારી નથની ખોવાઈ
નાનેરી નથની ને મહીં ઘણેરાં મોતી
નથનીના કારણીએ હું ફરું છું જોતી જોતી ......નાગર
નાનેરી નથની ને મહીં મઢેલા હીરા
નથની આપો ને મારા સુભદ્રાના વીર વીર વીર......નાગર
નાનેરી પહેરું તો મારા નાકે ના સોહાય
મોટેરી પહેરું તો મારા મુખ પર ઝોલા ખાય ખાય ખાય ......નાગર
આંબે બોલે કોયલડી ને વનમાં બોલે મોર
રાધાજીની નથનીનો શામળિયો છે ચોર, ચોર, ચોર ......નાગર
નથનીના કારણે મેં ઢુંઢ્યું વૃન્દાવન
નથની આપો ને મારા પ્રાણજીવન વન વન વન ......નાગર
નથની આપો ને પ્રભુ નંદના કુમાર
નરસૈયાના સ્વામી ઉપર થાઉં બલિહાર ......નાગર

## (૧૩૪) મથુરામાં ખેલ ખેલી આવ્યા હો કા'ન

મથુરામાં ખેલી ખેલી આવ્યા હો કા'ન ક્યાં રમી આવ્યા
પગનાં ઝાંઝર ક્યાં મૂકી આવ્યા
સાંકળાં તે કોનાં ચોરી લાવ્યા, હો કા'ન
માથાનો મુગટ ક્યાં મૂકી આવ્યા
વેણી તે કોની ચોરી લાવ્યા .....હો કા'ન
પીળાં પીતાંબર ક્યાં મૂકી આવ્યા
સાડી તે કોની ચોરી લાવ્યા .....હો કા'ન
કાનનાં કૂંડળ ક્યાં મૂકી આવ્યા
બુટ્ટી તે કોની ચોરી લાવ્યા .....હો કા'ન
તમારું હૈયું ક્યાં મૂકી આવ્યા
સુધ બુધ કોની ચોરી લાવ્યા .....હો કા'ન

## (૧૩૫) સૂના મંદિર સૂના માળિયા રે

**(રાગ : મેંદી તે વાવી માળવે ને એનો રંગ)**

સૂના મંદિર સૂના માળિયા રે, મારા સૂના હૈયાના મહેલ રે,
સ્નેહધામ સૂના સૂના રે
આધી આશાઓ મારા ઉરની ને કંઈ
આધા આધા અલબેલ રે........સ્નેહધામ
સૂના સૂના તે મારા ઓરડાને,
એક સૂની અંધારી રાત રે.......સ્નેહધામ
પાનાં પારબ્ધનાં ફેરવું
મહી આવે વિયોગની વાત રે........સ્નેહધામ
સૂની વસંતી સૂની વાડીઓ ને
મારા સૂના સવાર ને બપોર રે........સ્નેહધામ
સૈયરને સંગ હું તો બાવરી ને
મારા ક્યાં છે કળાયેલ મોર રે........સ્નેહધામ
સૂનું સૂનું આત્મ આંગણું ને
વળી સૂની સંસારની વાત રે........સ્નેહધામ

માથે લીધા જળ બેડલા ને
હું તો ભૂલી પડી રસઘાટ રે........સ્નેહધામ
સૂની સૂની મારી આંતરડી ને
પેલો સૂનો આત્માનો આભ રે........સ્નેહધામ
પ્રીતમ પ્રીત કેમ વિસર્યા ને
એવો શો દીઠો અપ્રીતમાં લાભ રે.......સ્નેહધામ

## (૧૩૬) બેની બોલે ને મારું હૈયું હરખાય

**(રાગ : માછલી વિયાણી દરિયા બેટ)**

બેની બોલે ને મારું હૈયું હરખાય
બેનને દેખીને મારી આંખો ધરાય
બોલ બોલ બેનડી તું મધુરા બોલ
તારા તે બોલ કરે ચિત્તમાં કલ્લોલ
મોગરાની વેલ જેવી લાગે સોહાય,
નાનકી બેન એવી ઘરમાં દેખાય
આમ તેમ ઘૂમતી ને કરતી કાંઈ કામ
ગાતી શા ગીતમાં સીતા ને રામ
કા'નાની બંસી કેરી જેવી છે રીત
તેથી અધિક મારી બેનીની પ્રીત

## (૧૩૭) મીઠા મધુ ને મીઠા મેહુલા રે લોલ,

**(રાગ : ટહુકે વસંતકુંજ કોકિલા રે લોલ)**

મીઠા મધુ ને મીઠા મેહુલા રે લોલ
એથી મીઠી તે મોરી માત રે
જનનીની જોડ સખી નહિ જડે રે લોલ
પ્રભુના એ પ્રેમ તણી પૂતળી રે લોલ
જગથી જુદેરી એની જાત રે ........જનનીની જોડ
અમીની ભરેલી એની આંખડી રે લોલ
વ્હાલના ભરેલાં એનાં વેણ જો .......જનનીની જોડ
હાથે ગૂંથેલા એના હીરલા રે લોલ

હૈયું હેમંત કેરી હેલ રે.... જનનીની જોડ
દેવોને દૂધ એનાં દોહ્યલાં રે લોલ
શશિએ સીચેલ એની સોડ્ય જો ......જનનીની જોડ
જગનો આધાર એની આંગળી રે લોલ
કાળજામાં કંઈક ભર્યા કોડ જો .......જનનીની જોડ
ચિત્તડું એનું ચાકડે રે લોલ
પળમાં બાંધેલા એના પ્રાણ જો ........જનનીની જોડ
જાગી આશિષ ઉરે મલકતી રે લોલ
લેતા ખૂટે ના એ લ્હાવ જો ........જનનીની જોડ
ધરતી માતા હશે ધ્રૂજતી રે લોલ
અચળા અચૂક એક માય રે ........જનનીની જોડ
ગંગાનાં નીર તો વધે ઘટે રે લોલ
સરખો એ પ્રેમનો પ્રવાહ રે.... જનનીની જોડ
વરસે ઘડીક વ્યોમ વાદળી રે લોલ
માડીનો મેઘ બારેમાસ રે ........જનનીની જોડ
ચળકતી ચંદાની દીસે ચાંદની રે લોલ
એનો નહિ આથમે ઉજાસ રે ........જનનીની જોડ

## (૧૩૮) કા'ના મારગડો ના રોક

કા'ના મારગડો ના રોક માથે ભાર લાગે છે.
મારી ગાગર છલકી જાય કંકર ખૂબ વાગે છે.
શેનાં માંગો દાણ એ તો ચોરીઓનાં કામ છે.
ઘરમાં પેસી ચોરી ખાય માથે ભાર લાગે છે ...કા'ના
આકાશે તો વીજળી ચમકે વાદળીઓ ઘનઘોર
હમણાં તૂટી પડશે આભ માથે ભાર લાગે છે ...કા'ના
મારે જાવું જમના પાર બે કાંઠા ભરપૂર છે.
કા'ના ના કર ખોટા ખેલ માથે ભાર લાગે છે ...કા'ના
લાડકવાયા છો નંદજીના વ્હાલા જશોદામાતના
એમાં અમને શી દરકાર માથે ભાર લાગે છે ...કા'ના
જઈશું જશોદા પાસે કહીશું કા'ન રોકે છે.
દુનિયા ટોકી ટોકી ખાય માથે ભાર લાગે છે ....કા'ના

જાદુ ભરેલી ટોપલી ને જાદુ ભરેલું વ્હાલ છે.
વેળા દોહવાની વહી જાય માથે ભાર લાગે છે ..કા'ના
ભગવાન ભોળાનાથના ને ભક્તજનોનાં સાથના
હેતે ગોપી લાગે પાય માથે ભાર લાગે છે ..કા'ના

## ૧૩૯) સાયબા હું તો તાંબા હેલે પાણીડાં નહિ ભરું

સાયબા હું તો તાંબાની હેલે પાણીડાં નહિ ભરું
સાયબા મને રૂપલા બેડાની ઘણી હોંશ રે ...સાયબા
સાયબા મારે સાસુ સસરા પણ વેગળાં
સાયબા મને પાયે પડવાની ઘણી હોંશ રે ...સાયબા
સાયબા મારે જેઠ ખરા પણ વેગળા
સાયબા મને ઘૂંઘટ તાણ્યાના ઘણા કોડ રે ...સાયબા
સાયબા મારે દિયર ખરા પણ વેગળા
સાયબા મને હોળી રમવાની ઘણી હોંશ રે ...સાયબા

## (૧૪૦) હાંરે વ્હાલા સરસ્વતી શ્યામને વિનવું,

હાંરે વ્હાલા સરસ્વતી શ્યામને વિનવું
હાંરે વ્હાલા ગણપત લાગું પાય લાલજી રે,
ગોપાળ લાલજી રે મોરલી વાગી શ્રી કૃષ્ણની ... ગોપાળલાલજી રે
હાંરે વ્હાલા સોના તે કેરું મારું બેડલું
હાંરે મારી ઈંઢોણીએ રત્ન જડાવ લાલજી રે ... ગોપાળલાલજી રે
હાંરે વ્હાલા દેરાણી જેઠાણી પાણીડાં સંચર્યાં
હાંરે વ્હાલા કાંઠે તે ઊભો કા'ન કા'ન લાલજી રે ...ગોપાળલાલજી રે
હાંરે વ્હાલા કા'ને તે કંકર ફેકીઆ,
હાંરે એ તો વાગ્યા ઘડુલા હેઠ લાલજી રે ...ગોપાળલાલજી રે
હાંરે વ્હાલા ઘડુલો ફૂટ્યો ને નીર વહી ગયાં
હાંરે વ્હાલા ભીજાયાં તે નવરંગ ચીર લાલજી રે...ગોપાળલાલજી રે
હાંરે વ્હાલા સાસુજી મારી ખીજાશે
હાંરે મારી નણદલ દેશે ગાળ લાલજી રે ...ગોપાળલાલજી રે
હાંરે વ્હાલા દેરાણી જેઠાણી મહેણાં મારશે,
હાંરે મારો પરણ્યો કરશે પેર લાલજી રે ...ગોપાળલાલજી રે

## (૧૪૧) સોના ઈંઢોણી રૂપા બેડલું રે

સોના ઈંઢોણી રૂપા બેડલું રે,
નાગર ઊભા રહો રંગરસિયા
પાણીડાં ગઈ'તી તળાવ રે, ....નાગર ઊભા
કાંઠે તે કા'ન ઘોડા ખેલવે રે, ....નાગર ઊભા
કા'ન મને ઘડુલો ચડાવ, ....નાગર ઊભા
તારો ઘડો તે ગોરી તોછડો રે, ....નાગર ઊભા
તું છે ગોવાલણી નાર રે, ....નાગર ઊભા
કેડ મરડીને ઘડો મેં ભર્યો રે, ....નાગર ઊભા
ફાટી મારા સાળુડાની કોર રે, ....નાગર ઊભા
ભાઈ રે દરજીડા વીરા વીનવું રે, ....નાગર ઊભા
ટાંક મારા સાળુડાની કોર રે, ....નાગર ઊભા
ટાંકો ટાંકો ને ઘમ્મર ઘૂઘરી રે, ....નાગર ઊભા
હૈડે લખ લખ ઝીણા મોર રે, ....નાગર ઊભા
જાતા વાગે ઘમ્મર ઘૂઘરી રે, ....નાગર ઊભા
વળતા ટહુકે ઝીણા મોર રે, ....નાગર ઊભા

## (૧૪૨) મને કા'નજી જોયાના કોડ

**(રાગ : મારા પિયુજી પરદેશ જાય)**

મને કા'નજી જોયાના કોડ રે, સૈયર ચાલોની,
દહેરે દહેરે દીવા કરું ને, પૂજું શંકર શિવ રે,
શામળિયાવર પામવાને, કરુ શંભુની સેવ, ........સૈયર
ચંદનભરી તલાવડી ને, મોતીડે બાંધી પાળ રે,
કા'નજી ધૂએ રૂડાં ધોતિયાં ને રાધા પાણીડાંની હેલ ............સૈયર
સાસુ હમારી જશુમતી ને, સસરા શ્રી નંદલાલ રે,
કંથ કોડીલો કા'નજી ને, મારું સાસરું ગોકુળ ગામ, ...........સૈયર
ગાય શીખે ને સાંભળે, વળી હરિ રાધાનો રાસ રે,
તે નર વૈકુંઠ પામશે, ગુણ ગાયે નરસૈયો દાસ ..........સૈયર,

## (૧૪૩) મારા પિયુજી પરઘેર જાય

**(રાગ : મને કાનજી જોયાના કોડ)**

મારા પિયુજી પરઘેર જાય, સખી શું કરીએ રે,
કેમ એકલડું રહેવાય, વિયોગે મરીએ રે...સખી
રૂપ જોઈએ તો રસિયો રૂડો, પ્રાણની જોડે પ્રીત રે,
અણ તેડ્યો આંગણિયે આવે, એવી તે એની રીત...સખી
બોલાવ્યો બોલે નહિ ને, કોને કહીએ વેણ રે
શેરીએ સામો મળે વ્હાલો, નીચાં ઢાળે નેણ...સખી
છળભેદમાં છાનો ફરે ને, વાયદા અમને વાય રે,
નરસૈંયાના સ્વામી અંતર્યામી, હરિ અરઘવાથી ઓળખાય....સખી

## (૧૪૪) મને વ્હાલા ઘણા રણછોડ

**(રાગ : મને કાનજી જોયાના કોડ)**

મને વ્હાલા ઘણા રણછોડ, બાઈ મારી સૈયરો,
પૂરો મારા મનડાના કોડ, બાઈ મોરી સૈયરો,
સસરા રે મારા રાક્ષસ સરખા ને, જેઠ મારા જમ રે,
દિયર મારા હીરા જેવા ને, એવા સાસરીઆના રંગ ....બાઈ મારી
દેરાણી તો દુશ્મન થઈ લાગી ને, જેઠાણી જીવન લેણ રે,
નણદલ કેરું મોઢું રે કાળું ને, વાંકાં બોલે વેણ, ....બાઈ મારી
સાસુ તો સર્પણ થઈ લાગી, તરત મુજને ડંસી રે,
ડંસ તણું ઝેર કબુ ન મીટે, એવા સાસરીઆના ઢંગ....બાઈ મારી
સાસરીઆમાં સુખ નથી અમને, દુઃખનાં દળણાં દળિયે રે,
રામકૃષ્ણ પ્રભુ તમે મળો તો, આવાં દુઃખથી ટળિયે રે .....બાઈ મારી,

## (૧૪૫) વ્હાલા મોરા રે વનમાં વાગે

**(રાગ : મને વ્હાલા ઘણા રણછોડ)**

વ્હાલા મોરા રે વનમાં વાગે રૂડી વાંસલડી
હું તો ઘેલી ફરું ઘરમાંય કોણે દીઠી સાંકલડી
બેડું રે લઈ જળ ભરવા રે જઈ'તી
ઓઢણ શિર પર ભૂલી રે
ઘડુલો તો ઘેર જ ભૂલી, ગાગર મેલ્યા ઢોળી રે .....વાગે રૂડી
દોણી લઈ ગૌ દોહવા રે બેઠી
ચીર ભીંજ્યાં નવ જાણી રે
વાછરડો તો ભરમાં ભૂલી, બાળક બાંધ્યા તાણી રે ....વાગે રૂડી
ગોળી રે માંડી ગોરસ પૂર્યા
મહી પૂર્યાં છે પાણી રે
નેતરૂ લઈ નાવલિયો બાંધ્યો, ઘરનું ઘારણ જાણી .......વાગે રૂડી
ઘી તાવીને છાશમાં રેડ્યાં
દૂધોમાં રેડ્યાં પાણી રે
સાકરે તો શાક વઘારિયું
સેવમાં ભેરી સૂંઠ.....વાગે રૂડી વાંસલડી
સાસુ કેઈ વહુને જંત્રર વળગ્યા વૈદડા તેડાવો રે
દિયર કેય ભોજાયને બાંધી ચાબુકે સમજાવો રે .......વાગે રૂડી

## (૧૪૬) મારા તે બારણે આંબલો ને

**(રાગ : મને કા'નજી જોયાના કોડ)**

મારા તે બારણે આંબલો ને
કંઈ પંખી બેઠાં ચાર ...અળગા રહેવની રે
પંખી જનાવર ઊડી ગયાં ને
મહાદેવજી આવ્યા ઘેર ...અળગા રહેવની રે

જમણા તે હાથમાં દીવડો ને
ડાબા હાથમાં થાળ રે ...અળગા રહેવની રે
ઝૂમ ઝૂમ કરતી મેડીએ ચડી
લેવ ઠાકોરજી થાળ ...અળગા રહેવની રે
બેઠા હતા તે સૂઈ ગયા
છોકરીએ વાળી થાળ ...અળગા રહેવની રે
ઝૂમ ઝૂમ કરતી મેડીએથી ઊતરી
સૈયર પૂછે વાત ...અળગા રહેવની રે
કેવા મળ્યા બેની સાસરા
કેવા મળ્યા ભરથાર ...અળગા રહેવની રે
ભૂંડા મળ્યા બેની સાસરા
દુઃખી થયો અવતાર ...અળગા રહેવની રે
ડાબા તે હાથે દીવડો ને કંઈ
જમણા હાથમાં થાળ ...અળગા રહેવની રે
રૂમ ઝૂમ કરતી મેડીએ ચડી
લેવ ઠાકોરજી થાળ ...અળગા રહેવની રે
સૂતા હતા તે બેઠા થયા
ઠાકોરજીએ ઝડપી થાળ ...અળગા રહેવની રે
રૂમ ઝૂમ કરતી મેડીએથી ઊતરી
સૈયર પૂછે વાત ...અળગા રહેવની રે
કેવા મળ્યા બેની સાસરા ને
કેવા મળ્યા ભરથાર ...અળગા રહેવની રે
સારા મળ્યાં બેની સાસરા ને
સુખી થયો અવતાર ...અળગા રહેવની રે

## (૧૪૭) લીલુડા વાંસની વાંસળી વાય

**(રાગ : ઝાલર વાગે ને વ્હાલો હરિરસ ગાય)**

લીલુડા વાંસની વાંસળી વાય
કા'નો ગોકુળમાં ચારે છે ગાય
કા'નો ગોકુળમાં ચારે છે ગાય
ગોકુળની ગોપી મહી વેચવાને જાય
ગોકુળની ગોપી મહી વેચવાને જાય
કાનો આવીને એનો પાલવડો સ્હાય
મૂકો કાનજી અમારા ચીર
હું તારી બેનડી તું મારો વીર
કોની છે બેનડી ને કોનો છે વીર
તારે ને મારે શી છે સગાઈ
છેડો છોડાવી ગોપી ચાલી ગઈ
જશોદા આગળ ઊભી છે જઈ
જુઓ જશોદા તમારો કા'ન
મારગ વચ્ચે માગે છે દાણ
દાણ માંગે ને મહી લૂંટી રે ખાય
આ રે ગોકુળિયામાં કેમ રહેવાય
જાઓ રે ગોપીઓ તમારે ઘેર
કા'નો આવે ત્યારે પૂછીશું પેર
ગાયો ચારીને કા'ન આવ્યા છે ઘેર
માતા જશોદા પૂછે છે પેર
બળી બળી કા'નજી તારી આ ટેવ
રોજ ઠપકો આવે છે ઘેર
મધરાતડીએ મોરલી વાંય
પાંચ સાત ગોપીઓ ભેગી થાય
એક આવીને મારો મુગટડો સ્હાય
બીજી વાંસલડી ખેંચી રે જાય
ત્રીજી આવીને મારે પાવલે પાય
આરે ગોકુળિયામાં કેમ રહેવાય
પ્રીતમના સ્વામીની સાચી સગાઈ
વ્રજની ગોપીઓ ઘેલી રે થાય

## (૧૪૮) ખમ્મા વીરાને જાઉં વારણે

ખમ્મા વીરાને જાઉં વારણે રે લોલ
મોંઘો મૂલો છે મારો વીર જો ...ખમ્મા
એક સુહાગી ગગન ચાંદલો રે લોલ
બીજો સુહાગી મારો વીર જો ...ખમ્મા
રામ બિરાજે રાજ મંદિરે રે લોલ
પારણે બિરાજે મારો વીર જો ...ખમ્મા
ચંપો ખીલે છે ફૂલવાડીમાં રે લોલ
કુળમાં ખીલે છે મારો વીર જો ...ખમ્મા
એક આનંદ મારા ઉરનો રે લોલ
બીજો આનંદ મારા વીર જો ...ખમ્મા
દેવે દીધી છે મને માવડી રે લોલ
માડીએ દીધો છે મારો વીર જો ...ખમ્મા

## (૧૪૯) ફૂદણિયું

**સવા બશેરની મેં તો પાપડી મંગાવી**

સવા બશેરની મેં તો પાપડી મંગાવી
હિંગ ને તેલ નાંખી ચૂલે ચઢાવી
ભળભળ દેવતે ભળકાવી હો રાજ ...સવા બશેર
પાપડીના શાકમાં થઈ છે લડાઈ
પહેલી થાળીએ મારા સસરાજી બેઠા
એને તો ફિક્કી લાગી હો મારા રાજ ...સવા બશેર
ત્રીજી થાળીએ મારા જેઠજી બેઠા
એને તો તીખી લાગી હો રાજ ...સવા બશેર
ચોથી થાળીએ મારા જેઠાણીજી બેઠાં
એને તો ખારી લાગી હો રાજ ...સવા બશેર
પાંચમી થાળીએ દિયરજી બેઠા
એને તો દુણેલી લાગી હો રાજ ...સવા બશેર
છઠ્ઠી થાળીએ મારા પિયુજી બેઠા
એને તો ચટાકેદાર લાગી હો રાજ ...સવા બશેર
પાપડીના શાકમાં થઈ છે લડાઈ

## (૧૫૦) સરોવર પાણીલાં અમો ગ્યાં'તાં

**(રાગ : વૃન્દા તે વનની વાટે મળ્યો પેલો કાનુડો)**

સરોવર પાણીલાં અમો ગ્યાં'તાં જી રે શામળિયા
મોતીડું જડ્યું એક નંદજીના નાનડિયા
એક મોતી શું વેંચીયુ જી રે શામળિયા
મોતી વાવે ઘણેરાં થાય નંદજીના નાનડિયા
જમનાને કાંઠે ક્યારો ખોદીઓ જી રે શામળિયા
મહી રોપ્યો મોતીનો છોડ નંદજીના નાનડિયા
એક બીજે ને ત્રીજે પાંખડે જી રે શામળિયા
કંઈ ચોથે મોતીની લૂમ નંદજીના નાનડિયા
થાળી ભરીને મોતી વેળિયા જી રે શામળિયા
કંઈ આપ્યાં જશોદાજીને હાથ નંદજીના નાનડિયા
જશોદાએ ગોવાળિયા શણગારીઆ રે શામયા
ગોવાલણ ઝાકમઝોળ નંદજીના નાનડિયા
સઘળા ગોવાળિયા ટોળે મળિયા જી રે શામળિયા
ગોવાલણ લહેરે જાય નંદજીના નાનડિયા
રખોમણી ચાલ્યા રૂસણે જી રે શામળિયા
તેને કોણ મનાવવા જાય નંદજીના નાનડિયા

## (૧૫૧) સોળસોળ ગોપીઓ ટોળે વળીને

**(રાગ : સરોવર પાણીલાં અમો ગ્યાં'તાં)**

સોળ સોળ ગોપીઓ ટોળે વળીને જમુના નાહવા જાય
બાલમ અળગા રેવ રે...
સોળ સોળ ગોપીઓ નાહવા પડી ને વસ્ત્ર મેલ્યાં બહાર
બાલમ અળગા રેવ રે...
વસ્ત્ર વિઠલો હરી ગયો ને ચઢ્યો કદમની ડાળ ..
બાલમ અળગા રેવ રે...

સોળ સોળ ગોપીઓ ટોળે વળી ને કા'નજી આપો અમારાં ચીર
બાલમ અળગા રેવ રે...
ચાર ચાર ડગલાં તમો ભરો તો આલું તમારાં ચીર
બાલમ અળગા રેવ રે...
ચાર ચાર ડગલાં અમો ભરીશું તો જશે તમારી લાજ
બાલમ અળગા રેવ રે...

## (૧૫૨) કાચબો ને કાચબી જળમાં રહેતાં

કાચબો ને કાચબી જળમાં રહેતાં ને, લેતાં માલિકનું નામ
ભાઈ ભાઈ (૨) શું તારી લીલા લહેર છે.
કાચબો ને કાચબી બહાર નીકળ્યાં ને, ચઢ્યાં છે પારધીને હાથ
ભાઈ ભાઈ (૨) શું તારી લીલા લહેર છે.
પારધીએ તો આંધણ મેલ્યા ને ઓરિયા છે હાંડલીની માંહી
ભાઈ ભાઈ (૨) શું તારી લીલા લહેર છે.
કાચબી કહે છે કાચબાને ક્યાં ગયો તારો રામ
ભાઈ ભાઈ (૨) શું તારી લીલા લહેર છે.
મારા તે નાથની નિંદા ન કર તું હમણાં આવશે મારો રામ
ભાઈ ભાઈ (૨) શું તારી લીલા લહેર છે.
દાઝતું હોય તો બેસ મારી પીઠ પર હમણાં આવશે મારો રામ
ભાઈ ભાઈ (૨) શું તારી લીલા લહેર છે.
મેઘરાજાએ વૃષ્ટિ કરી ને, વરસ્યો મુશળધાર,
ભાઈ ભાઈ (૨) શું તારી લીલા લહેર છે.
પાપીનું તો પાપ પ્રગટ્યું ને, પાપી તણાતો જાય, હાંડલી તણાતી જાય
ભાઈ ભાઈ (૨) શું તારી લીલા લહેર છે.
કાચબો ને કાચબી ઉગાર્યાં ને કીધી શામળિયાએ સહાય
ભાઈ ભાઈ (૨) શું તારી લીલા લહેર છે.




કરું અંતરનો નાદ, મારો સાંભળજે સાદ,
મારી આશાના તાર ના તૂટે રે તૂટે,
મારી અલબેલી માત, મારો આધાર,
તારા હૈયાના હેત ના ખૂટે રે ખૂટે.

## (૧૫૩) આજે રામ ઉત્સવ ઉજવાય છે

**(રાગ : આજે પાતાળમાં નોરતા ઉજવાય છે)**

આજે રામ ઉત્સવ ઉજવાય છે રે
ભાવિક ભક્તોને આનંદ થાય છે રે
સૌના હૈયે હરખ ના માય,
આજે રામ ઉત્સવ....

અયોધ્યામાં રામજીની નીકળી સવારી (૨)
રામજીની સાથે લક્ષ્મણજી આવે (૨)
મા કૌશલ્યા તો મનમાં હરખાય છે રે,
સૌના હૈયે હરખ ના માય
આજે રામ ઉત્સવ....

દશરથ જેવા રામજીના પિતા (૨)
કૌશલ્યા જેવા રામજીનાં માતા (૨)
ભક્ત હનુમાન મનમાં મલકાય છે રે,
સૌના હૈયે હરખ ના માય
આજે રામ ઉત્સવ...

ત્રણ ત્રણ માતાના પુત્ર કહેવાતા (૨)
સતી સીતાના સ્વામી કહેવાતા (૨)
મુખ પર આનંદ અપાર છે રે,
સૌના હૈયે હરખ ના માય
આજે રામ ઉત્સવ...

ઓરણા મંડળની બેનો આજે ગરબા ગાય છે (૨)
ઓરણા ગામ આજે ધન્ય બની જાય છે (૨)
ભક્ત સમાજની આશા પૂરણ થાય છે રે
સૌના હૈયે હરખ ના માય
આજે રામ ઉત્સવ ઉજવાય.

## (૧૫૪) મને નવરાત્રી નવરંગી લાગે

**(રાગ : ઓ રંગીલા બાબુ જાદુ કિયા)**

મને નવરાત્રી નવરંગી લાગે
વરસો પુરાણી તોયે નવી લાગે
આરાસુરની માવડી લાગે પ્યારી લાગે હો..
નવરાત્રીના નવ રે દિવસમાં હરકોઈ ગરબા ગાયે,
પૂજન કરતાં ગુણલા ગાતા ચોસઠ બેનીની સંગે
આરાસુરની માવડી....
સુથારી વીરા, ગાંધીડા વીરા, માળીડા વીરાઓ આવતા
માને કાજે શણગાર લાવી, મંદિરીઆ સજાવતા
આરાસુરની માવડી...
ભક્તો નાચતા ઉપવાસ કરતા નાનાં મોટાં બાલુડાં
ઓરણા મંડળ એટલું કહે છે, ગરબા હમારા સ્વીકારજો,
આરાસુરની માવડી...

## (૧૫૫) હો અલ્યા ગામને પાદરીએ

હો અલ્યા ગામને પાદરીએ
બાજે ઢોલકિયા રે
ધન ધના ધન હો... (૨).. હો બાજે....
મંદ મંદ પેલા પવન લહેરાય રે (૨)
મંજુલા સૂરે ગીતડા ગવાય રે (૨)
બાજે બાસુરિયા.... (૨) ... હો બાજે....
ધરતી કેરી કાયા, આજે પલટાય રે (૨)
અમી ભર્યાં નયનો આજે છલકાય રે (૨)
નાચે અંતરિયાં.... (૨) ....હો બાજે...

## (૧૫૬) ગાય રે ગાય ગૌરી ગીત ગાય

**(રાગ : હાય રે હાય, નીંદ નહિ આઈ)**

ગાય રે ગાય ગૌરી ગીત ગાય
ચાંદની રેલાય આજે રંગભરી નોરતાની રાતે, નવરાતે
આંગણાંમાં સાથિયા પુરાવ્યા,
ફરતે મેં તો દીવડા સજાવ્યા,
ગોરું ગોરું રૂપ એનું ઘૂમરે રેલાય.... ગાય રે...
અંબે માડી રમવાને આવ્યાં
શીરે રૂડા ગરબા સોહાવ્યા
લાલ લાલ રંગ ભયો લહેરીયું લહેરાય... ગાય રે...
શોભે માડી સોળે શણગારમાં
ધરણી ધ્રૂજે છે ધમકારમાં
તાળીઓના તાલ, બ્રહ્મલોક ડોલી જાય... ગાય રે....
ઘૂમે માડી સૈયરની સાથમાં
રંગનાં ઊડે છે રંગ છાંટણાં
અંબે માને જોઈ, ભાન ભૂલી જાય.. ગાય રે...

## (૧૫૭) સુનો અંબા જગદંબા

**(રાગ : સુનો ચંપા, સુનો તારા)**

સુન અંબા જગદંબા, તમો મારાં અમો તારા
અરે ઘડી મજા આઈ, આજ રમીએ રાસ
ઘુઘર બાજે ગાયે, ચાલો આજ સારી રાત... સુનો....
ફૂલોની લાવ્યા અમે માળા
ભક્તો ઊભા છે ભોલા ભાલા
દર્શન કરવા (૨) શક્તિ આપો કરીએ કાલાવાલા... સુનો..
ભક્તો ઊભા છે સીધા સાદા
બોલે છે તારી બોલ બાલા
દુઃખી આવે (૨) સુખી આવે કરજે માડી તારા ...સુનો....

હાથે છે ચક્રત્રિશૂળવાળા
ચરણોમાં વહે કંકુ ધારા
રૂમક ઝુમક (૨) પાયલ બાજે ઝાંઝરના ઝમકારા....સુનો..
વાઘે બેસીને માડી આવ્યાં
ઘૂમે છે ગરબે કેવા સારાં
ડમક ડમક (૨) ઢોલક બાજે પાયે નેપૂર બાજે... સુનો...
ગરબા મંડળ તો ચાલ્યું આજે
લાજ મૂકે ને નર નાચે
દર્શન દેવા (૨) વહેલાં આવો બાલુડાની સાથ... સુંનો...

## (૧૫૮) હો... રઢિયાળી પૂનમની રાત

**(રાગ : હો... પૂનમની પ્યારી પ્યારી રાત)**

હો.... રઢિયાળી પૂનમની રાત
મને ગરબે રમવાની ઘણી આશ
રાત તું ના જાતી ના જાતી (૨) હો... રઢિયાળી...
ખીલી છે ચાંદની નીલા ગગનમાં
ચાંદલિયો આજે ઉમંગમાં (૨) હો.. રઢિયાળી...
તેજ તારલીઆ વેરે પ્રકાશ... મને ગરબે..
નાચે છે મન મારું આજે મગનમાં
આજે ઉમંગ અંગ અંગમાં... (૨) હો... સખી
મારા ઉરમાં અનેરો ઉલ્લાસ... મને ગરબે
ગરબામાં રૂપ માનું રાતા ગગનમાં
રન્નાદે રમતાં રંગમાં... (૨) હો... સખી..
કરે મુખડે મીઠું મીઠું હાસ... મને ગરબે...
પાલવડો ઊડે છે માનો પવનમાં
લહેરાતો જાય તરંગમાં... (૨) હો.. સખી.
રમે રઢિયાળી રંગ ભીના રાસ... મને ગરબે...
ખીલે છે પોયણી વન ઉપવનમાં
આવી બહાર રંગ રંગમાં... (૨) હો... સખી..
ફોરે ફૂલડાંની ફોરમ સુવાસ.... મને ગરબે....

## (૧૫૯) નવલાં તે નવ દિન નોરત

નવલાં તે નવ દિન નોરતાં રે
ઉત્સવ અનેરો થાય મારી માવડી... નવલાં...
દીવડા ટોડલીએ મૂક્યા રે
ઘેર ઘેર તોરણ બંધાય મારી માવડી..
ચોરે ને ચૌટે ને ચોકમાં રે
ગરબા તમારા ગવાય મારી માવડી.
કંકુ કેસરના સાથિયા રે
પૂર્યા આંગણીએ આજ મારી માવડી.
ફૂલડાં વેરાયાં વાટમાં રે
પ્રગટાવું ઘીની જ્યોત મારી માવડી.
પરચા પૂરે નવ દિનમાં રે
ગાયે વિજયના નાદ મારી માવડી.
વહેલા વધામણાં આપજો રે
રંગે સૌ રમીએ રાસ મારી માવડી
રઢિયાળી રાતના આવજો રે
સોળે સજી શણગાર મારી માવડી
એકલવાયા નવ આવશો રે
લાવો બહુચરને સાથ મારી માવડી
થન થન હૈયું મારું નાચતું રે
આંખે આંસુ ઊભરાય મારી માવડી
પૂજન કરીશું પ્રેમથી રે
લળી લળી લાગું પાય મારી માવડી
અમૃત વાણી છે આપની રે
ભૂખ તરસ ભૂલાય મારી માવડી

## (૧૬૦) નાચ રે નાચ, નાચ રે

નાચ રે નાચ, નાચ રે (૨)
નાચ રે મૈયા નાચ ગરબો ઘૂમે છે (૨)
અંબા ઘૂમે ને ધરણી ધ્રૂજે છે
પગે કુમ કુમનાં પગલાં ટપકે છે.
એનો નાદ ગગનમાં ગાજે છે.
અરે.. હું રે નાચું તું નાચ ગરબો ઘૂમે છે
નાચ રે નાચ.....
માને ચૂંદડી કસુંબલ શોભે છે.
માને ટીલડી લલાટ પર શોભે છે.
માને ઝાંઝનો ઝણકાર ઝણકે છે
અરે.. હું રે નાચું તું નાચ ગરબો ઘૂમે
નાચ રે નાચ...
મા તારા વિના નથી ગમતું રે
આસોપાલવનાં તોરણ બંધાવ્યાં રે
તારી વાયેમાં ફૂલડાં વેરાણાં રે
અરે... હું રે નાચું તું નાચ ગરબો ઘૂમે છે.
નાચ રે નાચ...

## (૧૬૧) રંગતાળી લેજો રંગતાળી

રંગતાળી લેજો રંગતાળી (૨)
કે અંબાના રૂડા ગરબા, રંગતાળી લેજો રંગતાળી લેજો......
આસોપાલવનાં તોરણ બંધાય
કંકુ કેસરના સાથિયા પૂરાય
સાથિયા પૂરાય માનાં દર્શન થાય (૨)
રંગતાળી લેજો રંગતાળી (૨) કે અંબાના રૂડા....
માને માથે મુંગટ સોહાય
માની કસુંબલ ચૂંદડી લહેરાય
ચૂંદડી લહેરાય માનાં દર્શન થાય (૨)
રંગતાળી લેજો રંગતાળી (૨) કે અંબાના રૂડા....

## (૧૬૨) આવી નોરતાની રાતલડ

આવી નોરતાની રાતલડી, જોઉં તારી વાતલડી
વ્હેલાં વ્હેલાં આવો માવલડી, જોઉં તારી વાતલડી
સાફ કીધાં મેં આગણાં, બાંધ્યાં ફૂલનાં તોરણ
જાત જાતનાં સુગંધ, જોઇ ખુશ થાશે મન
પાણી છાંટી ગઈ વાદલડી.. જોઉં તારી વાતલડી...
રાખો ગરબાનો રંગ આવો સાહેલીની સંગ
મારી હૈયામાં ઉમંગ વાગે શરણાઈ મૃદંગ
તાળી દઈને ફરો ફુદરડી... જોઉં તારી વાતલડી...
મારા હૈયે જાગ્યો ભાવ, ભાવ જોઈને દોડી આવ
મારા હેત વરસાવ, હવે નહિ તલસાવ
તને જોવા તલસે આંખલડી.. જોઉં તારી વાતલડી...
ઓરણા મંડળના બાળ, કેમ ભૂલે ઉપકાર
સજી સોળે શણગાર, જોજે લાગે નહિ વાર
આવી ઠારજે તું આંતરડી... જોઉં તારી વાતલડી...

## (૧૬૩) ચપટી ભરી ચોખા ને ઘીનો છે દીવડો

ચપટી ભરી ચોખા ને ઘીનો છે દીવડો
હે શ્રીફળની જોડ લઈને, હે હાલો હાલો અંબાજી જઈએ રે
સામેની પોળેથી સુથારી આવે
હે બાજટની જોડ લઈને, હે હાલો હાલો આરાસુર જઈએ રે
સામેની પોળેથી દરજીડો આવે
હે ચૂંદડીની જોડ લઈને, હે હાલો હાલો ગબ્બરગોખે જઈએ રે
સામેની પોળેથી માળીડો આવે
હે ગજરાની જોડ લઈને, હે હાલો હાલો ચાચર ચોક જઈએ રે
સામેની પોળેથી સોનીડો આવે
હે ઝાંઝરની જોડ લઈને, હે હાલો હાલો અંબાજી જઈએ રે
સામેની પોળેથી કુંભારી આવે
હે ગરબાની જોડ લઈને, હે હાલો હાલો આરાસુર જઈએ રે

## (૧૬૪) બેઠી ચુંવાળના ચોકમાં રે

**(રાગ : નદી કિનારે નાળિયેરી રે)**

બેઠી ચુંવાળના ચોકમાં રે મા બળધારી રે
હો.... તને લળી લળી લાગું પાય રે મા બળધારી રે
દહેરું ગગનમાં ગાજતું રે મા બળધારી રે
હો.... તારી લાલ ધજા લહેરાય રે મા બળધારી રે
આશા ભર્યાં સૌ આવતાં રે મા બળધારી રે
હો.... એના હૈયે હરખ ના માય રે મા બળધારી રે
ભક્તોના ભાવને ઓળખી રે મા બળધારી રે
હો.... તું તો મનડાંમાં રાજી થાય રે મા બળધારી રે
માને જે તારી માનતા રે મા બળધારી રે
હો.... એની ભાવટ ભાંગી જાય રે મા બળધારી રે
બિંદુ રે તારો બાલુડો રે મા બળધારી રે
હો... એ તો નાચી કૂદીને ગાય રે મા બળધારી રે.

## (૧૬૫) સોહાગી સોણલે વધાવું

સોહાગી સોણલે વધાવું રે
હું તો સોહાગી સોણલે વધાવું
સોના રૂપા ને હીરા, તારા ગૂંથણી (૨)
ગૂંથું હું પાથરણું બિછાવું રે.. હું તો સોહાગી..
સંધ્યાના નવરંગી રંગી અંગુલીઓ (૨)
મોઘેરા છાંટણાં છંટાવું રે... હું તો સોહાગી..
આકાશી થાળમાં ચાંદાના દીવડા (૨)
મૂકી હું આરતી ઉતારું રે.... હું તો સોહાગી..
ઘોર સાગરની ઝાલર એટલી (૨)
છોળે છોળે હું બજાવું રે... હું તો સોહાગી..
મેઘલી રાત અને કાળી વાદળિયા (૨)
વીજળીને કોરે મથાવું રે... હું તો સોહાગી..
ધીન કીત ધીન કીત બાજે મૃદંગ ઢોલ
થૈ થૈ નાચીને નચાવું રે ... હું તો સોહાગી..
સોહાગી સોણલે વધાવું રે...

## (૧૬૬) નવરાત્રીના નવા દિવસમાં

નવરાત્રીના નવા દિવસમાં
રોજ રોજ ઉજાગરો થાય, કે માડી મને નીંદર ન આવે
સોળે શણગાર સજી ગરબામાં ઘૂમતી
ચોસઠ જોગણીની સાથ... કે માડી મને.......
ડગલે ને પગલે મા કંકુડા વેરતાં
થાયે ઝાંઝરનો રણકાર ...... કે માડી મને.....
ગબ્બર ગોખે મા હિંડોળે હીચતાં
થાયે હિંડોળે અવાજ ...... કે માડી મને........
એક દિવસ માએ મને સ્વપ્નામાં બોલાવી
ગરબે રમવાને આવ.....કે માડી મને.........
નવરાત્રીના નવા દિવસમાં...

## (૧૬૭) આજે પાતાલમાં નોરતા ઊજવા

આજે પાતાલમાં નોરતા ઊજવાય છે રે
નવદુર્ગાને નોતરાં દેવાય છે રે
માના હૈયે હરખ ના માય
આજે ગરબામાં રમવા જાય જાય જાય
પાવાગઢથી મહાકાળીની નીકળી સવારી (૨)
ઊંઝાવાળી ઉમિયાદેવી કરે તૈયારી (૨)
મા બહુચર તો મનમાં મલકાય છે રે ....આજે ગરબા
આરાસુરી અંબામા ક્યારની તૈયાર છે (૨)
હીરા જડિત એવો અંગે શણગાર છે (૨)
માના અંબોડે એવો ગુલાલ સોહાય છે રે ....આજે ગરબા
મમાયાદેવી મહાલક્ષ્મીના સંગમાં (૨)
મોતીનો શણગાર શોભે છે અંગે (૨)
માના વાળોમાં મોતી પરોવાય છે રે ....આજે ગરબા
ખોડિયારના સાથમાં ભુવનેશ્વરી ઠાઠમાં (૨)
આશાપુરી તુલજાદેવી થયાં સંગાથમાં (૨)
નવદેવી ભેળા થઈ હરખાય છે રે ....આજે ગરબા
આત્માની વાણીમાં શારદાનો વાસ છે (૨)
ઓરણા મંડળની એક અભિલાષ છે (૨)
આજે આશા પૂરણ થાય છે રે ....આજે ગરબા

## (૧૬૮) બહુચરના દરબારમાં

બહુચરના દરબારમાં આજે નવરાત્રી ઊજવાય
સહિયરોના સથવારમાં આજે નવરાત્રી ઊજવાય
આનંદ આનંદ થાય મા અંબા ગરબો ગાય
નવરાત્રી ઊજવાય મા અંબા ગરબો ગાય
આજે દેખાય રહી અંબા ઉમંગમાં
પાવાગઢવાળી મહાકાળી છે સંગમાં
ફૂદડીઓ ફરતી જાય ...મા અંબા ગરબો ગાય
દાંડિયાંના તાલમાં હૈયાં હિલોળતાં
જ્યારે ઠેસ મારે ત્યારે કંકુડા પડતા
ઝાંઝર છમ છમ થાય...મા અંબા ગરબો ગાય
બહુચર ને ખોડિયાર મનમાં મલકાય છે.
નવરંગ ચૂંદડી હવામાં લહેરાય છે.
નાચતી ને કૂદતી જાય ...મા અંબા ગરબો ગાય
ઓરણા મંડળ પર માની મહેરબાની
કદી નહીં આવે કોઈ પરેશાની
આત્માનો સંગ મળી જાય ...મા અંબા ગરબો ગાય

## (૧૬૯) મારી મા ગરબે રમતી હતી

મારી મા ગરબે રમતી હતી
અંબા ગરબે ઘૂમતી હતી.
મા નવ નોરતાની રાતે કે વાવની કાંઠે
કે ગરબે રમતી હતી.
માએ શણગાર સજ્યા મનગમતા
ઠેસ મારે ને ઝાંઝર ઝમઝમતાં
મા ઘૂમે ચાચરના ચોકે, ગબ્બરના ગોખે ...કે ગરબે
માએ ઓઢી છે ચૂંદડી નવરંગની
માએ વાળી પહેરી છે લાલ નંગની
માનો શોભે હીરાનો હાર, કરે ચમકાર ...કે ગરબે
માએ વેણીમાં ફૂલ ગૂંથ્યાં નવજાતનાં
માને ઉજાગરા થાયે નવ રાતના
મારા મંડળના ઉમંગે કે આતમાનો સંગ
કે ગરબે રમતી હતી.

## (૧૭૦) હું તો ગઈ'તી મેળે મન

હું તો ગઈ'તી મેળે મન ... મળી ગયું એની મેળે મેળામાં
હૈયું હણાઈ ને ગયું તણાઈ જોબનના રેલામાં (૩)
હું તો ગઈ'તી....
મેળો મેળાવનાર મેળો, રંગે મેળાવનાર મેળો
મૂલે મુલાવનાર મેળો, ભૂલે ભુલાવનાર મેળો
ચિત્તનું ચકડોળ મારું આમતેમ ઘૂમતું ને આંખલડી ગઈ અલબેલામાં
હૈયું હણાઈ ને ગયું તણાઈ ...હું તો ગઈ'તી...
મેળામાં આંખના ઉલાળા, મેળામાં પાયલ ઝનકાર
કોઈ ન જાણે ક્યારે વાગે કાળજે ને આંખ્યું ન માંય
મારગના મેળે મન મેળે ખોવાય ત્યારે
રેલાતા રંગે રેલામાં
હૈયુ હણાઈ ને ગયું તણાઈ ...હું તો ગઈ'તી....

## (૧૭૧) બહુચર માના દેરા પાછળ

બહુચર માના દેરા પાછળ કૂકડે કૂક બોલે (૨)
હે... કૂકડા તારી(૨) હોય હોય બોલી મને મીઠી મીઠી લાગે (૨)
ચુંવાળ ચોક મસ્ત બનીને માના નામે ડોલે (૨)
હે.... કૂકડા તારી (૨) હોય હોય બોલી મને મીઠી મીઠી લાગે (૨)
કાનમાં કૂંડળ શોભે તારા પગમાં ઝાંઝર બોલે (૨)
માડી તારા ચણિયા ચોળી ઝૂમે ઝાખમ. જોડે (૨)
હે... કૂકડા તારી (૨) હોય હોય બોલી મને મીઠી મીઠી લાગે (૨)
ત્રણ લોકની રાણી તું તો સર્વશક્તિશાળી (૨)
નમી નમી પાયે લાગું ભક્તોની તું પ્યારી (૨)
હે... કૂકડા તારી (૨) હોય હોય બોલી મને મીઠી મીઠી લાગે (૨)
બહુચર માના દેરા પાછળ કૂકડે કૂક બોલે (૨)
હે... કૂકડા તારી (૨) હોય હોય બોલી મને મીઠી મીઠી લાગે (૨)

## (૧૭૨) ઊંચી તલાવડીની કોર પાણી ગ્યાં 'તાં

ઊંચી તલાવડીની કોર પાણી ગ્યાં'તા
પાણી ભરતાં રે જોયો સાયબો
એ.. ગંગા જમની બેડલું કિનખાબી ઈંઢોણી
નજર્યું વાળી વાયુ તોયે લાગે નજર્યું કોની
વગડે ગાજે મુરલીના શોર ... પાણી ગ્યાં 'તાં
હે.. ભીજી ભીજી જાય મારા સાડુલાની કોર
આંખ મહીલી ઘેરાણી જાણે બન્યું ગગન ઘનઘોર
છાનો ન રહે આંખ્યુંનો તોર .. પાણી ગ્યા'તાં
ઊંચી તલાવડીની કોર ....

## (૧૭૩) પંખીડાં ઓ પંખીડાં

પંખીડાં ઓ પંખીડાં
પંખીડાં રે ઊડી જાજે પાવાગઢ રે
મહાકાળીને જઈને કે'જો ગરબે ઘૂમે રે
ઓ.... ગામના સુથારી વીરા વ્હેલા આવો રે (૨)
મારી મહાકાળીને કાજ રૂડા બાજટ લાવો રે (૨)
સારા લાવો સુંદર લાવો વ્હેલા આવો રે
મહાકાળીને જઈને કે'જો ગરબે..
ઓ.... અલ્યા ગામના કુંભારી વીરા વ્હેલા આવો રે (૨)
મારી મહાકાળીને કાજે રૂડા ગરબા લાવો રે (૨)
સારા લાવો, સુંદર લાવો વેલા આવો રે
મહાકાળીને જઈને કેજો ગરબે...
ઓ.... અલ્યા ગામના સોનીડા વીરા વ્હેલા આવો રે (૨)
મારી મહાકાળીને કાજે રૂડાં ઝાંઝર લાવો રે (૨)
સારા લાવો સુંદર લાવો વ્હેલા આવો રે
મહાકાળીને જઈને કે'જો ગરબે..
ઓ... અલ્યા ગામના મણિયારા વીરા વ્હેલા આવો રે (૨)
મારી મહાકાળીને કાજે રૂડા ચૂડલો લાવો રે (૨)
મહાકાળીને જઈને કે'જો ગરબે....
પંખીડાં ઓ પંખીડાં ....

## (૧૭૪) મારી મહીસાગરને આરે ઢોલ વાગે

મારી મહીસાગરને આરે ઢોલ વાગે છે. (૨)
વાગે છે ઢોલ વાગે છે મારી મહીસાગરને....
ગામે ગામના સુથારી આવે છે.
આવે છે શું શું લાવે છે ?
મારી માની બાજટ લાવે છે. મારી મહીસાગરને....
ગામ ગામના કુંભારી આવે છે.
આવે છે શું શું લાવે છે ?
મારી માની માટલી લાવે છે. મારી મહીસાગરને....
ગામે ગામના સોનીડા આવે છે.
આવે છે શું શું લાવે છે ?
મારી માના ઝાંઝરિયા લાવે છે. મારી મહીસાગરને.

## (૧૭૫) વ્હેલાં આવો માત

વ્હેલાં આવો માત (૨)
તમારા આવ્યા વિના કેમ ઊજવાશે નવરાત્ર
નવરાત્રીના નવલા દહાડા, આવે બાર માસ
આવો અંબા ગરબે રમવા હૈયું હરખાશે
વીતી જાશે રાત (૨) તમારા આવ્યા વિના...
આખો દિવસ કામ કરતાં મન વિચારે ચઢે
ભૂખ ના લાગે થાક ના લાગે, ક્યારે રાત પડે
જોઉં તમારી વાટ (૨) તમારા આવ્યા વિના ...
આવ વ્હેલી કામકાજ મેલી, અંબા અલબેલી
પાવન થાશે ડોલી આજે આનંદની છે હેલી
સહિયરોનો સાથ (૨) તમારા આવ્યા વિના ...
નવી ચાલે નવી ઢબે ગરબો ગવડાવો
ધ્યાન ધરું યાદ કરું આત્મા નહી તડપાવો
દેજો મને સાથ (૨) તમારા આવ્યા વિના....

## (૧૭૬) માડી રે.. અળગાં રાખીને

(રાગ : બેના રે સાસરીએ)

માડી રે.. અળગાં રાખીને અમને અધવચ્ચે ના છોડાય
માડી તો પ્રેમનો સાગર કહેવાય (૨)
દુનિયા બદલાય મા ના બદલાય .. માડી તો પ્રેમનો
તારા વિરહે માડી મારું અંતર રીઝે રડતું
ઘરઘરની હું ઠોકર ખાતો કામ નથી કંઈ જડતું
માડી રે મા દીકરાનો નાતો તું શાને ભૂલી જાય
માડી તો પ્રેમનો...
દુઃખિયારાના દિલની વાતો કાને તારા ધરજે
. ખોળે તારા રમવા દેજે એવી કરુણા કરજે.
માડી રે... આશાનાં ફૂલો મારાં જોજે ના કરમાય
માડી તો પ્રેમનો.. ..
મારા માટે માડી તારી મમતા શાને ખૂટે
જગ રૂઠે તો છો ને માડી તું ના રૂઠે
માડી રે... બિંદુનું બોલ્યું ચાલ્યું મનમાં ન રખાય
માડી તો પ્રેમનો....

## (૧૭૭) આજ મારા ગરબામાં ઘૂમે છે ભવાની

(રાગ : આજ લપટ જાય તો હમેં ના )
આજ મારા ગરબામાં ઘૂમે છે ભવાની
ઘૂમે છે ભવાની મા આરાસુરવાળી......આજ મારા....
આસોની નવલી નવરાતમાં
ઢમ ઢમ ઢોલ વાગે, ઘમ ઘમ ઘોર ગાજે
સૂતેલા શેષ જાગે રે.....
રસિયા સહુએ રમવા આવો, ચાચર ચોકે આજ
આહા....ઓહો....આજ મારા
ચૂંદડી કસુંબલ ચમકે મા
પાયે ઝાંઝરિયાં ઝમકે મા

સોળે શણગાર ધરી ઘૂમે મા ફૂદડી ફરી
તાલી દે લળી લળી રે.......
ગગન આખું ગાજતું, લાગે ડોલી રહ્યું બ્રહ્માંડ
આહા....ઓહો.....આજ મારા
ચાચરમાં કંકુ વેરાયા મા
માડીના મંગળ ગવાયા મા
ધરા તો ધ્રૂજવા માંડી, થાક્યું ના કોઈ થાકે
આનંદ અનેરો આજે રે....
ભક્તો માના ગરબે આજે નાચે થૈ થૈ કાર
આહા....ઓહો આજ મારા....

## (૧૭૮) મારી અંબા ગરબે ઘૂમતી રે

મારી અંબા ગરબે ઘૂમતી રે હો મુખલડું મલકે છે
વાગે ઢોલીનાં ઢોલ, ગાજે ગગનમાં ઘોર......
આંખે અમીરસ છલકે છે .... હો મુખલડું.....
માથે તે દામણી માડીને બહુ શોભે રાજ
હે.... કપાળે ટીલડી ટમકે ને મન મોહે રાજ
વાગે ઢોલીનાં ઢોલ ગાજે ગગનમાં ઘોર
આંખે અમીરસ છલકે છે .... હો મુખલડું.....
કાને કલાફૂલ માડીને બહુ શોભે રાજ
હો.... હાથે તે ચૂડલો ખણકે ને મન મોહે રાજ
વાગે ઢોલીનાં ઢોલ ગાજે ગગનમાં ઘોર
આંખે અમીરસ છલકે છે .... હો મુખલડું.....
હીરાના હાર તો માડીને બહુ સોહે રાજ
હો.... કસુંબલ ચૂંદડી ચમકે ને મન મોહે રાજ
વાગે ઢોલીનાં ઢોલ ગાજે ગગનમાં ઘોર
આંખે અમીરસ છલકે છે .... હો મુખલડું.....
કેડે કંદોરો માડીને બહુ સોહે રાજ
હો... ઝાંઝરિયાં માનાં ઝમકે ને મન મોહે રાજ

વાગે ઢોલીનાં ઢોલ ગાજે ગગનમાં ઘોર
આંખે અમીરસ છલકે છે .... હો મુખલડું.....
કંકુનાં પગલાં માડીનાં બહુ સોહે રાજ
હો.... આનંદે બિંદુ હરખે ને મન મોહે રાજ
વાગે ઢોલીનાં ઢોલ ગાજે ગગનમાં ઘોર
આંખે અમીરસ છલકે છે .... હો મુખલડું.....

## (૧૭૯) ઢોલીડા....ઢોલીડા.....ઢોલીડા

ઢોલીડા ઢોલીડા ઢોલીડા ઢોલીડા ઢોલીડા
ઢોલીડા ઢોલીડા ઢોલીડા
ઢોલીડા ઢોલ ધીમો ધીમો વગાડ ના (૨)
હે....રઢિયાળી રાતડીનો જોજે રંગ જાય ના (૨)
ધ્રૂજે ના ધરણી એ તો રમઝટ કહેવાય ના (૨)
રઢિયાળી રાતડીનો જોજે રંગ જાય ના (૨)
પૂનમની રાતડીમાં આંખ્યું ઘેરાય ના ......રઢિયાળી......માં
ઢોલીડા ઢોલીડા......
ચમકતી ચાલ માને ઘૂઘરી ઘમકાય
નેપૂરના નાદ સાથે તાલીઓના તાલ
હો..હો...હો...હો....
ગરબામાં ઘૂમતાં માને કોઈથી કહેવાય ના (૨)
રઢિયાળી......ઢોલીડા ઢોલીડા......
વાંકડિયા વાળ માને કેશ ઝૂલાય
મોગરાની વેણીમાં શોભે ગુલાબ
હો..હો..હો..હો..
આછી આછી ઓઢણીમાં રૂપ માનું માય ના....(૨)
રઢિયાળી......ઢોલીડા ઢોલીડા......
રાત પણ ગઈ અને વાત પણ ગઈ (૨)
ભક્તિ કેરા દિલડાને રંગે રમી ગઈ (૨)
હો..હો...હો...હો...
લાગ્યો રંગ એવો કે જોયો જોવાય ના ......(૨)
રઢિયાળી...... ઢોલીડા ઢોલીડા......

## (૧૮૦) શ્રાદ્ધ પૂરા થાય નવરાત આવી જાય

શ્રાધ્ધ પૂરા થાય નવરાત આવી જાય
આજ અંબે મૈયા તારા ગુણલા ગવાય (૨)
હું તો શેરીમાં પાણી છંટાવું
મારા આંગણીએ પુષ્પ વેરાવું
માડી આવો ને આજ (૨) મારાં કરવાને કાજ (૨)
મારી અંબે મા..... શ્રાધ્ધ પૂરી થાય.....
હું તો મોતીડે ચોક પુરાવું
આસોપાલવનાં તોરણ બંધાવું
માડી બહુચરવાળી (૨) સાથે ગબ્બરવાળી (૨)
મારી અંબે માં....... શ્રાધ્ધ પૂરા થાય......
કંકુ કેસરના સાથિયા પુરાવું
મા તારા તે દીપ જલાવું
દીન દયાળી આજ (૨) મહાકાળીની સાથ (૨)
મારી અંબે મા..... શ્રાધ્ધ પૂરા થાય.....
ગબ્બર ગોખેથી પગલાંઓ ભરતી
ધીમે ધીમે અંબેમા ઊતરતી
આવો સંતોષી મા (૨) આવો ખોડિયાર મા (૨)
મારી અંબે મા..... શ્રાધ્ધ પૂરા થાય.....
ચોસેઠ બેનીની સંગે આવો
આવી રાસ અનેરો રચાવો
આવો આશાપુરી મા, આવો વેરાઈમા, હું તો જોઉં તારી વાટ
મારી અંબે મા..... શ્રાધ્ધ પૂરા થાય.....
તમને વિનંતી કરું મા થોડી
મારી અરજી સ્વીકારો થોડી
સહુ ભક્તોને આજ, દર્શન દેવાને સાથ
મારી અંબે મા..... શ્રાધ્ધ પૂરા થાય.....

## (૧૮૧) તારાં કંકુડાનાં પગલે મારે રમવું છે

તારાં કંકુડાનાં પગલે મારે રમવું છે
રમવું છે ગરબે ઘૂમવું છે ....તારાં કંકુડાનાં......
પાડો કંકુડાનાં પગલાં
ભરો ધીમાં ધીમાં ડગલાં
તારાં કંકુભર્યાં પગલાંને નમવું છે ....તારાં કંકુડાનાં......
એવો મનમાં જાગ્યો ભાવ
હવે નહિ તલસાવ
તારાં ચરણોની રજથી પાવન થાવું છે ....તારાં કંકુડાનાં......
તારા મંદિરમાં છે લ્હેર
મન નાચે હરખ ભેર
તારાં દાંડિયાંના તાલે તાલે કૂદવું છે. .... તારાં કંકુડાનાં......
આત્માની અભિલાષ
નાચી કૂદી રમીએ રાસ
આજે મસ્ત બની નામ સમરવું છે ....તારાં કંકુડાનાં......

## (૧૮૨) મૈયા હો અંબે મૈયા

મૈયા હો અંબે મૈયા (૨)
હો....અંબે મૈયા અમીની નજર રાખજે
તારાં ચરણોમાં અમને સદા રાખજે (૨)....મૈયા હો....
કંઈક જન્મોની આશા અમારી
તારાં ચરણોમાં થાવું પૂજારી
ભલે દુનિયા રૂઠે, પણ તું ના રૂઠે
મારાં ભવનાં આ બંધન, તોડી નાંખજે (૨)....મૈયા હો....
તારી દુનિયા છે સ્વાર્થ ભરેલી
તારા વિના નથી કોઈ બેલી
તારે છોરૂં અનેક, મારે માડી તું એક
તારાં દર્શનનો લ્હાવો સદા આપજે (૨)....મૈયા હો....
તારા બિંદુ કહે છે પોકારી
મારી નૈયાના થાજો સુકાની
ટળે તનડાના તાપ, બળે ભવ ભવનાં પાપ
મારાં હૈયાનાં તાળાં તોડી નાખજે (૨)....મૈયા હો....

## (૧૮૩) આકાશમાંથી ઊતર્યા રે અંબા

આકાશમાંથી ઊતર્યા રે અંબા
નવ નોરતામાં આવ્યા રે રમવા
ભરી રહ્યાં ધીમાં ધીમાં ડગલાં કંકુડાનાં પગલાં
અંબા આવ્યાં રમવા.... (૨)
માથા પર લીધો માએ ગરબો સોનાનો (૨)
ઈંદ્રાણીએ શણગાર સજાવ્યો મજાનો (૨)
આવે મા ઝૂમ ઝૂમ કરતી પાવન કરવા ધરતી
અંબા આવ્યાં રમવા.....
આકાશમાંથી દેવોએ પુષ્પો વર્ષાવ્યાં (૨)
ઋષિમુનિએ માને શ્લોકથી વધાવ્યાં (૨)
સામાં મળ્યાં બહુચરવાળી સંગે લઈને ચાલી
અંબા આવ્યાં રમવા......
ગંગા યમુના નદીઓ મનમાં વિચારે (૨)
અંબામાના પગ પખાળવા મારે (૨)
વાયુદેવ ચમ્મર ધોળે જોઈ આભા ડોલે
અંબા આવ્યાં રમવા.....

## (૧૮૪) મારી અંબાના દરબારે ઘૂઘરી ઘમકે

**(રાગ : મારી મહીસાગરને આરે)**

મારી અંબાના દરબારે ઘૂઘરી ઘમકે સે
હો હો રે ઘૂઘરી ઘમકે સે......મારી અંબાના.....
માનો ગરબો રમતો આયો સે
માએ ચાચર ચોક ગજાવ્યો સે
માની દામણીના દમકારે .....ઘૂઘરી ઘમકે સે
હો હો રે ઘૂઘરી ......મારી અંબાના....
આજ રાતલડી રઢિયાળી સે
માના નાકે વેસરવાળી સે

માની ટીલડીના ટમકારે.....ઘૂઘરી ઘમકે સે
હો હો રે ઘૂઘરી ......મારી અંબાના.....
માને કાને કૂંડળ લટકે સે
હાર હીરાના બહુ શોભે સે
માની ચૂંદડીના ચમકારે...ઘૂઘરી ઘમકે સે
હો હો રે ઘૂઘરી......મારી અંબાના.....
માના હાથે ચૂડીઓ ખણકે સે
માના કંઠે મોરલી રણકે સે
માનાં ઝાંઝરના ઝણકારે.....ઘૂઘરી ઘમકે સે
હો હો રે ઘૂઘરી ......મારી અંબાના.....
માડી કંકુ પગલે ચાલે સે
જોઈ બિંદુ રંગમાં મ્હાલે સે
માની જ્યોતિના ઝબકારે......ઘૂઘરી ઘમકે સે
હો હો રે ઘૂઘરી .....મારી અંબાના

## (૧૮૫) જગદંબા જગજનની રે મા

**(રાગ : મા તારે પાયે પડું મને જવા દો....)**

જગદંબા જગ જનની રે મા (૨)
હું તો તારા ગુણલા ગાવું રે લોલ
રોજ રોજ માડી તારા મંદિરીએ આવું
કુમ કુમનાં ફૂલડાંએ પ્રેમથી વધાવું
દર્શન કરીને મા પાવન થવાય મોરી મા (૨)
હું તારા ગુણલા.......
ભાવ ભરેલો હું તો ખાલી હાથ આવ્યો
સોનું ચાંદી ભેટ ક્યાંથી રે લાવું
ભવ ભવનો ભિખારી હું તો રે મા (૨)
હું તારા ગુણલા.......
ગોવાળ બનીને હું તો ચારું તારી ગાવડી
તું છે મારી માવડી ને હું છું તારી પાવડી
ભવ સાગર તરી જાવા રે મા (૨)
હું તારા ગુણલા.......

આસો માસે માનાં નોરતાં રે આવ્યાં
તારા ભક્તોનાં માડી દિલડાંને ભાવ્યાં
દાંડિયાં ને ખંજરી લાવ્યાં રે મા (૨)
હું તારા ગુણલા.......
આંધળા આવે તેને આંખો રે આપે
પાંગળા આવે તેને પાય રે આપે
દુઃખિયાનાં દુઃખડાં કાપો મોરી માત (૨)
હું તારા ગુણલા.......
ગબ્બર પર સોહે માનાં મંદિરીઆં સોહામણાં
અખંડ જ્યોતિ જલે લાગે રળિયામણાં
પાપી તે પાવન થાય મોરી મા (૨)
હું તારા ગુણલા.......
અનેક ભક્તોનાં મા તમે તારણહાર છો
વધુ શું કહાવો મૈયા ચતુર સુજાણ છો
ઠાકોરની અરજી સ્વીકારો મોરી મા (૨)
હું તારા ગુણલા.......

## (૧૮૬) જય જય અંબા માતાની બોલાય

જય જય અંબા માતાની બોલાય (૨)
તારું આરાસુર ધામ, તારું પાવાગઢ ધામ
તું તો વસી છે ડુંગરની માંય......જય જય......
હોરે....હોરે....તું તો વસી ડુંગરની માંય
હોય હોય હોય હોય ડુંગરની માંય (૨)
તારા માથે મુગટ, તારા કાને કૂંડળ
તારા ગળે એકાવન હાર.....જય જય
હોરે....હોરે....તું તો સિંહે થઈ છે સવાર
હોય હોય હોય હોય સિંહે સવાર (૨)
તારાં અનેક ધામ, તારાં અનેક નામ
તું તો કહેવાણી જગની માત ...જય જય....
હોરે...હોરે.... તારાં ઝાંઝર છમ છમ થાય

હોય હોય હોય હોય છમ છમ થાય (૨)
અમારું ઓરણા ગામ, શિવ શંકરનું ધામ
તેની બાલિકા ગરબા ગાય......જય જય
હોરે.....હોરે.....માની ચૂંદડી ફરરર થાય
હોય હોય હોય હોય ફરરર થાય (૨)
ઓરણા મંડળના બાળ, કેમ ભૂલે ઉપકાર
તું તો ગરબામાં રમવા આવ.....જય જય

## (૧૮૭) સોનાનો ઢોલ તો હીચમાં

સોનાનો ઢોલ તો હીચમાં વાગે ને હીચમાં દાંડી પડે રે ભાણેજડા
ઓ રે ભાણેજડા સરોવર જાઉ, ત્યાં ઢોલે રમે (૨)
કાન કેરા કૂંડળ હરી ગયો વિઠ્ઠલો ને કાનેથી હળવી થઈ રે
ભાણેજડા......ઓ રે ભાણેજડા......
હાથ કેરી બંગડી હરી ગયો વિઠ્ઠલો ને, હાથેથી હળવી થઈ રે
ભાણેજડા.......ઓ રે ભાણેજડા.......
કેડ કેરો કંદોરો હરી ગયો વિઠ્ઠલો ને કેડેથી હળવી થઈ રે
ભાણેજડા.......ઓ રે ભાણેજડા.......
પગ કેરાં ઝાંઝર હરી ગયો વિઠ્ઠલો ને પગથી હળવી થઈ રે
ભાણેજડા.......ઓ રે ભાણેજડા......

## (૧૮૮) રમવા આવો રંગ રસિયા

**(રાગ : ડફલી વાલે ડફલી બજાવ)**

રમવા આવો રંગ રસિયા
નવ નોરતાંની રાતમાં.......હો......
આજે ગરબો માનો ગાજે.........રમવા આવો.......
આરા તે સુરથી અંબે મા આવ્યાં
દક્ષિણથી તુળજા ભવાની
શંખલપુરથી આવ્યાં બહુચરમા
પાવા તે ગઢથી મહાકાળી

રમે આજ રંગે, મા સાહેલી સંગ
મા આસોની અજવાળી રાતે... રમવા.....
સોળે શણગારો શોભે છે માને
ઓઢી કસુંબલ સાડી
તાલીના તાલે ચમકતી ચાલે
ઘૂમે છે ગબ્બરવાળી
મા ફૂદડી ફરે છે, ને કંકુ ઝરે છે.
મા દર્શન દઈ દુઃખડાં કાપો...રમવા....
ઢોલીના ઢોલે સૌ કોઈ ડોલે
શરણાઈના સૂરો રેલાય
આનંદ છવાયો, રઢિયાળી રાતે
માડીનાં મંગળ ગવાય
મા વેદે વખાણી, ત્રિભુવનની રાણી
મા બિંદુના દિલમાં બિરાજે
રમવા આવો......

## (૧૮૯) રઢિયાળી રાતડીમાં રંગતાળી રમવા

**(રાગ : સાવરી વિભાવરી મા રંગતાળી રમવા)**

રઢિયાળી રાતડીમાં રંગતાળી રમવા
આવો ને અંબા ભવાનીજી......(૨)
મનગમતાં મોતીડાં વેરાવ્યાં વાટમાં....(૨)
પુષ્પો પથરાવ્યાં છે પ્રેમે પારિજાતના.....(૨)
ફરતી ફૂલોની વાડીજી......:આવો ને અંબા....
આશાનાં તોરણિયાં ટોડલીએ બાંધી .....(૨)
અંબે જય અંબેના નાદે નવાજી.....(૨)
અબીલોના સાથિયા પુરાવ્યાજી....આવો ને અંબા....
અગર ચંદનની મ્હેંકી સુવાસો......(૨)
વાગે મૃદંગ ગીત માજીનાં ગીતો......(૨)
ઢોલ નગારાં ગાજતાંજી.......આવો ને અંબા.....
વાટલડી જોતી 'તી બાળા બની બાવરી.....(૨)
શાને લગાડી છે વાર અંબા માવડી .....(૨)
મંડળથી માત શું રિસાણીજી......આવો ને અંબા.....

## (૧૯૦) અંબા આવો આજ રે

અંબા આવો આજ રે, કરવા મારાં કાજ રે
આજ આવો અંબે મા, રાખો મારી લાજ રે
ભર દરિયે હો માવડી ડૂબી એક નાવડી
સાંભળતાં મા આવી તે આવીને ઉગારી તે
રૂમઝૂમ રૂમઝૂમ કરતી આવી
લાજ વણિકની રાખી તે.....અંબા આવો
ગોવાળિયો એક માવડી, ચરાવતો તુજ ગાવડી
તેનાં દુઃખડાં ટાળ્યા તે, સોનાના જવ આપ્યા તે....
અંબા આવો આજ .......
જન્મો જન્મ હો માવડી, બાંધી છે જો પ્રીતડી
પ્રીત કદી ના તોડશો, બાળ જાણી ઉગારશો
અંબા આવો આજ......

## (૧૯૧) આજ અમે પાણી જાતાં

આજ અમે પાણી જાતાં સૈયર મોરી
કોની તે નજરો ના લાગી કે બેડાં મારાં (રા
ભરૂં ભરૂં ને તો યે ખાલી
પનઘટ પાણી જાતાં સૈયર મોરી
કોની તે નજરો ના લાગી કે બેડાં મારાં (૨)
ભરૂં ભરૂં ને તો યે ખાલી
હો......સોના ઈંઢોણી ને રૂપાને બેડલે
બાંધી જોબનિયાને સાડુને છેડલે
નીચા વળીને પાણી સિંચ્યાં સૈયર મોરી....
હે......પનઘટને પગથારે ઝીણ ઝીણ
ઝાંઝરને ઝમકારે
કે હાલ્યા અમે સૈયરને સથવારે
સ્નેહભર્યા ન કાંઈ દીઠા સૈયર મારી....
હે....કેમ કરી ભરવાં મારે આ બેડલાં
કોઈ બતાવો અલબેલડા
સાસુજી મ્હેણાં દેશે સૈયર મોરી....

## (૧૯૨) પીપળાની નીચે તળાવ

પીપળાની નીચે તળાવ, નટ રે નાગર કેરો છૈયો
કનૈયો મને કનડે છે
લાગ્યો મને કાળજડે ઘાવ, ઘેલો રે બળદેવજીનો ભૈયો
કનૈયો મને કનડે છે
એની રે ગાવલડીનાં દૂધ મારાં દોહ્યાં
એની રે માવલડીના વેશ મારે ભૈયા
જાણે રે બધું ગોકુળિયું ગામ, છોને છુપાયો છબીલો
વનરાવન વગડે છે
નંદનો કિશોર નંદનો કિશોર (૨) ઝટ જાયે ના જાયે
જાઉં પાણીડાં તો એ ઘૂમટડો તાણે
લેતા રે બધાં લોચનિયાં લાલ છો ને છુપાયો છબીલો
વનરાવન વગડે છે
એવું ના કરીએ મારા રંગ રસિયા ગોકુળ કેરી ગોપીઓને
જઈને જશોદાને. (૨) કહી દેશે
ઓલ્યા ના કરીએ (૨) એવું ના કરીએ

## (૧૯૩) સોના ઈંઢોણી

સોના ઈંઢોણી રૂપા બેડલું રે, નાગર ઊભા રહો રંગ રસિયા
પાણીડાં ગઈ 'તી તળાવ રે, નાગર ઊભા રહો રંગ રસિયા
કાંઠડે કા'ન ઘોડા ખેલવે રે, નાગર ઊભા રહો રંગ રસિયા
કા'ન મને ઘડુલો ચઢાવ રે, નાગર ઊભા રહો રંગ રસિયા
તારો ઘડો તે ગોરી તોછડો રે, નાગર ઊભા રહો રંગ રસિયા
તું છે ગોવાલણી નાર રે, નાગર ઊભા રહો રંગ રસિયા
કેડ મરડીને ઘડો મેં ભર્યો રે, નાગર ઊભા રહો રંગ રસિયા
ફાટી મારા સાડુલાની કોર રે, નાગર ઊભા રહો રંગ રસિયા
ભાઈ રે દરજીડા વીરા વીનવું રે, નાગર ઊભા રહો રંગ રસિયા
ટાંક મારા સાડુલાની કોર રે, નાગર ઊભા રહો રંગ રસિયા
ટાંકે ટાંકે ઘમ્મર ઘૂઘરી રે, નાગર ઊભા રહો રંગ રસિયા
હેડે લખ લખ ઝીણા મોર રે, નાગર ઊભા રહો રંગ રસિયા
જાતાં વાગે ઘમ્મર ઘૂઘરી રે, નાગર ઊભા રહો રંગ રસિયા
વળતાં વાગે ઝીણા મોર રે, નાગર ઊભા રહો રંગ રસિયા

## (૧૯૪) સાથિયા પુરાવો દ્વારે

સાથિયા પુરાવો દ્વારે, દીવડા પ્રગટાવો રાજ
આજ મારા આંગણે પધારજો મા અંબાજી
માતાજીની પ્રેમથી અમે આરતી ઉતારશું (૨)
આરતી ઉતારશું ને હીરા-મોતી વારશું (૨)
રિધ્ધિ સિધ્ધિ દેશે માત, પૂરા કરશે મનના કોડ.....આજ
વાંઝિયાનું મેણું ટાળે, રમવા રાજ કુમાર દે
મા ખોળે નાનો બાળ દે (૨)
કુંવારી કન્યાને માડી, મનગમતો ભરથાર દે
પ્રીતમજીનો પ્યાર દે.....(૨)
નિર્ધનને ધનધાન આપે, રાખે માડી સૌની લાજ..... આજ....
કુમ કુમ પગલાં ભરશે માડી, સાથે તેડી ફરશે માડી (૨)
જનમ જનમની પીડા હરશે, જગદંબા આરાસુરવાળી (૨)
દઈ દઈ તાળી ગાઓ આજ, વાજીંત્ર વગડાવો આજ....
પૂરણ

## (૧૯૫) હાલો ને જોવા જઈએ

હાલો ને જોવા જઈએ, ડુંગરવાળીનો દરબાર
ગબ્બરના ગોખમાં, ચાચરના ચોકમાં
અંબાનો જય જયકાર....
લાલ ધજાઓ ફરકે છે માની, નિરખીને ભક્તના ઊમટે છે પૂર
માના મંદિરીએ, ઘંટારવ ગાજે, નોબત ને શરણાઈના રેલાતા સૂર
આરાસુરવાળી મા દિલની છે દયાળી
કોઈ એના દ્વારેથી ખાલી નવ જાય
દુ:ખ દેતી ટાળી, કરતી રખેવાળી
મીઠી નજર એની જેના પર થાય
બિંદુની બેલી માડી, ઉતારે ભવજળપાર
ગબ્બરના ગોખમાં, ચાચરના ચોકમાં
અંબાનો જય જયકાર
હાલોને જોવા જઈએ, ડુંગરવાળીનો દરબાર.....

## (૧૯૬) આકાશમાંથી ઉતર્યા રે

આકાશમાંથી ઊતર્યાં રે (૨) ભોળાં ભવાની મા
ઊતર્યાં એવાં નોતરિયાં રે હાં (૨) ભોળાં ભવાની મા
તમે ભોજનમાં શું શું લેશો રે હાં (૨) ભોળાં ભવાની મા
શીખંડ પૂરી ને પાતરાં રે હાં (૨) ભોળાં ભવાની મા
એવી મારી અંબેમાનો લટકો રે (૨) ભોળાં ભવાની મા
તમે મુખવાસમાં શું શું લેશો રે હાં (૨) ભોળાં ભવાની મા
લવિંગ સોપારી ને એલચી રે હાં (૨) ભોળા ભવાની મા
ઉપર સોપારીનો કટકો રે હાં(૨) ભોળાં ભવાની મા
એવી મારી અંબેમાનો લટકો રે (૨) ભોળાં ભવાની મા
સાગ સીસમના ઢોલિયા રે હાં (૨) ભોળાં ભવાની મા
ઉપર મશરૂનો તકિયો રે હાં (૨) ભોળાં ભવાની મા
એવી મારી અંબેમાનો લટકો રે હાં (૨) ભોળાં ભવાની મા

## (૧૯૭) મેં તો શેરી શણગારી

મે તો શેરી શણગારી સાથિયે, ઓ અંબે મા
કાંઈ મોતીએ પૂર્યા ચોક, આવો અંબે મા
મેં તો છાંટ્યા અત્તર મહેકતાં, ઓ અંબે મા
કાંઈ વેર્યાં પુષ્પ અપાર, આવો અંબે મા
મેં તો બાંધ્યાં તોરણ શોભતાં, ઓ અંબે મા
કરે મોર મીઠા ટહુકાર, આવો અંબે મા
મેં તો જાજમ બિછાવી શોભતી ઓ અંબે મા
વળી બાંધી હીંડોળા ખાટ, આવો અંબે મા
કોઈ જાઈ જૂઈ ને કેતકી, ઓ અંબે મા
પ્રસરાવે મધુર સુવાસ, આવો અંબે મા
મેં ભોજન બનાવ્યાં ભાવતાં ઓ અંબે મા
વળી રાખ્યા છે મુખવાસ આવો અંબે મા
મેં દીવડા પ્રગટાવી રાખ્યા, ઓ અંબે મા
મંડપ છે ઝાકમઝોળ, આવો અંબે મા
મને દર્શન કરવાની હોંશ છે, ઓ અંબે મા

હું તો જોઉં તમારી વાટ, આવો અંબે મા
મેં કુમકુમ વેર્યા ચોકમાં, ઓ અંબે મા
આ પદમ શી પગલી સોહાય, ઓ અંબે મા
મેં ગરબો રાખ્યો છે ઉમંગમાં, ઓ અંબે મા
મા પધારો શાંતિ થાય, આવો અંબે મા
મેં તો શેરી શણગારી સાથિયે, ઓ અંબે મા
કાંઈ મોતીએ પૂર્યા ચોક, આવો અંબે મા

## (૧૯૮) જગ જનની જગદંબા

### અર્વાચીન

જગ જનની જગદંબા ભવાની
મોરી મા......મોરી મા...(૨)
દુઃખ હરણા આદ્ય અંબા ભવાની
મોરી મા......મોરી મા...(૨)
ચોક તારલે પૂર્યો છે તારો આજે
જ્યોતિ જોઈ ગગન સૂર્ય ચંદ્ર લાજે
માડી ધૂપ-દીપ અબીલ-કંકુ સાજે
ઢોલ ઝાલર રવ તંબાળુ ગાજે
આવે કાલા ઘેલા બાળ
લઈને પૂજાનો થાળ
તને હરખે વધાવું મોરી મા...... મોરી..... મા...(૨)
જગ જનની, જગદંબા ભવાની.....
કર્ણ ફૂલ ટમક ટીલડી શી સોહે
નયન અંજન મંજન ત્રિભુવન મોહે
વેરે અમૃત ફુવાર તારી આંખડી
ખરે દિવ્ય તેજ મરક મરક પાંખડી
મધુર ગાન પૂરણ તાન, અરે ભૂલી ભાન શીન
જાઉં તનમન હું વારી મોરી મા......મોરી મા...(૨)
જગ જનની જગદંબા ભવાની

## (૧૯૯) આસમાની રંગની

આસમાની રંગની ચૂંદડી રે, રૂડી ચૂંદડી રે
માની ચૂંદડી લહેરાય
ચૂંદડીમાં ચમકે તારલા રે, રૂડા તારલા રે
માની ચૂંદડી લહેરાય
નવરંગે રંગી ચૂંદડી રે, રૂડી ચૂંદડી રે.
માની ચૂંદડી લહેરાય
શોભે મજાની ચૂંદડી રે, રૂડું મુખડું રે
માની ચૂંદડી લહેરાય
ચૂંદડીમાં ચમકે મુખડું રે રૂડું મુખડું રે
માની ચૂંદડી લહેરાય
અંગે દીપે છે ચૂંદડી રે ફરે ફૂદડી રે
માની ચૂંદડી લહેરાય
પહેરી ફેર ફરે ફૂદડી રે, ફેર ફૂદડી રે
માની ચૂંદડી લહેરાય
લહેરે પવન ઊડે ચૂંદડી રે, ચૂંદડી લહેરાય
માની ચૂંદડી લહેરાય
આસમાની રંગની ચૂંદડી રે.....

## (૨૦૦) હાલો ને કુંવર

### પ્રાચીન લોકગીત

**તાલ : હીચ**

હે.......હાલો ને કુંવર
કૃષ્ણં કાળા બાળા ને.....હીચકો વ્હાલો
કે હાલો.....હાલો ને કુંવર
કૃષ્ણ કાળા બાળા ને.....હીચકો વ્હાલો
કાનુડાને હીચકો વ્હાલો... વ્હાલીડાને હીચકો વ્હાલો
કે હાલો...

સાવ રે સોનાની જળ કૂંડીઓ ભરાવું
કે તમે નાવણ કરતા જાવ રે મારા વ્હાલા
કે હાલો.....વ્હાલીડાને.....
જશોદાને આંગણે થાય મંગળગાન
કા'નજીને જોવા ભેગું થાય આખું ગામ
કે રૂડું લાગે ગોકુળિયું ગામ
કે સૌના હૈયે હરખ ના માંય
કે હાલો.....
સાવ રે સોનાના રૂડા ઢોલિયા ઢળાવું
કે તમે પોઢણ કરતા જાવ રે મારા વ્હાલા
કે હાલો....
ચોખલીયે વધાવું મારા કા'નજી કા'નને
મોતીડે વધાવું મારા કા'નજી કા'નને
કે રૂડું લાગે ગોકુળિયું ગામ
કે સૌના હૈયે હરખ ના માંય
કે હાલો.....

## (૨૦૧) ખાંડણિયાં

ખાંડણિયાં ખાંડુ ને ધબોધબ વાગે
ભરી હવેલી ગાજે કે મારા બાપની
૧ સાસરે જાતાં સામી મળી ખજૂરી
સાસુ સસરાની મજૂરી કે કરવી દોહ્યલી
૨ શેર દળું ને શેરીએ જઈ આવું,
માડીને મળી આવું કે આણાં મોકલે
૩ પાન ખાધાં ને હોઠ નહિ રંગાયા
જશ નહિ લેવાયા કે કપરા સાસરે
૪ આજ સખી મારી આંખલડી નથી ઠરતી
માની જણી નથી મળતી કે બેસું ગોઠડી
૫ મારી આંતરડી તે નહિ થાયે ટાઢી
નથી જનેતા માડી કે કરીએ વાતડી

૬ આજ સખી મારો જીવલડો નથી ઠરતો
સગો વીરો નથી મળતો કે આણાં મોકલે
૭ બાપાજી, બાપાજી નથી કરતી હું દાવા
હોળી, દિવાળીના દહાડા કે મારે વહી ગયા
૮ મારા બાપે પરદેશ દીકરી દીધી
ફરી ખબર ના લીધી મુઈ કે જીવતી !
૯ ઘઉં દળું ને ઘંટીનો ગગડાટો
સાસુનો ફફડાટ કે લાગે દોહ્યલો
૧૦ સાંજ પડે મારે વાળુની રે વેળા
જેઠ જેઠાણીની સેવા કરવી દોહ્યલી
૧૧ સાંકડી શેરીમાં સાપોળીઆ ચંપાયા
સાસરિયાં વંકાયાં સીતા બહેનનાં
૧૨ આજ સખી મારી આંખલડીમાં ઘેન
આવો માની જણી બહેન તો કરીએ વાતડી
૧૩ માડી રે માડી મોકલની તું આણાં
હોળી દિવાળીનાં ટાણાં કે મારે વહી ગયાં
૧૪ સાસરે જાઉં તો સાસુડી સંતાપે
નણંદી કંતાવે કે રતન રેંટિયો
૧૫ શેર કાંતુ ને પાશેર પાડું તોડા
સાસુ નણંદના તરફોડા વેઠવા દોહ્યલા
૧૬ ઓ પેલા કયા ગામની ટેકરી ?
પાણી ભરે કૂવે એકેલી કે કઈ બહેન સાસરે
૧૭ મહિયરમાં હોય મહેલ ઝરૂખા જાળી
આપણી રૂપાળી સાસરિયે ઝૂંપડી
૧૮ સાસરે જાતાં સામી મળી બે બત્તી
સાસરિયાની ઘંટી તે ખેંચવી દોહ્યલી
૧૯ તળાવની પાળે મા ને દીકરી મળિયાં
ડુસકે ડુસકે રડિયાં સરોવર ભરાઈ ગયાં
૨૦ તળાવની પાળે સાસુ વહુ મળિયાં
ખડખડિયાં લડિયાં કે ડુંગર ડોલીઆ

૨૧ સાંજ પડે ને આથમે રવિનું તેજ
માડી કેરું હેત કે મુજને સાંભરે
૨૨ સાસરે સાલ ને પિયર મગની દાળ
વસ્તારીનું મ્હોં બાળકે સાસરે નહિ ગમે
૨૩ મારાતે બાપને સોનાનું છે દાતણ, રૂપાનો છે કૂચો
લખેશરી ઘર પૂછો તો મારા બાપના
૨૪ મારા તે સસરાને આવળનું છે દાતણ, બાવળનો છે કૂચો
ભંડારીનું ઘર પૂછો તો મારું સાસરું
૨૫ બાઈ રે પડોશણ તું નવરી સારી
તું વડે વિસારી જનેતા મારી ને
૨૬ સાસરાની સેવા ને મહિંયરના મીઠા મેવા
સાસુ નણંદનાં મ્હેંણાં મને કેમ વિસરે ?
રામ રૂવે ને લક્ષ્મણ રીઝવે
૨૭ ભરત આવીને પૂછે કે સીતા ભાભી ક્યાં ગયાં
૨૮ મારા તે બાપને હું એક લાડન્તી દીકરી
બારીએ બેસંતી કે મને કોઈ ના ઓળખે
૨૯ બાપા રે બાપા આંબો થડ જોઈને રોય જો
ઘર જોઈને પરણાવજો કે ચિંતા ઉગરે

## (૨૦૨) જીવન જીવવાની ચીજ

ખાવા જેવી કોઈ ચીજ હોય તો, ગમ છે.
ગળી જવા જેવી કોઈ ચીજ હોય તો, અપમાન છે.
પચાવવા જેવી કોઈ ચીજ હોય તો, બુદ્ધિ છે
પીવા જેવી કોઈ ચીજ હોય તો, ક્રોધ છે.
આપવા જેવી કોઈ ચીજ હોય તો, દાન છે.
લેવા જેવી કોઈ ચીજ હોય તો, જ્ઞાન છે.
જીતવા જેવી કોઈ ચીજ હોય તો, પ્રેમ છે.
હારવા જેવી કોઈ ચીજ હોય તો, અભિમાન છે.
દેખાડવા જેવી કોઈ ચીજ હોય તો, દયા છે.
સાંભળવા જેવી કોઈ ચીજ હોય તો, ગુણ છે.
બોલવા જેવી કોઈ ચીજ હોય તો, સત્ય છે.